પદાર્થ પ્રકાશ (ભાગ ૧૯)

# સંસ્કૃત નિયમાવલી

પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર
શ્રી પદ્મવિજયજી મહારાજા

પદાર્થ પ્રકાશ ભાગ ૧૯

# સંસ્કૃત નિયમાવલી


સંકલનકાર

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

પરમ પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર

**શ્રીપદ્મવિજયજી મહારાજા**

સંપાદક

પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર

**શ્રીપદ્મવિજયજી મહારાજાના શિષ્યરત્ન**

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**



વીર સં. ૨૫૪૦ વિ.સં. ૨૦૭૦ ઈ. સન્ ૨૦૧૪

પ્રકાશક

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮

- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૪, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાન નગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  ફોન : ૨૬૬૭૦૧૮૯

- **બાબુભાઈ સરેમલજી બેડાવાલા**
  હીરા જૈન સોસાયટી, સિદ્ધાચલ બંગલોઝ,
  સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫
  મો. ૯૪૨૬૫૮૫૯૦૪

- **ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫, (ઉ.ગુ.)
  ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩

- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી/૬, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૮૬
  ફોન : ૨૫૦૦૫૮૩૭, મો. ૯૮૨૦૫૯૫૦૪૯

- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે,
  સર્વોદયનગર, મુલુંડ (પ.), મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫૫૫૫૦૫


**પ્રથમ આવૃત્તિ ● નકલ : ૫૦૦ ● મૂલ્ય રૂ. ૧૦૦/-**

**ટાઈપસેટિંગ : વિરતિ ગ્રાફિક્સ, અમદાવાદ, મો. 85305 20629**

**મુદ્રક : પરમ ગ્રાફિક્સ, મુલુંડ, મુંબઈ, મો. 9222244223**

## દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી** મહારાજા,
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
અને
પરમ પૂજ્ય સમતાસાગર પન્ન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી** મહારાજા અને
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાની
અમીદૃષ્ટિ સદા અમારી
ઉપર વરસતી રહો.

## ઉપકારી ઉપકાર તમારો
## કદીય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

●

પૂ. પ્રવર્ત્તિની શ્રી વંસતપ્રભાશ્રીજી મહારાજ

●

પૂ.સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ

●

પૂ. સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ

●

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

● ● ●

# પ્રકાશકીય

**'પદાર્થ પ્રકાશ ભાગ ૧૯ - સંસ્કૃત નિયમાવલી'** પ્રકાશિત કરતાં અમે આજે અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તકમાં સંસ્કૃતભાષા શીખવા માટેના નિયમોનું સંકલન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય કર્મસાહિત્યનિષ્ણાત આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવન-ભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર શ્રી **પદ્મવિજયજી** મહારાજાએ આ સંકલન કરેલ છે. પૂજ્યશ્રીએ આ પુસ્તકમાં વિશિષ્ટ શૈલીથી સંસ્કૃતના નિયમોનું એવું સુંદર સંકલન કર્યું છે કે સંસ્કૃત ભાષાનું અધ્યયન ખૂબ જ સહેલુ થઈ જાય છે.

આ પુસ્તકનું સંપાદન પૂજ્યશ્રીના શિષ્યરત્ન પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ કરેલ છે. આ બન્ને ગુરુભગવંતોના ચરણોમાં અમે કૃતજ્ઞતાપૂર્વક વંદન કરીએ છીએ.

આ પુસ્તકનું સુંદર અને ઝડપી ટાઈપસેટીંગ કરનાર વિરતિ-ગ્રાફિક્સવાળા અખિલેશભાઈ મિશ્રાજીને, સુંદર મુદ્રણકાર્ય કરનાર પરમગ્રાફિક્સવાળા જીગરભાઈને અને આકર્ષક ટાઈટલ તૈયાર કરનાર મલ્ટીગ્રાફિક્સવાળા મુકેશભાઈને પણ આ અવસરે ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ કોઈ સંસ્કૃત ભાષા શીખીને શાસ્ત્રોનું અવગાહન કરે એ જ શુભેચ્છા.

**લી.**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

**(૧) તારાચંદ અંબાલાલ શાહ (૨) ધરણેન્દ્ર અંબાલાલ શાહ**

**(૩) પુંડરીક અંબાલાલ શાહ (૪) મુકેશ બંસીલાલ શાહ**

**(૫) ઉપેન્દ્ર તારાચંદ શાહ**

# ગીર્વાણભાષાની ગરિમા

એક ભાઈએ જમણા હાથના અંગૂઠા અને આંગળી વચ્ચે એક નાનો પથ્થર પકડ્યો. તે પથ્થર તે ભાઈને જોવામાં કોઈ વિઘ્ન કરતો નહોતો. તે ભાઈ તે પથ્થરને ધીરે ધીરે પોતાની આંખ પાસે લાવ્યા અને આંખની સામે પથ્થર રાખીને ઊભા રહ્યા. હવે તેમને બરાબર દેખાતું નથી. પથ્થર દૂર હતો ત્યારે બરાબર દેખાતું હતું. પથ્થર આંખ સામે આવતાં દેખાતું બંધ થઈ ગયું.

વાત આ છે - આંખ એટલે દૃષ્ટિ, પથ્થર એટલે ભ્રમ, ભ્રમ વિનાની દૃષ્ટિથી સાચું જ્ઞાન થાય છે. ભ્રમવાળી દૃષ્ટિથી વિપરીત જ્ઞાન થાય છે. વસ્તુને આપણે કેવી દૃષ્ટિથી જોઈએ છીએ એ મહત્ત્વની વાત છે.

દૃષ્ટિમાંથી ભ્રમ દૂર થશે તો સાચું જ્ઞાન થશે. આ ભ્રમને દૂર કરવા શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે. શાસ્ત્રાભ્યાસ માટે ભાષાનું જ્ઞાન જરૂરી છે. આપણા શાસ્ત્રો પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં રચાયા છે. આ ભાષાઓના જ્ઞાન વિના શાસ્ત્રાભ્યાસ શક્ય નથી. ચાવી વિના તાળુ ખૂલતું નથી. બધા તાળાઓને ખોલી શકે તેને 'માસ્ટર કી' કહેવાય છે. શાસ્ત્રોના તાળાને ખોલવા સંસ્કૃતભાષાનું જ્ઞાન ચાવી સમાન છે. સંસ્કૃતભાષાનું જ્ઞાન એ બધા શાસ્ત્રોરૂપી તાળાને ખોલવા માટે 'માસ્ટર કી' સમાન છે. 'માસ્ટર કી' થી બધા તાળા ખૂલી જાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનથી બધા શાસ્ત્રો સમજી શકાય છે.

મોટા નગરમાં પ્રવેશનાર શું જોવું અને શું ન જોવું ? એની મુંઝવણમાં પડી જાય છે. પણ જે વ્યક્તિ તે નગરમાં પદ્ધતિસર ફરે છે તે બધુ જોઈ શકે છે.

સંસ્કૃતભાષાને 'ગીર્વાણભાષા' કહી છે, એટલે કે તે દેવોની ભાષા છે. તેમાં નિયમો ઘણા છે. તેથી તે અઘરી અવશ્ય છે. પણ જો તેનો પદ્ધતિસર અભ્યાસ કરાય તો તે સહેલાઈથી ભણી શકાય એવી છે.

સંસ્કૃતના નિયમો સંબંધી અનેક પુસ્તકો પ્રકાશિત થયા છે. છતાં આ નિયમાવલીનું પૂજ્ય ગુરુદેવશ્રીએ સંકલન કર્યું છે તે સંક્ષેપમાં, સરળ રીતે અને સંપૂર્ણપણે સંસ્કૃતભાષાનું જ્ઞાન થાય એ માટે. પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પુસ્તકમાં ગણિતના દાખલાની જેમ સંસ્કૃતના નિયમો સમજાવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરેલ સંસ્કૃતના નિયમોની નોટો વડે આજ સુધી ઘણા પુણ્યાત્માઓએ સંસ્કૃતભાષાનું જ્ઞાન મેળવ્યું છે. આગળ પણ અનેક ભાગ્યશાળીઓ આ નોટોના આધારે સંસ્કૃતભાષાનું સાંગોપાંગ જ્ઞાન શીઘ્ર પામે એ હેતુથી આ નોટોનું સંપાદન કર્યું છે. આ સંપાદનમાં મુખ્ય આધાર પૂજ્ય ગુરુદેવશ્રીની નોટોનો છે. જરૂર પડે અન્ય પુસ્તકોનો પણ ઉપયોગ કર્યો છે.

આ પુસ્તકના માધ્યમે સંસ્કૃત ભાષાનો ડર ભાગી જશે અને સરળતાથી સંસ્કૃત ભાષામાં પ્રવેશ થઈ શકશે. સંસ્કૃત ભાષાના અનેક ગ્રંથો આજે વિદ્યમાન છે જે ગૃહસ્થો પણ ભણી શકે છે. આમ આ પુસ્તક સંયમીઓ અને ગૃહસ્થો બધા માટે ઉપયોગી છે. આ પુસ્તકના અભ્યાસ દ્વારા સંસ્કૃતભાષાનું જ્ઞાન પામી અનેક આત્માઓ શાસ્ત્રસમુદ્રમાં ડૂબકી લગાવે એ જ શુભાભિલાષા.

પરમપૂજ્ય પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય પ્રગુરુદેવ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અને પરમ પૂજ્ય ગુરુદેવ સમતાસાગર પંન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી મહારાજા - આ ત્રણે ગુરુદેવોની અનરાધાર કૃપાવર્ષાના બળે જ આ પુસ્તકનું સંપાદન થયું છે. તે ગુરુદેવોના ચરણોમાં અનંતશઃ વંદના.

આ પુસ્તકમાં કંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની ક્ષમા યાચું છું અને બહુશ્રુત વિદ્વાનોને તે સુધારવા વિનંતિ કરું છું.

સુરેન્દ્રનગર<br>
વિ.સં. ૨૦૬૯, આસો સુદ ૫,<br>
બુધવાર, તા. ૯-૧૦-૧૩

**- પરમ પૂજ્ય સમતાસાગર**<br>
**પં. પદ્મવિજયજી મહારાજનો**<br>
ચરણકિંકર **આચાર્યવિજયહેમચન્દ્રસૂરિ**

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા
**લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ**

## ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫ (ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬ (પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭ (છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮ (બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯ (બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦ (કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) પદાર્થપ્રકાશ ભાગ-૧૧ (કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૨) પદાર્થપ્રકાશ ભાગ-૧૨ (કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૩) પદાર્થપ્રકાશ ભાગ-૧૩ (કર્મપ્રકૃતિ ઉદાયધિકાર તથા સત્તાધિકારનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૪) પદાર્થપ્રકાશ ભાગ-૧૪ (શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિદ્વાત્રિંશિકાનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)
(૧૫) પદાર્થપ્રકાશ ભાગ-૧૫ (શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહસ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલપરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી, શ્રીસમવરણસ્તવનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)
(૧૬) પદાર્થપ્રકાશ ભાગ-૧૬ (શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૧૭) પદાર્થપ્રકાશ ભાગ-૧૭ (શ્રીશ્રાવકવ્રતભંગપ્રકરણ અને શ્રીગાંગેયભંગપ્રકરણનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-અવચૂરિ)
(૧૮) પદાર્થપ્રકાશ ભાગ-૧૮ (શ્રીસિદ્ધપ્રાભૃત અને શ્રીસિદ્ધપંચાશિકાનો પદાર્થસંગ્રહ તથા મૂળગાથા-ટીકા-અવચૂરિ)
(૧૯) પદાર્થપ્રકાશ ભાગ-૧૯ (સંસ્કૃત નિયમાવલી)
(૨૦) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણસ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)
(૨૧) શ્રીસીમંધરસ્વામીની આરાધના
(મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)

(૨૨) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૨૩) વીશ વિહરમાન જિન સચિત્ર
(૨૪) વીશ વિહરમાન જિન પૂજા
(૨૫) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવ-આલોચના વિષયક સમજણ)
(૨૬) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ
(૨૭) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ
(૨૮) તત્ત્વાર્થ ઉષા (લે. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૨૯) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં. પદ્મવિજયજી મ.નું જીવનચરિત્ર)
(૩૦) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૩૧) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૩૨) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો સાનુવાદ)
(૩૩) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૩૪) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકરણ, ગૌતમકુલક સાનુવાદ (લે.પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)
(૩૫) ગુરુ દીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬)
(૩૬) પ્રભુ ! તુજ વચન અતિ ભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૩૭) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૩૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)
(૩૯) કામ સુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)
(૪૦-૪૧) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧, ૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧, ૧૨)

(૪૨) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)
(૪૩) ભક્તિમાં ભીંજાણા (લે.પં. પદ્મવિજયજી ગણિવર્ય) (વીરવિજયજી મ. કૃત સ્નાત્રપૂજાનું ગુજરાતીમાં વિવેચન)
(૪૪) આદીશ્વર અલબેલો રે (સં.પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી) (શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)
(૪૫) ઉપધાનતપવિધિ
(૪૬) રત્નકુક્ષી માતા પાહિણી
(૪૭) સતી-સોનલ
(૪૮) નેમિદેશના
(૪૯) નરક દુઃખ વેદના ભારી
(૫૦) પંચસૂત્રનું પરિશીલન
(૫૧) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૫૨) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૫૩) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવનદર્શન)
(૫૪) ચિત્કાર
(૫૫) મનોનુશાસન
(૫૬) ભાવે ભજો અરિહંતને
(૫૭) લક્ષ્મી-સરસ્વતી સંવાદ
(૫૮-૬૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩
(૬૧-૬૪) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪
(૬૫) સમતાસાગર (પૂ.પં. પદ્મવિજયજી મ.ના. ગુણાનુવાદ)
(૬૬) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૬૭) શુદ્ધિ (ભવ-આલોચના)

(૬૮) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૬૯) જયવીયરાય
(૭૦) પ્રતિકાર
(૭૧) તીર્થ-તીર્થપતિ
(૭૨) વેદના-સંવેદના

## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)

(૨) Padartha Prakash Part-1 (જીવવિચાર-નવતત્ત્વ)

(૩) Pahini-A Gem-womb Mother
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

# વિષયાનુક્રમ


| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | વર્ણવિચાર | ૧-૪ |
| ૨. | ૧૦ ગણ અને ૧૦ કાળ | ૫-૭ |
| ૩. | ક્રિયાપદના સામાન્ય નિયમો | ૮-૧૦ |
| ૪. | ઉપસર્ગ | ૧૧-૧૩ |
| ૫. | સ્વરસંધિ | ૧૪-૧૫ |
| ૬. | વિસર્ગસંધિ | ૧૬-૧૭ |
| ૭. | વ્યંજનસંધિ | ૧૮-૨૩ |
| ૮. | સાત વિભક્તિ | ૨૪-૨૮ |
| ૯. | વિભક્તિના નિયમો | ૨૯-૩૪ |
| ૧૦. | વાક્યરચના | ૩૫ |
| ૧૧. | કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ | ૩૬-૪૧ |
| ૧૨. | કૃદન્ત | ૪૨-૫૨ |
| ૧૩. | સતિ સપ્તમી | ૫૩ |
| ૧૪. | વ્યંજનાંત નામોના નિયમો | ૫૪-૬૦ |
| ૧૫. | સર્વનામ | ૬૧-૬૨ |
| ૧૬. | પહેલા, ચોથા, છઠ્ઠા અને દશમા ગણના ધાતુઓમાં અનિયમિતપણું | ૬૩-૬૭ |
| ૧૭. | બીજા, ત્રીજા, પાંચમા, સાતમા, આઠમા અને નવમા ગણના ધાતુઓ માટે ગણકાર્યવિશિષ્ટ કાળના પ્રત્યયો | ૬૮ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૮. | છ ગણના સામાન્ય નિયમો, અપવાદો | ૬૯ |
| ૧૯. | પાંચમા અને આઠમા ગણના નિયમો | ૭૦ |
| ૨૦. | નવમા ગણના નિયમો | ૭૧ |
| ૨૧. | બીજા ગણના નિયમો | ૭૨-૭૯ |
| ૨૨. | સાતમા ગણના નિયમો | ૮૦ |
| ૨૩. | ત્રીજા ગણના નિયમો | ૮૧-૮૪ |
| ૨૪. | સેટ્, અનિટ્ અને વેટ્ ધાતુઓની વ્યવસ્થા | ૮૫-૯૮ |
| ૨૫. | ગણકાર્યરહિત ચાર કાળના પ્રત્યયો | ૯૯ |
| ૨૬. | ગણકાર્યરહિત કાળના સામાન્ય નિયમો | ૧૦૦-૧૦૫ |
| ૨૭. | શ્વસ્તન ભવિષ્યકાળના નિયમો | ૧૦૬ |
| ૨૮. | સામાન્ય ભવિષ્યકાળ અને ક્રિયાતિપત્ત્યર્થના નિયમો | ૧૦૭ |
| ૨૯. | આશીર્વાદાર્થના નિયમો | ૧૦૮-૧૦૯ |
| ૩૦. | પરોક્ષ ભૂતકાળના નિયમો | ૧૧૦-૧૨૧ |
| ૩૧. | અદ્યતન ભૂતકાળના નિયમો | ૧૨૨-૧૫૧ |
| ૩૨. | ગણકાર્યરહિત કાળમાં કર્મણિ અને ભાવે | ૧૫૨-૧૫૩ |
| ૩૩. | પ્રેરક | ૧૫૪-૧૬૧ |
| ૩૪. | સંખ્યાવાચક શબ્દો | ૧૬૨-૧૬૭ |
| ૩૫. | સંખ્યાપૂરક શબ્દો | ૧૬૮-૧૭૦ |
| ૩૬. | ‘વાર’ અર્થ અને ‘એટલું’ અર્થ | ૧૭૧-૧૭૨ |
| ૩૭. | અધિકતાદર્શક અને શ્રેષ્ઠતાદર્શક પ્રત્યયો | ૧૭૩-૧૭૬ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૮. | સ્વામિત્વદર્શક પ્રત્યયો | ૧૭૭ |
| ૩૯. | 'ના જેવું' એવો અર્થ બતાવવા માટેના પ્રત્યયો | ૧૭૮ |
| ૪૦. | ચ્વિ પ્રત્યય (અભૂતતદ્ભાવ) | ૧૭૯ |
| ૪૧. | ઈચ્છાદર્શક (સનન્ત) | ૧૮૦-૧૮૬ |
| ૪૨. | ધાતુસાધિત શબ્દો (કૃદન્તો) | ૧૮૭-૧૯૪ |
| ૪૩. | નામના અનિયમિત રૂપો | ૧૯૫-૨૧૦ |
| ૪૪. | સમાસ | ૨૧૧-૨૬૦ |
| ૪૫. | તદ્ધિત પ્રકરણ | ૨૬૧-૨૬૭ |
| ૪૬. | નામધાતુ | ૨૬૮-૨૭૦ |
| ૪૭. | યઙન્ત અને યઙ્લુબન્ત | ૨૭૧-૨૭૬ |

સમતાસાગર પન્ન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી મહારાજ સંકલિત

# સંસ્કૃત નિયમાવલી

## વર્ણવિચાર

કુલ વર્ણ = ૪૭

સ્વર = ૧૪ અનુસ્વાર - દા.ત. अं

વ્યંજન = ૩૩ વિસર્ગ - દા.ત. अः

(૧) **સ્વર ૧૪** - હ્રસ્વ સ્વર -૫ :- अ, इ, उ, ऋ, लृ

દીર્ઘ સ્વર - ૯ :- आ, ई, ऊ, ॠ, ॡ, ए, ऐ, ओ, औ

(૨) **સન્ધ્યક્ષર** - ૪ :- ए, ऐ, ओ, औ

(૩) **વ્યંજન ૩૩**-

| વર્ગ | સ્પર્શવ્યંજન ૨૫ કે વર્ગીયવ્યંજન ૨૫ | અંતઃસ્થ ૪ કે અર્ધસ્વર ૪ | ઉષ્માક્ષર ૩ | મહાપ્રાણ ૧ |
|---|---|---|---|---|
| કંઠ્ય | क्, ख्, ग्, घ्, ङ् | | | ह् |
| તાલવ્ય | च्, छ्, ज्, झ्, ञ् | य् | श् | |
| મૂર્ધન્ય | ट्, ठ्, ड्, ढ्, ण् | र् | ष् | |
| દન્ત્ય | त्, थ्, द्, ध्, न् | ल् | स् | |
| ઓષ્ઠ્ય | प्, फ्, ब्, भ्, म् | व् | | |

(૪) **અઘોષ વ્યંજન** - ૧૩ :- દરેક વર્ગના પહેલા બે વ્યંજન અને ઉષ્માક્ષર તે અઘોષ વ્યંજન છે.

क्, ख्,

च्, छ्,

ट्, ठ्,

त्, थ्,

प्, फ्,

श्, ष्, स्

(૫) **ઘોષ વ્યંજન - ૨૦ :-** અઘોષ વ્યંજન સિવાયના વ્યંજન તે ઘોષ વ્યંજન છે.

ग्, घ्, ङ्

ज्, झ्, ञ्,

ड्, ढ्, ण्,

द्, ध्, न्,

ब्, भ्, म्,

य्, र्, ल्, व्,

ह्

(૬) **અનુનાસિક વ્યંજન - ૫ :-** દરેક વર્ગનો પાંચમો વ્યંજન તે અનુનાસિક વ્યંજન છે.

ङ् ञ्, ण्, न्, म्

(૭) **૨૪ વ્યંજન :-** અનુનાસિક અને અંતઃસ્થ સિવાયના વ્યંજન તે ૨૪ વ્યંજન છે.

क्, ख्, ग्, घ्,

च्, छ्, ज्, झ्,

ट्, ठ्, ड्, ढ्,

त्, थ्, द्, ध्,

प्, फ्, ब्, भ्,

श्, ष्, स्, ह्

(૮) **૨૦ વ્યંજન :-** અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજન તે ૨૦ વ્યંજન છે.

क्, ख्, ग्, घ्,
च्, छ्, ज्, झ्,
ट्, ठ्, ड्, ढ्,
त्, थ्, द्, ध्,
प्, फ्, ब्, भ्

(૯) **જોડાક્ષર કે સંયુક્ત વ્યંજન-**

દા.ત. क्ष = क् + ष् + अ    द्ध = द् + ध् + अ
ज्ञ = ज् + ञ् + अ    द्म = द् + म् + अ
त्र = त् + र् + अ    द्य = द् + य् + अ
द्द = द् + द् + अ    द्र्य = द् + र् + य् + अ

(બોલવામાં સરળતા રહે એટલા માટે જોડાક્ષરને અંતે अ ઉમેરેલ છે.)

(૧૦) ગુણ-વૃદ્ધિ -

| **સ્વર** | अ | इ, ई | उ, ऊ | ऋ, ॠ | ऌ, ॡ |
|---|---|---|---|---|---|
| **ગુણ** | अ | ए | ओ | अर् | अल् |
| **વૃદ્ધિ** | आ | ऐ | औ | आर् | आल् |

(૧૧) પ્રકૃતિ એટલે મૂળશબ્દ. તે બે પ્રકારની છે → નામ અને ધાતુ. મૂળશબ્દને જે વર્ણ કે વર્ણોનો સમૂહ લાગીને નવો શબ્દ બને તે વર્ણ કે વર્ણોના સમૂહને પ્રત્યય કહેવાય છે.પ્રત્યય બે પ્રકારના છે → નામના પ્રત્યય અને ધાતુના પ્રત્યય.

(૧૨) વસ્તુને જણાવનાર મૂળશબ્દ = નામ. દા.ત. घट ।

(૧૩) ક્રિયાને જણાવનાર મૂળશબ્દ = ધાતુ. દા.ત. गम् ।

(૧૪) નામને લાગતો પ્રત્યય તે નામનો પ્રત્યય. દા.ત. स् ।

(૧૫) ધાતુને લાગતો પ્રત્યય તે ધાતુનો પ્રત્યય. દા.ત. ति ।

(૧૬) મૂળશબ્દને પ્રત્યય લગાડીને વાક્યમાં વપરાતો શબ્દ = રૂપ. તે બે પ્રકારના છે → નામનું રૂપ અને ધાતુનું રૂપ.

નામ + નામના પ્રત્યય = નામનું રૂપ. દા.ત. जिन + स् = जिनः ।

ધાતુ + ધાતુના પ્રત્યય = ધાતુનું રૂપ. દા.ત. पच् + अ + ति = पचति ।

(૧૭) ધાતુ + ગણની નિશાની = અંગ. દા.ત. चल् + अ = चल ।

(૧૮) અંગ + કાળના પ્રત્યય = રૂપ. દા.ત. चल + सि = चलसि ।

●●●

+ **सा विद्या या विमुक्तये ।**
મુક્તિ માટે થાય તે જ (સાચી) વિદ્યા.

+ **विद्याधनं सर्वधनप्रधानम् ।**
સર્વધનમાં વિદ્યા-ધન પ્રધાન છે.

+ **विद्या गुरूणां गुरुः ।**
વિદ્યા ગુરુની પણ ગુરુ છે.

+ **निरस्तपादपे देशे, एरंडोऽपि द्रुमायते ।**
જે દેશમાં ઝાડ ન હોય ત્યાં એરંડો પણ વૃક્ષરાજ ગણાય છે.

+ **स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ।**
રાજા પોતાના દેશમાં પૂજાય છે, વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે.

+ **सम्पत्तौ च विपत्तौ च, महतामेकरूपता ।**
સંપત્તિમાં અને વિપત્તિમાં મહાપુરુષો એક રૂપ જ રહે છે, વિકૃતિને પામતા નથી.

+ **श्रेयान् स देशो नो यत्र श्रूयन्ते दुर्जनोक्तयः ।**
તે દેશ સારો જ્યાં દુર્જનના વચનો સંભળાતાં નથી.

# ૧૦ ગણ અને ૧૦ કાળ

(૧) **૧૦ ગણ અને તેમની નિશાની** - ધાતુઓ ૧૦ ગણમાં વિભાજિત છે. એક સરખા ધાતુઓનો સમુદાય તે ગણ. ૧૦ ગણની નિશાનીઓ આ પ્રમાણ છે -

| ગણ | ૧લો | ૨જો | ૩જો | ૪થો | ૫મો | ૬ઠ્ઠો | ૭મો | ૮મો | ૯મો | ૧૦મો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **નિશાની** | अ | - | द्विरु-क्ति | य | नु | अ | न, न् | उ | ना, नी, न् | अय |

(૨) **ક્રિયાપદના ૧૦ કાળ** - ધાતુ પરથી થતા ક્રિયાપદો ૧૦ કાળમાં થાય છે. તે આ પ્રમાણે -

(i) **વર્તમાનકાળ** - તે એક જ છે.

(ii) **ભવિષ્યકાળ** - તે બે પ્રકારે છે - શ્વસ્તન ભવિષ્યકાળ અને સમાન્ય ભવિષ્યકાળ.

(iii) **ભૂતકાળ** - તે ત્રણ પ્રકારે છે - હ્યસ્તન ભૂતકાળ, અદ્યતન ભૂતકાળ અને પરોક્ષ ભૂતકાળ.

(iv) **અર્થકાળ** - તે ચાર પ્રકારે છે - આજ્ઞાર્થ, વિધ્યર્થ, ક્રિયાતિપત્ત્યર્થ અને આશીર્વાદાર્થ.

આમ ૧૦ કાળ થયા - ૧) વર્તમાનકાળ ૨) શ્વસ્તન ભવિષ્યકાળ

૩) સામાન્ય ભવિષ્યકાળ ૪) હ્યસ્તન ભૂતકાળ

૫) અદ્યતન ભૂતકાળ ૬) પરોક્ષ ભૂતકાળ

૭) આજ્ઞાર્થ ૮) વિધ્યર્થ

૯) ક્રિયાતિપત્ત્યર્થ ૧૦) આશીર્વાદાર્થ

(૩) **સંસ્કૃતની પહેલી બુકમાં આવતા ૪ ગણ :-** ૧લો, ૪થો, ૬ઠ્ઠો અને ૧૦મો.

**સંસ્કૃતની પહેલી બુકમાં આવતા ૪ કાળ :-** વર્તમાનકાળ, હ્યસ્તન ભૂતકાળ, આજ્ઞાર્થ અને વિધ્યર્થ. આ ચાર કાળને ગણકાર્યવિશિષ્ટ કાળ કહેવાય છે. શેષ છ કાળ એ ગણકાર્યરહિત કાળ છે. ગણની નિશાની લાગવાથી ધાતુમાં થતા ફેરફારો તે ગણકાર્ય. ચાર કાળોમાં ગણકાર્ય થાય છે. તેથી તેમને ગણકાર્યવિશિષ્ટ કાળ કહેવાય છે. બાકીના કાળોમાં ગણકાર્ય થતું નથી. તેથી તેમને ગણકાર્યરહિત કાળ કહેવાય છે. ગણકાર્યરહિત કાળોની વ્યાખ્યાઓ આગળ કરી છે.

(૪) **પહેલા, ચોથા, છઠ્ઠા અને દશમા ગણના ધાતુઓ માટે ૪ કાળના પ્રત્યયો** - આ પ્રત્યયો બે પ્રકારના છે - પરસ્મૈપદના અને આત્મનેપદના. તે આ પ્રમાણે છે -

| **ક્ર.** | **કાળ** | **પુરુષ** | **પરસ્મૈપદના પ્રત્યયો** | | | **આત્મનેપદના પ્રત્યયો** | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
| ૧. | વર્તમાનકાળ | પહેલો | मि | वस् | मस् | इ | वहे | महे |
| | | બીજો | सि | थस् | थ | से | इथे | ध्वे |
| | | ત્રીજો | ति | तस् | अन्ति | ते | इते | अन्ते |
| ૨. | હ્યસ્તન ભૂતકાળ | પહેલો | अम् | व | म | इ | वहि | महि |
| | | બીજો | स् | तम् | त | थास् | इथाम् | ध्वम् |
| | | ત્રીજો | त् | ताम् | अन् | त | इताम् | अन्त |
| ૩. | આજ્ઞાર્થ | પહેલો | आनि | आव | आम | ऐ | आवहै | आमहै |
| | | બીજો | ૦ | तम् | त | स्व | इथाम् | ध्वम् |
| | | ત્રીજો | तु | ताम् | अन्तु | ताम् | इताम् | अन्ताम् |
| ૪. | વિધ્યર્થ | પહેલો | ईयम् | ईव | ईम | ईय | ईवहि | ईमहि |
| | | બીજો | ई: | ईतम् | ईत | ईथा: | ईयाथाम् | ईध्वम् |
| | | ત્રીજો | ईत् | ईताम् | ईयुः | ईत | ईयाताम् | ईरन् |

(૫) પરોક્ષ ભૂતકાળ અને અદ્યતન ભૂતકાળ સિવાયના ભૂતકાળની ક્રિયા બતાવવા માટે હ્યસ્તન ભૂતકાળના રૂપો વપરાય છે.

દા.ત. गतवर्षेऽहं राजनगरमगच्छम् । ગયા વર્ષે હું અમદાવાદ ગયો હતો.

(૬) આજ્ઞા કરવાના અર્થમાં આજ્ઞાર્થના રૂપો વપરાય છે.

દા.ત. त्वं गच्छ । તું જા.

(૭) (i) મુખ્ય ફરમાન, સંભવ, આજ્ઞા, પ્રાર્થના, ઈચ્છા, આશા વગેરે બતાવવા વિધ્યર્થના રૂપો વપરાય છે.

દા.ત. धर्ममाचरेत् । ધર્મ કરવો જોઈએ.

(ii) જેમાં એક વાક્ય બીજા વાક્ય પર આધાર રાખતું હોય અને હેતુ કે શરત બતાવતું હોય તેવા ક્રિયાતિપત્ત્યર્થના સાંકેતિક વાક્યો સિવાયના સાંકેતિક વાક્યોમાં વિધ્યર્થના રૂપો વપરાય છે.

દા.ત. यदि स विषमद्यात् तर्हि म्रियेत । જો તે ઝેર ખાય તો મરી જાય.

(૮) કેટલાક ધાતુઓ પરસ્મૈપદી છે, કેટલાક ધાતુઓ આત્મનેપદી છે અને કેટલાક ધાતુઓ ઉભયપદી છે. પરસ્મૈપદી ધાતુઓને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે. આત્મનેપદી ધાતુઓને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. ઉભયપદી ધાતુઓને પરસ્મૈપદ અને આત્મનેપદ બન્નેના પ્રત્યયો લાગે છે.

●●●

+ **स्पर्धापि विदुषा युक्ता, न युक्ता मूर्खमित्रता ।**
વિદ્વાનની સાથે સ્પર્ધા પણ સારી, પરંતુ મૂર્ખની સાથે મિત્રતા સારી નથી.

+ **न हि स्वदेहशैत्याय जायन्ते चन्दनद्रुमाः ।**
ચંદનવૃક્ષો પોતાના દેહની શીતળતા માટે ઉત્પન્ન થતા નથી.
(તે પરને શીતળતા આપવા માટે જ ઊગે છે.)

# ક્રિયાપદના સામાન્ય નિયમો

(૧) ૧લા ગણની નિશાની अ અને ૧૦મા ગણની નિશાની अय વિકારક છે, એટલે કે તે લાગતા ધાતુમાં ફેરફાર થાય છે.

દા.ત. बुध् + अ + मि = बोधामि । હું બોધ પામું છું.

चुर् + अय + मि = चोरयामि । હું ચોરી કરું છું.

(૨) म् કે व् થી શરૂ થતા પ્રત્યયની પહેલા अ નો आ થાય છે.

દા.ત. चल + मि = चलामि । હું ચાલું છું.

(૩) અંત્ય स् નો વિસર્ગ થાય છે.

દા.ત. चल + वस् = चलावः । અમે બે ચાલીએ છીએ.

(૪) अ થી શરૂ થતા પ્રત્યયની પૂર્વે अ નો લોપ થાય છે.

દા.ત. चल + अन्ति = चलन्ति । તેઓ ચાલે છે.

(૫) (i) હ્યસ્તન ભૂતકાળમાં વ્યંજનથી શરૂ થતા ધાતુની આદિમાં अ ઉમેરાય છે.

દા.ત. अ + चल + अम् = अचलम् । હું ચાલ્યો.

ઉપસર્ગવાળા ધાતુમાં ઉપસર્ગની પછી અને ધાતુની આદિમાં अ ઉમેરાય છે.

દા.ત. अव + अ + गच्छ + अम् = अवागच्छम् । હું સમજ્યો.

(૫) (ii) હ્યસ્તન ભૂતકાળમાં સ્વરથી શરૂ થતા ધાતુમાં આદ્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

દા.ત. ईक्ष + इ = ऐक्षे । મેં જોયું.

(૬) (i) ૧લા ગણની નિશાની अ લાગતા ધાતુના અંત્ય કોઈપણ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. नी + अ + मि = ने + अ + मि = नय् + अ + मि = नय् + आ + मि = नयामि । હું લઈ જાઉં છું.

(૬) (ii) ૧લા ગણની નિશાની अ લાગતા ધાતુના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. बुध् + अ + मि = बोध् + अ + मि = बोध् + आ + मि = बोधामि । હું બોધ પામું છું.

(૭) (i) ૧૦મા ગણની નિશાની अय લગતા ધાતુના અંત્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

દા.ત. दृ + अय + मि = दार् + अय + मि = दारया + मि = दारयामि । હું ફાડું છું.

(૭) (ii) ૧૦મા ગણની નિશાની अय લાગતા ધાતુના ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય છે.

દા.ત. तड् + अय + मि = ताड् + अय + मि = ताडया + मि = ताडयामि । હું મારું છું.

(૭) (iii) ૧૦મા ગણની નિશાની अय લાગતા ધાતુના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. घुष् + अय + मि = घोष + अय + मि = घोषया + मि = घोषयामि । હું ઘોષણા કરું છું.

**અપવાદ** - ૧૦મા ગણની નિશાની अय લાગતા कथ्, गण्, रच्, प्रथ्, स्पृह्, मृग् અને બીજા કેટલાક ધાતુઓના સ્વરમાં ફેરફાર થતો નથી.

દા.ત. कथ् + अय + ति = कथयति । તે કહે છે.

(૮) मृग् એ ૧૦મા ગણનો આત્મનેપદી ધાતુ છે. તે સિવાયના ૧૦મા ગણના ધાતુઓ પ્રાયઃ ઉભયપદી છે.

(૯) ૪થા ગણની નિશાની य અવિકારક છે, એટલે કે તે લાગતા ધાતુમાં ફેરફાર થતો નથી.

દા.ત. नश् + य + ति = नश्यति । તે નાશ પામે છે.

**અપવાદ (i)** ૪થા ગણની નિશાની य લાગતા शो, दो, सो, छो ધાતુઓનો ओ લોપાય છે.

દા.ત. सो + य + ति = स्यति । તે નાશ પામે છે.

**અપવાદ (ii)** ૪થા ગણની નિશાની य લાગતા शम्, श्रम्, क्षम्, क्रम्, क्लम्, मद्, भ्रम्, तम्, दम्, आ + चम् અને ष्ठिव् ધાતુઓનો ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. शम् + य + ति = शाम् + य + ति = शाम्यति । તે શાંત થાય છે.

(૧૦) ૬ઠ્ઠા ગણની નિશાની अ અવિકારક છે, એટલે કે તે લાગતા ધાતુમાં ફેરફાર થતો નથી.

દા.ત. सृज् + अ + ति = सृजति । તે સર્જન કરે છે.

**અપવાદ (i)** ૬ઠ્ઠા ગણની નિશાની अ લાગતા कृत्, विद्, खिद्, सिच्, मुच्, लुप्, लिप् ધાતુઓમાં ઉપાંત્યે અનુનાસિક મુકાય છે.

દા.ત. लुप् + अ + ति = लुम्प् + अ + ति = लुम्पति । તે ઝૂંટવી લે છે.

**અપવાદ (ii)** છઠ્ઠા ગણના ऋ-કારાન્ત ધાતુઓમાં ऋ નો रि થાય છે. ગણની નિશાની अ લાગતા रि નું रिय् થાય.

દા.ત. मृ + अ + ते = म्रि + अ + ते = म्रिय् + अ + ते = म्रियते । તે મરે છે.

(૧૧) કોઈ પણ ધાતુને આજ્ઞાર્થના બીજો પુરુષ એકવચન અને ત્રીજો પુરુષ એકવચનમાં વિકલ્પે तात् પ્રત્યય લગાડી રૂપો થાય છે. तात् પ્રત્યય અવિકારક છે.

દા.ત. गच्छ् + अ + तात् = गच्छतात् । તું જા, તે જાય.

●●●

# ઉપસર્ગ

પ્र વગેરે ઉપસર્ગો ધાતુની પહેલા લાગે છે. તેઓ ધાતુના અર્થમાં ફેરફાર કરે છે. તેથી તેમને ઉપસર્ગ કહેવાય છે. ધાતુને ઉપસર્ગ લાગતા નીચે પ્રમાણે ફેરફાર થાય છે -

(૧) ધાતુનો અર્થ બદલાઈ જાય છે.

દા.ત. गम् → गच्छति । તે જાય છે.
अव + गम् → अवगच्छति । તે જાણે છે.

(૨) ધાતુનો અર્થ ન બદલાય.

દા.ત. विश् → विशति । તે પ્રવેશે છે.
प्र + विश् → प्रविशति । તે પ્રવેશે છે.

(૩) ધાતુના અર્થમાં વધારો થાય છે.

દા.ત. ईक्ष् → ईक्षते । તે જુવે છે.
निर् + ईक्ष् → निरीक्षते । તે બારીકાઈથી જુવે છે.

(૪) ધાતુનો અર્થ વિપરીત થાય.

દા.ત. गम् → गच्छति । તે જાય છે.
आ + गम् → आगच्छति । તે આવે છે.

(૫) ધાતુનું પદ બદલાઈ જાય છે.

દા.ત. (i) सम्, अव, प्र + स्था આત્મનેપદી બને છે.

तिष्ठति । તે સ્થિર રહે છે.

सन्तिष्ठते । તે સ્થિર રહે છે.

अवतिष्ठते । તે સ્થિર રહે છે.

प्रतिष्ठते । તે પ્રસ્થાન કરે છે.

(ii) आ + क्रम् આત્મનેપદી બને છે.

क्राम्यति । તે ચાલે છે. आक्रमते । તે આક્રમણ કરે છે.

(iii) वि + जि આત્મનેપદ બને છે.

जयति । તે જીતે છે. विजयते । તે જીતે છે.

(iv) वि, आ, परि, उप + रम् પરસ્મૈપદી બને છે.

रमते । તે રમે છે.

विरमति । તે અટકે છે.

आरमति । તે મર્યાદામાં રમે છે.

परिरमति । તે ચારે બાજુ રમે છે.

उपरमति । તે અટકે છે.

(૬) ક્યારેક ધાતુનો અર્થ બદલાતા અકર્મક ધાતુ સકર્મક બને છે અને સકર્મક ધાતુ અકર્મક બને છે.

**ઉપસર્ગો, તેના અર્થો અને ઉદાહરણો -**

(૧) प्र → આગળ, प्रयाति - તે આગળ જાય છે.

(૨) अति → હદ બહાર, अतिक्राम्यति - તે હદ બહાર પગલું ભરે છે, તે ઉલ્લંઘન કરે છે.

(૩) अभि → તરફ, પાસે, अभिगच्छति - તે તરફ જાય છે કે પાસે જાય છે.

(૪) अधि → ઉપર, अधिगच्छति- તે ઉપર જાય છે, એટલે કે તે મેળવે છે, તે જાણે છે.

(૫) अनु → પાછળ, સરખુ, જેવું, अनुसरति - તે અનુસરે છે.

(૬) अप → દૂર, अपगच्छति-તે દૂર જાય છે.

(૭) अव → નીચે, દૂર, अवतरति-તે નીચે જાય છે, તે ઊતરે છે.

(૮) आ → હદ કે મર્યાદાના અર્થમાં, ઊલટાપણાના અર્થમાં, 'સુધી'ના અર્થમાં, आगच्छति-તે આવે છે, आरोहति - તે અમુક ઊંચાઈ સુધી વધે છે, ચડે છે.

(૯) उप → પાસે, સહેજ ઓછું, નજીકનું, उपगच्छति - તે પાસે જાય છે.

(૧૦) उद् → ઊંચે, ઉપર, વિશેષ, उद्गच्छति - તે ઉપર જાય છે.

(૧૧) परा → ઊલટાપણાના અર્થમાં, સામા, ઊલટું, पराजयते - તે હારે છે.

(૧૨) सम् → સાથે, એકઠા, सङ्गच्छते - તે સાથે જાય છે, મળે છે.

(૧૩) निस् → નીકળવું, निष्क्रामति - તે નીકળે છે.

(૧૪) निर् → નીકળવું, निर्याति - તે નીકળે છે.

(૧૫) नि → અંદર, નીચે, निषीदति- તે નીચે બેસે છે.

(૧૬) वि → નહિ, જુદું, દૂર, વિશેષ કરીને, विश्लिष्यति - તે જુદો પડે છે.

(૧૭) परि → સંપૂર્ણ, ચારે બાજુથી, परित्यजति - તે બધું છોડે છે.

(૧૮) प्रति → 'પાછું' અર્થમાં, સામું, ઊલટું, प्रतिभाषते - તે સામું કહે છે, જવાબ દે છે.

(૧૯) सु → સારુ, सुभाषते - તે સારુ બોલે છે.

(૨૦) दुस् → ખરાબ, दुश्चिन्तयति - તે ખરાબ વિચારે છે.

(૨૧) दुर् → ખરાબ, दुर्भाषते - તે ખરાબ બોલે છે.

●●●

+ **प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ।**
ઉત્તમ પુરુષો આરંભેલું કાર્ય ત્યજતા નથી.

+ **उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।**
ઉદારચરિત્રવાળા પુરુષોને મન સમગ્ર પૃથ્વી કુટુંબ સમાન છે.

+ **परोपकारः पुण्याय, पापाय परपीडनम् ।**
પરોપકાર પુણ્ય માટે થાય છે, પરપીડન પાપ માટે થાય છે.

# સ્વરસંધિ

(૧) अ કે आ + अ કે आ = आ થાય.
દા.ત. धन + आशा = धनाशा । ધનની આશા

(૨) अ કે आ + હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, लृ = પાછળના સ્વરનો ગુણ થાય, અર્થાત્ ક્રમશઃ ए, ओ, अर्, अल् થાય.

अ કે आ + इ કે ई = ए, अ કે आ + उ કે ऊ = ओ,

अ કે आ + ऋ કે ॠ = अर्, अ કે आ + लृ કે ॡ = अल्

દા.ત. धन + ईश = धनेश । ધનનો સ્વામી

महा + उदधि = महोदधि । મોટો સમુદ્ર.

महा + ऋषि = महर्षि । મોટા ઋષિ.

महा + लृकार = महल्कार । મોટો લૃ કાર.

(૩) अ કે आ + ए કે ऐ = ऐ થાય.

દા.ત. सा + एव = सैव । તેણી જ.

ज्ञान + ऐश्वर्य = ज्ञानैश्वर्य । જ્ઞાનનું ઐશ્વર્ય.

(૪) अ કે आ + ओ કે औ = औ થાય.

દા.ત. स्निग्ध + ओदन = स्निग्धौदन । સ્નેહ (ઘી) વાળા ભાત.

दान + औचित्य = दानौचित्य । દાન અને ઔચિત્ય.

(૫) હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, लृ + સજાતીય હ્રસ્વ કે દીર્ઘ સ્વર = દીર્ઘસ્વર થાય.

દા.ત. धेनु + उचित = धेनूचित । ગાયને ઉચિત.

कवि + ईश = कवीश । કવિઓનો સ્વામી.

पितृ + ऋजुता = पितॄजुता । પિતાની સરળતા.

(૬) હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ + વિજાતીય સ્વર = હ્રસ્વ કે દીર્ઘ इ, उ, ऋ, ऌ નો અનુક્રમે य्, व्, र्, ल् થાય + વિજાતીય સ્વર.

દા.ત. अति + उष्ण = अत्युष्ण । गुरु + आज्ञा = गुर्वाज्ञा ।

मातृ + आज्ञा = मात्राज्ञा । ऌ + आकार = लाकार ।

(૭) ए, ऐ, ओ, औ + કોઈપણ સ્વર = ए, ऐ, ओ, औ નો અનુક્રમે अय्, आय्, अव्, आव् થાય + કોઈપણ સ્વર. अय्, आय्, अव्, आव् ના य्, व्, નો વિકલ્પે લોપ થાય, લોપ થયા પછી સંધિ ન થાય.

દા.ત. अश्वौ + उत्पततः = अश्वावुत्पततः, अश्वा उत्पततः । બે ઘોડા ઊછળે છે.

तस्मै + इदं = तस्मायिदं, तस्मा इदं । તેની માટે આ.

(૮) નામ કે ક્રિયાપદના દ્વિવચનને અંતે ई, ऊ કે ए + स्वर = સંધિ ન થાય.

દા.ત. हरी + अटतः = हरी अटतः । બે હરિ ફરે છે.

(૯) હ્રસ્વ કે દીર્ઘ अ, इ, उ, ऋ, ऌ + ऋ = વિકલ્પે સંધિ થાય. સંધિ ન થાય ત્યારે પૂર્વનો દીર્ઘ સ્વર હ્રસ્વ થાય.

દા.ત. महा + ऋषि = महर्षि, मह ऋषि । મોટા ઋષિ.

(૧૦) [1]પદાંતે ए, ओ + अ = अ નો અવગ્રહ (ऽ) થાય. એટલે કે अ પૂર્વના ए કે ओ માં ડૂબી જાય છે, તે લખાતો કે બોલાતો નથી, તેના સ્થાને અવગ્રહ ચિહ્ન (ऽ) મુકાય છે.

દા.ત. ये + असत्यम् = येऽसत्यम् । જેઓ અસત્ય.

(૧૧) अमी કે अमू + કોઈપણ સ્વર = સંધિ ન થાય.

દા.ત. अमी + अमराः = अमी अमराः । આ દેવો.

●●●

---

૧. જેને અંતે વિભક્તિ લાગી હોય તે પદ કહેવાય.

# [૧]વિસર્ગસંધિ

(૧) अः + अ કે ઘોષ = વિસર્ગનો उ થાય. તે પૂર્વના अ માં મળી જતા ओ થાય.

દા.ત. नरः + अटति = नरोऽटति । મનુષ્ય ભટકે છે.
रामः + गच्छति = रामो गच्छति । રામ જાય છે.

(૨) अः + अ સિવાયનો કોઈપણ સ્વર = વિસર્ગનો લોપ થાય. લોપ થયા પછી સંધિ ન થાય.

દા.ત. रामः + ईक्षते = राम ईक्षते । રામ જુવે છે.

(૩) आः + સ્વર કે ઘોષ = વિસર્ગનો લોપ થાય. લોપ થયા પછી સંધિ ન થાય.

દા.ત. जनाः + आगच्छन्ति = जना आगच्छन्ति । લોકો આવે છે.
जनाः + गच्छन्ति = जना गच्छन्ति । લોકો જાય છે.

(૪) अ, आ સિવાયના સ્વરો પછી વિસર્ગ + સ્વર કે ઘોષ = વિસર્ગનો र् થાય.

દા.ત. कविः + आगच्छति = कविरागच्छति । કવિ આવે છે.

कविः + गच्छति = कविर्गच्छति । કવિ જાય છે.

(૫) વિસર્ગ + च्-छ्, ट्-ठ्, त्-थ् = વિસર્ગનો અનુક્રમે श्, ष्, स् થાય.

દા.ત. रामः + चरति = रामश्चरति । રામ ચાલે છે.

रामः + टीकते = रामष्टीकते । રામ જાય છે.

रामः + तरति = रामस्तरति । રામ તરે છે.

(૬) વિસર્ગ + श्, ष्, स् = વિસર્ગનો વિકલ્પે અનુક્રમે श्, ष्, स् થાય.

દા.ત. रामः + शाम्यति = रामश्शाम्यति, रामः शाम्यति । રામ શાંત થાય છે.

---

૧. વિસર્ગ = :

रामः + षण्णवतिः = रामष्षण्णवतिः, रामः षण्णवतिः । રામ છન્નું.

रामः + सरति = रामस्सरति, रामः सरति । રામ સરકે છે.

(૭) विसर्ग + श्, ष्, स् + અઘોષ = વિસર્ગનો વિકલ્પે લોપ થાય.

દા.ત. शिरोभिः + स्तृणाति = शिरोभि स्तृणाति, शिरोभिस्स्तृणाति, शिरोभिः स्तृणाति । મસ્તકો વડે ઢાંકે છે.

(૮) सः, एषः + अ સિવાયનો વર્ણ = વિસર્ગનો લોપ થાય.

દા.ત. सः + आगच्छति = स आगच्छति । તે આવે છે.

एषः + आगच्छति = एष आगच्छति । આ આવે છે.

सः + गच्छति = स गच्छति । તે જાય છે.

एषः + गच्छति = एष गच्छति । આ જાય છે.

(૯) भोः + સ્વર કે ઘોષ = વિસર્ગનો લોપ થાય.

દા.ત. भोः + अर्जुन = भो अर्जुन । હે અર્જુન !

भोः + भव्याः = भो भव्याः । હે ભવ્ય જીવો !

● ● ●

+ **आकृतिर्गुणान् कथयति ।**
આકૃતિ ગુણોને કહે છે.

+ **क्षमा वीरस्य भूषणम् ।**
ક્ષમા એ વીરનું ભૂષણ છે.

+ **यतो धर्मस्ततो जयः ।**
જ્યાં ધર્મ છે ત્યાં જાય છે.

+ **सन्तोषः परमं सुखम् ।**
સંતોષ એ શ્રેષ્ઠ સુખ છે.

# વ્યંજનસંધિ

(૧) ૨૦ વ્યંજન + અઘોષ = સ્વવર્ગનો પહેલો વ્યંજન + અઘોષ.

દા.ત. तद् + सत् = तत्सत् । તે વિદ્યમાન.

(૨) ૨૦ વ્યંજન + સ્વર કે ઘોષ = સ્વવર્ગનો ત્રીજો વ્યંજન + સ્વર કે ઘોષ.

દા.ત. वनात् + आगच्छति = वनादागच्छति । તે વનમાંથી આવે છે.

वनात् + गच्छति = वनाद्गच्छति । તે વનમાંથી જાય છે.

**અપવાદ**-૨૦ વ્યંજન + સ્વર (પ્રત્યયનો પહેલો અક્ષર) = સ્વર વ્યંજનમાં ભળી જાય.

દા.ત. गच्छत् + अस् = गच्छतः । જનારાઓને.

(૩) ૨૦ વ્યંજન + અનુનાસિક = વિકલ્પે સ્વવર્ગનો અનુનાસિક + અનુનાસિક.

દા.ત. ग्रामात् + नष्टः = ग्रामान्नष्टः, ग्रामाद्नष्टः । ગામમાંથી ભાગેલો.

(૪) ૨૦ વ્યંજન + અનુનાસિક (પ્રત્યયનો પહેલો અક્ષર) = સ્વવર્ગનો અનુનાસિક + અનુનાસિક.

દા.ત. चित् + मय = चिन्मय । જ્ઞાનમય.

(૫) ૨૦ વ્યંજન + ह् = ह् ના સ્થાને વિકલ્પે પૂર્વના વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન મુકાય.

દા.ત. उद् + हरति = उद्धरति, उद्हरति । તે ઉદ્ધાર કરે છે.

(૬) ૨૦ વ્યંજન + श् + સ્વર, અંતઃસ્થ કે અનુનાસિક = श् નો વિકલ્પે छ् થાય.

દા.ત. अवदत् + शठः = अवदत् छठः = अवदच्छठः । अवदत् शठः । લુચ્ચો બોલ્યો.

(૭) નામના પદાંતે એકથી વધુ વ્યંજન હોય તો પ્રથમ વ્યંજન રહે, બાકીના

વ્યંજનોનો લોપ થાય.

દા.ત. मरुत् + स् = मरुत् । પવન.

(૮) ૨૦ વ્યંજન, श्, ष्, स् + વિરામ = સ્વવર્ગનો પહેલો કે ત્રીજો વ્યંજન મુકાય.

દા.ત. मरुत्, मरुद् । પવન.

(૯) न् + ल् = सानुनासिक ल् (लँ्) + ल्.

દા.ત. अस्मिन् + लोके = अस्मिल्लोके । આ લોકમાં.

(૧૦) હ્રસ્વ સ્વર + ङ्, ण्, न्, + કોઈપણ સ્વર = ङ्, ण्, न् બેવડાય.

દા.ત. भगवन् + इति = भगवन्निति । હે ભગવાન ! આ પ્રમાણે.

(૧૧) પદાંતે न् + च्-छ्, ट्-ठ्, त्-थ् = न् ના સ્થાને અનુસ્વાર અને વિસર્ગ થાય.

દા.ત. नरान् + च = नरांः + च = नरांश्च । અને મનુષ્યોને

नरान् + टीकते = नरांः + टीकते = नरांष्टीकते ।
મનુષ્યોને, તે જાય છે.

बिडालान् + ताडयति = बिडालांः + ताडयति = बिडालांस्ताडयति ।
તે બિલાડાઓને મારે છે.

(૧૨) (i) એક જ પદમાં म् કે न् + ઉષ્માક્ષર, र् કે ह् = અનુસ્વાર + ઉષ્માક્ષર, र् કે ह्

દા.ત. पुम् + सि = पुंसि । પુરુષમાં.

हन् + सि = हंसि । તું હણે છે.

रम् + य + ते = रन्रम् + य + ते = रंरम्यते । તે ઘણું કે વારંવાર રમે છે.

(ii) એક જ પદમાં म् કે न् + ૨૦ વ્યંજનમાંનો વ્યંજન = म् કે न् ના સ્થાને ૨૦ વ્યંજનમાંના વ્યંજનના વર્ગનો અન્ત્ય વ્યંજન મુકાય.

દા.ત. गम् + तृ + स् = गन्ता । જનારો.

शक् + इ + त = शन्क् + इत = शङ्क् + इत = शङ्कित । શંકા કરાયેલ.

(૧૩) એક જ પદમાં ऋ, र्, ष् પછી સીધો જ न् આવે તો न् નો ण् થાય. એક જ પદમાં ऋ, र्, ष्, અને न् ની વચ્ચે સ્વર, કંઠ્ય, ઓષ્ઠ્ય કે य्, व्, ह् હોય તો પણ न् નો ण् થાય. ऋ, र्, ष्, પછી પદાન્તે રહેલા न् નો ण् ન થાય. ऋ, र्, ष् પછી આવેલા न् પછી દન્ત્ય વ્યંજન હોય તો न् નો ण् ન થાય.

દા.ત. पितृ + ना = पितृणा । પિતા વડે.

पितृ + नाम् = पितृणाम् । પિતાઓનું.

हरि + नाम् = हरीणाम् । હરિઓનું.

लक्ष्मण + इन = लक्ष्मणेन । લક્ષ્મણ વડે.

राम + इन = रामेण । રામ વડે.

राम + अन् = रामान् । રામોને.

ररन्धिव । અમે બેએ રાંધ્યું. कुर्वन्ति । તેઓ કરે છે.

(૧૪) દન્ત્ય + ल् = ल् + ल्.

દા.ત. भगवत् + लीला = भगवल्लीला । ભગવાનની લીલા.

(૧૫) તાલવ્ય કે મૂર્ધન્યના યોગમાં (પૂર્વે કે પછી) જેટલામો દન્ત્ય હોય તેના સ્થાને તેટલામો તાલવ્ય કે મૂર્ધન્ય મુકાય.

દા.ત. तत् + च = तच्च । અને તે.

तत् + टीका = तट्टीका । તેની ટીકા.

अवदत् + छठः = अवदच्छठः । લુચ્ચો બોલ્યો.

मार्ष् + ति = मार्ष्टि । તે સાફ કરે છે.

(૧૬) च् કે ज् + અઘોષ = च् કે ज् નો क् થાય.

દા.ત. वाच् + षु = वाक् + षु = वाक्षु । વાણીઓમાં.

(૧૭) च् કે ज् + ૨૪ વ્યંજનમાંનો ઘોષ વ્યંજન = च् કે ज् નો ग् થાય.

(૨૪ વ્યંજન = ૨૦ વ્યંજન + श्, ष्, स्, ह्)

(૨૪ વ્યંજનમાંના ઘોષ વ્યંજન = ग्, घ्, ज्, झ्, ड्, ढ्, द्, ध्, ब्, भ्, ह्)

દા.ત. वाच् + भ्याम् = वाग्भ्याम् । બે વાણી વડે.

(૧૮) પદાંતે च् અને ज् નો क् અને ग् થાય.

દા.ત. वाच् = वाक्, वाग् । વાણી.

स्रज् = स्रक्, स्रग् । ફૂલની માળા.

(૧૯) मा અવ્યય[1], आ ઉપસર્ગ કે હ્રસ્વ સ્વર + छ् = छ નો च्छ् થાય.

દા.ત. अ + छिद्यन्त = अच्छिद्यन्त । તેઓ છેદાયા.

आ + छिनत्ति = आच्छिनत्ति । તે ઝૂંટવી લે છે.

मा + छिन्द्धि = माच्छिन्द्धि । તું છેદ નહીં.

(૨૦) પદાન્તે દીર્ઘ સ્વર + छ् = छ् નો વિકલ્પે च्छ् થાય.

દા.ત. लक्ष्मी + छाया = लक्ष्मीच्छाया, लक्ष्मीछाया । લક્ષ્મીની છાયા.

(૨૧) પદાન્તે म् + સ્પર્શ વ્યંજન = म् નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય અથવા પછીના વ્યંજનના વર્ગનો અનુનાસિક થાય.

દા.ત. ग्रामम् + गच्छति = ग्रामं गच्छति, ग्रामङ्गच्छति । તે ગામમાં જાય છે.

(૨૨) म् + य्, व्, ल् = म् નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય અથવા સાનુનાસિક य्, व्, ल् (यँ, वँ, लँ) થાય.

દા.ત. सम् + यच्छसि = संयच्छसि, सयँ्यच्छसि । તું સારી રીતે નિયંત્રણ કરે છે.

सम् + वदति = संवदति, सवँ्वदति । તે સારી રીતે બોલે છે.

---

૧. અવ્યય - જેને વિભક્તિના પ્રત્યયો ન લાગે, એટલે કે જેના રૂપો ન થાય તે અવ્યય.

(૨૩) પદાન્તે म् + र्, श्, ष्, स्, ह् = म् નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય.

દા.ત. ग्रामम् + रक्षति = ग्रामं रक्षति । તે ગામને રક્ષે છે.

(૨૪) પદાન્તે र् કે स् + અઘોષ કે ० = र् કે स् નો વિસર્ગ થાય.

દા.ત. पुनर् पुनर् = पुनः पुनः । ફરી ફરી.

शनैस् शनैस् = शनैः शनैः । ધીમે ધીમે

(૨૫) र् + र् = પૂર્વના र् નો લોપ થાય અને તેની પૂર્વેનો ऋ સિવાયનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય.

દા.ત. हरिः + रक्षति = हरिर् + रक्षति = हरी रक्षति । હરિ રક્ષે છે.

(૨૬) ढ् + ढ् = પૂર્વના ढ् નો લોપ થાય અને તેની પૂર્વેનો ऋ સિવાયનો હ્રસ્વ સ્વર દીર્ઘ થાય.

દા.ત. लिढ् + ढि = लीढि । તું ચાટ.

(૨૭) अ, आ સિવાયના સ્વર, કંઠ્ય વ્યંજન, र् કે ल् + स् = स् નો ष् થાય.

દા.ત. हरि + सु = हरिषु । હરિઓમાં.

वाक् + सु = वाक् + षु = वाक्षु । વાણીઓમાં.

कमल् + सु = कमल्षु । કમળોમાં.

(૨૮) અપદાન્ત ट् + सु = વિકલ્પે ड्त्सु થાય.

દા.ત. प्रावृट् + सु = प्रावृट्सु, प्रावृड्त्सु । વર્ષા ઋતુઓમાં.

(૨૯) उद् ઉપસર્ગ + स्था = स्था નો था થાય.

દા.ત. उद् + स्था + य = उद् + थाय = उत्थाय । ઊઠીને.

(૩૦) सम्, परि, उप + कृ = कृ નું स्कृ થાય.

દા.ત. सम् + क्रियते = संस्क्रियते । સંસ્કાર કરાય છે.

परि + कार = परिष्कार । શણગાર.

उप + कार = उपस्कार । શોભા.

**અપવાદ** - આ નિયમ બધે ન લાગે. દા.ત. उपकार । ઉપકાર.

(૩૧) એક જ પદમાં र् + क्, ख्, प्, फ् = र् નો ष् થાય છે.*

દા.ત. निर् + कासः = निष्कासः । નીકળવું.

निर् + पद्यते = निष्पद्यते । તે થાય છે.

निर् + खनति = निष्खनति । તે સંપૂર્ણ ખોદે છે.

निर् + फलम् = निष्फलम् । નિષ્ફળ.

●●●

+ **यथा लाभस्तथा लोभः, मात्रासमधिकः कुतो मात्राहीनेन जीयते ?**
જેમ લાભ વધે તેમ લોભ વધે છે, કેમકે એક અધિક માત્રાવાળો લોભ એક હીન માત્રાવાળા લાભથી શી રીતે જિતાય ?

+ **स्वस्थे चित्ते बुद्धयः सम्भवन्ति ।**
સ્વસ્થ ચિત્તમાં બુદ્ધિઓ સંભવે છે.

+ **विद्यया सह मर्तव्यं, कुशिष्याय न दापयेत् ।**
વિદ્યા સાથે મરવું, પણ (તે) કુશિષ્યને ન આપવી.

+ **ज्ञानं भारः क्रियां विना ।**
ક્રિયા વિનાનું જ્ઞાન ભારરૂપ છે.

+ **मौनं सर्वार्थसाधनम् ।**
મૌન બધા અર્થોને સાધી આપે છે.

+ **तीर्थं फलति कालेन, सद्यः साधुसमागमः ।**
તીર્થ તો કાળે કરીને ફળે છે, પણ સાધુપુરુષનો સમાગમ તો તુરત જ ફળે છે.

# સાત વિભક્તિ

## કઈ વિભક્તિ કોને લાગે ?

| વિભક્તિ | કોને લાગે ? | વિશેષ |
|---|---|---|
| પહેલી | કર્તા | ક્રિયાનો કરનાર તે કર્તા. ક્રિયાપદને 'કોણ' પૂછવાથી આવે. |
| બીજી | કર્મ | જેની ઉપર ક્રિયા થાય તે કર્મ. ક્રિયાપદને 'શું' અને 'કોને' પૂછવાથી આવે. |
| ત્રીજી | કરણ | ક્રિયાનું સાધન તે કરણ. ક્રિયાપદને 'શેનાથી' પૂછવાથી આવે. |
| ચોથી | સંપ્રદાન | જેની માટે ક્રિયા થાય તે સંપ્રદાન. ક્રિયાપદને 'શેની માટે' પૂછવાથી આવે. |
| પાંચમી | અપાદાન | જેનાથી છૂટા પડાય તે અપાદાન. ક્રિયાપદને 'ક્યાંથી' પૂછવાથી આવે. |
| છઠ્ઠી | સંબંધક | જેની માલિકી હોય તે સંબંધક. ક્રિયાપદને 'કોનું' પૂછવાથી આવે. |
| સાતમી | અધિકરણ | રહેવાનું સ્થળ, આધાર તે અધિકરણ. ક્રિયાપદને 'કયાં' પૂછવાથી આવે. |
| સંબોધન | સંબોધ્ય | જેને બોલાવવાનો હોય તે સંબોધ્ય. જેને સંબોધીને વાક્ય બોલાયું હોય તે. |

સં. ૭ ૧ ૫ ૬ ૨ ૪

હે રમેશ ! ઓરડામાં બાળક ડબ્બામાંથી બુંદીનો લાડુ આનંદ માટે

૩

હાથ વડે ખાય છે.

+ **मूलं हि संसारतरोः कषायाः ।**
સંસારરૂપ વૃક્ષનું મૂળ કષાયો છે.

## વિભક્તિના ગુજરાતી પ્રત્યયો અને ઉદાહરણો

| વિભક્તિ | ગુજરાતી પ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|
| પહેલી | ૦,એ | **બાળક** ખાય છે. **લક્ષ્મણે** ખાધું. |
| બીજી | ને | શિક્ષક **વિદ્યાર્થીને** ગણિત શીખવે છે. |
| ત્રીજી | થી, વડે, દ્વારા | મુનીમ **કલમથી** લખે છે. |
| ચોથી | માટે, સારું, વાસ્તે, ખાતર | **ગુરુ માટે** શિષ્ય ગોચરી લાવે છે. |
| પાંચમી | થી, થકી, માંથી, ઉપરથી, પાસેથી, ને લીધે | **તેની પાસેથી** મેં પૈસા લીધા. |
| છઠ્ઠી | નો,ની,નું,ના, રો,રી,રું,રા | **વિદ્યાર્થીના** પુસ્તકો અહીં છે.<br>**અમારું** ઘર પર્વત પર છે. |
| સાતમી | માં, અંદર, ઉપર, વિષે | **ઘડામાં** પાણી છે. |
| સંબોધન | હે | **હે ભવ્ય જીવો** ! તમે પ્રભુની દેશના સાંભળો. |

## વિભક્તિના સંસ્કૃત પ્રત્યયો અને ઉદાહરણો

| વિભક્તિ | પ્રત્યય, ઉદાહરણ | | |
|---|---|---|---|
| | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
| પહેલી | स्<br>जिन:<br>(એક જિન) | औ<br>जिनौ<br>(બે જિનો) | अस्<br>जिना:<br>(ઘણા જિનો) |
| બીજી | अम्<br>जिनम्<br>(એક જિનને) | औ<br>जिनौ<br>(બે જિનોને) | अस्<br>जिनान्<br>(ઘણા જિનોને) |

| વિભક્તિ | પ્રત્યય, ઉદાહરણ | | |
|---|---|---|---|
| | એકવચન | દ્વિવચન | બહુવચન |
| ત્રીજી | आ<br>जिनेन<br>(એક જિન વડે) | भ्याम्<br>जिनाभ्याम्<br>(બે જિનો વડે) | भिस्<br>जिनैः<br>(ઘણા જિનો વડે) |
| ચોથી | ए<br>जिनाय<br>(એક જિન માટે) | भ्याम्<br>जिनाभ्याम्<br>(બે જિનો માટે) | भ्यस्<br>जिनेभ्यः<br>(ઘણા જિનો માટે) |
| પાંચમી | अस्<br>जिनात्<br>(એક જિન થકી) | भ्याम्<br>जिनाभ्याम्<br>(બે જિનો થકી) | भ्यस्<br>जिनेभ्यः<br>(ઘણા જિનો થકી) |
| છઠ્ઠી | अस्<br>जिनस्य<br>(એક જિનનું) | ओस्<br>जिनयोः<br>(બે જિનોનું) | आम्<br>जिनानाम्<br>(ઘણા જિનોનું) |
| સાતમી | इ<br>जिने<br>(એક જિનમાં) | ओस्<br>जिनयोः<br>(બે જિનોમાં) | सु<br>जिनेषु<br>(ઘણા જિનોમાં) |
| સંબોધન | स्<br>जिन<br>(હે એક જિન !) | औ<br>जिनौ<br>(હે બે જિન !) | अस्<br>जिनाः<br>(હે ઘણા જિનો !) |

ભિન્ન-ભિન્ન અંતવાળા અને ભિન્ન-ભિન્ન લિંગવાળા શબ્દોને લાગતા આ પ્રત્યયોમાં ક્યાંક ક્યાંક ફેરફાર થાય છે. તેથી ભિન્ન-ભિન્ન અંતવાળા અને ભિન્ન-ભિન્ન લિંગવાળા શબ્દોના રૂપો જ ગોખવા.

## શબ્દોના રૂપો ગોખવાની સરળ રીત

(૧) પહેલા પહેલી વિભક્તિના એકવચન, દ્વિવચન અને બહુવચનના રૂપો ગોખવા.

(૨) પછી બીજી વિભક્તિના એકવચન, દ્વિવચન અને બહુવચનના રૂપો ગોખવા.

(૩) પછી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી વિભક્તિઓના એકવચનના રૂપો ગોખવા.

(૪) પછી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી વિભક્તિઓના દ્વિવચનના રૂપો ગોખવા.

(૫) પછી ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી વિભક્તિઓના બહુવચનના રૂપો ગોખવા.

(૬) પછી સંબોધનના એકવચન, દ્વિવચન અને બહુવચનના રૂપો ગોખવા.

દા.ત. (૧)

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | जिनः | जिनौ | जिनाः |

(૨)

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| બીજી | जिनम् | जिनौ | जिनान् |

(૩)

| વિભક્તિ | ત્રીજી | ચોથી | પાંચમી | છઠ્ઠી | સાતમી |
|---|---|---|---|---|---|
| એકવચન | जिनेन | जिनाय | जिनात् | जिनस्य | जिने |

(૪)

| વિભક્તિ | ત્રીજી | ચોથી | પાંચમી | છઠ્ઠી | સાતમી |
|---|---|---|---|---|---|
| દ્વિવચન | जिनाभ्याम् | जिनाभ्याम् | जिनाभ्याम् | जिनयोः | जिनयोः |

(૫)

| વિભક્તિ | ત્રીજી | ચોથી | પાંચમી | છઠ્ઠી | સાતમી |
|---|---|---|---|---|---|
| બહુવચન | जिनैः | जिनेभ्यः | जिनेभ्यः | जिनानाम् | जिनेषु |

(૬)

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| સંબોધન | जिन | जिनौ | जिनाः |

## રૂપો બનાવવાના કેટલાક નિયમો

(૧) વિશેષણના અને સર્વનામના રૂપો વિશેષ્યના લિંગ-વચન-વિભક્તિ પ્રમાણે થાય.

દા.ત. शोभनः बालः । સુંદર બાળક.

शोभना बाला । સુંદર બાળા.

शोभनं पुस्तकम् । સુંદર પુસ્તક.

स बालः । તે બાળક.

सा बाला । તે બાળા.

तत् पुस्तकम् । તે પુસ્તક.

(૨) अ-કારાન્ત વિશેષણના સ્ત્રીલિંગ રૂપો आ લગાડી माला પ્રમાણે થાય.

દા.ત. नम्र → नम्रा नम्रे नम्राः ।

(૩) उ-કારાન્ત અને ऋ-કારાન્ત વિશેષણના સ્ત્રીલિંગ રૂપો દીર્ઘ ई ઉમેરી नदी પ્રમાણે થાય.

દા.ત. बहु → बह्वी बह्व्यौ बह्व्यः ।

कर्तृ → कर्त्री कर्त्र्यौ कर्त्र्यः ।

(૪) उ-કારાન્ત વિશેષણના સ્ત્રીલિંગ રૂપો વિકલ્પે धेनु પ્રમાણે થાય.

દા.ત. बहु → बहुः बहू बहवः ।

(૪) पितृ, मातृ, जामातृ, देवृ, नृ, सव्येष्टृ, यातृ, भ्रातृ, दुहितृ, ननान्दृ વગેરેના પહેલા પાંચ રૂપો पिता, पितरौ, पितरः, पितरं, पितरौ - આ પ્રમાણે થાય.

●●●

# વિભક્તિના નિયમો

(૧) विना અવ્યયના યોગમાં બીજી, ત્રીજી અને પાંચમી વિભક્તિ લાગે.
દા.ત. रामं विना, रामेण विना, रामात् विना । રામ વિના.

(૨) ऋते (વિના) અવ્યયના યોગમાં બીજી અને પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. धर्मं ऋते सद्गतिर्न लभ्यते । धर्मात् ऋते सद्गतिर्न लभ्यते । ધર્મ વિના સદ્ગતિ મળતી નથી.

(૩) सह, सार्धम्, साकम्, अमा વગેરે 'સાથે' અર્થવાળા અવ્યયના યોગમાં ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. पुत्रेण सह गच्छति । તે પુત્ર સાથે જાય છે.

(૪) प्रति (તરફ)ના યોગમાં બીજી વિભક્તિ લાગે.

દા.ત. नगरं प्रति गच्छति । તે નગર તરફ જાય છે.

(૫) नमः (નમસ્કાર), स्वस्ति (કલ્યાણ), स्वाहा (અર્પણ), स्वधा (અર્પણ) અને भद्रं (કલ્યાણ) અવ્યયોના યોગમાં ચોથી વિભક્તિ લાગે.

દા.ત. वीराय नित्यं नमः । વીરને હંમેશા નમસ્કાર થાઓ.

हरये स्वस्ति । હરિનું કલ્યાણ થાઓ.

ॐ श्रीपार्श्वनाथाय स्वाहा । શ્રીપાર્શ્વનાથ પ્રભુને અર્પણ થાઓ.

देवाय स्वधा । દેવને અર્પણ થાઓ.

सङ्घाय भद्रं भवतु । સંઘનું કલ્યાણ થાઓ.

(૬) स्पृह् (ઝંખવું) ધાતુના યોગમાં કર્મને ચોથી વિભક્તિ લાગે.

દા.ત. मोक्षाय स्पृहयति । તે મોક્ષને ઝંખે છે.

(૭) रुच् (ગમવું) અને એવા અર્થવાળા બીજા ધાતુઓના યોગમાં જેને ગમે તેને ચોથી વિભક્તિ લાગે અને ગમવાની વસ્તુને પહેલી વિભક્તિ લાગે.

દા.ત. मोक्षो मह्यं रोचते । મોક્ષ મને ગમે છે.

(૮) જેની ઉપર સ્નેહ, અનુરાગ, વિશ્વાસ કરવાનો હોય તેને સાતમી વિભક્તિ લાગે.

દા.ત. जनकः पुत्रे स्निह्यति । પિતાનો પુત્ર ઉપર સ્નેહ છે.

(૯) જેની ઉપર ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અદેખાઈ બતાવવી હોય તે વસ્તુ હોય તો તેને સાતમી વિભક્તિ લાગે અને તે વ્યક્તિ હોય તો તેને ચોથી વિભક્તિ લાગે.

દા.ત. साधुः कर्मणि कुप्यति । સાધુ કર્મ ઉપર ગુસ્સો કરે છે.

प्रभुः भृत्याय कृप्यति । માલિક નોકર ઉપર ગુસ્સો કરે છે.

(૧૦) ધૃ - ધારયતિ (ધારણ કરવું, દેવાદાર હોવું) ધાતુના યોગમાં દેવાદારને પહેલી વિભક્તિ લાગે, લેણદારને ચોથી વિભક્તિ લાગે અને ઋણ (રકમ) ને બીજી વિભક્તિ લાગે.

દા.ત. रमणः अमृताय शतं रूपकाणि धारयति । રમણ અમૃતના સો રૂપિયા ધારણ કરે છે.

(૧૧) જેને આપવાનું હોય તેને ચોથી વિભક્તિ લાગે.

દા.ત. हरिः रामाय पुस्तकं यच्छति । હરિ રામને પુસ્તક આપે છે.

(૧૨) જેના બદલામાં વસ્તુ આપવાની હોય તેને પાંચમી વિભક્તિ લાગે અને જે વસ્તુ આપવાની હોય તેને બીજી વિભક્તિ લાગે.

દા.ત. माषेभ्यः तिलान् प्रतियच्छति । તે અડદના બદલામાં તલ આપે છે.

(૧૩) ખોડ-ખાંપણ બતાવનારા શરીરના અવયવોને ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. पादेन खञ्जः । પગે લંગડો. कर्णेन बधिरः । કાને બહેરો.

(૧૪) પ્રથમ, પ્રધાન, શ્રેષ્ઠતા વગેરે અર્થમાં છઠ્ઠી કે સાતમી વિભક્તિ લાગે. આ રીતે લાગેલ છઠ્ઠી વિભક્તિને **નિર્ધારણ ષષ્ઠી** કહેવાય છે.

દા.ત. तीर्थेषु सिद्धगिरिः श्रेष्ठः । तीर्थानां सिद्धगिरिः श्रेष्ठः ।

તીર્થોમાં સિદ્ધગિરિ શ્રેષ્ઠ છે.

(૧૫) कथ् (કહેવું) ધાતુ અને એવા અર્થવાળા અન્ય ધાતુઓના યોગમાં જેને કહેવું હોય તેને બીજી, ચોથી કે છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. रामः केशवं कथयति । रामः केशवाय कथयति । रामः केशवस्य कथयति । રામ કેશવને કહે છે.

(૧૬) જવાના, પેસવાના, ચઢવાના વગેરે અર્થવાળા ધાતુઓના યોગમાં જવાના, પેસવાના, ચઢવાના વગેરેના સ્થાનને બીજી વિભક્તિ લાગે, ક્યારેક ચોથી વિભક્તિ પણ લાગે.

દા.ત. ग्रामं ग्रच्छामि । ग्रामाय गच्छामि । હું ગામમાં જાઉં છું.

नगरं प्रविशति । તે નગરમાં પ્રવેશે છે.

गिरिं आरोहति । તે પર્વત ઉપર ચઢે છે.

(૧૭) अनन्तरम् (પછી) અવ્યયના યોગમાં પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. वनात् अनन्तरं ग्रामः । વન પછી ગામ છે.

(૧૮) पश्चात् (પાછળ) અવ્યયના યોગમાં પાંચમી કે છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. वनात् पश्चात् ग्रामः । वनस्य पश्चात् ग्रामः । વનની પાછળ ગામ છે.

(૧૯) भी, भय વગેરે ભયવાચક શબ્દોના યોગમાં જેનાથી ભય હોય તેને પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. व्याघ्रात् भयम् । વાઘથી ભય.

(૨૦) अलम्, किम्, कृतम्, सृतम् વગેરે 'સર્યું' અર્થવાળા અવ્યયના યોગમાં ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. अलं संसारेण । સંસારથી સર્યું.

(૨૧) જેમાંથી ઉત્પન્ન થાય તેને પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. जलात् जायते जलजम् । કમળ પાણીમાંથી ઉત્પન્ન થાય છે.

(૨૨) જેનું હિત ઇચ્છવાનું હોય તેને ચોથી વિભક્તિ લાગે.

દા.ત. शिष्याय हितं इच्छति । તે શિષ્યનું હિત ઇચ્છે છે.

(૨૩) સ્મરણ કરવું અર્થવાળા स्मृ વગેરે ધાતુઓના યોગમાં જેનું સ્મરણ કરવાનું હોય તેને બીજી કે છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. मातरं स्मरति । मातुः स्मरति । માતાનું સ્મરણ કરે છે.

(૨૪) 'સુધી' અર્થમાં બીજી વિભક્તિ લાગે.

દા.ત. मासं यावत् । મહિના સુધી

ग्रामं यावत् । ગામ સુધી

(૨૪) બે વાર સાતમી વિભક્તિવાળા શબ્દો આવે તો તેનો અર્થ જ્યારે... ત્યારે... કરવો, અથવા ...હોતે છતે....કરવો.

દા.ત. स्वल्पे पुण्ये वाञ्छितं न भवति । જ્યારે પુણ્ય થોડું હોય છે ત્યારે મનવાંછિત થતું નથી. અથવા, પુણ્ય ઓછું હોતે છતે મનવાંછિત થતું નથી.

(૨૫) तुल्य, सदृश વગેરે સમાન અર્થવાળા શબ્દોના યોગમાં જેની સમાન હોય તેને ત્રીજી કે છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. मात्रा तुल्यः । मातुः तुल्यः । માતાની સમાન.

(૨૬) पृथक्, नाना, भिन्न, अन्य વગેરેના યોગમાં જેનાથી ભિન્ન હોય તેને પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. देहाद् भिन्नः आत्मा । દેહથી આત્મા જુદો છે.

(૨૭) જેને અંતે વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય તે પદ બને. વિરામમાં પદ બને. નામની પછી य સિવાયના વ્યંજનાદિ પ્રત્યયો આવે તો પણ પદ બને.

(૨૮) એક જ શબ્દનો બે વાર પ્રયોગ થાય તો તેનો અર્થ 'પ્રત્યેક' એવો થાય.

દા.ત. काले काले । પ્રત્યેક કાળમાં.

(૨૯) નામ + तस् = પાંચમી વિભક્તિનો અર્થ થાય, ક્યારેક સાતમી વિભક્તિનો અર્થ થાય.

દા.ત. सर्व + तस् = सर्वतः = બધેથી, બધે.

(૩૦) अधि + शी, अधि + आस्, अधि + स्था ના યોગમાં ક્રિયા થવાના સ્થળના નામને બીજી વિભક્તિ લાગે.

દા.ત. शय्यामधिशये । હું શય્યામાં સૂવું છું.

आसनमध्यास्ते । તે આસન પર બેસે છે.

तटमधितिष्ठति । તે કિનારે ઊભો છે.

(૩૧) ईश् ધાતુના કર્મને બીજી કે છઠ્ઠી વિભક્તિ લાગે છે.

દા.ત. नृपो जनान् जनानां वा इष्टे । રાજા લોકો પર રાજ્ય કરે છે.

(૩૨) ઉપસર્ગવાળા क्रुध् કે द्रुह् ધાતુના યોગમાં જેના પ્રત્યે ક્રોધ કે દ્રોહ હોય તેને બીજી વિભક્તિ લાગે.

દા.ત. रामः श्याममभिक्रुध्यति । રામ શ્યામ ઉપર ગુસ્સો કરે છે.

रामः श्याममभिद्रुह्यति । રામ શ્યામનો દ્રોહ કરે છે.

(૩૩) धिक्, अन्तरा અવ્યયોના યોગમાં બીજી વિભક્તિ લાગે.

દા.ત. धिक् ताम् । તેણીને ધિક્કાર થાઓ.

धर्मं अन्तरा सद्गतिर्न लभ्यते । ધર્મ વિના સદ્ગતિ મળતી નથી.

(૩૪) 'અને' અર્થમાં च લાગે. 'અથવા કે' અર્થમાં वा લાગે. જે પદોને જોડવાના હોય કે છૂટા પાડવાના હોય તે દરેક પદ પછી અથવા બધા પદો પછી च કે वा મુકાય છે.

દા.ત. हरिश्च गोविन्दश्च । હરિ અને ગોવિંદ.

हरिर्गोविन्दश्च । હરિ અને ગોવિંદ.

हरिर्वा गोविन्दो वा । હરિ કે ગોવિંદ.

हरिर्गोविन्दो वा । હરિ કે ગોવિંદ.

(૩૫) નિષેધ બતાવવા વ્યંજનાદિ શબ્દની શરૂઆતમાં अ લાગે અને સ્વરાદિ

શબ્દની શરૂઆતમાં अन् લાગે.

દા.ત. न + रोगः = अरोगः । રોગનો અભાવ.

अन् + इच्छा = अनिच्छा । ઇચ્છાનો અભાવ.

(૩૬) भवत् (સર્વનામ) કર્તા હોય તો ક્રિયાપદ ત્રીજાપુરુષમાં આવે.

દા.ત. भवान् आगच्छतु । આપ આવો.

(૩૭) किम् સર્વનામના ત્રણે લિંગના રૂપોને चित्, चन અને अपि લગાડવાથી પ્રશ્નાર્થ જતો રહે છે અને અનિશ્ચયાર્થ થાય છે.

દા.ત. कश्चित् । કોઈક.

कयाचन । કોઈક સ્ત્રી વડે.

किमपि । કંઈક.

●●●

+ **उद्योगः पुरुषलक्षणम् ।**
પુરુષનું લક્ષણ ઉદ્યોગ છે.

+ **प्रत्यक्षे गुरवः स्तुत्याः ।**
ગુરુની સ્તુતિ પ્રત્યક્ષ - તેમની હાજરીમાં જ કરવી.

+ **दृष्टिपूतं न्यसेत्पादम् ।**
દૃષ્ટિથી પવિત્ર કરીને (જોઈને) પગ મૂકવો, જેથી જીવ-જંતુનો વિનાશ ન થાય અથવા શરીરને આઘાત ન થાય.

+ **अविवेकः परमापदः पदम् ।**
અવિવેક મોટી આપદાને આપનાર છે.

+ **शान्तिः सन्न्यासिनां सुधा ।**
સંન્યાસીઓને શાંતિ અમૃત સમાન છે.

# વાક્યરચના

વાક્યરચના બે પ્રકારની છે - (૧) કર્તરિ પ્રયોગ અને (૨) કર્મણિ પ્રયોગ

(૧) **કર્તરિ પ્રયોગ** - જે વાક્યપ્રયોગમાં કર્તા મુખ્ય હોય તે કર્તરિ પ્રયોગ. તેમાં કર્તાને પહેલી વિભક્તિ લાગે, કર્મને બીજી વિભક્તિ લાગે અને ક્રિયાપદ કર્તાને અનુસરે.

દા.ત. बालः मोदकं खादति । બાળક લાડુ ખાય છે.
हरिः ईश्वरं नमति । હરિ ઈશ્વરને નમે છે.

(૨) **કર્મણિ પ્રયોગ** - જે વાક્યપ્રયોગમાં કર્મ મુખ્ય હોય તે કર્મણિ પ્રયોગ. તેમાં મૂળકર્તાને ત્રીજી વિભક્તિ લાગે, કર્મ કર્તા બને, તેને પહેલી વિભક્તિ લાગે અને ક્રિયાપદ તેને અનુસરે.

દા.ત. बालेन मोदकः खाद्यते । બાલક વડે લાડુ ખવાય છે.

हरिणा ईश्वरः नम्यते । હરિ વડે ઈશ્વર નમાય છે.

**કર્તરિ પ્રયોગમાં રૂપ બનાવવાની રીત** -

કર્તરિ રૂપ = ધાતુ + ગણની નિશાની + કાળના પ્રત્યય.

દા.ત. नम् ધાતુનું કર્તરિ રૂપ = नम् + अ + ति = नमति । તે નમે છે.

●●●

+ **विषया विश्ववञ्चकाः ।**
વિષયો જગતને ઠગનારા છે.

+ **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**
મન એ જ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે.

+ **पुण्यस्य फलमिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।**
પુણ્યના ફળને માનવીઓ ચાહે છે પણ પુણ્ય ઉપાર્જન કરવા નથી ઈચ્છતાં.

# કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ

## કર્મણિ પ્રયોગમાં રૂપ બનાવવાની રીત -

(૧) કર્મણિ રૂપ = મૂળધાતુ + य + કાળના આત્મનેપદ પ્રત્યય.કર્મણિ રૂપ બનાવવામાં ધાતુને ગણની નિશાની ન લાગે.

દા.ત. → नम् + य + ते = नम्यते । તે નમાય છે.

(૨) ૧૦મા ગણના ધાતુઓને अय લાગતા જે પ્રમાણે ગુણ-વૃદ્ધિ થાય તે પ્રમાણે ગુણ-વૃદ્ધિ કર્યા પછી કર્મણિ પ્રયોગમાં य લાગે.

દા.ત. चुर् → चोर् + य + ते = चोर्यते । તે ચોરાય છે.

(૩) કર્મણિ પ્રયોગમાં ધાતુના અન્તે હ્રસ્વ इ, उ નો દીર્ઘ ई, ऊ થાય.

દા.ત. जि + य + ते = जीयते । તે જિતાય છે.

*नु + य + ते = नूयते । તે સ્તુતિ કરાય છે.*

(૪) दा, धा, मा, स्था, गै, पा (पिब्), सो, हा (ત્રીજો ગણ, પરસ્મૈપદ) ધાતુઓના અન્ત્ય સ્વરનો કર્મણિ પ્રયોગમાં દીર્ઘ ई થાય.

દા.ત. दा + य + ते = दी + य + ते = दीयते । તે અપાય છે.
गै + य + ते = गी + य + ते = गीयते । તે ગવાય છે.

(૫) કર્મણિ પ્રયોગમાં ધાતુના અંતે હ્રસ્વ ऋ નો रि થાય.

દા.ત. कृ + य + ते = क्रियते । તે કરાય છે.

(૬) કર્મણિ પ્રયોગમાં ધાતુના અંતે સંયુક્ત વ્યંજન પછી ऋ નો अर् થાય.

દા.ત. स्मृ + य + ते = स्मर्यते । તે સ્મરણ કરાય છે.

(૭) કર્મણિ પ્રયોગમાં ऋ અને जागृ ધાતુના ऋ નો ગુણ થાય.

દા.ત. ऋ + य + ते = अर्यते । તે જવાય છે.
जागृ + य + ते = जागर्यते । જગાય છે.

(૮) કર્મણિ પ્રયોગમાં ધાતુના અંતે દીર્ઘ ॠ નો इर् થાય અને ઓષ્ઠ્ય વ્યંજન

તથા व् પછી દીર્ઘ ॠ નો उर् થાય.

इर्, उर् + વ્યંજન = ईर्, ऊर् + વ્યંજન.

દા.ત. कॄ + य + ते = कीर्यते । તે વેરાય છે.

पॄ + य + ते = पूर्यते । તે પૂરાય છે.

वॄ + य + ते = वूर्यते । તે પસંદ કરાય છે.

(૯) કર્મણિ પ્રયોગમાં अञ्च्, अञ्ज्, भञ्ज्, रञ्ज्, सञ्ज्, स्वञ्ज्, मन्थ्, ग्रन्थ्, स्कन्द्, उन्द्, इन्ध्, बन्ध्, स्तम्भ्, दंश्, भ्रंश्, ध्वंस्, शंस्, स्रंस्, तृंह् ધાતુઓમાં અનુનાસિકનો લોપ થાય છે.

દા.ત. अञ्ज् + य + ते = अज्यते । તે અંજાય છે.

मन्थ् + य + ते = मथ्यते । તે મથાય છે.

दंश् + य + ते = दश्यते । તે ડસાય છે.

(૧૦) કર્મણિ પ્રયોગમાં वच्, वप्, वद्, वस्, वह्, वश्, वे, व्ये, ह्वे, श्वि, स्वप्, यज्, ज्या, व्यच्, प्रच्छ्, व्रश्च्, भ्रस्ज्, ग्रह्, व्यध् ધાતુઓમાં સંપ્રસારણ થાય, એટલે કે य् નો इ, व् નો उ અને र् નો ऋ થાય. સંપ્રસારણ થયા પછીનો સ્વર લોપાય.

દા.ત. यज् + य + ते = इज्यते । તે યજ્ઞ કરાય છે.

वच् + य + ते = उच्यते । તે કહેવાય છે.

प्रच्छ् + य + ते = पृच्छ्यते । તે પૂછાય છે.

(૧૧) કર્મણિ પ્રયોગમાં अस् નો भू આદેશ થાય, ब्रू નો वच् આદેશ થાય, घस् નો अद् આદેશ થાય અને शी નો शय् આદેશ થાય.

દા.ત. अस् + य + ते = भू + य + ते = भूयते । થવાય છે.

ब्रू + य + ते = वच् + य + ते = उच्यते । તે કહેવાય છે.

घस् + य + ते = अद् + य + ते = अद्यते । તે ખવાય છે.

शी + य + ते = शय् + य + ते = शय्यते । સુવાય છે.

(૧૨) કર્મણિ પ્રયોગમાં खन्, जन्, तन् ધાતુઓના न् નો વિકલ્પે લોપ થાય, લોપ થાય ત્યારે ધાતુઓનો અનુક્રમે खा, जा, ता આદેશ થાય.

દા.ત. खन् + य + ते = खायते, खन्यते । તે ખોદાય છે.

जन् + य + ते = जायते, जन्यते । જન્માય છે.

तन् + य + ते = तायते, तन्यते । તે વિસ્તારાય છે.

(૧૩) ક્રિયાપદને 'કોણ' પૂછવાથી કર્તા આવે. ક્રિયાપદને 'કોને' અને 'શું' પૂછવાથી કર્મ આવે. અથવા આ ત્રણે પ્રશ્નો એક જ વ્યક્તિને લાગુ પડતા હોય તો તે કર્તા છે.

કર્મ બે પ્રકારના છે - મુખ્યકર્મ અને ગૌણકર્મ.

**(i) મુખ્યકર્મ** - ક્રિયાપદને 'શું' પૂછવાથી આવે તે મુખ્યકર્મ છે. અથવા જેની માટે ક્રિયા કરાય તે મુખ્યકર્મ છે.

**(ii) ગૌણકર્મ** - ક્રિયાપદને 'કોને' પૂછવાથી આવે તે ગૌણકર્મ છે. અથવા જે મુખ્યકર્મમાં કારણ કે સહાયક હોય તે ગૌણકર્મ છે.

દા.ત. पिता पुत्रं कथां कथयति । પિતા પુત્રને કથા કહે છે.

મુખ્યકર્મ-कथा, ગૌણકર્મ-पुत्र.

કર્તરિ પ્રયોગમાં મુખ્યકર્મ અને ગૌણકર્મ બન્નેને બીજી વિભક્તિ લાગે.

(૧૪) કર્મણિ પ્રયોગમાં दुह्, भिक्ष्, याच्, पच्, वच्, दण्ड्, रुध्, प्रच्छ्, चि, जि, ब्रू, शास्, जि, मुष्, मन्थ्, कथ् - આ દ્વિકર્મક (બે કર્મવાળા) ધાતુઓના ગૌણકર્મને પહેલી વિભક્તિ લાગે અને મુખ્યકર્મને બીજી વિભક્તિ લાગે.

દા.ત. કર્તરિ-पिता पुत्रं कथां कथयति । પિતા પુત્રને કથા કહે છે.
મુખ્યકર્મ - कथा, ગૌણકર્મ - पुत्र.
કર્મણિ-पित्रा पुत्रः कथां कथ्यते । પિતા વડે પુત્રને કથા કહેવાય છે.

(૧૫) કર્મણિ પ્રયોગમાં नी, वह्, हृ, कृष् - આ દ્વિકર્મક ધાતુઓના મુખ્યકર્મને પહેલી વિભક્તિ લાગે અને ગૌણકર્મને બીજી વિભક્તિ લાગે.

દા.ત. કર્તરિ-जनकः बालं शालां नयति । પિતા બાળકને નિશાળે લઈ જાય છે.

મુખ્યકર્મ - बाल, ગૌણકર્મ - शाला.

કર્મણિ-जनकेन बालः शालां नीयते । પિતા વડે બાળક નિશાળે લઈ જવાય છે.

(૧૬) ધાતુઓ બે પ્રકારના છે - સકર્મક અને અકર્મક.

**(i) સકર્મક ધાતુઓ** - કર્મવાળા ધાતુઓ તે સકર્મક ધાતુઓ. કેટલાક સકર્મક ધાતુઓ એક કર્મવાળા હોય છે અને કેટલાક સકર્મક ધાતુઓ બે કર્મવાળા હોય છે. બે કર્મવાળા સકર્મક ધાતુઓના બે કર્મમાંથી એક કર્મ મુખ્યકર્મ છે અને બીજું કર્મ ગૌણકર્મ છે. તેની સમજણ પાના નં. ૩૮ ઉપર આપી છે.

દા.ત. रामः जलं पिबति । રામ પાણી પીએ છે. पिब् એ એક કર્મવાળો સકર્મક ધાતુ છે.

शिष्यः गुरुं प्रश्नं पृच्छति । શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે. प्रच्छ् એ બે કર્મવાળો સકર્મક ધાતુ છે. મુખ્યકર્મ - प्रश्न, ગૌણકર્મ - गुरु.

**(ii) અકર્મક ધાતુઓ** - કર્મ વિનાના ધાતુઓ તે અકર્મક ધાતુઓ.

દા.ત. रामः तिष्ठति । રામ ઊભો છે.

અકર્મક ધાતુઓ -

लज्जा-सत्ता-स्थिति-जागरणम्, वृद्धि-क्षय-भय-जीवित-मरणम् ।
नर्तन-निद्रा-रोदन-वासाः, स्पर्धा-कम्पन-मोदन-हासाः ।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्था, धातुगणमकर्मकमाहुः ॥

(૧) लज्जते - તે શરમાય છે. (૨) भवति = તે થાય છે, अस्ति - તે છે.

(૩) तिष्ठति - તે ઊભો છે, वर्तते - તે વર્તે છે. (૪) जागर्ति - તે જાગે છે.

(૫) वर्धते - તે વધે છે. (૬) क्षयति - તે ક્ષય પામે છે.

(૭) बिभेति = તે ડરે છે.
(૮) जीवति - તે જીવે છે.
(૯) म्रियते - તે મરે છે.
(૧૦) नृत्यति - તે નાચે છે.
(૧૧) स्वपिति - તે સૂવે છે.
(૧૨) रोदिति - તે રડે છે.
(૧૩) वसति - તે વસે છે.
(૧૪) स्पर्धते - તે સ્પર્ધા કરે છે.
(૧૫) कम्पते - તે કંપે છે.
(૧૬) मोदते - તે ખુશ થાય છે.
(૧૭) हसति - તે હસે છે.
(૧૮) शेते - તે સૂવે છે.
(૧૯) क्रीडति - તે રમે છે.
(૨૦) रोचते - તેને ગમે છે.
(૨૧) राजते - તે શોભે છે.

આ ધાતુઓ અને આ અર્થવાળા અન્ય ધાતુઓ અકર્મક કહ્યા છે.

અકર્મક ધાતુઓ બે પ્રકારના છે - નિત્ય અકર્મક અને વિવક્ષિત અકર્મક.

**(i) નિત્ય અકર્મક ધાતુઓ** - જે ધાતુઓમાં કર્મ આવી જ ન શકે તે નિત્ય અકર્મક ધાતુઓ.

દા.ત. સૂઈ જવું, ઊભા થવું, ચાલવું, દોડવું, જાગવું વગેરે અર્થવાળા ધાતુઓ નિત્ય અકર્મક છે. रामः धावति । રામ દોડે છે.

**(ii) વિવક્ષિત અકર્મક ધાતુઓ** - જે ધાતુઓમાં કર્મ આવી શકે પણ મૂક્યું ન હોય તે વિવક્ષિત અકર્મક ધાતુઓ.

દા.ત. रामः पठति । રામ ભણે છે. श्यामः गच्छति । શ્યામ જાય છે.

સકર્મક ધાતુઓમાં કર્મણિ પ્રયોગ થાય છે. બન્ને પ્રકારના અકર્મક ધાતુઓમાં ભાવે પ્રયોગ થાય છે, એટલે કે કર્તાને ત્રીજી વિભક્તિ લાગે છે અને ધાતુનું ત્રીજો પુરુષ એકવચનનું કર્મણિરૂપ મુકાય છે.

દા.ત. કર્તરિ - रामः तिष्ठति । રામ ઊભો છે.

ભાવે - रामेण स्थीयते । રામ વડે ઊભા રહેવાય છે.

કર્તરિ - रामः गच्छति । રામ જાય છે.

ભાવે - रामेण गम्यते । રામ વડે જવાય છે.

કર્તરિ - जनाः गच्छन्ति । લોકો જાય છે.

ભાવે - जनैः गम्यते । લોકો વડે જવાય છે.

(૧૭) ભાવે પ્રયોગમાં ક્રિયાપદ ત્રીજો પુરુષ એકવચન લે છે.

દા.ત. કર્તરિ - जनाः स्वपन्ति । લોકો સૂવે છે.

ભાવે - जनैः सुप्यते । લોકો વડે સુવાય છે.

કર્તરિ - बालाः पठन्ति । બાળકો ભણે છે.

ભાવે - बालैः पठ्यते । બાળકો વડે ભણાય છે.

●●●

+ **दोषाश्चापि गुणा भवन्ति हि नृणां योग्ये पदे योजिताः ।**
યોગ્યસ્થાને યોજવાથી દોષ પણ મનુષ્યને ગુણરૂપ થાય છે.

+ **घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम् ।**
ફરી ફરીને ચંદનને ઘસો તો પણ તે તો સુંદર એવી સુગંધ જ આપે છે.

+ **छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुदण्डम् ।**
ફરી ફરીને શેલડીને કાપો-છિન્ન ભિન્ન કરો તો પણતે તો સ્વાદિષ્ટ જ રહેશે.

+ **त्याग एको गुणः श्लाघ्यः, किमन्यैर्गुणराशिभिः ।**
ત્યાગ એ એક જ ગુણ પ્રશંસનીય છે, બીજા ઘણા ગુણોથી શું ?

+ **योजनानां सहस्त्रं वै, शनैर्गच्छेत् पिपीलिका ।**
આસ્તે આસ્તે ચાલતાં કીડી હજારો યોજન જઈ શકે છે.

## કૃદન્ત

ધાતુને પ્રત્યય લાગવાથી બનતું નામ તે કૃદન્ત છે. તેને ધાતુસાધિત શબ્દ પણ કહેવાય છે.

કૃદન્ત એ ક્રિયાવાચક શબ્દ છે. તે વાક્યાર્થને પૂરો કરતો નથી. કેટલીકવાર ક્રિયાપદના અર્થમાં પણ કૃદન્ત આવે છે. ત્યારે પાછળ अस्ति અધ્યાહાર રહે છે. કૃદન્તો ઘણા છે. અહીં આપણે છ કૃદન્તોને વિચારીશું -

**(૧) હેત્વર્થ કૃદન્ત** -

(૧) હેત્વર્થ કૃદન્ત = ધાતુ + तुम्. તેનો અર્થ '....વાને માટે' એવો થાય છે. તે અવ્યય છે.

દા.ત. गम् + तुम् = गन्तुम् । જવાને માટે.

(૨) तुम् એ વિકારક પ્રત્યય છે. તે લાગતા ધાતુના અન્ત્ય સ્વરનો અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. जि + तुम् = जेतुम् । જીતવાને માટે.

भिद् + तुम् = भेत्तुम् । ભેદવાને માટે.

(૩) ૧૦મા ગણના ધાતુઓને तुम् લાગતા પૂર્વે अय લાગે. अय લાગતા અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય. अय લાગ્યા પછી સેટનો इ લાગે. ત્યારે अय નો અન્ત્ય अ લોપાય.

દા.ત. चुर् + अय + तुम् = चोर् + अय् + इ + तुम् = चोरयितुम् । ચોરવાને માટે.

दॄ + अय + तुम् = दार् + अय् + इ + तुम् = दारयितुम् । ફાડવાને માટે.

तड् + अय + तुम् = ताड् + अय् + इ + तुम् = ताडयितुम् । મારવાને માટે.

(૪) तुम् લાગતા પૂર્વે સેટ્ ધાતુઓને इ લાગે, અનિટ્ ધાતુઓને इ ન લાગે અને વેટ્ ધાતુઓને વિકલ્પે इ લાગે. (સેટ્, અનિટ્, વેટ્ ધાતુઓની સમજણ પાના નં. ૮૫-૯૮ ઉપર આપી છે.

દા.ત. पत् + तुम् = पत् + इ + तुम् = पतितुम् । પડવાને માટે.

शक् + तुम् = शक्तुम् । શકવાને માટે.

क्षम् + तुम् = क्षमितुम्, क्षन्तुम् । ક્ષમા કરવાને માટે.

## (૨) સંબંધક ભૂત કૃદન્ત -

(૧) સંબંધક ભૂત કૃદન્ત = ધાતુ + त्वा. તેનો અર્થ '....ઈને' એવો થાય છે. તે અવ્યય છે.

દા.ત. पच् + त्वा = पक्त्वा । રાંધીને.

(૨) त्वा પ્રત્યય અવિકારક છે, એટલે કે તે લાગતા ધાતુમાં કંઈ ફેરફાર થતો નથી. કેટલીકવાર જ્યારે इ લાગે ત્યારે ધાતુના સ્વરનો ગુણ થાય છે.

દા.ત. नी + त्वा = नीत्वा । લઈ જઈને.

रुच् + त्वा = रुच् + इ + त्वा = रोचित्वा । ગમીને.

(૩) ૧૦મા ગણના ધાતુઓને त्वा લાગતા પૂર્વે अय લાગે. अय લાગતા અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય. अय લાગ્યા પછી સેટ્નો इ લાગે. ત્યારે अय નો અન્ત્ય अ લોપાય.

દા.ત. चुर् + अय + त्वा = चोर् + अय + इ + त्वा = चोरयित्वा । ચોરીને.

दृ + अय + त्वा = दार् + अय + इ + त्वा = दारयित्वा । ફાડીને.

तड् + अय + त्वा = ताड् + अय + इ + त्वा = ताडयित्वा । મારીને.

(૪) त्वा લાગતા સેટ્ ધાતુઓને इ લાગે, અનિટ્ ધાતુઓને इ ન લાગે અને વેટ્ ધાતુઓને વિકલ્પે इ લાગે, (સેટ્, અનિટ્ અને વેટ્ ધાતુઓની સમજણ પાના નં. ૮૫-૯૮ ઉપર આપેલ છે.)

દા.ત. पत् + त्वा = पतित्वा । પડીને

शक् + त्वा = शक्त्वा । શકીને.

क्षम् + त्वा = क्षमित्वा, क्षान्त्वा । ક્ષમા કરીને.

(૫) ઉપસર્ગવાળા ધાતુઓને અને च्वि પ્રત્યયાન્ત નામ પછી આવતાં ધાતુઓને त्वा ને બદલે य પ્રત્યય લાગે. (च्वि પ્રત્યયની સમજણ પાના નં. ૧૭૯ ઉપર આપેલ છે.) ધાતુને અન્તે હ્રસ્વ સ્વર હોય તો त्वा ને બદલે त्य લાગે.

દા.ત. प्र + नम् + य = प्रणम्य । પ્રણામ કરીને.

अनु + सृ + त्य = अनुसृत्य । અનુસરીને.

शीतीभू + य = शीतीभूय । ઠંડું થઈને.

(૬) ૧૦મા ગણના ઉપસર્ગવાળા ધાતુઓને य લાગતા પૂર્વે अय અને इ ન લાગે, પણ ગુણ-વૃદ્ધિ થાય.

દા.ત. प्र + चुर् + य = प्रचोर्य । પ્રકર્ષથી ચોરી કરીને.

वि + दृ + य = विदार्य । વિશેષથી ફાડીને.

प्र + तड् + य = प्रताड्य । પ્રકર્ષથી મારીને.

(૭) अम् અને अन् અન્તે હોય એવા સેટ્ ધાતુઓને त्वा લાગતા પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. शम् + त्वा = शान्त्वा, शमित्वा । શાંત થઈને.

(૮) त्वा લાગતા પૂર્વે इ ન લાગે ત્યારે કર્મણિ ભૂત કૃદન્તના નિયમ ૧૫, ૧૬, ૧૭ લાગે. ઉપસર્ગવાળા ધાતુઓને નિયમ ૧૫ વિકલ્પે લાગે.

દા.ત. नम् + त्वा = नत्वा । નમીને.

प्र + नम् + य = प्रणत्य, प्रणम्य । પ્રકર્ષથી નમીને.

शम् + त्वा = शान्त्वा । શાંત થઈને.

अञ्ज् + त्वा = अक्त्वा । આંજીને.

(૯) त्वा લાગતા ધાતુઓમાં સંપ્રસારણ થાય.

દા.ત. यज् + त्वा = इष्ट्वा । યજ્ઞ કરીને.
वच् + त्वा = उक्त्वा । કહીને.
प्रच्छ् + त्वा = पृष्ट्वा । પૂછીને.

(૧૦) 'વારંવાર...ઈને' અર્થમાં त्वा ને બદલે વિકલ્પે अम् પ્રત્યય લાગે. ત્યારે ૧૦મા ગણના વૃદ્ધિના નિયમો લાગે. अम् પ્રત્યયાન્ત કૃદન્તનો બે વાર પ્રયોગ થાય. आ-કારાંત ધાતુઓને अम् પૂર્વે य् લાગે.

દા.ત. कृत्वा कृत्वा = कारं कारम् । વારંવાર કરીને.

पीत्वा पीत्वा = पायं पायम् । વારંવાર પીને.

## (૩) કર્મણિ ભૂત કૃદન્ત -

(૧) કર્મણિ ભૂત કૃદન્ત = ધાતુ + त. તેનો અર્થ '...આયેલો' એવો થાય છે.

દા.ત. नी + त = नीत । લઈ જવાયેલો.

(૨) કર્મણિ ભૂત કૃદન્ત એ કર્મનું વિશેષણ છે. તેના રૂપો કર્મના લિંગ પ્રમાણે થાય. તેના રૂપો પુંલિંગમાં जिन ની જેમ, નપુંસકલિંગમાં वन ની જેમ અને સ્ત્રીલિંગમાં आ ઉમેરીને माला ની જેમ થાય છે.

દા.ત. रामेण नीतः बालः । રામ વડે લઈ જવાયેલો બાળક.

रामेण नीता बाला । રામ વડે લઈ જવાયેલી બાળા.

रामेण नीतं जलम् । રામ વડે લઈ જવાયેલું પાણી.

(૩) त એ અવિકારક પ્રત્યય છે, એટલે કે એ લાગતા ધાતુમાં કંઈ ફેરફાર થતો નથી.

દા.ત. कृ + त = कृत । કરાયેલો.

(૪) ૧૦મા ગણના ધાતુઓને त લાગતા પૂર્વે इ લાગે છે, अय લાગતો નથી અને ધાતુના અન્ત્ય સ્વર-ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. चुर् + त = चोरित । ચોરાયેલો.

दृ + त = दारित । ફડાયેલો.

तड् + त = ताडित । મરાયેલો.

(૫) त લાગતા ધાતુઓમાં સંપ્રસારણ થાય છે.

દા.ત. यज् + त = इष्ट । યજ્ઞ કરાયેલો.

वच् + त = उक्त । કહેવાયેલો.

प्रच्छ् + त = पृष्ट । પૂછાયેલો.

(૬) त લાગતા ધાતુના અન્ત્ય ॠ નો इर् થાય અને ઓષ્ઠ્ય વ્યંજન તથા व् પછી આવેલા ॠ નો उर् થાય. इर्, उर् + व्यंजन = ईर्, ऊर् + વ્યંજન.

દા.ત. कॄ + त = कीर्ण । વેરાયેલો.

पॄ + त = पूर्ण । ભરાયેલો.

(૭) त લાગતા સેટ્ ધાતુઓને इ લાગે અને અનિટ્ ધાતુઓને इ ન લાગે.

દા.ત. कुप् + त = कुपित । ગુસ્સે થયેલો.

शक् + त = शक्त । શક્તિમાન થયેલો.

(૮) त લાગતા હ્રસ્વ કે દીર્ઘ उ-કારાન્ત અને હ્રસ્વ કે દીર્ઘ ऋ-કારાન્ત ધાતુઓને इ ન લાગે.

દા.ત. नु + त = नुत । સ્તુતિ કરાયેલો.

भू + त = भूत । થયેલો.

वृ + त = वृत । પસંદ કરાયેલો.

शॄ + त = शीर्ण । નષ્ટ થયેલો.

(૯) इष् અને બીજા ધાતુઓ જે કોઈપણ પ્રત્યય પૂર્વે વિકલ્પે इ લે છે તેઓ त પૂર્વે इ લેતા નથી.

દા.ત. इष् + त = इष्ट । ઈચ્છાયેલો.

सिव् + त = स्यूत । સીવાયેલો.

क्रम + त = क्रान्त । ચાલેલો.

दम्भ् + त = दब्ध । દંભ કરાયેલો.

मुह् + त = मुग्ध, मूढ । મોહ પામેલો.

(૧૦) ધાતુના અન્ત્ય द् અને र् પછી त નો न થાય, ત્યારે પૂર્વેના द् નો પણ न् થાય.

દા.ત. भिद् + त = भिन्न । ભેદાયેલો.

शॄ + त = शीर् + त = शीर्ण । નષ્ટ થયેલો.

(૧૧) એકસ્વરી आ-કારાન્ત ધાતુની શરૂમાં य्, व्, र्, કે ल् અંતવાળો જોડાક્ષર હોય તો તેના પછી त નો न થાય.

દા.ત. ग्लै + त = ग्ला + त = ग्लान । માંદો થયેલો.

(૧૨) नुद्, विद् (સાતમો ગણ), उन्द्, त्रै, घ्रा અને ह्री ધાતુઓ પછી त નો न વિકલ્પે થાય.

દા.ત. नुद् + त = नुन्न, नुत्त । પ્રેરાયેલો.

(૧૩) ध्यै, ख्या અને मद् ધાતુઓ પછી त નો न ન થાય.

દા.ત. ध्यै + त = ध्यात । ધ્યાન કરાયેલો.

ख्या + त = ख्यात । કહેવાયેલો.

मद् + त = मत्त । મત્ત થયેલો.

(૧૪) शी, स्विद् (પહેલો ગણ), भिद्, क्ष्विद् અને धृष् ધાતુઓને त લાગતા જ્યારે इ લાગે ત્યારે તેમના સ્વરનો ગુણ થાય.

દા.ત. शी + त = शयित । સૂતેલો.

धृष् + त = धर्षित, धृष्ट । હિંમત કરેલો.

(૧૫) त લાગતા यम्, रम्, नम्, गम्, हन्, मन्, तन्, क्षण्, क्षिण्, ऋण् અને वन् ધાતુઓનો અનુનાસિક લોપાય.

દા.ત. गम् + त = गत । જવાયેલો.

तन् + त = तत । વિસ્તાર કરાયેલો.

रम् + त = रत । રમાયેલો.

नम् + त = नत । નમાયેલો.

(૧૬) ૧૫મા નિયમમાં કહેલા ધાતુઓ સિવાયના अम् કે अन् અન્તવાળા ધાતુઓને त લાગતા જ્યારે इ ન લાગે ત્યારે તેમનો સ્વર દીર્ઘ થાય.

દા.ત. क्षम् + त = क्षान्त । ક્ષમા કરાયેલો.

शम् + त = शान्त । શાંત થયેલો.

(૧૭) त લાગતા જ્યારે इ ન લાગે ત્યારે ઉપાન્ત્ય અનુનાસિકવાળા ધાતુઓનો અનુનાસિક લોપાય.

દા.ત. रञ्ज् + त = रक्त । રંગાયેલો.

अञ्ज् + त = अक्त । અંજાયેલો.

(૧૮) ગત્યર્થક ધાતુઓ, पिब्, भुज् અને અકર્મક ધાતુઓનું કર્મણિ ભૂત કૃદન્ત એ કર્તરિ ભૂત કૃદન્ત તરીકે પણ વપરાય છે.

દા.ત. કર્મણિ - रामेण ग्रामो गतः । રામ વડે ગામ જવાયું.

કર્તરિ - रामो ग्रामं गतः । રામ ગામમાં ગયો.

કર્તરિ - रामो ग्रामं गतवान् । રામ ગામમાં ગયો.

(૧૯) કર્મણિ ભૂત કૃદન્ત ભાવે પ્રયોગમાં નપુંસકલિંગ એકવચનમાં વપરાય છે.

દા.ત. કર્તરિ - रामः स्थितः । રામ ઊભો રહ્યો.

ભાવે - रामेण स्थितम् । રામ વડે ઊભા રહેવાયું.

(૨૦) ભાવે પ્રયોગ સિવાય અકર્મકધાતુઓના કર્મણિ ભૂત કૃદન્તનો અર્થ કર્તરિ ભૂત કૃદન્ત પ્રમાણે કરવો.

દા.ત. रामः मुदितः । રામ ખુશ થયો.

रामः मुदितवान् । રામ ખુશ થયો.

(૨૧) ભૂતકાળના કર્મણિ વાક્યમાં ક્રિયાપદને બદલે કર્મણિ ભૂત કૃદન્તોને વિશેષણ તરીકે વપરાય છે.

દા.ત. रामेण घटः अक्रियत । રામ વડે ઘડો કરાયો.

रामेण घटः कृतः । રામ વડે ઘડો કરાયો.

## (૪) કર્તરિ ભૂત કૃદન્ત -

(૧) કર્તરિ ભૂત કૃદન્ત = ધાતુ + तवत्. તેનો અર્થ '...લો(યો)' એવો થાય છે. કર્મણિ ભૂત કૃદન્તને वत् લગાડવાથી કર્તરિ ભૂત કૃદન્ત થાય છે.

દા.ત. कृ + तवत् = कृतवत् । કરેલો (કર્યો).

कृत + वत् = कृतवत् । કરેલો (કર્યો).

(૨) સંપ્રસારણના નિયમો, દસમા ગણના ધાતુના નિયમો વગેરે નિયમો કર્મણિ ભૂત કૃદંતની જેમ અહીં પણ લાગે.

દા.ત. वच् + तवत् = उक्तवत् । કહેલો (કહ્યો).

चुर् + तवत् = चोरितवत् । ચોરેલો (ચોર્યો).

(૩) કર્તરિ ભૂત કૃદન્ત કર્તાનું વિશેષણ બને. તેથી તેના રૂપો કર્તાના લિંગ પ્રમાણે થાય. તેના રૂપો પુંલિંગમાં भगवत् ની જેમ, નપુંસકલિંગમાં जगत् ની જેમ અને સ્ત્રીલિંગમાં ઈ ઉમેરીને नदी ની જેમ થાય.

દા.ત. महेशः घटं कृतवान् । મહેશે ઘડો કરેલો (કર્યો).

वन्दना भोजनं कृतवती । વંદનાએ ભોજન કરેલું (કર્યું).

जलं पङ्कं कृतवत् । પાણીએ કાદવ કરેલો (કર્યો).

## (૫) કર્તરિ વર્તમાન કૃદન્ત -

(૧) કર્તરિ વર્તમાન કૃદન્ત = પરસ્મૈપદી ધાતુ + अत्. પરસ્મૈપદી ધાતુઓના વર્તમાનકાળ ત્રીજો પુરુષ બહુવચનના રૂપમાંથી अन्ति કાઢીને अत् લગાડવાથી તે ધાતુઓનું કર્તરિ વર્તમાન કૃદન્ત બને છે. તેનો અર્થ '...તો' એવો થાય છે.

દા.ત. नी → नयन्ति → नय् + अत् = नयत् । લઈ જતો.

(૨) કર્તરિ વર્તમાન કૃદન્ત = આત્મનેપદી ધાતુ + मान, आन. પહેલી બુકના ચાર ગણના આત્મનેપદી ધાતુઓના अ-કારાન્ત અંગને मान લગાડવાથી અને બીજી બુકના છ ગણના આત્મનેપદી ધાતુઓના અંગને आन લાગડવાથી તે ધાતુઓનું કર્તરિ વર્તમાન કૃદન્ત થાય છે. તેનો અર્થ '....તો' એવો થાય છે.

દા.ત. मुद् + अ + मान = मोदमान । ખુશ થતો.

कृ + उ + आन = कुरु + आन = कुर्वाण । કરતો.

(૩) કર્તરિ વર્તમાન કૃદન્ત એ કર્તાનું વિશેષણ છે. તેના રૂપો કર્તાના લિંગ પ્રમાણે થાય. પરસ્મૈપદી ધાતુઓના કર્તરિ વર્તમાન કૃદન્તના રૂપો પુંલિંગમાં गच्छत् ની જેમ, નપુંસકલિંગમાં गच्छत् (નપુંસકલિંગ) ની જેમ અને સ્ત્રીલિંગમાં નપુંસકલિંગ પહેલી વિભક્તિ દ્વિવચનનું રૂપ લઈ नदी ની જેમ થાય.

દા.ત. बालं नयन् रामः गच्छति । બાળકને લઈ જતો રામ જાય છે.

बालं नयन्ती रामा गच्छति । બાળકને લઈ જતી રામા જાય છે.

पर्णं नयत् जलं वहति । પાંદડાને લઈ જતું પાણી વહે છે.

છઠ્ઠા ગણના પરસ્મૈપદી ધાતુઓના કર્તરિ વર્તમાન કૃદન્તના નપુંસકલિંગના રૂપોમાં પહેલી, બીજી અને સંબોધન વિભક્તિના દ્વિવચનમાં વિકલ્પે ઉપાન્ત્યે न् ઉમેરાય, બાકીના રૂપો गच्छत् (નપુંસકલિંગ)ની જેમ થાય.

દા.ત. विशत् विशन्ती, विशती विशन्ति

विशत् विशन्ती, विशती विशन्ति

બાકીના રૂપો गच्छत् (નપુંસકલિંગ)ની જેમ.

આત્મનેપદી ધાતુઓના કર્તરિ વર્તમાન કૃદન્તના રૂપો પુંલિંગમાં जिन ની જમ, નપુંસકલિંગમાં वन ની જેમ અને સ્ત્રીલિંગમાં आ લગાડી माला ની જેમ થાય.

દા.ત. कम्पमानो हस्तः । કંપતો હાથ.

कम्पमाना शाखा । કંપતી ડાળી.

कम्पमानं पर्णम् । કંપતું પાંદડું.

(૪) अत्, मान અને आन પ્રત્યયો વિકારક છે, એટલે કે તે લાગતા ધાતુઓને તે તે ગણના ગુણ-વૃદ્ધિના નિયમો લાગે.

**(૬) કર્મણિ વર્તમાન કૃદન્ત -**

(૧) કર્મણિ વર્તમાન કૃદન્ત = ધાતુ + य + मान. ધાતુઓના વર્તમાનકાળના કર્મણિ ત્રીજો પુરુષ એકવચનના રૂપમાંથી ते કાઢીને मान લગાડવાથી તે ધાતુઓનું કર્મણિ વર્તમાન કૃદન્ત થાય. તેનો અર્થ '...આતો' એવો થાય છે.

દા.ત. नी → नीयते → नीय + मान = नीयमान । લઈ જવાતો.

(૨) કર્મણિ વર્તમાન કૃદન્ત એ કર્મનું વિશેષણ છે. તેના રૂપો કર્મના લિંગ પ્રમાણે થાય. તેના રૂપો પુંલિંગમાં जिन ની જેમ, નપુંસકલિંગમાં वनની જેમ અને સ્ત્રીલિંગમાં आ લગાડી माला ની જેમ થાય.

દા.ત. रामेण नीयमानः घटः । રામ વડે લઈ જવાતો ઘડો.

रामेण नीयमाना माला । રામ વડે લઈ જવાતી માળા.

रामेण नीयमानं जलम् । રામ વડે લઈ જવાતું પાણી

## ૭ કૃદન્તોના ગુજરાતી પ્રત્યયો, સંસ્કૃત પ્રત્યયો અને ઉદાહરણોનો કોઠો.

| વિગત | કૃદન્ત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | હેત્વર્થ કૃદન્ત | સંબંધક ભૂત કૃદન્ત | કર્મણિ ભૂત કૃદન્ત | કર્તરિ ભૂત કૃદન્ત | કર્તરિ વર્તમાન કૃદન્ત | કર્મણિ વર્તમાન કૃદન્ત |
| ગુજરાતી પ્રત્યય | વાને માટે | ઈને | આયેલો | લો | તો | આતો |
| ઉદાહરણ | લઈ જવાને માટે | લઈ જઈને | લઈ જવાયેલો | લઈ ગયેલો | લઈ જતો | લઈ જવાતો |
| સંસ્કૃત પ્રત્યય | तुम् | त्वा | त | तवत् | अत्, मान, आन | यमान |
| ઉદાહરણ | नेतुम् | नीत्वा | नीत | नीतवत् | नयत्, मोदमान, कुर्वाण | नीयमान |
| વિકારક કે અવિ-કારક | વિકારક | અવિ-કારક | અવિ-કારક | અવિ-કારક | વિકારક | વિકારક |
| અવ્યય કે વિશેષણ | અવ્યય | અવ્યય | વિશેષણ | વિશેષણ | વિશેષણ | વિશેષણ |

●●●

\+ **हिंसा नाम भवेद् धर्मो, न भूतो न भविष्यति ।**
હિંસાથી ધર્મ થાય એ કોઈ કાળે બન્યું નથી અને બનશે પણ નહીં.

\+ **बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ।**
ઇન્દ્રિયોનો સમૂહ બળવાન છે. તેથી તે વિદ્વાનને પણ ખેંચી જાય છે - ભાન ભૂલાવે છે.

# સતિ સપ્તમી

ગુજરાતીમાં જ્યારે ત્યારે ના પ્રયોગવાળા બે વાક્ય હોય, પહેલા વાક્યની ક્રિયાના આધારે બીજા વાક્યની ક્રિયા થતી હોય અને બન્નેના કર્તા જુદા હોય ત્યારે ગૌણ વાક્યના કર્તાને સાતમી વિભક્તિ લગાડી ગૌણ વાક્યની ક્રિયાના ધાતુનું વર્તમાન કૃદન્તનું રૂપ કર્તાના વિશેષણ તરીકે મુકાય છે. આને સતિ સપ્તમી કહેવાય છે.

દા.ત. જ્યારે ઇન્દિરા રાજ્ય કરતી હતી ત્યારે લોકો ભયભીત હતા.

इन्दिरायां शासत्यां जनाः क्षुब्धा आसन् ।

ઇન્દિરા રાજ્ય કરતે છતે લોકો ભયભીત હતા.

## અનાદરે ષષ્ઠી

ઉપર પ્રમાણે બે વાક્યોમાં જો બીજા વાક્યની ક્રિયામાં પહેલા વાક્યની ક્રિયાનો અનાદર થતો હોય તો પહેલા વાક્યના કર્તાને અને પહેલા વાક્યની ક્રિયાના ધાતુના વર્તમાન કૃદન્તના રૂપને વિકલ્પે છઠ્ઠી વિભક્તિ લાગે. આને અનાદરે ષષ્ઠી કહેવાય. જ્યારે છઠ્ઠી વિભક્તિ ન લાગે ત્યારે સતિ સપ્તમીના નિયમથી સાતમી વિભક્તિ લાગે.

દા.ત. गुरोः पश्यतः शिष्यः अविनयमकरोत् ।

गुरौ पश्यति शिष्यः अविनयमकरोत् ।

જ્યારે ગુરુ જોતા હતા ત્યારે શિષ્યે અવિનય કર્યો.

ગુરુ જોતે છતે શિષ્યે અવિનય કર્યો.

●●●

+ **आपातरम्या विषयाः पर्यन्तपरितापिनः ।**
આરંભમાં વિષયો રમણીય જણાય છે, પણ અંતે પરિતાપ ઉપજાવનારા છે.

# વ્યંજનાંત નામોના નિયમો

## નામની વિભક્તિના પ્રત્યયો (પુંલિંગમાં અને સ્રીલિંગમાં)

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | स् | औ | अस् |
| બીજી | अम् | औ | अस् |
| ત્રીજી | आ | भ्याम् | भिस् |
| ચોથી | ए | भ्याम् | भ्यस् |
| પાંચમી | अस् | भ्याम् | भ्यस् |
| છઠ્ઠી | अस् | ओस् | आम् |
| સાતમી | इ | ओस् | सु |
| સંબોધન | ० | औ | अस् |

## નામની વિભક્તિના પ્રત્યયો (નપુંસકલિંગમાં)

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | ० | ई | इ |
| બીજી | ० | ई | इ |
| સંબોધન | ० | ई | इ |

શેષ વિભક્તિઓના પ્રત્યયો પુંલિંગનામના પ્રત્યયોની જેમ જાણવા.

(૧) વ્યંજનાંત પુંલિંગ નામો અને વ્યંજનાંત સ્રીલિંગ નામોના રૂપો એકસરખા થાય છે. વ્યંજનાંત નપુંસકલિંગ નામોના રૂપો પહેલી-બીજી-સંબોધન વિભક્તિઓમાં જુદા થાય છે, શેષ વિભક્તિઓમાં પુલિંગની જેમ થાય છે.

(૨) વ્યંજનાંત નામોના પ્રત્યયોના ત્રણ વિભાગ થઈ શકે છે -

(i) પહેલાં પાંચ પ્રત્યયો, એટલે કે પહેલી વિભક્તિના ત્રણે પ્રત્યયો અને બીજી વિભક્તિના એકવચન અને દ્વિવચનના પ્રત્યયો.

(ii) સ્વરાદિ પ્રત્યયો, એટલે કે બીજી વિભક્તિના બહુવચનના પ્રત્યયથી માંડીને સ્વરથી શરૂ થતા પ્રત્યયો.

(iii) વ્યંજનાદિ પ્રત્યયો, એટલે કે બીજી વિભક્તિના બહુવચનના પ્રત્યયથી માંડીને વ્યંજનથી શરૂ થતા પ્રત્યયો.

(૩) નામને અંતે अत्, वत्, मत्, वस्, ईयस् + પહેલા પાંચ પ્રત્યયો, સંબોધન વિભક્તિના ત્રણ પ્રત્યયો = ઉપાન્ત્યે न् ઉમેરાય.

દા.ત. गच्छत् + स् = गच्छन्त् + स् = गच्छन् । જનારો.

भगवत् + औ = भगवन्तौ । બે ભગવંતો.

धीमत् + औ = धीमन्तौ । બે બુદ્ધિમાનો.

विद्वस् + औ = विद्वांसौ । બે વિદ્વાનો.

श्रेयस् + अम् = श्रेयांसम् । કલ્યાણને.

(૪) નામને અંતે अन्, यस्, वस् + પહેલાં પાંચ પ્રત્યયો = अ નો आ થાય.

દા.ત. राजन् + औ = राजानौ । બે રાજા.

श्रेयस् + स् = श्रेयान् । કલ્યાણ.

विद्वस् + स् = विद्वान् । વિદ્વાન.

(૫) નામને અંતે वत्, मत्, अस्, इन् + પહેલી વિભક્તિ એકવચન નો स् = ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય.

દા.ત. भगवत् + स् = भगवान् । ભગવાન.

बुद्धिमत् + स् = बुद्धिमान् । બુદ્ધિમાન.

चन्द्रमस् + स् = चन्द्रमाः । ચંદ્ર.

शशिन् + स् = शशी । ચંદ્ર.

(૬) નામને અંતે अन्, इन् + પહેલી વિભક્તિ એકવચનના स्, ० અને વ્યંજનાદિ પ્રત્યયો = न् લોપાય.

દા.ત. राजन् + स् = राजा । રાજા.

नामन् + ० = नाम । નામ.

राजन् + भ्याम् = राजभ्याम् । બે રાજા વડે.

राजन् + सु = राजसु । રાજાઓમાં.

(૭) વ્યંજનાંત નામ + સ્વરાદિ પ્રત્યયો = સ્વર પૂર્વેના વ્યંજનમાં ભળી જાય.

દા.ત. शशिन् + अस् = शशिनः । ઘણા ચન્દ્રો.

मरुत् + अस् = मरुतः । ઘણા પવનો.

श्रेयस् + अस् = श्रेयसः । કલ્યાણ થકી.

(૮) નામને અંતે अन् + સ્વરાદિ પ્રત્યયો = अन् નો अ લોપાય.

દા.ત. राजन् + अस् = राज्न् + अस् = राज्ञ् + अस् = राज्ञ + अस् = राज्ञः । રાજાઓને.

(૯) નામને અંતે अन् + સાતમી વિભક્તિના એકવચનનો इ, નપુંસકલિંગ પહેલી-બીજી વિભક્તિના દ્વિવચનનો ई = अन् ના अ નો વિકલ્પે લોપ થાય.

દા.ત. राजन् + इ = राज्ञि, राजनि । રાજામાં.

नामन् + ई = नाम्नी, नामनी । બે નામો, બે નામોને.

(૧૦) સંયુક્ત વ્યંજનનો બીજો વ્યંજન म् કે व् + अन् + સ્વરાદિ પ્રત્યયો = अन् ના अ નો લોપ ન થાય.

દા.ત. आत्मन् + अस् = आत्मनः । આત્માઓને

पर्वन् + अस् = पर्वणः । પર્વનું

(૧૧) નામને અંતે वस् + સ્વરાદિ પ્રત્યયો = व નો उ થાય અને તેની પૂર્વે इ હોય તો તે इ લોપાય.

દા.ત. विद्वस् + अस् = विदुषः । વિદ્વાનોને.

सेदिवस् + अस् = सेदुषः । નિરુત્સાહી થયેલાનું.

चकृवस् + अस् = चक्रुषः । કરેલાનું.

(૧૨) उपानह् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = ह् નો त् કે द् થાય.

દા.ત. उपानह् + स् = उपानत्, उपानद् । જોડો.

उपानह् + भ्याम् = उपानद्भ्याम् । બે જોડા વડે.

(૧૩) તાલવ્ય વ્યંજનાંત નામો, सुखभाज्, वाच्, दिश्, दृश्, स्पृश्, मृश्, विपक्ष्, ऋत्विज् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = અન્ત્ય વ્યંજનનો क् કે ग् થાય.

દા.ત. दिश् + स् = दिक्, दिग् । દિશા.

दिश् + भिस् = दिग्भिः । દિશાઓ વડે.

(૧૪) श्-કારાન્ત નામો, छ्-કારાન્ત નામો (प्रच्छ्), व्रश्च् (वृश्च्), भ्रस्ज् (भृस्ज्), भ्राज्, यज्, सृज्, मृज्, राज्, विश्, द्विष्, त्विष्, लिह् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = અન્ત્ય વ્યંજનનો ट् કે ड् થાય.

દા.ત. राज् + स् = राट्, राड् । રાજા.

राज् + सु = राड् + सु = राट् + सु = राट्सु । રાજાઓમાં.

(૧૫) नश्, तक्ष्, गोरक्ष्, मुह्, स्निह्, स्नुह् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = અન્ત્ય વ્યંજનનો क्, ग्, ट् કે ड् થાય.

દા.ત. नश् + स् = नक्, नग्, नट्, नड् । ભાગનાર.

नश् + भ्यस् = नग्भ्यः, नड्भ्यः । ભાગનારાઓ થકી.

(૧૬) दुह्, द्रुह् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = द् નો ध् થાય અને ह् નો क् કે ग् થાય. द्रुह् ધાતુના ह् નો ट् કે ड् પણ થાય.

દા.ત. दुह् + स् = धुक्, धुग् । દોહનાર.

दुह् + भ्याम् = धुग्भ्याम् । બે દોહનારા વડે.

द्रुह + स् = ध्रुक्, ध्रुग्, ध्रुट्, ध्रुड् । દ્રોહ કરનાર.

द्रुह् + भ्यस् = ध्रुग्भ्यः, ध्रुड्भ्यः । દ્રોહ કરનારાઓ થકી.

(૧૭) गुह् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = ग् નો घ् થાય અને ह् નો ट् કે ड् થાય.

દા.ત. गुह् + स् = घुट्, घुड् । છુપાવનાર.

गुह् + भ्याम् = घुड्भ्याम् । બે છુપાવનારા વડે.

(૧૮) बुध् + स्, ०, વ્યંજનાદિ પ્રત્યયો = ब् નો भ् થાય અને ध् નો त् કે द् થાય.

દા.ત. बुध् + स् = भुत्, भुद् । બોધ પામનાર.

बुध् + भ्याम् = भुद्भ्याम् । બે બોધ પામનારા વડે.

(૧૯) न्-કારાન્ત સિવાયના નપુંસકલિંગ વ્યંજનાંત નામો + નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિનો બહુવચનનો इ = ઉપાન્ત્યે न् ઉમેરાય.

દા.ત. अत् → गच्छत् + इ = गच्छन्ति । જનારા.

वत् → भगवत् + इ = भगवन्ति । ઐશ્વર્યવાળા.

मत् → धीमत् + इ = धीमन्ति । બુદ્ધિમાનો.

वस् → विद्वस् + इ = विद्वांसि । વિદ્વાનો.

यस् → श्रेयस् + इ = श्रेयांसि । કલ્યાણો.

(૨૦) त्-કારાન્ત સિવાયના નપુંસકલિંગ વ્યંજનાંત નામો + નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિનો બહુવચનનો इ = ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય.

દા.ત. अन् → नामन् + इ = नामानि । નામો.

यस् → श्रेयस् + इ = श्रेयांसि । કલ્યાણો.

वस् → विद्वस् + इ = विद्वांसि । વિદ્વાનો.

इन् → भाविन् + इ = भावीनि । થનારા.

(૨૧) त्-કારાન્ત વર્તમાન કૃદન્ત + નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિના દ્વિવચનનો ઈ અને બહુવચનનો इ = ઉપાન્ત્યે न् લાગે.

દા.ત. गच्छत् + ई = गच्छन्ती । બે જનારા.

गच्छत् + इ = गच्छन्ति । ઘણા જનારા.

(૨૨) છઠ્ઠા ગણના ધાતુઓના અને બીજા ગણના आ-કારાન્ત ધાતુઓના त्-કારાન્ત વર્તમાન કૃદન્ત + નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિઓનો દ્વિવચનનો ई = ઉપાન્ત્યે વિકલ્પે न् લાગે.

દા.ત. विशत् + ई = विशन्ती, विशती । બે પ્રવેશનારા.

यात् + ई = यान्ती, याती । બે જનારા.

(૨૩) ત્રીજા ગણના ધાતુઓ તથા शास्, जक्ष्, चकास्, दरिद्रा અને जागृ ધાતુઓના त्-કારાન્ત વર્તમાન કૃદન્તોને પુંલિંગમાં અને નપુંસકલિંગ દ્વિવચનમાં ઉપાન્ત્યે न् ન લાગે, પણ નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિના બહુવચનના इ પૂર્વે ઉપાન્ત્યે વિકલ્પે न् લાગે.

દા.ત. ददत् ददतौ ददतः ।

शासत् शासतौ शासतः ।

ददत् ददती ददन्ति,ददति ।

शासत् शासती शासन्ति,शासति ।

(૨૪) વ્યંજનાંત વિશેષણના સ્ત્રીલિંગના રૂપો તેનું નપુંસકલિંગ પહેલી વિભક્તિનું દ્વિવચનનું રૂપ લઈ नदी ના રૂપો પ્રમાણે થાય.

દા.ત. भगवत् → નપુંસકલિંગ - भगवत् भगवती भगवन्ति ।

સ્ત્રીલિંગ - भगवती भगवत्यौ भगवत्यः ।

(૨૫) न्-કારાન્ત નામોનું સંબોધન વિભક્તિ એકવચનનું રૂપ મૂળરૂપથી ભિન્ન નથી. નપુંસકલિંગમાં न् વિકલ્પે લોપાય છે.

દા.ત. राजन् राजानौ राजानः ।

शशिन् शशिनौ शशिनः ।

नामन्,नाम नाम्नी,नामनी नामानि ।

भाविन्,भावि भाविनी भावीनि ।

(૨૬) वस् અન્તવાળા નામો + વ્યંજનાદિ પ્રત્યયો, નપુંસકલિંગનો ૦ = स् નો त् કે द् થાય.

દા.ત. विद्वस् + भ्याम् = विद्वद्भ्याम् ।

विद्वत्,विद्वद् विदूषी विद्वांसि ।

(૨૭) महत् + પહેલા પાંચ પ્રત્યયો, નપુંસકલિંગ પહેલી-બીજી-સંબોધન વિભક્તિ બહુવચનનો इ = ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય.

દા.ત. महान्, महान्तौ, महान्तः, महान्तम्, महान्तौ ।

महत्, महती, महान्ति ।

●●●

+ **प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ।**
(કાદવવાળા પગ કરીને) કાદવને ધોવા કરતાં દૂર રહીને કાદવને સ્પર્શ ન કરવો તે જ ઉત્તમ છે.

+ **मूर्च्छया रहितानां तु जगदेवापरिग्रहः ।**
જેઓ મૂર્ચ્છા રહિત છે તેમને આખુ જગત અપરિગ્રહરૂપ છે.

+ **त्यागात् कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ।**
કાંચળી ઉતારવા માત્રથી સર્પ નિર્વિષ થતો નથી.

# સર્વનામ

નીચેના શબ્દો નીચેના અર્થમાં સર્વનામ છે.

| ક્ર. | સર્વનામ | અર્થ |
|---|---|---|
| ૧. | सर्व | બધું |
| ૨. | विश्व | બધું |
| ૩. | सम | બધું |
| ૪. | सिम | બધું |
| ૫,૬. | कतर, कतम | કેટલામું |
| ૭,૮. | यतर, यतम | જેટલામું |
| ૯,૧૦. | ततर, ततम | તેટલામું |
| ૧૧. | अन्यतर | બેમાંથી એક |
| ૧૨. | एकतर | બેમાંથી એક |
| ૧૩. | अन्य | બીજું |
| ૧૪. | अपर | બીજું |
| ૧૫. | इतर | બીજું |
| ૧૬. | नेम | અડધું |
| ૧૭. | अन्तर | બહાર, બહારનું વસ્ત્ર |
| ૧૮. | पूर्व | પહેલાનું, પૂર્વ દિશા |
| ૧૯. | उत्तर | પછીનું, શ્રેષ્ઠ, ઉત્તર દિશા |
| ૨૦,૨૧. | पर, अवर | પછીનું, પાછળનું, પશ્ચિમ દિશા |
| ૨૨. | दक्षिण | જમણું, દક્ષિણ દિશા |

| ક્ર. | સર્વનામ | અર્થ |
|---|---|---|
| ૨૩. | अधर | નીચલું |
| ૨૪. | एक | શ્રેષ્ઠ, મુખ્ય, માત્ર |
| ૨૫. | स्व | પોતાનું |
| ૨૬,૨૭. | उभ, उभय | બન્ને |

●●●

+ **प्रत्यक्षं प्रशमं सुखम् ।**
શાન્તિનું સુખ પ્રત્યક્ષ છે.

+ **सम्पूर्णकुम्भो न करोति शब्दम् ।**
ભરેલો ઘડો અવાજ કરતો નથી. (અધૂરો ઘડો જ અવાજ કરે છે.)

+ **भवन्ति नम्रास्तरवः फलागमैः ।**
જેમ જેમ ફળ આવતાં જાય તેમ તેમ વૃક્ષો નમતાં જાય છે.

+ **विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः ।**
વિકારના સાધન વિદ્યમાન હોવા છતાં જેમનું મન વિકાર ન પામે તે જ ખરેખર ધીર છે.

+ **प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ।**
વ્યાધિના ઉપાયને 'આ સુખ છે' એમ મનુષ્યો વિપરીત રીતે માને છે. (દા.ત. ભૂખ એ વ્યાધિ અને ખાવું એ ઉપાય. તરસ એ વ્યાધિ અને જળપાન એ ઉપાય. એમાં સુખ માનવું એ વિપરીતતા જ છે.

+ **चण्डांशुरपि न प्रातश्चण्डतामवलम्बते ।**
સૂર્ય પણ સવારે ચંડ થતો નથી.

+ **प्रष्टुमर्हो न सामान्यजनो हि स्वप्नमुत्तमम् ।**
ઉત્તમ સ્વપ્નનું ફળ સામાન્ય મનુષ્યને પૂછવું યોગ્ય નથી.

## પહેલા, ચોથા, છટ્ઠા અને દશમા ગણના ધાતુઓમાં અનિયમિતપણું.

(૧) (i) गुप् (રક્ષવું, પહેલો ગણ, પરસ્મૈપદ), धूप् (તપાવવું, પહેલો ગણ, પરસ્મૈપદ), पण् (વખાણવું, પહેલો ગણ, પરસ્મૈપદ), पन् (સ્તુતિ કરવી, પહેલો ગણ, પરસ્મૈપદ) અને विच्छ् (જવું, છટ્ઠો ગણ, પરસ્મૈપદ) - આ ધાતુઓને ગણકાર્યવિશિષ્ટ કાળમાં ગણની નિશાની अ લાગતા પૂર્વે आय् લાગે.

દા.ત. गुप् + आय् + अ + ति = गोपायति । તે રક્ષે છે.

धूप् + आय् + अ + ति = धूपायति । તે તપાવે છે.

*पण् + आय् + अ + ति = पणायति* । તે વખાણે છે.

(ii) આ ધાતુઓને ગણકાર્યરહિત કાળમાં, કર્મણિમાં અને પ્રેરકમાં વિકલ્પે आय् લાગે.

દા.ત. શ્વસ્તન ભવિષ્યકાળ → गोपायितास्मि, गोपितास्मि । હું રક્ષણ કરીશ.

કર્મણિ → गोपाय्ये, गुप्ये । હું રક્ષણ કરાઉં છું.

પ્રેરક → गोपाययामि, गोपयामि । હું રક્ષણ કરાવું છે.

(iii) पण् અને पन् ધાતુઓને આત્મનેપદમાં आय् ન લાગે.

દા.ત. पणे, पणावहे । હું વખાણું છું.

पने, पनावहे । હું વખાણું છું.

(૨) भ्रास् (આત્મનેપદ), भ्लास् (આત્મનેપદ) અને भ्रम्, क्रम्, क्लम्, त्रस्, लष्, ष्ठिव्, यस्, सम् + यस्, आ + चम् - આ પરસ્મૈપદી ધાતુઓ પહેલા અને ચોથા ગણના છે.

દા.ત. भ्रास् → भ्रासते, भ्रास्यते । તે ચમકે છે.

भ्रम् → भ्रमति, भ्रम्यति । તે ભમે છે.

सम् + यस् → संयसति, संयस्यति । તે સારી રીતે પ્રયત્ન કરે છે.

(૩) त्रुट् (પરસ્મૈપદ) ધાતુ ચોથા અને છઠ્ઠા ગણનો છે.

દા.ત. त्रुट् → त्रुट्यति, त्रुटति । તે તૂટે છે.

(૪) अक्ष् અને तक्ष् ધાતુઓ પહેલા અને પાંચમા ગણના છે.

દા.ત. अक्ष् → अक्षति, अक्ष्णोति । તે વ્યાપે છે.

(૫) युज्, पृच्, सह्, सर्, वृज्, वृ, जृ, तप्, तृप्, दृप्, रिच्, अर्ह् ધાતુઓ પહેલા અને દશમા ગણના છે.

દા.ત. युज् → योजति, योजयति । તે જોડે છે.

(૬) ગણકાર્યવિશિષ્ટ કાળમાં क्रम्, क्लम्, ष्ठिव्, आ + चम् ધાતુઓનો ઉપાન્ત્ય સ્વર પરસ્મૈપદમાં લંબાય છે.

દા.ત. क्रम् → क्रामति, क्राम्यति । તે ચાલે છે. आक्रमते । તે આક્રમણ કરે છે.

आ + चम् → आचामति । તે પીવે છે.

(૭) ગણકાર્યવિશિષ્ટ કાળમાં शम्, तम्, दम्, श्रम्, मद्, भ्रम्, क्षम् - આ ચોથા ગણના ધાતુઓનો ઉપાન્ત્ય સ્વર પરસ્મૈપદમાં લંબાય છે.

દા.ત. शम् → शाम्यति । તે શાંત થાય છે.

भ्रम् → भ्राम्यति, भ्रमति । भ्रम्यति પણ થાય. તે ભમે છે.

(૮) ગણકાર્યવિશિષ્ટ કાળમાં दंश् (પરસ્મૈપદ), सञ्ज् (પરસ્મૈપદ), स्वञ्ज् (આત્મનેપદ), रञ्ज् (ઉભયપદ) - આ પહેલા ગણના ધાતુઓનો અનુનાસિક લોપાય.

દા.ત. दंश् → दशति । તે ડંખે છે.

सञ्ज् —सजति । તે ચોંટે છે.

स्वञ्ज् → स्वजते । તે ભેટે છે.

रञ्ज् → रजति, रजते । તે રંગે છે.

(૯) ગણકાર્યવિશિષ્ટ કાળમાં कृत्, खिद्, विद्, लुप्, लिप्, मुच्, सिच्, छिद्, पिश् - આ છઠ્ઠા ગણના ધાતુઓને ઉપાન્ત્યે અનુનાસિક લાગે.

દા.ત. लिप् → लिम्पति । તે લીંપે છે.

विद् → विन्दति । તે મેળવે છે.

(૧૦) ધાતુના અન્તે હ્રસ્વ કે દીર્ઘ इ અને उ + અવિકારક સ્વરાદિ પ્રત્યય = હ્રસ્વ કે દીર્ઘ इ અને उ નો इय् અને उव् થાય.

દા.ત. रि + अ + ति = रिय् + अ + ति = रियति । તે જાય છે.

नू + अ + ति = नुव् + अ + ति = नुवति । તે સ્તુતિ કરે છે.

धू + अ + ति = धुव् + अ + ति = धुवति । તે હલાવે છે.

(૧૧) ધાતુમાં રહેલ ॠ નો અવિકારક પ્રત્યય પૂર્વે इर् થાય. ધાતુમાં રહેલ ઓષ્ઠ્ય વ્યંજન કે व् પછીના ॠ નો અવિકારક પ્રત્યય પૂર્વે उर् થાય.

દા.ત. कृ → किरति । તે વેરે છે.

(૧૨) इर्, उर् + અવિકારક વ્યંજન = इ, उ દીર્ઘ થાય.

દા.ત. कृत् → कीर्तयति । તે કીર્તન કરે છે.

पृ → पूर्यते । તે પુરાય છે.

कृ → कीर्यते । તે વેરાય છે.

(૧૩) ધાતુમાં इ કે उ પછી અંતે व् + અવિકારક વ્યંજન = इ, उ દીર્ઘ થાય.

દા.ત. दिव् + य + ति = दीव्यति । તે જુગાર રમે છે.

(૧૪) ગણકાર્યવિશિષ્ટ કાળમાં सो, दो, शो, छो આ ચોથા ગણના ધાતુઓનો ओ લોપાય.

દા.ત. सो → स्यति । તે નાશ પામે છે.

दो → द्यति । તે છેદે છે.

शो → श्यति । તે પાતળું કરે છે.

छो → छ्यति । તે છેદે છે.

(૧૫) ગણકાર્યવિશિષ્ટ કાળમાં નીચેના ધાતુઓના નીચે પ્રમાણે આદેશ થાય છે-

| ધાતુ | આદેશ | રૂપ |
|---|---|---|
| ध्मा (ફૂંકવું) | धम् | धमति |
| घ्रा (સૂંઘવું) | जिघ्र | जिघ्रति |
| म्ना (વિચારવું) | मन् | मनति |
| ऋ (જવું) | ऋच्छ् | ऋच्छति |
| सृ (દોડવું) | धौ | धावति |
| यम् (કાબુમાં રાખવું) | यच्छ् | यच्छति |
| दा (આપવું) | यच्छ् | यच्छति |
| शद् (નાશ પામવું) | शीय् | शीयते |
| व्यध् (વીંધવું) | विध् | विध्यति |
| भ्रस्ज् (ભૂંજવું) | भृज्ज् | भृज्जति |
| व्रश्च् (કાપવું) | वृश्च् | वृश्चति |
| मस्ज् (ડૂબવું) | मज्ज् | मज्जति |
| सस्ज् (તૈયાર થવું) | सज्ज् | सज्जति |

(૧૬) गुह् + ગણની નિશાની કે ગુણ કરાવનાર સ્વરાદિ પ્રત્યય = ઉપાન્ત્ય ઉ દીર્ઘ થાય.

દા.ત. गुह् → गूहति । તે સંતાડે છે.

(૧૭) मन्त्र्, तन्त्र्, चित्, विद्, दंश्, तर्ज्, भर्त्स् - આ દશમા ગણના આત્મનેપદી ધાતુઓ છે. દશમા ગણના બાકીના બધા ધાતુઓ ઉભયપદી છે.

દા.ત. मन्त्र् → मन्त्रयते । તે મંત્રણા કરે છે.

दंश् → दंशयते । તે ડંખે છે.

कथ् → कथयति, कथयते । તે કહે છે.

(૧૭) सम्, अव, प्र, वि ઉપસર્ગો પછી स्था ધાતુને આત્મનેપદી પ્રત્યયો લાગે.

દા.ત. अव + स्था → अवतिष्ठते । તે સ્થિર રહે છે.

(૧૮) वि, आ, परि, उप ઉપસર્ગો પછી रम् ધાતુને પરસ્મૈપદી પ્રત્યયો લાગે.

દા.ત. वि + रम् → विरमति । તે અટકે છે.

(૧૯) कम् ધાતુ ૧લા ગણનો છે. ગણકાર્યવિશિષ્ટ કાળમાં તેને અવશ્ય अय લાગે. अय લગતા ધાતુના ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય.

દા.ત. कम् + अय + ते = कामयते । તે ઇચ્છે છે.

●●●

+ **नार्यः स्मशानघटिका इव वर्जनीयाः ।**
(શીલસંપન્ન પુરુષોએ) સ્મશાનના ઘડાની જેમ સ્ત્રીઓનો દૂરથી ત્યાગ કરવો જોઈએ.

+ **क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।**
ભાવ રહિત ક્રિયા ફળતી નથી.

+ **न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ।**
સત્પુરુષો કરેલા ઉપકારને વિસરતાં નથી.

+ **न तृष्णायाः परो व्याधिर्न तोषात् परमं सुखम् ।**
તૃષ્ણા સમાન વ્યાધિ નથી અને સંતોષ જેવું મહાન સુખ નથી.

+ **न पूज्यचरितं चर्चयन्ति मनीषिणः ।**
બુદ્ધિમાનો પૂજ્ય વ્યક્તિના આચરણની ચર્ચા કરતા નથી.

+ **स्वप्रशंसेवाऽन्यनिन्दा सतां लज्जाकरी खलु ।**
સજ્જનોને માટે પોતાની પ્રશંસાની જેમ બીજાની નિંદા લજ્જા કરનારી છે.

# બીજા, ત્રીજા, પાંચમા, સાતમા, આઠમા અને નવમા ગણના ધાતુઓ માટે ગણકાર્યવિશિષ્ટ કાળના પ્રત્યયો

| ક્ર. | કાળ | પુરુષ | પરસ્મૈપદના પ્રત્યયો | | | આત્મનેપદના પ્રત્યયો | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| ૧. | વર્તમાનકાળ | પહેલો | मि | वस् | मस् | ए | वहे | महे |
| | | બીજો | सि | थस् | थ | से | आथे | ध्वे |
| | | ત્રીજો | ति | तस् | अन्ति | ते | आते | अते |
| ૨. | હ્યસ્તન ભૂતકાળ | પહેલો | अम् | व | म | इ | वहि | महि |
| | | બીજો | स् | तम् | त | थास् | आथाम् | ध्वम् |
| | | ત્રીજો | त् | ताम् | अन् | त | आताम् | अत |
| ૩. | આજ્ઞાર્થ | પહેલો | आनि | आव | आम | ऐ | आवहै | आमहै |
| | | બીજો | हि | तम् | त | स्व | आथाम् | ध्वम् |
| | | ત્રીજો | तु | ताम् | अन्तु | ताम् | आताम् | अताम् |
| ૪. | વિધ્યર્થ | પહેલો | याम् | याव | याम | ईय | ईवहि | ईमहि |
| | | બીજો | यास् | यातम् | यात | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| | | ત્રીજો | यात् | याताम् | युस् | ईत | ईयाताम् | ईरन् |

○ = વ્યંજનાદિ વિકારક પ્રત્યય = मि, सि, ति, स्, त्, तु

□ = સ્વરાદિ વિકારક પ્રત્યય = अम्, आनि, आव, आम, ऐ, आवहै, आमहै

● ● ●

+ **भृत्यानां प्रमाणं स्वामिशासनम् ।**

નોકરોને માલિકની આજ્ઞા પ્રમાણ હોય છે.

# છ ગણના સામાન્ય નિયમો, અપવાદો

(૧) વિકારક પ્રત્યયો પૂર્વે અંગ (ધાતુ + ગણની નિશાની) ના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. चिनु + मि = चिनोमि । હું ભેગું કરું છું.

(૨) અંગને અંતે इ-ई કે उ-ऊ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = इ-ई નો इय् અને उ-ऊ નો उव् થાય.

દા.ત. आप् + नु + अन्ति = आप्नु + अन्ति = आप्नुवन्ति । તેઓ મેળવે છે.

**અપવાદ** - (i) પાંચમા અને આઠમા ગણોમાં અસંયુક્ત વ્યંજન પર उ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = સંધી કરવી.

દા.ત. चिनु + अन्ति = चिन्वन्ति । તેઓ ભેગું કરે છે.

कुरु + अन्ति = कुर्वन्ति । તેઓ કરે છે.

(ii) અનુપસર્ગ इ ધાતુ (બીજો ગણ) + સ્વરાદિ અવિકારક પ્રત્યય = इ નો य् થાય.

દા.ત. इ + अन्ति = य् + अन्ति = यन्ति । તેઓ જાય છે.

(iii) हु ધાતુ (ત્રીજો ગણ) + સ્વરાદિ અવિકારક પ્રત્યય = સંધી થાય.

દા.ત. हु + अति = जुहु + अति = जुह्वति । તેઓ હોમ કરે છે.

(iv) અનેકસ્વરી અંગને અંતે અસંયુક્ત વ્યંજન પર इ-ई કે उ-ऊ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = इ કે ई નો य् થાય અને उ કે ऊ નો व् થાય.

દા.ત. भी + अति = बिभी + अति = बिभ्यति । તેઓ ડરે છે.

(૩) अ કે आ સિવાયના કોઈપણ સ્વર પછી अन्ते, अन्ताम् અને अन्त નો न् લોપાય.

દા.ત. वृ + नु + अन्ते = वृ + नु + अते = वृण्वते । તેઓ વરે છે.

● ● ●

# પાંચમા અને આઠમા ગણના નિયમો

(૧) પાંચમા ગણના ધાતુઓને ગણની નિશાની नु લાગે અને આઠમા ગણના ધાતુઓને ગણની નિશાની उ લાગે.

(૨) અસંયુક્ત વ્યંજન પર उ + मादि, वादि પ્રત્યયો = વિકલ્પે उ લોપાય.

દા.ત. चि + नु + वस् = चिनुवः, चिन्वः । અમે બે ભેગું કરીએ છીએ.

आप् + नु + वस् = आप्नुवः । અમે બે મેળવીએ છીએ.

(૩) અસંયુક્ત વ્યંજન પર उ + આજ્ઞાર્થનો हि = हि લોપાય.

દા.ત. चि + नु + हि = चिनु । તું ભેગું કર.

आप् + नु + हि = आप्नुहि । તું મેળવ.

(૪) कृ + उ નો વિકારક પ્રત્યયો પૂર્વે करो આદેશ થાય, અવિકારક वादि-मादि-यादि પ્રત્યયો પૂર્વે कुर् આદેશ થાય અને બાકીના પ્રત્યયો પૂર્વે कुरु આદેશ થાય.

દા.ત. कृ + उ + मि = करोमि । હું કરું છું.

कृ + उ + वस् = कुर्वः । અમે બે કરીએ છીએ.

कृ + उ + याम् = कुर्याम् । મારે કરવું જોઈએ.

कृ + उ + थस् = कुरुथः । તમે બે કરો છો.

●●●

\+ **असारात्सारमुद्धरेत् ।**
અસારમાંથી પણ સારને ગ્રહણ કરવો.

\+ **सिद्धिः स्यात् ऋजुभूतस्य ।**
સરળસ્વભાવીની સિદ્ધિ થાય છે.

# નવમા ગણના નિયમો

(૧) નવમા ગણના ધાતુઓને ગણની નિશાની વિકારક પ્રત્યયો પૂર્વે ना લાગે, વ્યંજનાદિ અવિકારક પ્રત્યયો પૂર્વે नी લાગે અને સ્વરાદિ અવિકારક પ્રત્યયો પૂર્વે न् લાગે.

દા.ત. क्री + ना + मि = क्रीणामि । હું ખરીદું છું.

क्री + नी + वस् = क्रीणीवः । અમે બે ખરીદીએ છીએ.

क्री + न् + अन्ति = क्रीणन्ति । તેઓ ખરીદે છે.

(૨) વ્યંજનાંત ધાતુઓને આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનમાં नीहि ને બદલે आन લાગે.

દા.ત. मुष् + नी + हि = मुष् + आन = मुषाण । તું ચોરી કર.

(૩) ली ધાતુ, દીર્ઘ ऊ-કારાન્ત ધાતુઓ અને દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓમાં સ્વર હ્રસ્વ થાય.

દા.ત. ली → लिनाति । તે ચોંટે છે.

लू → लुनाति । તે કાપે છે.

गॄ → गृणाति । તે બોલે છે.

(૪) ધાતુનો ઉપાન્ત્ય અનુનાસિક લોપાય.

દા.ત. बन्ध् → बध्नामि । હું બાંધું છું.

(૫) क्षुभ् ધાતુ પછી નવમા ગણની નિશાનીના न् નો ण् ન થાય.

દા.ત. क्षुभ् → क्षुभ्नाति । તે ખળભળે છે.

● ● ●

+ **प्रमादो हि महारिपुः ।**
(મનુષ્યનો) પ્રમાદ એ મહાશત્રુ છે, (માટે પ્રમાદ તજો.)

# બીજા ગણના નિયમો

(૧) બીજા ગણના ધાતુઓને ગણની નિશાની ૦ લાગે, એટલે કે કંઈ ન લાગે.

દા.ત. या + ति = याति । તે જાય છે.

(૨) आ-કારાન્ત ધાતુઓને હ્યસ્તન ભૂતકાળ પરસ્મૈપદ ત્રીજો પુરુષ બહુવચનમાં अन् ની બદલે વિકલ્પે उस् લાગે. उस् લાગે ત્યારે પૂર્વેનો आ લોપાય.

દા.ત. अ + या + अन् = अयान् । તેઓ ગયા.

अ + या + उस् = अयुः । તેઓ ગયા.

(૩) शी (આત્મનેપદ) ધાતુનો બધા પ્રત્યયો પૂર્વે ગુણ થાય. વર્તમાનકાળ ત્રીજો પુરુષ બહુવચનના अते પૂર્વે शी નો शेर् આદેશ થાય.

દા.ત. शी + ते = शेते । તે સૂવે છે.

शी + अते = शेरते । તેઓ સૂવે છે.

(૪) હ્રસ્વ उ-કારાન્ત ધાતુઓમાં વ્યંજનાદિ વિકારક પ્રત્યયો પૂર્વે સ્વરની વૃદ્ધિ થાય.

દા.ત. नु + मि = नौमि । હું સ્તુતિ કરું છું.

नु + अम् = अनो + अम् = अनवम् । મેં સ્તુતિ કરી.

नु + स् = अनौः । તેં સ્તુતિ કરી.

(૫) स्तु, रु ધાતુઓને વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે વિકલ્પે દીર્ઘ ई લાગે.

દા.ત. स्तु + मि = स्तौमि । હું સ્તુતિ કરું છું.

स्तु + मि = स्तु + ई + मि = स्तो + ई + मि = स्तवीमि । હું સ્તુતિ કરું છું.

स्तु + वस् = स्तुवः । અમે બે સ્તુતિ કરીએ છીએ.

स्तु + वस् = स्तु + ई + वस् = स्तुव् + ई + वस् = स्तुवीवः ।

અમે બે સ્તુતિ કરીએ છીએ.

स्तु + अम् = अस्तो + अम् = अस्तवम् । મેં સ્તુતિ કરી.

(૬) (i) ब्रू (પરસ્મૈપદ) ધાતુને વ્યંજનાદિ વિકારક પ્રત્યયો પૂર્વે દીર્ઘ ई લાગે છે.

દા.ત. ब्रू + मि = ब्रू + ई + मि = ब्रो + ई + मि = ब्रवीमि । હું કહું છું.

ब्रू + तस् = ब्रूतः । તેઓ બે કહે છે.

(ii) ब्रू (પરસ્મૈપદ) ધાતુના વર્તમાનકાળમાં વિકલ્પે નીચે પ્રમાણે રૂપો થાય.

| | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
|---|---|---|---|
| પહેલો પુરુષ | - | - | - |
| બીજો પુરુષ | आत्थ (તું કહે છે.) | आहथुः (તમે બે કહો છો.) | - |
| ત્રીજો પુરુષ | आह (તે કહે છે.) | आहतुः (તેઓ બે કહે છે.) | आहुः (તેઓ કહે છે.) |

(૭) (i) रुद्, स्वप्, श्वस्, अन्, जक्ष् માં વિધ્યર્થ સિવાયના વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે હ્રસ્વ इ લાગે.

દા.ત. रुद् + मि = रुद् + इ + मि = रोदिमि । હું રડું છું.

रुद् + वस् = रुद् + इ + वस् = रुदिवः । અમે બે રડીએ છીએ.

रुद् + याम् = रुद्याम् । મારે રડવું જોઈએ.

(ii) આ ધાતુઓને હ્યસ્તન ભૂતકાળના स्, त् પૂર્વે દીર્ઘ ई અને अ લાગે.

દા.ત. रुद् + स् = अरुद् + ई + स् = अरोदीः । તું રડ્યો.

रुद् + स् = अरुद् + अ + स् = अरोदः । તું રડ્યો.

रुद् + त् = अरुद् + ई + त् = अरोदीत् । તે રડ્યો.

रुद् + त् = अरुद् + अ + त् = अरोदत् । તે રડ્યો.

(૮) (i) अस् ધાતુમાં અવિકારક પ્રત્યયો પૂર્વે अ લોપાય.

દા.ત. अस् + वस् = स्वः । અમે બે છીએ.

अस् + अन्ति = सन्ति । તેઓ છે.

(ii) अस् ધાતુમાં सादि, धादि પ્રત્યયો પૂર્વે स् લોપાય.

દા.ત. अस् + सि = असि । તું છે.

अस् + से = से । તું છે.

अस् + ध्वे = ध्वे । તમે છો.

(iii) अस् ધાતુને स्, त्, हि, ए પ્રત્યયો લાગતા નીચે પ્રમાણે રૂપો થાય.

દા.ત. अस् + स् = आसीः । તું હતો.

अस् + त् = आसीत् । તે હતો.

अस् + हि = एधि । તું હો.

अस् + ए = हे । હું છું.

(૯) आस् ધાતુમાં धादि પ્રત્યયો પૂર્વે स् લોપાય.

દા.ત. आस् + से = आस्से । તું બેસે છે.

आस् + ध्वे = आध्वे । તમે બેસો છો.

(૧૦) सू (આત્મનેપદ) ધાતુના આજ્ઞાર્થના બધા પ્રત્યયો અવિકારક છે.

દા.ત. सू + ऐ = सुव् + ऐ = सुवै । હું સૂઈ જાઉં.

सू + आवहै = सुव् + आवहै = सुवावहै । અમે બે સૂઈ જઈએ.

सू + आमहै = सुव् + आमहै = सुवामहै । અમે સૂઈ જઈએ.

(૧૧) (i) ધાતુને અન્તે ह् + ૨૪ વ્યંજનમાંનો વ્યંજન કે ० = ह् નો ढ् થાય.

દા.ત. लिह् + ति = लिढ् + ति = लेढ् + ति = लेढि । તે ચાટે છે.

(ii) दादि એકસ્વરી ધાતુને અન્તે ह् + ૨૪ વ્યંજનમાંનો વ્યંજન કે ० = ह् નો घ् થાય.

દા.ત. दुह् + ति = दुघ् + ति = दोघ् + ति = दोग्धि । તે દોહે છે.

(૧૨) વર્ગીય ચોથો વ્યંજન + तादि, थादि પ્રત્યય = त्, थ् નો ध् થાય.

દા.ત. लेढ् + ति = लेढ् + धि = लेढ् + ढि = लेढि । તે ચાટે છે.

दोघ् + ति = दोघ् + धि = दोग्धि । તે દોહે છે.

(૧૩) ढ्, ष् + स् = ढ्, ष् નો क् થાય અને स् નો ष् થાય. क्-ष् ના સંયોગે क्ष् થાય.

દા.ત. लिह् + सि = लिढ् + सि = लेढ् + सि = लेक् + षि = लेक्षि । તું ચાટે છે.

(૧૪) પદની અસિદ્ધ અવસ્થામાં અન્તે ૨૪ વ્યંજનમાંનો વ્યંજન + વર્ગીય ત્રીજો કે ચોથો વ્યંજન = ૨૪ વ્યંજનમાંના વ્યંજનના સ્થાને સ્વવર્ગનો ત્રીજો મુકાય, ष् નો ड् થાય.

દા.ત. दुह् + ति = दोघ् + ति = दोघ् + धि = दोग्धि । તે દોહે છે.

शिष् + ध्वम् = शिड् + ध्वम् = शिड् + ढ्वम् = शिड्ढ्वम् । તમે રાજ્ય કરો.

(૧૫) એકસ્વરી ધાતુની આદિમાં ब्, ग्, द् હોય અને અન્તે વર્ગીય ચોથો વ્યંજન હોય + सादि, धादि કે ० પ્રત્યય = ब् નો भ्, ग् નો घ्, द् નો ध् થાય.

દા.ત. दुह् + सि = दोघ् + सि = धोघ् + सि = धोक् + षि = धोक्षि । તું દોહે છે.

दुह् + ध्वे = दुघ् + ध्वे = धुघ् + ध्वे = धुग्ध्वे । તમે દોહો છો.

(૧૬) ધાતુને અન્તે ૨૪ વ્યંજનમાંનો વ્યંજન + આજ્ઞાર્થનો हि = हि નો धि થાય.

દા.ત. लिह् + हि = लिह् + धि = लिद् + धि = लिद् + ढि = लीढि । તું ચાટ.

(૧૭) ધાતુને અન્તે વ્યંજન + स् કે त् = स् કે त् નો લોપ થાય અને પદને અન્તે અનુનાસિક સિવાયનો વ્યંજન હોય તો તેના બદલે સ્વવર્ગનો પહેલો કે ત્રીજો વ્યંજન મુકાય, પદને અન્તે ष् હોય તો તેનો ट् કે ड् થાય.

દા.ત. लिह् + स् = अलिह् + स् = अलेद् + स् = अलेट्, अलेड् । તેં ચાટ્યું.

(૧૮) (i) हन् ધાતુ + ૨૪ વ્યંજનમાંના વ્યંજનથી શરૂ થતો અવિકારક પ્રત્યય = हन् ના न् નો લોપ થાય.

દા.ત. हन् + थस् = हथः । તમે બે હણો છો.

(ii) हन् ધાતુ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = हन् નો ઉપાન્ત્ય अ લોપાય, ત્યારે ह् નો घ् થાય.

દા.ત. हन् + अन्ति = घ्न् + अन्ति = घ्नन्ति । તેઓ હણે છે.

(iii) हन् ધાતુ + આજ્ઞાર્થનો हि = जहि । તું હણ.

(૧૯) व्रश्च्, भ्रस्ज्, सृज्, यज्, मृज्, राज्, भ्राज्, श्-કારાન્ત અને छ्-કારાન્ત ધાતુઓ + ૨૪ વ્યંજનમાંનો વ્યંજન કે ० = ધાતુના અન્ત્ય વ્યંજનનો ष् થાય.

દા.ત. ईश् + ते = ईष्टे । તે રાજ્ય કરે છે.

मृज् + ति = मृष् + ति = मार्ष्टि । તે સાફ કરે છે.

(૨૦) ईश्, ईड् આ આત્મનેપદી ધાતુઓને હ્યસ્તન ભૂતકાળ સિવાય सादि, धादि પ્રત્યયો પૂર્વે इ ઉમેરાય.

દા.ત. ईश् + से = ईश् + इ + से = ईशिषे । તું રાજ્ય કરે છે.

ईश् + ध्वे = ईशिध्वे । તમે રાજ્ય કરો છો.

ईड् + से = ईडिषे । તું વખાણે છે.

ईड् + ध्वे = ईडिध्वे । તમે વખાણો છો.

(૨૧) (i) मृज् ધાતુ + વિકારક પ્રત્યય = ऋ ની વૃદ્ધિ થાય.

દા.ત. मृज् + मि = मार्ज् + मि = मार्ज्मि । હું સાફ કરું છું.

(ii) मृज् ધાતુ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = ऋ ની વિકલ્પે વૃદ્ધિ થાય.

દા.ત. मृज् + अन्ति = मृजन्ति, मार्जन्ति । તેઓ સાફ કરે છે.

(૨૨) वश् ધાતુ + અવિકારક પ્રત્યય = वश् નો उश् થાય.

દા.ત. वश् + सि = वष् + सि = वक् + षि = वक्षि । તું ઇચ્છે છે.

वश् + तस् = उश् + तस् = उष् + तस् = उष् + टस् = उष्टः । તેઓ બે ઇચ્છે છે.

(૨૩) (i) शास् ધાતુ + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય = शास् નો शिष् થાય.

દા.ત. शास् + तस् = शिष् + तस् = शिष्टः । તેઓ બે રાજ્ય કરે છે.

(ii) शास् ધાતુ + આજ્ઞાર્થનો हि = शाधि । તું રાજ્ય કર.

(૨૪) चकास् ધાતુ + આજ્ઞાર્થનો हि = चकाधि, चकाद्धि । તું પ્રકાશ.

(૨૫) (i) दरिद्रा ધાતુ + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય = ધાતુના અન્ત્ય आ નો इ થાય.

દા.ત. दरिद्रा + तस् = दरिद्रि + तस् = दरिद्रितः । તેઓ બે દરિદ્ર થાય છે.

(ii) दरिद्रा ધાતુ + સ્વરાદિ અવિકારક પ્રત્યય = ધાતુના અન્ત્ય आ નો લોપ થાય.

દા.ત. दरिद्रा + अति = दरिद्र् + अति = दरिद्रति । તેઓ દરિદ્ર થાય છે.

(૨૬) કોઈપણ સંયુક્ત વ્યંજનનો પહેલો વ્યંજન स् કે क् + ૨૪ વ્યંજનમાંનો વ્યંજન કે ૦ = स् કે क् નો લોપ થાય.

દા.ત. चक्ष् + से = चष् + से = चक् + षे = चक्षे । તું કહે છે.

(૨૭) ધાતુને અંતે द्, ध्, स् + હ્યસ્તન ભૂતકાળનો स् = ધાતુના અન્ત્ય

વ્યંજનનો त्, द्,ः (વિસર્ગ) થાય અને स् પ્રત્યયનો લોપ થાય.

દા.ત. शास् + स् = अशास् + स् = अशात्, अशाद्, अशाः । તેં રાજ્ય કર્યું.

विद् + स् = अवेद् + स् = अवेत्, अवेद्, अवेः । તેં જાણ્યું.

(૨૮) ધાતુને અંતે स् + હ્યસ્તન ભૂતકાળનો त् = स् નો त् કે द् થાય અને त् પ્રત્યયનો લોપ થાય.

દા.ત. शास् + त् = अशास् + त् = अशात्, अशाद् । તેણે રાજ્ય કર્યું.

(૨૯) शास्, जक्ष्, चकास्, दरिद्रा અને जागृ ધાતુઓ પછી अन्ति નો अति, अन्तु નો अतु અને अन् નો उस् થાય. जागृ માં उस् લાગતા ऋ નો ગુણ થાય.

દા.ત. शास् + अन्तु = शासतु । તેઓ રાજ્ય કરે.

जागृ + अन् = अजागृ + उस् = अजागर् + उस् = अजागरुः । તેઓ જાગ્યા.

दरिद्रा + अन् = अदरिद्रा + उस् = अदरिद्र् + उस् = अदरिद्रुः । તેઓ દરિદ્ર થયા.

(૩૦) विद् ધાતુ + अन् = अन् નો उस् થાય.

દા.ત. विद् + अन् = अविद् + उस् = अविदुः । તેમણે જાણ્યું.

(૩૧) द्विष् ધાતુ + अन् = अन् નો વિકલ્પે उस् થાય.

દા.ત. द्विष् + अन् = अद्विषन्, अद्विषुः । તેમણે દ્વેષ કર્યો.

(૩૨) अधि + इ ધાતુ + હ્યસ્તન ભૂતકાળના સ્વરાદિ અવિકારક પ્રત્યયો = इ ની વૃદ્ધિ કરતા પૂર્વે इ નો इय् થાય.

દા.ત. अधि + इ + इ = अधि + इय् + इ = अधि + ऐय् + इ = अध्यैयि । હું ભણ્યો.

(૩૩) (i) विद् ધાતુને વર્તમાનકાળમાં પરસ્મૈપદમાં વિકલ્પે પરોક્ષ ભૂતકાળના પ્રત્યયો લાગે.

દા.ત. विद् → वेत्ति, वेद । તે જાણે છે.

वित्तः, विदतुः । તેઓ બે જાણે છે.

विदन्ति, विदुः । તેઓ જાણે છે.

(ii) विद् ધાતુના આજ્ઞાર્થના રૂપો વિકલ્પે विदाम् + कृ ના આજ્ઞાર્થના રૂપો જેવા થાય.

દા.ત. वेदानि, विदाङ्करवाणि । હું જાણું.

वेदाव, विदाङ्करवाव । અમે બે જાણીએ.

वेदाम, विदाङ्करवाम । અમે જાણીએ.

●●●

\+ **को वा दरिद्रो ? विशालतृष्णः ।**
દરિદ્રી કોણ ? વિશાળ તૃષ્ણાવાળો.

\+ **तत्सुखं यत्र नासुखम् ।**
તે જ સુખ કે જ્યાં અસુખ ન હોય.

\+ **आज्ञा गुरूणामविचारणीया ।**
ગુરુ(વડિલો)ની આજ્ઞામાં વિચાર કરવાપણું હોતું નથી. (તેમની આજ્ઞા અંગીકાર્ય જ હોય છે.)

\+ **यत्र भोगास्तत्र रोगाः ।**
જ્યાં ભોગો છે ત્યાં રોગો છે.

\+ **आसन्ने व्यसने लक्ष्म्या लक्ष्मीनाथोऽपि मुच्यते ।**
કષ્ટ નજીક આવતાં લક્ષ્મી વિષ્ણુને (તેના માલિકને) પણ છોડી દે છે.

\+ **इङ्गितज्ञा हि सेवकाः ।**
સેવકો (સ્વામીના) ઈંગિતને જાણનારા હોય છે.

# સાતમા ગણના નિયમો

(૧) સાતમા ગણના ધાતુઓને વિકારક પ્રત્યયો લાગતા અન્ત્ય વ્યંજન પૂર્વે ગણની નિશાની न લાગે અને અવિકારક પ્રત્યયો લાગતા અન્ત્ય વ્યંજન પૂર્વે ગણની નિશાની न् લાગે.

દા.ત. रुध् + मि = रुनध् + मि = रुणध्मि । હું રુંધું છું.

रुध् + वस् = रुन्ध् + वस् = रुन्ध्वः । અમે બે રુંધીએ છીએ.

(૨) સાતમા ગણના ધાતુઓના ઉપાન્ત્ય અનુનાસિકનો લોપ થાય.

દા.ત. अञ्ज् + ति = अज् + ति = अनज् + ति = अनक्ति । તે આંજે છે.

(૩) तृह् ધાતુને વ્યંજનાદિ વિકારક પ્રત્યયો લાગતા અન્ત્ય વ્યંજન પૂર્વે न ની બદલે ને લાગે.

દા.ત. तृह् + मि = तृनेह् + मि = तृणेह्मि । હું હણું છું.

तृह् + वस् = तृन्ह् + वस् = तृंह्वः । અમે બે હણીએ છીએ.

●●●

\+ **परोपकाराय फलन्ति वृक्षाः, परोपकाराय वहन्ति नद्यः ।**
**परोपकाराय दुहन्ति गावः, परोपकारार्थमिदं शरीरम् ॥**

પરોપકારને માટે જ વૃક્ષો ફળે છે, પરોપકારને માટે જ નદીઓ જળને વહે છે, પરોપકારને માટે જ ગાયો દૂધ આપે છે અને પરોપકારને માટે જ આ શરીર છે.

\+ **परोपकारशून्यस्य, धिङ्‌मनुष्यस्य जीवितम् ।**
**यावन्तः पशवस्तेषां, चर्माप्युपकरिष्यति ॥**

પરોપકારથી રહિત એવા મનુષ્યના જીવિતને ધિક્કાર છે, કેમકે જેટલા પશુઓ છે તેમના ચામડાં વગેરે પણ ઉપકારક થાય છે.

# ત્રીજા ગણના નિયમો

(૧) (i) વ્યંજનાદિ ધાતુના આદ્ય વ્યંજનની પહેલા સ્વર સહિત દ્વિરુક્તિ થાય.

દા.ત. पच् → पपच् । दा → दादा ।

(ii) સ્વરાદિ ધાતુના આદ્ય સ્વરની દ્વિરુક્તિ થાય.

દા.ત. इष् → इइष् ।

(૨) દ્વિરુક્તિમાં થતા ફેરફારો -

(i) વર્ગીય બીજા વ્યંજનનો વર્ગીય પહેલો વ્યંજન થાય.

દા.ત. फल् → फफल् = पफल् ।

(ii) વર્ગીય ચોથા વ્યંજનનો વર્ગીય ત્રીજો વ્યંજન થાય.

દા.ત. भृ → भृभृ = बृभृ ।

(iii) જેટલામો કંઠ્ય વ્યંજન હોય તેનો તેટલામો તાલવ્ય વ્યંજન થાય.

દા.ત. खन् → खखन् = कखन् = चखन् ।

(iv) દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર થાય.

દા.ત. दा → दादा = ददा ।

(v) ऋ નો अ થાય.

દા.ત. भृ → भृभृ = बृभृ = बभृ ।

(vi) ह् નો ज् થાય.

દા.ત. हा → हाहा = हहा = जहा ।

(vii) દ્વિરુક્તિમાં इ કે उ પછી વિજાતીય સ્વર આવે તો इ નો इय् અને उ નો उव् થાય.

દા.ત. ऋ + मि = ऋऋ + मि = इऋ = मि = इय्ऋ + मि = इयर्मि ।
હું જાઉં છું.

इष् + अ = इइष् + अ = इएष = इय्एष = इयेष । મેં ઇચ્છા કરી હતી. (પરોક્ષ ભૂતકાળ)

(૩) (i) ધાતુની આદિમાં સંયુક્ત વ્યંજન હોય તો આદ્ય વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ થાય.

દા.ત. ह्री → हीह्री = हिह्री = जिह्री ।

(i) ધાતુની આદિમાં રહેલા સંયુક્ત વ્યંજનનો પહેલો વ્યંજન ઉષ્માક્ષર હોય અને બીજો વ્યંજન અઘોષ હોય તો અઘોષ વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ થાય.

દા.ત. स्पर्ध् → पस्पर्ध् ।

(૪) मा, हा (આત્મનેપદ), भृ, पृ, पॄ અને ऋ - આ ધાતુઓમાં દ્વિરુક્તિમાં સ્વરનો इ થાય.

દા.ત. मा → मामा = ममा = मिमा ।

हा → हाहा = हहा = जहा = जिहा ।

भृ → भृभृ = बृभृ = बभृ = बिभृ ।

पृ → पृपृ = पपृ = पिपृ ।

पॄ → पॄपॄ = पृपॄ = पपॄ = पिपॄ ।

ऋ → ऋऋ = अऋ = इऋ = इयृ ।

(૫) निज्, विज्, विष् ધાતુઓમાં દ્વિરુક્તિમાં સ્વરનો ગુણ થાય.

દા.ત. निज् = निनिज् = नेनिज् ।

विज् = विविज् = वेविज् ।

विष् = विविष् = वेविष् ।

(૬) निज्, विज्, विष् ધાતુઓમાં સ્વરાદિ વિકારક પ્રત્યયો પૂર્વે અંગના ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ ન થાય.

દા.ત. निज् + आनि = नेनिज् + आनि = नेनिजानि । હું ધોઉં.

निज् + मि = नेनिज् + मि = नेनेज्मि । હું ધોઉં છું.

(૭) પરસ્મૈપદમાં अन्ति નો अति, अन्तु નો अतु અને अन् નો उस् થાય. उस् લાગતા અંગના અન્ત્ય સ્વરનો ગુણ થાય અને અન્ત્ય आ નો લોપ થાય.

દા.ત. भी + अन्ति = बिभी + अति = बिभ्यति । તેઓ ડરે છે.

भृ + अन्तु = बिभृ + अतु = बिभ्रतु । તેઓ ભરે.

भी + अन् = अबिभी + उस् = अबिभे + उस् = अबिभयुः । તેઓ ડર્યા.

दा + अन् = अददा + उस् = अदद् + उस् = अददुः । તેમણે આપ્યું.

(૮) (i) दा, धा ધાતુઓ + અવિકારક પ્રત્યયો = आ નો લોપ થાય.

દા.ત. दा + वस् = ददा + वस् = दद् + वस् = दद्वः । અમે બે આપીએ છીએ.

धा + मस् = दधा + मस् = दध् + मस् = दध्मः । અમે ધારણ કરીએ છીએ.

(ii) दा, धा ધાતુઓના અંગ ક્રમશઃ ददा, दधा + सादि, धादि, तादि, थादि અવિકારક પ્રત્યયો = ददा નું दत् અને दधा નું धत् થાય.

દા.ત. दा + से = ददा + से = दत् + से = दत्से । તું આપે છે.

धा + तस् = दधा + तस् = धत् + तस् = धत्तः । તેઓ બે ધારણ કરે છે.

(iii) दा, धा ધાતુઓને આજ્ઞાર્થનો हि લાગતા અનુક્રમે देहि, धेहि રૂપો થાય.

(૯) हा ધાતુ (પરસ્મૈપદ) + આજ્ઞાર્થનો हि = जहाहि, जहिहि, जहीहि । તું છોડ.

(૧૦) हु ધાતુ + આજ્ઞાર્થનો हि = जुहुधि । તું હોમ કર.

(૧૧) मा (આત્મનેપદ), हा (આત્મનેપદ), हा (પરસ્મૈપદ) + સ્વરાદિ અવિકારક પ્રત્યયો તથા यादि પ્રત્યયો = आ નો લોપ થાય.

દા.ત. मा + अते = मिमा + अते = मिम् + अते = मिमते । તેઓ માપે છે.

हा + अते = जिहा + अते = जिह् + अते = जिहते । તેઓ જાય છે.

हा + अन्ति = जहा + अति = जह् + अति = जहति । તેઓ છોડે છે.

हा + याम् = जहा + याम् = जह् + याम् = जह्याम् । મારે છોડવું જોઈએ.

(૧૨) मा (આત્મનેપદ), हा (આત્મનેપદ), हा (પરસ્મૈપદ), भी (પરસ્મૈપદ) + વ્યંજનાદિ અવિકારક પ્રત્યયો = मा નુ मी, हा નું ही, हा નું हि-ही, भी નું भि-भी થાય.

દા.ત. मा + ते = मिमा + ते = मिमीते । તે માપે છે.

हा + वहे = जिहा + वहे = जिहीवहे । અમે બે જઈએ છીએ.

हा + तस् = जहा + तस् = जहितः, जहीतः । તેઓ બે છોડે છે.

भी + थस् = बिभी + थस् = बिभिथः, बिभीथः । તમો ડરો છો.

●●●

\+ **विभवे सति सन्तोषः, संयमः सति यौवने ।**
**पाण्डित्ये सति नम्रत्वं, हीरोऽयं कनकोपरि ॥**
વૈભવ છતાં સંતોષ હોય, યૌવન છતાં સંયમ હોય અને વિદ્વત્તા છતાં નમ્રતા હોય, તો તે સુવર્ણ ઉપર જડેલા હીરા સમાન છે.

\+ **बालादपि हितं ग्राह्यम् ।**
બાળક પાસેથી પણ હિતનું ગ્રહણ કરવું.

## સેટ્, અનિટ્ અને વેટ્ ધાતુઓની વ્યવસ્થા

**ધાતુઓ**

- **અનેકસ્વરી**
  - **વ્યંજનાંત** (બધા સેટ્)
  - **સ્વરાંત** (બધા સેટ્)
- **એકસ્વરી**
  - **વ્યંજનાંત** (અનિટ્ કારિકામાં બતાવેલા ૧૦૨ ધાતુઓ અનિટ્ છે. વેટ્ કારિકામાં બતાવેલા ૩૩ ધાતુઓ વેટ્ છે. બાકીના બધા ધાતુઓ સેટ્ છે.)
  - **સ્વરાંત** (સેટ્ કારિકામાં બતાવેલા ધાતુઓ સેટ્ છે. સ્વૃ, સૂ, ધૂ વેટ્ છે. બાકીના બધા ધાતુઓ અનિટ્ છે.)

૧) **અનેકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ** - જે ધાતુઓમાં અનેક સ્વરો હોય અને અન્તે વ્યંજન હોય તે અનેકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ.

૨) **અનેકસ્વરી સ્વરાન્ત ધાતુઓ** - જે ધાતુઓમાં અનેક સ્વરો હોય અને અન્તે સ્વર હોય તે અનેકસ્વરી સ્વરાન્ત ધાતુઓ.

૩) **એકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ** - જે ધાતુઓમાં એક સ્વર હોય અને અન્તે વ્યંજન હોય તે એકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ.

૪) **એકસ્વરી સ્વરાન્ત ધાતુઓ** - જે ધાતુઓમાં એક સ્વર હોય અને તે અન્તે હોય તે એકસ્વરી સ્વરાન્ત ધાતુઓ.

**(૧) સેટ્ ધાતુઓ** -

જે ધાતુઓને પ્રત્યય લાગતા પૂર્વે इ લાગે તે સેટ્ ધાતુઓ છે. તે આ પ્રમાણે છે -

(i) બધા અનેકસ્વરી ધાતુઓ સેટ્ છે.

(ii) દીર્ઘ ऊ-કારાંત ધાતુઓ, દીર્ઘ ॠ-કારાંત ધાતુઓ, यु, रु, क्ष्णु, शी, स्नु,

નુ, ક્ષુ, શ્વિ, ડી, શ્રિ, વૃ (૯મો ગણ, આત્મનેપદ) અને વૃ (૫મો-૯મો ગણ, ઉભયપદ) આ એકસ્વરી સ્વરાન્ત ધાતુઓ સેટ્ છે.

(iii) અનિટ્ કારિકામાં બતાવેલા ૧૦૨ વ્યંજનાન્ત ધાતુઓ અને વેટ્ કારિકામાં બતાવેલા ૩૩ વ્યંજનાન્ત ધાતુઓ સિવાયના બધા એકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ સેટ્ છે.

(iv) દશમા ગણના ધાતુઓ અય લાગતા અનેકસ્વરી બને છે. તેથી દશમા ગણના બધા ધાતુઓ સેટ્ છે.

(v) જે ધાતુઓને અન્તે ख्, ग्, घ्, ङ् झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, फ्, ब्, य्, र्, ल्, व् હોય તે ધાતુઓ સેટ્ છે.

इ-કારાન્ત ૨ → श्वि, श्रि ।

ई-કારાન્ત ૨ → शी, डी ।

उ-કારાન્ત ૬ → यु, रु, क्ष्णु, स्नु, नु, क्षु ।

ऋ-કારાન્ત ૧ → वृ ।

કુલ ૧૧

## સેટ્ ધાતુઓ

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | श्वि | ૧લો, P | જવું | श्वयति |
| ૨ | श्रि | ૧લો, U | સેવવું, પૂજવું | श्रयति, श्रयते |
| ૩ | शी | ૨જો, A | સૂવું | शेते |
| ૪ | डी | ૧લો-૪થો, A | ઊડવું | डयते, डीयते |
| ૫ | यु | ૨જો, P | એકઠું કરવું | यौति |
| ૬ | रु | ૨જો, P | અવાજ કરવો | रौति, रवीति |

P = પરસ્મૈપદ, A = આત્મનેપદ, U = ઉભયપદ

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૭ | क्ष्णु | ૨જો, P<br>૨જો, A | તીક્ષ્ણ કરવું<br>લઈ જવું | क्ष्णौति<br>क्ष्णुते |
| ૮ | स्नु | ૨જો, P | ઝરવું | स्नौति |
| ૯ | नु | ૨જો, P | સ્તુતિ કરવી | नौति |
| ૧૦ | क्षु | ૨જો, P | છીંક ખાવી | क्षौति |
| ૧૧ | वृ | ૯મો, A<br>૯મો, U<br>૫મો, U | સેવા કરવી<br>પસંદ કરવું, વરવું<br>પસંદ કરવું, વરવું | वृणीते<br>वृणाति, वृणीते<br>वृणोति, वृणुते |

## સેટ્ કારિકા

ऊदृदन्तैर्यौति - रु-क्ष्णु-शी-स्नु-नु-क्षु-श्वि-डीङ्-श्रिभिः ।
वृङ्-वृञ्भ्यां च विनैकाचोऽजन्तेषु निहताः स्मृताः ॥

### (૨) અનિટ્ ધાતુઓ -

જે ધાતુઓને પ્રત્યય લાગતા પૂર્વે इ ન લાગે તે અનિટ્ ધાતુઓ છે. તે આ પ્રમાણે છે -

(i) સેટ્ કારિકામાં બતાવેલા ધાતુઓ અને સ્વૃ, સૂ, ધૂ ધાતુઓ સિવાયના બધા એકસ્વરી સ્વરાન્ત ધાતુઓ અનિટ્ છે.

(ii) અનિટ્ કારિકામાં બતાવેલા ૧૦૨ એકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ અનિટ્ છે. તે આ પ્રમાણે છે -

क्-કારાન્ત ૧ → शक् ।

च्-કારાન્ત ૬ → पच्, मुच्, रिच्, वच्, विच्, सिच् ।

छ्-કારાન્ત ૧ → प्रच्छ् ।

ज्-કારાન્ત ૧૫ → त्यज्, निज्, भज्, भञ्ज्, भुज्, भ्रस्ज्, मस्ज्, यज्, युज्, रुज्, रञ्ज्, विज्, स्वञ्ज्, सञ्ज्, सृज् ।

द्-કારાન્ત ૧૫ → अद्, क्षुद्, खिद्, छिद्, तुद्, नुद्, पद्, भिद्, विद् (ચોથો ગણ), विद् (સાતમો ગણ), शद्, सद्, स्विद्, स्कन्द्, हद् ।

ध्-કારાન્ત ૧૧ → क्रुध्, क्षुध्, बुध्, बन्ध्, युध्, रुध्, राध्, व्यध्, शुध्, साध्, सिध् ।

न्-કારાન્ત ૨ → मन्, हन् ।

प्-કારાન્ત ૧૩ → आप्, क्षिप्, छुप्, तप्, तिप्, तृप्, दृप्, लिप्, लुप्, वप्, शप्, स्वप्, सृप् ।

भ्-કારાન્ત ૩ → यभ्, रभ्, लभ् ।

म्-કારાન્ત ૪ → गम्, नम्, यम्, रम् ।

श्-કારાન્ત ૧૦ → क्रुश्, दंश्, दिश्, दृश्, मृश्, रिश्, रुश्, लिश्, विश्, स्पृश् ।

ष्-કારાન્ત ૧૧ → कृष्, त्विष्, तुष्, द्विष्, दुष्, पुष्, पिष्, विष्, शिष्, शुष्, श्लिष् ।

स्-કારાન્ત ૨ → घस्, वस् ।

ह्-કારાન્ત ૮ → दह्, दिह्, दुह्, नह्, मिह्, रुह्, लिह्, वह् ।

કુલ ૧૦૨

## અનિટ્ કારિકા

शक्लृ पच् मुचि रिच् वच् विच्, सिच् प्रच्छि त्यज् निजिर् भजः ।
भञ्ज् भुज् भ्रस्ज् मस्जि यज् युज् रुज्, रञ्ज् विजिर् स्वञ्जि सञ्ज् सृजः ॥१॥

अद् क्षुद् खिद् छिद् तुदि नुदः, पद्य भिद् विद्यतिर्विनद् ।
शद् सदी स्विद्यतिः स्कन्दि, हदी क्रुध् क्षुधिबुध्यती ॥२॥

बन्धिर् युधि रुधि राधि, व्यध् शुधः साधिसिध्यती ।
मन्य हन् आप् क्षिप् छुपि, तप् तिपस्तृप्यतिदृप्यती ॥३॥

लिप् लुप् वप् शप् स्वप् सृपि, यभ् रभ् लभ् गम् नम् यमो रमिः ।
क्रुशिर् दंशि दिशी दृश् मृश् रिश्, रुश् लिश् विश् स्पृशः कृषिः ॥४॥

त्विष् तुष् द्विष् दुष् पुष्य पिष् विष्, शिष् शुष् श्लिष्यतयो घसिः ।
वसतिर् दह् दिहि दुहो नह्, मिह् रुह् लिह् वहिस्तथा ॥५॥
अनुदात्ता हलन्तेषु धातवो द्व्यधिकं शतम् ॥

## અનિટ્ ધાતુઓ

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | शक् | ૪થો, U<br>૫મો, P | શક્તિમાન હોવું<br>શક્તિમાન હોવું | शक्यति, शक्यते,<br>शक्नोति |
| ૨ | पच् | ૧લો U | રાંધવું | पचति, पचते |
| ૩ | मुच् | ૬ઠ્ઠો, U | છોડવું | मुञ्चति, मुञ्चते |
| ૪ | रिच् | ૭મો, U | ખાલી કરવું | रिणक्ति, रिङ्क्ते |
| ૫ | वच् | ૨જો, P | બોલવું, કહેવું | वक्ति |
| ૬ | विच् | ૩જો-<br>૭મો, U | જુદુ કરવું | वेवेक्ति, वेविक्ते<br>विनक्ति, विङ्क्ते |
| ૭ | सिच् | ૬ઠ્ઠો, U | ભીંજવવું, છાંટવું | सिञ्चति, सिञ्चते |
| ૮ | प्रच्छ् | ૬ઠ્ઠો, P | પૂછવું | पृच्छति |
| ૯ | त्यज् | ૧લો, P | ત્યાગ કરવો | त्यजति |
| ૧૦ | निज् | ૩જો, U | સ્વચ્છ કરવું | नेनेक्ति, नेनिक्ते |
| ૧૧ | भज् | ૧લો, U | ભજવું | भजति, भजते |
| ૧૨ | भञ्ज् | ૭મો, P | ભાંગવું | भनक्ति |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧૩ | भुज् | ૬ઠ્ઠો, P<br>૭મો, P<br>૭મો, A | વાંકું કરવું<br>પાલન-પોષણ કરવું<br>ખાવું, ભોગવવું | भुजति<br>भुनक्ति<br>भुङ्क्ते |
| ૧૪ | भ्रस्ज् | ૬ઠ્ઠો, U | ભૂંજવું | भृज्जति, भृज्जते |
| ૧૫ | मस्ज् | ૬ઠ્ઠો, P | સ્નાન કરવું | मज्जति |
| ૧૬ | यज् | ૧લો, U | યજ્ઞ કરવો | यजति, यजते |
| ૧૭ | युज् | ૪થો, A<br>૭મો, U | ચિત્તને સ્થિર કરવું<br>જોડવું | युज्यते<br>युनक्ति, युङ्क्ते |
| ૧૮ | रुज् | ૬ઠ્ઠો, P | પીડવું | रुजति |
| ૧૯ | रञ्ज् | ૧લો-<br>૪થો, U | રંગવું | रजति, रजते<br>रज्यति, रज्यते |
| ૨૦ | विज् | ૩જો, U | જુદુ કરવું | वेवेक्ति, वेविक्ते |
| ૨૧ | स्वञ्ज् | ૬ઠ્ઠો, A | ભેટવું | स्वजते |
| ૨૨ | सञ्ज् | ૧લો, P | ચોંટવું | सजति |
| ૨૩ | सृज् | ૪થો, A<br>૬ઠ્ઠો, P | સરજવું<br>સરજવું | सृज्यते<br>सृजति |
| ૨૪ | अद् | ૨જો, P | ખાવું | अत्ति |
| ૨૫ | क्षुद् | ૧લો, P<br>૭મો, U | જવું<br>પીસવું | क्षोदति<br>क्षुणत्ति, क्षुन्ते |
| ૨૬ | खिद् | ૧લો, P<br>૪થો-૭મો, A<br>૬ઠ્ઠો, P | ડરવું<br>ખેદ પામવો<br>ખૂંદવું | खेदति<br>खिद्यते, खिन्ते<br>खिन्दति |
| ૨૭ | छिद् | ૭મો, U | છેદવું | छिनत्ति, छिन्ते |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૨૮ | तुद् | ૬ઠ્ઠો, U | પીડવું | तुदति, तुदते |
| ૨૯ | नुद् | ૬ઠ્ઠો, U | પ્રેરવું | नुदति, नुदते |
| ૩૦ | पद् | ૪થો, A | જવું | पद्यते |
| ૩૧ | भिद् | ૭મો, U | ભેદવું | भिनत्ति, भिन्ते |
| ૩૨ | विद् | ૪થો, A<br>૬ઠ્ઠો, U | વિદ્યમાન હોવું<br>મેળવવું | विद्यते<br>विन्दति, विन्दते |
| ૩૩ | विद् | ૭મો, A | વિચારવું | विन्ते |
| ૩૪ | शद् | ૧લો, A | ક્ષીણ થવું | शीयते |
| ૩૫ | सद् | ૧લો-૬ઠ્ઠો, P | બેસવું | सीदति |
| ૩૬ | स्विद् | ૪થો, P | પરસેવો છૂટવો | स्विद्यति |
| ૩૭ | स्कन्द् | ૧લો, U | કૂદવું | स्कन्दति,<br>स्कन्दते |
| ૩૮ | हद् | ૧લો, A | વિષ્ટાનું વિસર્જન કરવું. | हदते |
| ૩૯ | क्रुध् | ૪થો, P | ગુસ્સે થવું | क्रुध्यति |
| ૪૦ | क्षुध् | ૪થો, P | ભૂખ લાગવી | क्षुध्यति |
| ૪૧ | बुध् | ૪થો, A | જાણવું, સમજવું | बुध्यते |
| ૪૨ | बन्ध् | ૯મો, P | બાંધવું | बध्नाति |
| ૪૩ | युध् | ૪થો, A | યુદ્ધ કરવું | युध्यते |
| ૪૪ | रुध् | ૭મો, U | રોકવું | रुणद्धि, रुन्द्धे |
| ૪૫ | राध् | ૪થો-૫મો, P | સિદ્ધ કરવું | राध्यति, राध्नोति |
| ૪૬ | व्यध् | ૪થો, P | વીંધવું | विध्यति |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૪૭ | शुध् | ૪થો, P | શુદ્ધ હોવું | शुध्यति |
| ૪૮ | साध् | ૪થો-૫મો, P | સાધવું | साध्यति, साध्नोति |
| ૪૯ | सिध् | ૪થો, P | સિદ્ધ થવું | सिध्यति |
| ૫૦ | मन् | ૪થો, A | વિચારવું | मन्यते |
| ૫૧ | हन् | ૨જો, P | હણવું | हन्ति |
| ૫૨ | आप् | ૫મો, P | મેળવવું | आप्नोति |
| ૫૩ | क्षिप् | ૪થો, P<br>૬ઠ્ઠો, U | ફેંકવું<br>ફેંકવું | क्षिप्यति<br>क्षिपति-क्षिपते |
| ૫૪ | छुप् | ૬ઠ્ઠો, P | અડકવું | छुपति |
| ૫૫ | तप् | ૧લો, P<br>૪થો, A | તપવું<br>પ્રતાપી હોવું | तपति<br>तप्यते |
| ૫૬ | तिप् | ૧લો, A | ઝરવું | तेपते |
| ૫૭ | तृप् | ૧લો, P<br>૬ઠ્ઠો, P | તૃપ્ત થવું<br>તૃપ્ત થવું | तर्पति<br>तृपति |
| ૫૮ | दृप् | ૧લો, P<br>૬ઠ્ઠો, P | સળગાવવું<br>દુઃખ દેવું | दर्पति<br>दृपति |
| ૫૯ | लिप् | ૬ઠ્ઠો, U | લીપવું | लिम्पति, लिम्पते |
| ૬૦ | लुप् | ૬ઠ્ઠો, U | લૂંટવું | लुम्पति, लुम्पते |
| ૬૧ | वप् | ૧લો, U | વાવવું | वपति, वपते |
| ૬૨ | शप् | ૧લો-૪થો, U | શાપ દેવો | शपति, शपते,<br>शप्यति, शप्यते |
| ૬૩ | स्वप् | ૨જો, P | સૂવું | स्वपिति |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૬૪ | सृप् | ૧લો, P | સરકવું | सर्पति |
| ૬૫ | यभ् | ૧લો, P | મૈથુન સેવવું | यभति |
| ૬૬ | रभ् | ૧લો, A | શરૂ કરવું | रभते |
| ૬૭ | लभ् | ૧લો, A | મેળવવું | लभते |
| ૬૮ | गम् | ૧લો, P | જવું | गच्छति |
| ૬૯ | नम् | ૧લો, P | નમન કરવું | नमति |
| ૭૦ | यम् | ૧લો, P | નિવૃત્ત થવું | यच्छति |
| ૭૧ | रम् | ૧લો, A | રમવું | रमते |
| ૭૨ | क्रुश् | ૧લો, P | બોલાવવું | क्रोशति |
| ૭૩ | दंश् | ૧લો, P | ડંખ મારવો | दशति |
| ૭૪ | दिश् | ૬ઠ્ઠો, U | દેખાડવું | दिशति, दिशते |
| ૭૫ | दृश् | ૧લો, P | જોવું | पश्यति |
| ૭૬ | मृश् | ૬ઠ્ઠો, P | સ્પર્શ કરવો | मृशति |
| ૭૭ | रिश् | ૬ઠ્ઠો, P | હણવું | रिशति |
| ૭૮ | रुश् | ૬ઠ્ઠો, P | હણવું | रुशति |
| ૭૯ | लिश् | ૪થો, A<br>૬ઠ્ઠો, P | અલ્પ થવું<br>જવું | लिश्यते<br>लिशति |
| ૮૦ | विश् | ૬ઠ્ઠો, P | પેસવું | विशति |
| ૮૧ | स्पृश् | ૬ઠ્ઠો, P | સ્પર્શ કરવો | स्पृशति |
| ૮૨ | कृष् | ૧લો, P<br>૬ઠ્ઠો, U | ખેડવું<br>ખેડવું | कर्षति<br>कृषति, कृषते |
| ૮૩ | त्विष् | ૧લો, U | ચમકવું | त्वेषति, त्वेषते |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૮૪ | तुष् | ૪થો, P | સંતોષ પામવો | तुष्यति |
| ૮૫ | द्विष् | ૧લો, P<br>૨જો, U | દ્વેષ કરવો<br>દ્વેષ કરવો | द्वेषति<br>द्वेष्टि, द्विष्टे |
| ૮૬ | दुष् | ૪થો, P | દૂષિત હોવું | दुष्यति |
| ૮૭ | पुष् | ૪થો, P | પોષવું | पुष्यति |
| ૮૮ | पिष् | ૧લો, P<br>૭મો, P | જવું<br>પીસવું | पेषति<br>पिनष्टि |
| ૮૯ | विष् | ૩જો, U | વ્યાપવું | वेवेष्टि, वेविष्टे |
| ૯૦ | शिष् | ૭મો, P | ભેદ પાડવો | शिनष्टि |
| ૯૧ | शुष् | ૪થો, P | સુકાવું | शुष्यति |
| ૯૨ | श्लिष् | ૪થો, P | ભેટવું | श्लिष्यति |
| ૯૩ | घस् | ૧લો, P | ખાવું | घसति |
| ૯૪ | वस् | ૧લો, P | વસવું | वसति |
| ૯૫ | दह् | ૧લો, P | બાળવું | दहति |
| ૯૬ | दिह् | ૨જો, U | લીંપવું | देग्धि, दिग्धे |
| ૯૭ | दुह् | ૨જો, U | દોહવું | दोग्धि, दुग्धे |
| ૯૮ | नह् | ૪થો, U | તૈયાર થવું | नह्यति, नह्यते |
| ૯૯ | मिह् | ૧લો, P | છાંટવું | मेहति |
| ૧૦૦ | रुह् | ૧લો, P | ઊગવું | रोहति |
| ૧૦૧ | लिह् | ૨જો, U | ચાટવું | लेढि, लीढे |
| ૧૦૨ | वह् | ૧લો, U | વહન કરવું | वहति, वहते |

**(૩) વેટ્ ધાતુઓ -**

જે ધાતુઓને પ્રત્યયો લાગતા પૂર્વે વિકલ્પે इ લાગે તે વેટ્ ધાતુઓ છે. તે આ પ્રમાણે છે -

(i) स्वृ, सू ((૨જો-૪થો ગણ, આત્મનેપદ) અને धू (૫મો-૯મો ગણ, ઉભયપદી) - આ એકસ્વરી સ્વરાન્ત ધાતુઓ વેટ્ છે.

(ii) ૩૩ એકસ્વરી વ્યંજનાન્ત ધાતુઓ વેટ્ છે. તે આ પ્રમાણે -

च्-કારાન્ત ૨ → तञ्च्, व्रश्च् ।

ज्-કારાન્ત ૩ → अञ्ज्, तञ्ज्, मृज् ।

द्-કારાન્ત ૨ → क्लिद्, स्यन्द् ।

ध्-કારાન્ત ૨ → रध्, सिध् ।

प्-કારાન્ત ૫ → क्लृप्, गुप्, तृप्, त्रप्, दृप् ।

म्-કારાન્ત ૧ → क्षम् ।

श्-કારાન્ત ૩ → अश्, क्लिश्, नश् ।

ष्-કારાન્ત ૪ → अक्ष्, निस् + कुष्, तक्ष्, त्वक्ष् ।

ह्-કારાન્ત ૧૧ → गाह्, गुह्, गर्ह्, तृह्, तृंह्, द्रुह्, बृह्, मुह्, स्तृह्, स्निह्, स्नुह् ।

કુલ ૩૩

## વેટ્ કારિકા

स्वरतिः सूयते सूते, पञ्चमे नवमे च धूञ् ।
तनक्तिर्वृश्चतिश्चान्ता-वनक्तिश्च तनक्तिना ॥१॥

मार्ष्टि मार्जति जान्तेषु, दान्तौ क्लिद्यति स्यन्दते ।
रध्यतिः सेधतिर् धान्तौ, पान्ताः पञ्चैव कल्पते ॥२॥

गोपायतिस् तृप्यतिश्च, त्रपते दृप्यतिस्तथा ।
मान्तौ क्षाम्यति क्षमते-ऽश्नुते क्लिश्नाति नश्यति ॥३॥

शान्तास्त्रयोऽथाऽक्षतिश्च, निष्कुष्णातिश्च तक्षतिः ।
त्वक्षतिश्च षकारान्ता, ह्यथ हान्तश्च गाहते ॥४॥

पदद्वये गूहतिश्च, ऋकारोपान्त्य गर्हते ।
तृहति तृंहतिद्रुह्य-तयोर् बृहतिमुह्यती ॥५॥

स्तृहति स्निह्यति स्नुह्य-त्येते वेट्का हि धातवः ।
अजन्तानां तु थल्येव, वेट् स्यादन्यत्र सर्वदा ॥६॥

## વેટ્ ધાતુઓ

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | स्वृ | ૧લો, P | અવાજ કરવો | स्वरति |
| ૨ | सू | ૨જો-૪થો, A | જન્મ આપવો, ફેલાવું | सूते, सूयते |
| ૩ | धू | ૫મો-૯મો, U | હલાવવું | धूनोति, धुनाति |
| ૪ | तञ्च् | ૭મો, P | સંકુચિત થવું | तनक्ति |
| ૫ | व्रश्च् | ૬ઠ્ઠો, P | કાપવું | वृश्चति |
| ૬ | अञ्ज् | ૭મો, P | આંજવું, ચોપડવું | अनक्ति |
| ૭ | तञ्ज् | ૭મો, P | નાના થવું | तनक्ति |
| ૮ | मृज् | ૧લો-૨જો, P | અવાજ કરવો, ધોવું | मार्जति, मार्ष्टि |
| ૯ | क्लिद् | ૪થો, P | ભીના થવું | क्लिद्यति |
| ૧૦ | स्यन्द् | ૧લો, A | ઝરવું, ખરવું, ટપકવું | स्यन्दते |
| ૧૧ | रध् | ૪થો, P | ઈજા કરવી | रध्यति |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧૨ | सिध् | ૧લો, P | જવું | सेधति |
| ૧૩ | क्लृप् | ૧લો, A | શક્તિમાન થવું | कल्पते |
| ૧૪ | गुप् | ૧લો, P | રક્ષણ કરવું | गोपायति |
| ૧૫ | तृप् | ૪થો, P | સંતુષ્ટ થવું | तृप्यति |
| ૧૬ | त्रप् | ૧લો, A | શરમ આવવી | त्रपते |
| ૧૭ | दृप् | ૪થો, P | ગર્વ કરવો | दृप्यति |
| ૧૮ | क्षम् | ૧લો, A,<br>૪થો, P | ક્ષમા માંગવી | क्षमते, क्षाम्यति |
| ૧૯ | अश् | ૫મો, A | વ્યાપવું | अश्नुते |
| ૨૦ | क्लिश् | ૯મો, P | દુ:ખ દેવું | क्लिश्नाति |
| ૨૧ | नश् | ૪થો, P | નાશ પામવું | नश्यति |
| ૨૨ | अक्ष् | ૧લો, P | પહોંચવું, વ્યાપવું | अक्षति |
| ૨૩ | निस्+कुष् | ૯મો, P | બહાર કાઢવું | निष्कुष्णाति |
| ૨૪ | तक्ष् | ૧લો, P | કાપવું, તપાસવું | तक्षति |
| ૨૫ | त्वक्ष् | ૧લો, P | છોલવું, પાતળું કરવું | त्वक्षति |
| ૨૬ | गाह् | ૧લો, A | ડૂબકી મારવી | गाहते |
| ૨૭ | गुह् | ૧લો, U | ઢાંકવું, સંતાડવું | गूहति, गूहते |
| ૨૮ | गर्ह् | ૧લો, A | નિંદવું, દોષ દેવો | गर्हते |
| ૨૯ | तृह् | ૬ઠ્ઠો, P | ઈજા કરવી, મારવું | तृहति |
| ૩૦ | तृंह् | ૬ઠ્ઠો, P | ઈજા કરવી, મારવું | तृंहति |
| ૩૧ | द्रुह् | ૪થો, P | દ્વેષ કરવો | द्रुह्यति |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૩૨ | बृह् | ૬ઠ્ઠો, P | વાઢવું | बृहति |
| ૩૩ | मुह् | ૪થો, P | મોહ પામવો, મૂર્ચ્છા આવવી | मुह्यति |
| ૩૪ | स्तृह् | ૬ઠ્ઠો, P | ઠાર મારવું, મારવું | स्तृहति |
| ૩૫ | स्निह् | ૪થો, P | પ્રેમ કરવો | स्निह्यति |
| ૩૬ | स्नुह् | ૪થો, P | ઓકવું | स्नुह्यति |

●●●

+ **तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः ।**
  જ્ઞાન એ ત્રીજું નેત્ર અને બીજો સૂર્ય છે.

+ **जितं हि केन ? मनो हि येन ।**
  જીત્યો કોણ ? જેણે મન જીત્યું તે.

+ **न धर्मात् परमं मित्रम् ।**
  ધર્મ જેવો મહાન મિત્ર કોઈ નથી.

+ **यादृशं क्रियते कर्म, तादृशं प्राप्यते फलम् ।**
  જેવું કર્મ કરે તેવું ફળ પામે.

+ **श्रीशालिभद्रादपरो न भोगी, श्रीस्थूलभद्रादपरो न योगी ।**
  શ્રીશાલિભદ્ર જેવો કોઈ ભોગી નથી અને શ્રીસ્થૂલભદ્ર જેવો કોઈ યોગી નથી.

+ **गुणैरुत्तमतां याति, न तु जातिप्रभावतः ।**
  ગુણોથી ઉત્તમતા આવે છે, જાતિના પ્રભાવથી નહીં.

+ **अलसस्य कुतो विद्या ?**
  આળસુને વિદ્યા ક્યાંથી હોય ?

+ **रिक्तपाणिर्न पश्येच्च राजानं देवतां गुरुम् ।**
  રાજા, દેવ અને ગુરુ પાસે ખાલી હાથે ન જવું.

# ગણકાર્યરહિત ચાર કાળના પ્રત્યયો

| ક્ર. | કાળ | પુરુષ | પરસ્મૈપદના પ્રત્યયો | | | આત્મનેપદના પ્રત્યયો | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| ૧. | શ્વસ્તન ભવિષ્યકાળ | પહેલો | तस्मि | तास्व: | तास्म: | ताहे | तास्वहे | तास्महे |
| | | બીજો | तासि | तास्थ: | तास्थ | तासे | तासाथे | ताध्वे |
| | | ત્રીજો | ता | तारौ | तार: | ता | तारौ | तार: |
| ૨. | સામાન્ય ભવિષ્યકાળ | પહેલો | स्यामि | स्याव: | स्याम: | स्ये | स्यावहे | स्यामहे |
| | | બીજો | स्यसि | स्यथ: | स्यथ | स्यसे | स्येथे | स्यध्वे |
| | | ત્રીજો | स्यति | स्यत: | स्यन्ति | स्यते | स्येते | स्यन्ते |
| ૩. | ક્રિયાતિપત્ત્યર્થ | પહેલો | स्यम् | स्याव | स्याम | स्ये | स्यावहि | स्यामहि |
| | | બીજો | स्य: | स्यतम् | स्यत | स्यथा: | स्येथाम् | स्यध्वम् |
| | | ત્રીજો | स्यत् | स्यताम् | स्यन् | स्यत | स्येताम् | स्यन्त |
| ૪. | આશીર્વાદાર્થ | પહેલો | यासम् | यास्व | यास्म | सीय | सीवहि | सीमहि |
| | | બીજો | या: | यास्तम् | यास्त | सीष्ठा: | सीयास्थाम् | सीध्वम् |
| | | ત્રીજો | यात् | यास्ताम् | यासु: | सीष्ट | सीयास्ताम् | सीरन् |

આશીર્વાદાર્થ પરસ્મૈપદ સિવાયના બધા પ્રત્યયો વિકારક છે.

●●●

+ **अयं निज: परो वेति गणना लघुचेतसाम् ।**
આ મારું અને આ પારકું એવી ગણત્રી સંકુચિત મનવાળાની હોય છે.

+ **नास्ति जाग्रतो भयम् ।**
જાગ્રત રહેનારને ભય હોતો નથી.

# ગણકાર્યરહિત કાળના સામાન્ય નિયમો

(૧) ગણકાર્યરહિત કાળમાં ગણનો ભેદ નથી, ગણની નિશાની લાગે નહીં અને મૂળધાતુને કાળનો પ્રત્યય લાગે.

(૨) વિકારક પ્રત્યયો લાગતા ધાતુના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

(૩) स् અને त् થી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે સેટ્ ધાતુઓને इ લાગે, અનિટ્ ધાતુઓને इ ન લાગે અને વેટ્ ધાતુઓને વિકલ્પે इ લાગે.

(૪) कृत्, चृत्, छृद्, तृद्, नृत् ધાતુઓ સેટ્ હોવા છતાં તેમને અદ્યતન ભૂતકાળ સિવાયના सादि પ્રત્યયો પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. कृत् + स्यति = कर्तिष्यति, कर्त्स्यति । તે કાપશે.

(૫) દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓ અને वृ ધાતુને લાગેલી સેટ્ ની इ વિકલ્પે દીર્ઘ થાય. અદ્યતન ભૂતકાળ પરસ્મૈપદ, આશીર્વાદાર્થ આત્મનેપદ અને પરોક્ષ ભૂતકાળમાં આ નિયમ લાગતો નથી.

દા.ત. गॄ + तास्मि = गरितास्ति, गरीतास्मि । હું બોલીશ.

वृ + तास्मि = वरितास्मि, वरीतास्मि । હું વરીશ.

वृ + ईत् = अवारीत् । (અદ્યતનભૂતકાળ, ૫મો પ્રકાર, પરસ્મૈપદ) તે વર્યો.

वृ + सीष्ट = वरिषीष्ट । (આશીર્વાદાર્થ, આત્મનેપદ) તે વરે.

गॄ + व = जगरिव । (પરોક્ષ ભૂતકાળ) અમે બે બોલ્યા.

(૬) ધાતુના અન્ત્ય ए, ऐ, ओ, औ નો आ થાય.

દા.ત. गै + तास्मि = गातास्मि । હું ગાઈશ.

वे + तास्मि = वातास्मि । હું વણીશ.

दो + तास्मि = दातास्मि । હું કાપીશ.

(૭) दरिद्रा ધાતુનો અન્ત્ય आ અદ્યતનભૂતકાળમાં વિકલ્પે લોપાય અને બાકીના ગણકાર્યરહિત કાળમાં નિત્ય લોપાય.

દા.ત. दरिद्रा + इ + तास्मि = दरिद्रितास्मि । હું દરિદ્ર થઈશ.

अदरिद्रीत्, अदरिद्रासीत् । તે દરિદ્ર થયો.

(૮) मृ ધાતુ (૬ઠ્ઠો ગણ, આત્મનેપદ, મરવું) અદ્યતન ભૂતકાળ અને આશીર્વાદાર્થ સિવાય પરસ્મૈપદી બને.

દા.ત. ममार । હું મર્યો.

मर्तास्मि । હું મરીશ.

मरिष्यति । તે મરશે.

अमरिष्यत् । તે મર્યો હોત.

अमृत । તે મર્યો.

मृषीष्ट । તે મરે.

(૯) પરોક્ષ સિવાયના ગણકાર્યરહિત કાળમાં ग्रह् ધાતુને દીર્ઘ ई લાગે.

દા.ત. ग्रहीतास्मि । હું ગ્રહણ કરીશ.

ग्रहीष्यामि । હું ગ્રહણ કરીશ.

जगृहिव । અમે બેએ ગ્રહણ કર્યું.

(૧૦) પરોક્ષના ध्वे, અદ્યતન ભૂતકાળના ध्वम् અને આશીર્વાદાર્થના सीध्वम् પ્રત્યયો પૂર્વે ધાતુના અન્તે अ કે आ સિવાયના સ્વર કે य्, र्, ल्, व्, ह् હોય તો ध् નો ढ् થાય. જો ધાતુને અન્તે य्, र्, ल्, व्, ह् પછી इ હોય અને પછી આ પ્રત્યયો આવે તો વિકલ્પે ध् નો ढ् થાય.

દા.ત. कृ + ध्वे = चकृढ्वे । તમે કર્યું.

वृ + ध्वे = ववरिध्वे, ववरिढ्वे । તમે વર્યા.

(૧૧) द्रुह्, मुह्, स्नुह्, स्निह् ધાતુઓ + ૨૪ વ્યંજનોમાંનો વ્યંજન કે ० = ह् નો घ् કે ढ् થાય

દા.ત. द्रुह् + तास्मि = द्रोढ् + तास्मि = द्रोढ् + ढास्मि = द्रोढास्मि । હું દ્રોહ કરીશ.

द्रुह् + तास्मि = द्रोघ् + तास्मि = द्रोघ् + धास्मि = द्रोग्धास्मि । હું દ્રોહ કરીશ.

(૧૨) नह् ધાતુ + ૨૪ વ્યંજનોમાંનો વ્યંજન કે ० = ह् નો ध् થાય.

દા.ત. नह् + तास्मि = नध् + तास्मि = नध् + धास्मि = नद्धास्मि । હું બાંધીશ.

(૧૩) ગણકાર્યરહિત કાળમાં अज् (सेट्) ધાતુનો वि આદેશ થાય. यादि સિવાયના વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે વિકલ્પે अज् નો वि આદેશ થાય. वि આદેશ અનિટ્ છે.

દા.ત. अज् + तास्मि = अजितास्मि, वेतास्मि । હું જઈશ.

अज् + यात् = वि + यात् = वीयात् । તે જાય.

(૧૪) ઉપાન્ત્ય હ્રસ્વ ऋ વાળા અનિટ્ ધાતુઓ + અઘોષ વ્યંજનાદિ વિકારક પ્રત્યયો = વિકલ્પે ऋ નો र् થાય. सृज्, दृश् + અઘોષ વ્યંજનાદિ વિકારક પ્રત્યયો = નિત્ય ऋ નો र् થાય.

દા.ત. स्पृश् + तास्मि = स्प्रष्टास्मि, स्पर्ष्टास्मि । હું સ્પર્શ કરીશ.

सृज् + तास्मि = स्रष्टास्मि । હું સર્જન કરીશ.

दृश् + तास्मि = द्रष्टास्मि । હું જોઈશ.

(૧૫) मस्ज्, नश् ધાતુઓ + વ્યંજનાદિ વિકારક પ્રત્યયો = ધાતુના अ પછી न् ઉમેરાય. ત્યારે इ ન લાગે.

દા.ત. मस्ज् + तास्मि = मङ्क्तास्मि । હું સ્નાન કરીશ.

नश् + तास्मि = नंष्टास्मि । હું ભાગીશ.

(૧૬) चक्ष् ધાતુ ગણકાર્યવિશિષ્ટ કાળમાં જ વપરાય છે. ગણકાર્યરહિત કાળમાં चक्ष् ધાતુના ख्या અને क्शा આદેશ થાય છે. પરોક્ષમાં चक्ष् નો વિકલ્પે ख्या અને क्शा આદેશ થાય.

દા.ત. चक्ष् + तास्मि = ख्यातास्मि, ख्याताहे, क्शातास्मि, क्शाताहे । હું બોલીશ.

चक्ष् → चचक्षे, चख्यौ, चख्ये, चक्शौ, चक्शे । હું બોલ્યો.

(૧૭) ગણકાર્યરહિત કાળમાં દશમા ગણના ધાતુઓને अय ની બદલે अय् લાગે. ત્યારે ધાતુના અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

(૧૮) कुट्, स्फुट्, त्रुट्, स्फुर्, नू, धू-આ છઠ્ઠા ગણના ધાતુઓ અને कु, कुच्, गुज्, गुर्, छुर्, पुट्, लुट् ધાતુઓમાં કોઈપણ વિકારક પ્રત્યય પૂર્વે ગુણ-વૃદ્ધિ ન થાય. પરોક્ષના પહેલો પુરુષ એકવચનમાં અને ત્રીજો પુરુષ એકવચનમાં, પ્રેરકમાં અને અદ્યતનભૂતકાળના इ પૂર્વે દશમા ગણના નિયમો પ્રમાણે ગુણ-વૃદ્ધિ થાય. પરોક્ષ પહેલો પુરુષ એકવચનમાં અન્ત્ય સ્વરની વિકલ્પે વૃદ્ધિ થાય, ગુણ ન થાય અને ઉપાન્ત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય.

દા.ત. कुट् + तास्मि = कुटितास्मि । હું આડાઈ કરીશ.
तुत्रोट-तुत्रुट । તેણે તોડ્યું.
त्रोटयति, त्रोटयते । તે તોડે છે.
अत्रोटि । તેણે તોડ્યું.
नुनाव-नुनुव । તેણે સ્તુતિ કરી.
चुकोट-चुकुट । તેણે આડાઈ કરી.

(૧૯) આશીર્વાદાર્થ પરસ્મૈપદ સિવાયના ગણકાર્યરહિત કાળમાં भ्रस्ज् નો भर्ज् વિકલ્પે થાય. भ्रस्ज् ના स् નો લોપ ન થાય ત્યારે ज् થાય.

દા.ત. भ्रस्ज् + तास्मि = भ्रष्टास्मि, भर्ष्टास्मि । હું ભુંજીશ.
भ्रस्ज् + यात् = भृज्ज्यात् । તે ભુંજે.

(૨૦) मि (૫મો ગણ, આત્મનેપદ, ફેંકવું, ઉમેરવું), मी (૯મો ગણ, ઉભયપદ, મારી નાખવું), दी (૪થો ગણ, આત્મનેપદ, નાશ પામવું) + વિકારક પ્રત્યય = અન્ત્ય સ્વરનો आ થાય. ली (૯મો ગણ, પરસ્મૈપદ, ૪થો ગણ, આત્મનેપદ) + વિકારક પ્રત્યય = અન્ત્ય

સ્વરનો વિકલ્પે आ થાય.

દા.ત. मि + तास्मि = मातास्मि । હું ઉમેરીશ, હું ફેંકીશ.
લી + तास्मि = लातास्मि, लेतास्मि । હું ચોંટીશ.

(૨૧) ऊर्णु ધાતુને વિકારક પ્રત્યય પૂર્વે સેટ્‌ની इ લાગે ત્યારે અન્ત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય.

દા.ત. ऊर्णु + इ + तास्मि = ऊर्णुवितास्मि, ऊर्णवितास्मि । હું ઢાંકીશ.

(૨૨) विज् ધાતુ (૩જો ગણ, પરસ્મૈપદ) અનિટ્ છે. विज् ધાતુ (૬ઠ્ઠો ગણ, આત્મનેપદ, ૭મો ગણ, પરસ્મૈપદ) સેટ્ છે. જ્યારે સેટ્‌નો इ લાગે ત્યારે ગુણ ન થાય.

દા.ત. विज् + तास्मि = वेक्तास्मि । હું જુદું કરીશ.
विज् + तास्मि = विजितास्मि । હું જુદું કરીશ.
विज् + ताहे = विजिताहे । હું જુદું કરીશ.

(૨૩) સ્વરાદિ પ્રત્યયો પૂર્વે जभ् અને रध् ધાતુઓના अ પછી न् લાગે. रध् ધાતુને જ્યારે इ લાગે ત્યારે પરોક્ષમાં જ अ પછી न् લાગે. रध् ધાતુને પરોક્ષ સિવાય इ લાગે ત્યારે અને અદ્યતન ભૂતકાળમાં अ પછી न् ન લાગે.

દા.ત. जभ् + ए = जजन्भे = जजम्भे । મેં બગાસુ ખાધું.
रध् + इ + व = ररन्धिव । અમે બેએ રાંધ્યું.
रध् + इ + तास्मि = रधितास्मि । હું રાંધીશ.
रध् + अ + अन् = अरधन् । તેમણે રાંધ્યું.

(૨૪) ગણકાર્યવિશિષ્ટ કાળ અને પરોક્ષ સિવાયના સ્વરાદિ પ્રત્યયો પૂર્વે रभ् અને लभ् ધાતુઓને अ પછી न् લાગે.

દા.ત. रभ् + इ + ता = रम्भिता । તે શરૂ કરશે.
लभ् + इ + ता = लम्भिता । તે મેળવશે.

(૨૫) અદ્યતન ભૂતકાળમાં અને ક્રિયાતિપત્ત્યર્થમાં अधि + इ માં વિકલ્પે इ નો गा થાય. વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે गा નો गी થાય.

દા.ત. अधि + इ = स्यत = अध्यगीष्यत, अध्यैष्यत । તે ભણ્યો હોત.
अधि + इ + स्त = अध्यगीष्ट, अध्यैष्ट । તે ભણ્યો.

(૨૬) सह् અને वह् ધાતુઓના ह् નો ढ् થઈ લોપાય ત્યારે ढ् ની પૂર્વેના अ નો ओ થાય.
દા.ત. सह् + ताहे = सहिताहे, सोढाहे । હું સહન કરીશ.
वह् + तास्मि = वोढास्मि । હું વહન કરીશ.

(૨૭) अस् અને ब्रू માત્ર ગણકાર્યવિશિષ્ટ કાળમાં જ વપરાય છે. ગણકાર્યરહિત કાળોમાં अस् નો भू અને ब्रू નો वच् આદેશ થાય.
દા.ત. अस् + तास्मि = भू + तास्मि = भवितास्मि । હું થઈશ.
ब्रू + तास्मि = वच् + तास्मि = वक्तास्मि । હું બોલીશ.

(૨૮) ધાતુને અન્તે स् + सादि પ્રત્યય = ધાતુના स् નો त् થાય.
દા.ત. वस् + स्यामि = वत्स्यामि । હું વસીશ.

(૨૯) व् અંતવાળા ધાતુઓ + અંતઃસ્થ અને અનુનાસિક સિવાયના વ્યંજનથી શરૂ થતા અવિકારક પ્રત્યય = व् નો ऊ થાય. अ કે आ + ऊ = औ થાય.
દા.ત. धाव् + त = धाऊ + त = धौत । ધોયેલ.

(૩૦) પરોક્ષ અને અદ્યતનભૂતકાળના ત્રીજા પ્રકારમાં अ થી શરૂ થતા ધાતુઓની દ્વિરુક્તિમાં अ નો आ થાય.
દા.ત. अट् → आट, आटीत् । તે ભમ્યો.

(૩૧) બધા ગણકાર્યરહિત કાળોમાં कम् (૧લો ગણ) ધાતુને વિકલ્પે अय् લાગે.
દા.ત. कम् → चकमे, कामयाञ्चक्रे । તેણે ઇચ્છ્યું.

(૩૨) र् વાળો ઉપસર્ગ + नर्द् , नट् (૧૦મો ગણ), नाथ्, नाध्, नन्द्, नक्क्, नृ અને नृत् સિવાયના न्-કારાદિ ધાતુઓ = न् નો ण् થાય.
દા.ત. परि + नी = परिणिनाय । તે પરણ્યો.

(૩૩) गुप्, धूप् વગેરેમાં વિકલ્પે आय् લાગે.
દા.ત. गोपिष्यति, गोपायिष्यति । તે રક્ષણ કરશે.

●●●

# શ્વસ્તન ભવિષ્યકાળના નિયમો

(૧) કાલનું ભાવિ કાર્ય બતાવે તે શ્વસ્તન ભવિષ્યકાળ.

દા.ત. श्वः देशनां श्रोतास्मि । આવતી કાલે હું દેશના સાંભળીશ.

(૨) इष्, सह्, लुभ्, रुष्, रिष् ધાતુઓને પ્રત્યયો પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. इष् + तास्मि + एषितास्मि, एष्टास्मि । હું ઇચ્છીશ.

लुभ् + तास्मि = लोभितास्मि, लोब्धास्मि । હું લોભી થઈશ.

(૩) क्लृप् ધાતુ વિકલ્પે પરસ્મૈપદી બને. પરસ્મૈપદમાં તેને इ ન લાગે.

દા.ત. क्लृप् + तास्मि = कल्प्तास्मि । હું સમર્થ થઈશ.

क्लृप् + ताहे = कल्प्ताहे, कल्पिताहे । હું સમર્થ થઈશ.

●●●

+ **महद्भिः प्रतिष्ठितः अश्मा अपि देवो भवति, किं पुनर्मनुष्यः ?**
મહાપુરુષો દ્વારા સ્થાપિત પથ્થર પણ જો દેવ બની જાય છે તો મનુષ્યનું તો પૂછવું જ શું ?

+ **अप्रतिविधातरि कार्यनिवेदनम् अरण्ये रुदितमिव ।**
કાર્ય કરવામાં અસમર્થ સમક્ષ કાર્યની પ્રાર્થના કરવી એ જંગલમાં રુદન કરવા સમાન છે.

+ **दुराग्रहस्य हितोपदेशः बधिरस्याग्रतो गानमिव ।**
દુરાગ્રહીને હિતોપદેશ એટલે બહેરા આગળ સંગીત.

+ **न तथेषवः प्रभवन्ति यथा प्रज्ञावतां प्रज्ञा ।**
બાણ એટલાં સફળ નથી થતાં જેટલી પ્રજ્ઞાવાનોની પ્રજ્ઞા.

## સામાન્ય ભવિષ્યકાળ અને ક્રિયાતિપત્ત્યર્થના નિયમો

(૧) સામાન્યથી (કોઈ પણ કાળનું) ભાવિ કાર્ય બતાવે તે સામાન્ય ભવિષ્યકાળ. તે વિશેષ કરીને આજનો જ આવતો સમય બતાવે છે.
દા.ત. अद्याऽहमुद्यानं गमिष्यामि । આજે હું બગીચામાં જઈશ.

(૨) સાંકેતિક વાક્યોમાં જ્યારે સંકેત કે શરત પૂર્ણ થઈ નથી એવો ભાવ બતાવવામાં આવે ત્યારે ક્રિયાતિપત્ત્યર્થનો પ્રયોગ થાય.
દા.ત. यदि स सुष्ठु अपठिष्यत् तर्हि परीक्षायामुत्तीर्णो अभविष्यत् ।
જો તે બરાબર ભણ્યો હોત તો પરીક્ષામાં પાસ થાત.

(૩) ક્રિયાતિપત્ત્યર્થમાં હ્યસ્તન ભૂતકાળની જેમ વ્યંજનાદિ ધાતુની આદિમાં अ મુકાય અને સ્વરાદિ ધાતુના આદ્ય સ્વરની વૃદ્ધિ થાય.

દા.ત. कृ + स्यत् = अकरिष्यत् । તેણે કર્યું હોત.
इष् + स्यत् = ऐषिष्यत् । તેણે ઇચ્છ્યું હોત.

(૪) गम्, हन् અને ऋ-કારાન્ત ધાતુઓ અનિટ્ હોવા છતાં તેમને इ લાગે.

દા.ત. गम् + स्यामि = गमिष्यामि । હું જઈશ.
स्मृ + स्यत् = अस्मरिष्यत् । તેણે યાદ કર્યું હોત.

(૫) क्लृप्, वृत्, वृध्, शृध्, स्यन्द् ધાતુઓ વિકલ્પે પરસ્મૈપદી બને. પરસ્મૈપદમાં તેમને इ ન લાગે.

દા.ત. क्लृप् + स्यामि = कल्प्स्यामि । હું સમર્થ થઈશ.
क्लृप् + स्ये = कल्पिष्ये, कल्प्स्ये । હું સમર્થ થઈશ.

(૬) कृत् અને नृत् ધાતુઓ સેટ્ હોવા છતાં તેમને વિકલ્પે इ લાગે.
દા.ત. कृत् + स्यति = कर्तिष्यति, कर्त्स्यति । તે કાપશે.

(૭) इ નો गम् આદેશ થાય.
દા.ત. इ + स्यति = गमिष्यति । તે જશે.
इ + स्यत् = अगमिष्यत् । તે ગયો હોત.

●●●

# આશીર્વાદાર્થના નિયમો

(૧) કોઈને આશીર્વાદ આપવા વગેરેના અર્થમાં આશીર્વાદાર્થનો પ્રયોગ થાય છે.

દા.ત. शुभं भूयात् श्रीसङ्घस्य । શ્રીસંઘનું સારું થાઓ.

## પરસ્મૈપદના નિયમો

(૧) પરસ્મૈપદના બધા પ્રત્યયો અવિકારક છે. સેટ્ ધાતુઓને इ ન લાગે. પરસ્મૈપદના બધા પ્રત્યયો પૂર્વે ગણકાર્યવિશિષ્ટ કાળના કર્મણિના બધા નિયમો લાગે.

દા.ત. कृ + यात् = क्रियात् । તે કરે.

जॄ + यात् = जीर्यात् । તે ઘરડો થાય.

जि + यात् = जीयात् । તે જીતે.

(૨) दा, धा, मा, स्था, गै, पा (પીવું), सो, हा માં ધાતુના અન્ત્ય સ્વરનો ए થાય.

દા.ત. दा + यासम् = देयासम् । હું આપું.

(૩) ધાતુને અન્તે સંયુક્ત વ્યંજન ઉપર आ હોય તો વિકલ્પે आ નો ए થાય.

દા.ત. ग्लै + यासम् = ग्ला + यासम् = ग्लायासम्, ग्लेयासम् ।
હું ગ્લાન થાઉં.

(૪) शास् નો शिष्, हन् નો वध् અને ऋ નો अर् આદેશ થાય.

દા.ત. शास् + यात् = शिष्यात् । તે રાજ્ય કરે.

हन् + यात् = वध्यात् । તે હણે.

ऋ + यात् = अर्यात् । તે જાય.

(૫) દસમા ગણના ધાતુઓને अय ન લાગે પણ દસમા ગણના નિયમ પ્રમાણે ગુણ-વૃદ્ધિ થાય.

દા.ત. चुर् + यासम् = चोर्यासम् । હું ચોરી કરું.

तड् + यासम् = ताड्यासम् । હું મારું.

दृ + यासम् = दार्यासम् । હું ફાડું.

## આત્મનેપદના નિયમો

(૧) આત્મનેપદના બધા પ્રત્યયો વિકારક છે. સેટ્ ધાતુઓને इ લાગે.

દા.ત. मुद् + सीष्ट = मोदिषीष्ट । તે ખુશ થાય.

(૨) વેટ્ ધાતુઓ, દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓ, સંયુક્ત વ્યંજન પર હ્રસ્વ ऋ-કારાન્ત ધાતુઓ અને वृ ધાતુને વિકલ્પે इ લાગે. इ લાગે ત્યારે ગુણ થાય.

દા.ત. स्तॄ + सीष्ट = स्तरिषीष्ट, स्तीर्षीष्ट । તે ઢાંકે.

स्तृ + सीष्ट = स्तरिषीष्ट, स्तृषीष्ट । તે ઢાંકે.

वृ + सीष्ट = वरिषीष्ट, वृषीष्ट । તે વરે.

(૩) હ્રસ્વ કે દીર્ઘ ऋ-કારાન્ત ધાતુઓ અને ઉપાન્ત્ય સ્વરવાળા ધાતુઓને જ્યારે इ ન લાગે ત્યારે ગુણ-વૃદ્ધિ થાય નહીં.

દા.ત. कृ + सीष्ट = कृषीष्ट । તે કરે.

मुच् + सीष्ट = मुक्षीष्ट । તે છોડે.

(૪) દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓને इ ન લાગે ત્યારે ॠ નો इर् થાય, ઓષ્ઠ્ય વ્યંજન કે व् ઉપર આવેલા ॠ નો उर् થાય. इर्, उर् + વ્યંજન = ईर्, ऊर् + વ્યંજન.

દા.ત. स्तॄ + सीष्ट = स्तरिषीष्ट, स्तीर्षीष्ट । તે ઢાંકે.

वॄ + सीष्ट = वरिषीष्ट, वूर्षीष्ट । તે વરે.

(૫) દસમા ગણના ધાતુઓને अय् લાગે. ત્યારે દસમા ગણના ગુણ-વૃદ્ધિના નિયમો લાગે.

દા.ત. मृष् + अय् + इ + सीष्ट = मर्षयिसीष्ट । તે સહન કરે.

●●●

# પરોક્ષ ભૂતકાળના નિયમો

(i) ક્રિયા ઘણા કાળ પૂર્વે થઈ ગઈ હોય અથવા કહેનાર વ્યક્તિએ તે ક્રિયા થતી જોઈ ન હોય તો તે ક્રિયાને જણાવવા પરોક્ષ ભૂતકાળ વપરાય છે. ઘણા પ્રાચીન સમયની કથા કહેવા માટે પરોક્ષ ભૂતકાળ વપરાય છે.

દા.ત. श्रीवीरः प्रवव्राज । શ્રીવીરપ્રભુએ પ્રવ્રજ્યા લીધી.

(ii) પહેલા પુરુષમાં બોલનારે જે વાત બેશુદ્ધિમાં કરી હોય, અથવા તે કોઈ વાત છુપાવવા માગતો હોય તો તે બતાવવા પરોક્ષ ભૂતકાળ વપરાય છે.

દા.ત. सुप्तोऽहं बहु प्रललाप । સૂતેલા એવા મેં ઘણો પ્રલાપ કર્યો.

नाऽहं कलिङ्गाञ्जगाम । હું કલિંગ દેશમાં ગયો નથી.

## પરોક્ષ ભૂતકાળના પ્રત્યયો

| પુરુષ | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| પહેલો | [अ] | व | म | ए | वहे | महे |
| બીજો | [थ] | अथुस् | अ | से | आथे | ध्वे |
| ત્રીજો | [अ] | अतुस् | उस् | ए | आते | इरे |

☐ = વિકારક પ્રત્યયો.

(૧) પરસ્મૈપદના પહેલો પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષના એકવચનના પ્રત્યયો વિકારક છે, શેષ બધા પ્રત્યયો અવિકારક છે. આત્મનેપદના બધા પ્રત્યયો અવિકારક છે.

(i) પહેલો પુરુષ એકવચનનો अ લાગતા ધાતુના અન્ત્ય કોઈપણ સ્વરના ગુણ અને વૃદ્ધિ થાય, ઉપાન્ત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ થાય અને ઉપાન્ત્ય

હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. कृ + अ = चकार, चकर । મેં કર્યું.

पच् + अ = पपाच, पपच । મેં રાંધ્યું.

बुध् + अ = बुबोध । હું બોધ પામ્યો.

(ii) બીજો પુરુષ એકવચનનો थ લાગતા અન્ત્ય કોઈપણ સ્વરનો અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. कृ + थ = चकर्थ । તેં કર્યું.

बुध् + थ = बुबोधिथ । તું બોધ પામ્યો.

(iii) ત્રીજો પુરુષ એકવચનનો अ લાગતા અન્ત્ય કોઈપણ સ્વરની અને ઉપાન્ત્ય अની વૃદ્ધિ તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. कृ + अ = चकार । તેણે કર્યું.

पच् + अ = पपाच । તેણે રાંધ્યું.

बुध् + अ = बुबोध । તે બોધ પામ્યો.

(૨) ત્રીજા ગણના દ્વિરુક્તિના નિયમો પ્રમાણે અહીં દ્વિરુક્તિ થાય.

દા.ત. कृ + अ = चकार । તેણે કર્યું.

(૩) વ્યંજનથી શરૂ થતા પ્રત્યયની પૂર્વે સેટ્ અને અનિટ્ ધાતુઓને અવશ્ય इ લાગે, વેટ્ ધાતુઓને વિકલ્પે इ લાગે.

દા.ત. સેટ્ → क्षुभ् + व = चुक्षुभिव । અમે બે ખળભળ્યા.

અનિટ્ → बुध् + व = बुबुधिव । અમે બે બોધ પામ્યા.

વેટ્ → मुह् + व = मुमुहिव, मुमुह्व । અમે બે મોહ પામ્યા.

**અપવાદ** -

(i) कृ, सृ, भृ, वृ, स्तु, द्रु, स्रु, श्रु ધાતુઓને इ ન લાગે.

દા.ત. कृ + व = चकृव । અમે બેએ કર્યું.

(ii) હ્રસ્વ ऋ-કારાન્ત અનિટ્ ધાતુઓને थ પ્રત્યય પૂર્વે इ ન લાગે.

દા.ત. मृ + थ = ममर्थ । તું મર્યો.

(iii) સ્વરાન્ત અનિટ્ ધાતુઓ, વચ્ચે अ વાળા વ્યંજનાન્ત અનિટ્ ધાતુઓ અને સૃજ્-દૃશ્ ધાતુઓને थ પ્રત્યય પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. नी + थ = निनयिथ, निनेथ । તું લઈ ગયો.

शक् + थ = शेकिथ, शशक्थ । તું શક્તિમાન થયો.

सृज् + थ = ससर्जिथ, सस्रष्ठ । તેં સર્જ્યું.

(iv) स्वृ, सू (૨જો-૪થો ગણ), धू (૫મો-૯મો ગણ) ધાતુઓ વેટ્ હોવા છતાં તેમને थ પ્રત્યય પૂર્વે જ વિકલ્પે इ લાગે, અન્યત્ર નિત્ય इ લાગે.

દા.ત. स्वृ + थ = सस्वरिथ, सस्वर्थ । તેં અવાજ કર્યો.

स्वृ + व = सस्वरिव । અમે બેએ અવાજ કર્યો.

धू + थ = दुधविथ, दुधोथ । તેં હલાવ્યું.

धू + व = दुधुविव । અમે બેએ હલાવ્યું.

(v) वे, व्ये, अद्, घस्, ऋ, सम् + कृ ધાતુઓને थ પ્રત્યય પૂર્વે નિત્ય इ લાગે. ( (iii) થી વિકલ્પે इ લાગતી હતી. તેથી નિત્ય इ લગાડવા આ નિયમ કર્યો.)

દા.ત. ऋ + थ = आरिथ । તું ગયો.

(vi) वृ ધાતુ સેટ્ હોવા છતાં તેને थ પૂર્વે વિકલ્પે इ લાગે.

દા.ત. वृ + थ = ववरिथ, ववर्थ । તું વર્યો.

(૪) દ્વિરુક્તિમાં इ, उ + સજાતીય સ્વર = બન્ને મળીને ई, ऊ થાય.

દા.ત. इष् + व = इइष् + इ + व = ईषिव । અમે બેએ ઇચ્છા કરી.

(૫) इ (જવું)માં અવિકારક પ્રત્યયો પૂર્વે દ્વિરુક્ત इ દીર્ઘ થાય.

દા.ત. इ + इ + व = इइ + इव = इय् + इव (પાના નં. ૬૯ નિયમ

૨જો, અપવાદ (ii) થી इ નો य् થાય) = ईय् + इव = ईयिव ।
અમે બે ગયા.

(૬) (i) आ-કારાન્ત ધાતુઓને પરસ્મૈપદના પહેલો પુરુષ-ત્રીજો પુરુષ એકવચનમાં अ ની બદલે औ પ્રત્યય લાગે.

દા.ત. दा + अ = ददा + औ = ददौ । મેં આપ્યું.

(ii) आ-કારાન્ત ધાતુઓ + સેટ્‌ની इ કે સ્વરાદિ પ્રત્યયો = ધાતુના आ નો લોપ થાય.

દા.ત. दा + इ + व = ददा + इव = दद् + इव = ददिव । અમે બેએ આપ્યું.

दा + उस् = ददा + उस् = दद् + उस् = ददुः । તેઓએ આપ્યું.

(૭) (i) દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓ, સંયુક્ત વ્યંજન પર હ્રસ્વ ऋ-કારાન્ત ધાતુઓ, ऋ, ऋच्छ् અને जागृ ધાતુઓના ॠ કે ऋ નો બધા પ્રત્યયો પર ગુણ થાય.

દા.ત. कॄ + इव = चकरिव । અમે બેએ હિંસા કરી.

स्वृ + इव = सस्वरिव । અમે બેએ અવાજ કર્યો.

ऋ + इव = अर् + इव = आर् + इव = आरिव । અમે બે ગયા.

ऋच्छ् + इव = अर्च्छ् + इव = आनर्च्छ् + इव = आनर्च्छिव ।
અમે બે ગયા.

जागृ + इव = जजागर् + इव = जजागरिव । અમે બે જાગ્યા.

(ii) शॄ, दॄ, पॄ + અવિકારક પ્રત્યય = ધાતુના ॠ નો વિકલ્પે ગુણ થાય. ગુણ ન થાય ત્યારે ॠ નો ऋ થાય.

દા.ત. शॄ + अथुस् = शशर् + अथुस् = शशरथुः । તમે બેએ હિંસા કરી.

शॄ + अथुस् = शशॄ + अथुस् = शश्रथुः । તમે બેએ હિંસા કરી.

(૮) गम्, हन्, जन्, खन्, घस् + સ્વરાદિ અવિકારક પ્રત્યય = ધાતુના ઉપાન્ત્ય अ નો લોપ થાય.

गम्, हन्, जन्, खन्, घस् + સેટ્નો इ + વ્યંજનાદિ અવિકારક પ્રત્યય = ધાતુના ઉપાન્ત્ય अ નો લોપ થાય.

ત્યારે जन् નો ज्ञ् અને घस् નો क्ष् થાય. हन् ધાતુના ह् નો બધા પ્રત્યયો પૂર્વે घ् થાય.

દા.ત. गम् → जग्म् → जग्मिव । અમે બે ગયા. जग्मुः । તેઓ ગયા.
जन् → जज्ञ् → जज्ञिवहे । અમે બે જન્મ્યા. जज्ञिरे । તેઓ જન્મ્યા.
खन् → चख्न् → चख्निव । અમે બેએ ખોદ્યું. चख्नुः । તેમણે ખોદ્યું
घस् → जक्ष् → जक्षिव । અમે બેએ ખાધું. जक्षुः । તેમણે ખાધું.
हन् → जघ्न् → जघ्निव । અમે બેએ હણ્યું. जघ्नुः । તેમણે હણ્યું. जघान । તેણે હણ્યું.

(૯) म्-કારાન્ત ધાતુઓને वादि-मादि પ્રત્યયો પૂર્વે इ ન લાગે ત્યારે म् નો ण् થાય.

દા.ત. क्षम् + व = चक्षण्व, चक्षमिव । અમે બેએ ક્ષમા કરી.

(૧૦) गुप्, धुप्, पण्, पन्, विच्छ् ને વિકલ્પે आय् લાગે.
દા.ત. गुप् → जुगोप, गोपायाञ्चकार, गोपायाञ्चकर । મેં રક્ષણ કર્યું.

(૧૧) ધાતુઓના પરોક્ષભૂતકાળમાં આદેશ થયેલા અંગો અને રૂપો-

| ક્ર. | ધાતુ | અંગ | રૂપ | અર્થ |
|---|---|---|---|---|
| ૧. | जि | जिगि | जिगाय, जिगय | હું જીત્યો. |
| ૨. | हि | जिघि | जिघाय, जिघय | મેં મોકલ્યું. |
| ૩. | चि | चिचि, चिकि | चिचाय, चिचय,<br>चिकाय, चिकय | મેં ભેગું કર્યું. |

| ક્ર. | ધાતુ | અંગ | રૂપ | અર્થ |
|---|---|---|---|---|
| ૪. | अधि +इ | अधिजगा | अधिजगे | હું ભણ્યો. |
| ૫. | ऊर्णु | ऊर्णुनु | ऊर्णुनाव,<br>ऊर्णुनुविथ, ऊर्णुनविथ | મેં ઢાંક્યું<br>તેં ઢાંક્યું. |
| ૬. | दी | दिदी | दिदीये | તે નાશ પામ્યો. |
| ૭. | दे | दिगि | दिग्ये | તેણે રક્ષણ કર્યું. |
| ૮. | द्युत् | दिद्युत् | दिद्युते | તે ચમક્યો. |
| ૯. | प्यै | पिपी | पिप्ये | તે વધ્યો. |
| ૧૦. | अद् | आद्, जघस् | आद, जघास,<br>जघस | મેં ખાધું. |
| ૧૧. | भू | बभूव् | बभूव | તે થયો. |
| ૧૨. | ब्रू | उवच् | उवाच | તે બોલ્યો. |
| ૧૩. | विज् | विविज् | विविजे | તેણે જુદું કર્યું. |
| ૧૪. | व्यथ् | विव्यथ् | विव्यथे | તે ડર્યો. |
| ૧૫. | व्ये | विव्यय् | विव्याय | તેણે ઢાંક્યું. |
| ૧૬. | अस् | बभूव् | बभूव | તે હતો. |

## एत्व પ્રકરણ

(૧) ધાતુમાં બે સાદા (જોડાક્ષર અને કાના-માત્રા વિનાના) વ્યંજનની વચ્ચે अ હોય અને દ્વિરુક્તિમાં વ્યંજન બદલાતો ન હોય તો તેવા ધાતુના अ નો અવિકારક પ્રત્યય અને इ + थ પ્રત્યય પૂર્વે ए થાય. ત્યારે દ્વિરુક્તિ ન થાય. આને एत्व કહેવાય છે.

દા.ત. पच् + इ + व = पेच् + इ + व = पेचिव । અમે બેએ રાંધ્યું.

पच् + इ + थ = पेच् + इ + थ = पेचिथ । તેં રાંધ્યું.

(૨) तॄ, फल्, त्रप्, भज्, राध् ધાતુઓમાં પણ एत्व થાય છે.

દા.ત. तॄ + इ + व = तर् + इ + व (પાના નં. ૧૧૩ નિયમ ૭ (i) થી ગુણ થાય છે.) = तेर् + इव = तेरिव । અમે બે તર્યા.

फल् + इ + व = फेलिव । અમને બેને ફળ મળ્યું.

त्रप् + इ + व = त्रेपिव । અમે બે શરમાયા.

(૩) जॄ, भ्रम्, त्रस्, फण्, राज्, भ्राज्, भ्राश्, भ्लाश्, स्यम्, स्वम्, स्वन् ધાતુઓમાં વિકલ્પે एत्व થાય છે.

દા.ત. जॄ + इ + व = जजरिव, जेरिव । અમે બે ઘરડા થયા.

भ्रम् + इ + व = बभ्रमिव, भ्रेमिव । અમે બે ભમ્યા.

(૪) श्रन्थ्, ग्रन्थ्, दम्भ् ધાતુઓમાં બધા પ્રત્યયો પૂર્વે વિકલ્પે एत्व થાય. एत्व થાય ત્યારે અનુનાસિક લોપાય.

દા.ત. श्रन्थ् + अ = श्रेथ, शश्रन्थ । તું ઢીલો થયો.

श्रन्थ् + इ + व = श्रेथिव, शश्रन्थिव । અમે બે ઢીલા થયા.

(૫) शस्, दद् અને व् થી શરૂ થતા ધાતુઓમાં एत्व ન થાય.

દા.ત. शस् + इ + व = शशसिव । અમે બેએ હિંસા કરી.

दद् + इ + वहे = दददिवहे । અમે બેએ આપ્યું.

वम् + इ + व = ववमिव । અમે બેએ વમન કર્યું.

## સંપ્રસારણ

કર્મણિપ્રયોગની જેમ પરોક્ષભૂતકાળમાં પણ સંપ્રસારણ થાય છે.

(૧) (i) વિકારક પ્રત્યયો પૂર્વે ધાતુની દ્વિરુક્તિ થયા પછી દ્વિરુક્તિમાં સંપ્રસારણ થાય છે. ધાતુની આદિમાં સંયુક્ત વ્યંજન હોય તો આખા સંયુક્ત વ્યંજનની દ્વિરુક્તિ થયા પછી દ્વિરુક્તિમાં સંપ્રસારણ થાય.

દા.ત. यज् + अ = ययज् + अ = इयज् + अ = इयाज, इयज । મેં યજ્ઞ કર્યો.

स्वप् + अ = स्वस्वप् + अ = सुस्वप् + अ = सुष्वाप, सुष्वप। હું સૂતો.

(ii) અવિકારક પ્રત્યયો પૂર્વે ધાતુમાં સંપ્રસારણ થયા પછી દ્વિરુક્તિ થાય.

દા.ત. स्वप् + इ + व = सुप् + इव = सुसुप् + इव = सुषुपिव। અમે બે સૂતા.

(૨) प्रच्छ्, भ्रस्ज्, व्रश्च् ધાતુઓમાં સંપ્રસારણ ન થાય.

દા.ત. प्रच्छ् + अ = पप्रच्छ। મેં પૂછ્યું.

प्रच्छ् + इ + व = पप्रच्छिव। અમે બેએ પૂછ્યું.

(૩) બધા પ્રત્યયો પૂર્વે ह्वे નું हु થાય.

દા.ત. ह्वे + अ = हु + अ = जुहु + अ = जुहाव, जुहव। મેં બોલાવ્યા.

(૪) બધા પ્રત્યયો પૂર્વે श्वि નો વિકલ્પે शु થાય.

દા.ત. श्वि + अ = शु + अ = शुशाव, शुशव। હું ગયો.

श्वि + अ = शिश्वाय, शिश्वय। હું ગયો.

(૫) वे ધાતુનો વિકારક પ્રત્યય પૂર્વે उवय् અને અવિકારક પ્રત્યયો પૂર્વે ऊय् અને ऊव् કરીને રૂપો થાય. અથવા वे ધાતુનો બધા પ્રત્યયો પૂર્વે वा કરીને રૂપો થાય.

દા.ત. वे + अ = उवय् + अ = उवाय, उवय। મેં વણ્યું.

वे + इ + व = ऊयिव, ऊविव। અમે બેએ વણ્યું.

वे + अ = वा + औ = ववौ। મેં વણ્યું.

वे + इ + व = वा + इ + व = वव् + इ + व = वविव। અમે બેએ વણ્યું.

(૬) (i) व्ये ધાતુ + વિકારક પ્રત્યય = व्ये નું विव्यय् કરીને રૂપો થાય.

દા.ત. व्ये + अ = विव्यय् + अ = विव्याय, विव्यय। મેં ઢાંક્યું.

(ii) व्ये ધાતુ + અવિકારક પ્રત્યય = व्ये નું વિવી કરીને રૂપો થાય.

દા.ત. व्ये + इ + व = विवी + इ + व = विव्यिव । અમે બેએ ઢાંક્યું. (પાના નં. ૬૯, અપવાદ (iv) થી ई નો य् થાય.)

(૭) ધાતુની આદિમાં સંયુક્ત વ્યંજન હોય તો સંયુક્ત વ્યંજનની સ્વર સહિત દ્વિરુક્તિ કર્યા પછી સંયુક્ત વ્યંજનના બીજા વ્યંજનનું સંપ્રસારણ થાય.

દા.ત. व्यध् + अ = व्यव्यध् + अ = विव्यध् + अ = विव्याध, विव्यध । મેં વીંધ્યું.

## न् આગમ

(i) अ થી શરૂ થતા અને અન્ત્તે સંયુક્ત વ્યંજનવાળા ધાતુઓ,

(ii) ऋ થી શરૂ થતા ધાતુઓ અને

(iii) अश् (૫મો ગણ, આત્મનેપદ) ધાતુ

આટલા ધાતુઓમાં દ્વિરુક્ત થયેલા સ્વર પછી न् લાગે. ત્યારે દ્વિરુક્ત अ નો आ થાય.

દા.ત. अर्द् + अ = अअर्द् + अ = आनर्द । મેં પીડા કરી.

ऋज् + ए = ऋऋज् + ए = अऋज् + ए = आनृजे । હું ગયો.

अश् + ए = अअश् + ए = आनशे । મેં ખાધું.

ऋत् + अ = ऋऋत् + अ = अऋत् + अ = आनर्त । હું ગયો.

## आम् યુક્ત પરોક્ષ ભૂતકાળ

(૧) (i) अ-आ સિવાયના દીર્ઘ સ્વરથી શરૂ થતા ધાતુઓને અને

(ii) ऋच्छ् સિવાયના અન્ત્તે સંયુક્ત વ્યંજનવાળા અને अ સિવાયના હ્રસ્વ સ્વરથી શરૂ થતા ધાતુઓને

आम् લગાડી कृ, भू, अस् ના પરોક્ષ ભૂતકાળના રૂપો લગાડવાથી आम् યુક્ત પરોક્ષ ભૂતકાળના રૂપો થાય છે. ત્યારે મૂળધાતુમાં દ્વિરુક્તિ ન

થાય. પરસ્મૈપદી ધાતુઓને कृ, भू, अस् ના પરોક્ષ પરસ્મૈપદના રૂપો લાગે અને આત્મનેપદી ધાતુઓને कृ ના પરોક્ષ આત્મનેપદના અને भू, अस् ના પરોક્ષ પરસ્મૈપદના રૂપો લાગે.

દા.ત. ईश् + आम् + चक्रे = ईशाञ्चक्रे । મેં રાજ્ય કર્યું.

इन्ध् + आम् + चक्रे = इन्धाञ्चक्रे । તે ચમક્યો.

(૨) आम् વિકારક છે. તે લાગતા ધાતુના અન્ત્ય કોઈપણ સ્વરનો અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. जागृ → जागरामास । (નિયમ (૪) થી आम् લાગે.) હું જાગ્યો.

उष् → ओषाञ्चकार । (નિયમ (૭) થી आम् લાગે.) તેણે બાળ્યું.

(૩) દશમા ગણના ધાતુઓને अय લાગે, દશમા ગણના ગુણ-વૃદ્ધિના નિયમો લાગે, પછી आम् લાગે.

દા.ત. चुर् → चोरयाञ्चकार । તેણે ચોરી કરી.

(૪) (i) દશમા ગણના ધાતુઓ, (ii) પ્રેરક ધાતુઓ, (iii) ઈચ્છાદર્શક ધાતુઓ, (iv) નામસાધિત ધાતુઓ અને (v) અનેકસ્વરી ધાતુઓ - આ ધાતુઓને आम् લાગે.

દા.ત. कथ् → कथयाञ्चकार । તે બોલ્યો.

दा → दापयति → दापयाञ्चकार । તેણે અપાવ્યું.

ज्ञा → जिज्ञास् → जिज्ञासाञ्चकार । તેણે જાણવાની ઈચ્છા કરી.

पुत्रीय → पुत्रीयति → पुत्रीयाञ्चकार । તેણે પુત્ર જેવો માન્યો.

चकास् → चकासाञ्चकार । તે ચમક્યો.

(૫) दय्, अय्, आस्, कास् ધાતુઓને आम् અવશ્ય લાગે.

દા.ત. दय् → दयाञ्चक्रे । તેણે દયા કરી.

अय् → अयाञ्चक्रे । તે ગયો.

आस् → आसाञ्चक्रे । તે બેઠો.

कास् → कासाञ्चक्रे । તેણે ખાંસી ખાધી.

(૬) कम् ધાતુને વિકલ્પે आम् લાગે.

દા.ત. कम् → चकमे, कामयाञ्चक्रे । તેણે ઇચ્છા કરી.

(૭) उष्, विद् (૨જો ગણ), जागृ, सम् + इन्ध् અને दरिद्रा ધાતુઓને વિકલ્પે आम् લાગે. आम् લાગે ત્યારે विद् માં ગુણ ન થાય.

દા.ત. उष् → ओषाञ्चकार, उवोष । તેણે બાળ્યું.

विद् → विदाञ्चकार, विवेद । તેણે જાણ્યું.

जागृ → जागरामास, जजागार, जजागर । તે જાગ્યો.

सम् + इन्ध् → समिन्धाञ्चक्रे, समीधे । તેણે બાળ્યું.

दरिद्रा - दरिद्राञ्चकार, ददरिद्रौ । તે દરિદ્ર થયો.

(૮) गुप्, धुप्, पण्, पन्, विच्छ् ધાતુઓને आय् લાગે ત્યારે आम् લાગે.

દા.ત. गुप् → गोपायामास, जुगोप । તેણે રક્ષણ કર્યું.

(૯) भी, ह्री, भृ, हु આટલા ત્રીજા ગણના ધાતુઓમાં દ્વિરુક્તિ થયા પછી વિકલ્પે आम् લાગે.

દા.ત. भी → बिभयाञ्चकार, बिभाय, बिभय । હું ડર્યો.
ह्री → जिह्रयाञ्चकार, जिह्राय, जिह्रय । હું શરમાયો.
भृ → बिभराञ्चकार, बभार, बभर । મેં ભર્યું.
हु → जुहवाञ्चकार, जुहाव, जुहव । મેં હોમ્યું.

(૧૦) ऊर्णु ધાતુને आम् ન લાગે.

દા.ત. ऊर्णु → ऊर्णुनाव, ऊर्णुनव । મેં ઢાંક્યું.

(૧૧) ગણકાર્યરહિત કાળોમાં अस् ના રૂપો થતા નથી, તેની બદલે भू ના રૂપો થાય છે. आम् યુક્ત પરોક્ષ ભૂતકાળમાં લગાડવા માટે अस् ના નીચે મુજબ રૂપો થાય.

| પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલો | आस<br>હું હતો. | आसिव<br>અમે બે હતા. | आसिम<br>અમે હતા. |
| બીજો | आसिथ<br>તું હતો. | आसथुः<br>તમે બે હતા. | आस<br>તમે હતા. |
| ત્રીજો | आस<br>તે હતો | आसतुः<br>તે બે હતા | आसुः<br>તેઓ હતા. |

## પરોક્ષ કર્મણિ

ધાતુને ઉપરના બધા નિયમો લાગ્યા પછી તેને આત્મનેપદના પ્રત્યયો લગાડવાથી પરોક્ષ કર્મણિના રૂપો થાય છે.

દા.ત. पच् → पेचे । રંધાયું.

●●●

+ **स किं व्ययो यो महान्तमनर्थं रक्षति ?**
એ શું ખર્ચ છે કે જે મોટા નુકસાનથી રક્ષા કરે છે ?

+ **न ह्यौषधिज्ञानादेव व्याधिप्रशमः ।**
ઔષધિના જ્ઞાન માત્રથી રોગની શાંતિ થઈ જતી નથી.

+ **न हि महानप्यन्धसमुदायो रूपमुपलभते ।**
આંધળાઓનો મોટો પણ સમૂહ રૂપને જોઈ શકતો નથી.

+ **जलवत् मार्दवोपेतः पृथूनपि भूभृतो भिनत्ति ।**
વિશાળ પર્વતોને ઉખેડી નાખનાર કોમળ જળની સમાન કોમળતાથી યુક્ત વ્યક્તિ બળવાન રાજાઓને પણ ઉખેડી નાખે છે.

# અદ્યતન ભૂતકાળના નિયમો

(૧) કોઈપણ કાળનો સંબંધ બતાવ્યા વિના થયેલી ક્રિયા બતાવવા, અથવા તો તાજી થયેલી ક્રિયા બતાવવા કે આજના ભૂતકાળની ક્રિયા બતાવવા અદ્યતન ભૂતકાળ વપરાય છે.

દા.ત. जलमपाम् । મેં પાણી પીધું.

(૨) અદ્યતન ભૂતકાળના બધા ધાતુઓ સાત પ્રકારમાં વિભાજિત થયેલા છે. આ સાતે પ્રકારોમાં હ્યસ્તન ભૂતકાળની જેમ વ્યંજનાદિ ધાતુની આગળ अ લાગે અને સ્વરાદિ ધાતુમાં આદ્યસ્વરની વૃદ્ધિ થાય.

દા.ત. दा → अदात् । તેણે આપ્યું. अट् → आटिटत् । તે ભમ્યો.

(૩) નકારદર્શક मा અવ્યયની સાથે અદ્યતન ભૂતકાળ વપરાય ત્યારે આજ્ઞાર્થનો બોધ થાય છે. ત્યારે ભૂતકાળની નિશાની अ નો લોપ થાય છે.

દા.ત. मा त्वं गमः । તું ન જા.

## પહેલો પ્રકાર

### પરસ્મૈપદના પ્રત્યયો

| પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલો | अम् | व | म |
| બીજો | स् | तम् | त |
| ત્રીજો | त् | ताम् | उस् |

(૧) આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે. આ પ્રકારના ધાતુના આત્મનેપદી રૂપો ચોથા કે પાંચમા પ્રકાર પ્રમાણે થાય છે.

(૨) इ (गा), पा (પીવું), स्था, भू, दा, धा અને दा-धा અંગોવાળા दे, दो, धे વગેરે ધાતુઓ અવશ્ય આ પ્રકાર લે છે.

દા.ત. इ + त् = अगात् । તે ગયો.
दा + त् = अदात् । તેણે આપ્યું.

(૩) घ्रा, धे, शो, सो, छो વિકલ્પે આ પ્રકાર લે છે. બીજા રૂપો છઠ્ઠા પ્રકાર પ્રમાણે થાય છે. धे ત્રીજા પ્રકારનો પણ છે.

દા.ત. घ्रा → अघ्रात्, अघ्रासीत् । તેણે સૂંઘ્યું.
धे → अधात्, अदधत्, अधासीत् । તે ધાવ્યો.

(૪) उस् પ્રત્યય પૂર્વે ધાતુના અન્ત્ય आ નો લોપ થાય.
દા.ત. स्था + उस् = अस्थुः । તેઓ ઊભા રહ્યા.

(૫) भू ધાતુને उस् ની બદલે अन् લાગે છે. भू ધાતુમાં સ્વરાદિ પ્રત્યયો પૂર્વે व् ઉમેરાય.
દા.ત. भू + अन् = अभूव् + अन् = अभूवन् । તેઓ થયા.

(૬) दा, धा, स्था અને अधि + इ ના આત્મનેપદી રૂપો ચોથા પ્રકાર પ્રમાણે થાય.
દા.ત. दा → अदित । તેણે આપ્યું.
धा → अधित । તેણે ધારણ કર્યું.
स्था → अस्थित । તે ઊભો રહ્યો.
अधि + इ → अध्यैष्ट, अध्यगीष्ट । તે ભણ્યો.

(૭) भू ધાતુનું કર્મણિરૂપ પાંચમા પ્રકાર પ્રમાણે થાય.
દા.ત. अभविषि, अभाविषि । હું થવાયો.

+ **छेदेऽपि चन्दनतरुः सुरभयति मुखं कुठारस्य ।**
છેદાવા છતાં પણ ચંદનવૃક્ષ કુહાડીના મુખને સુવાસિત કરે છે.

+ **परोपकाराय सतां विभूतयः ।**
સત્પુરુષોની વિભૂતિઓ - સંપત્તિઓ પરોપકાર માટે હોય છે.

+ **तस्य श्रीर्यस्य विक्रमः ।**
જેની પાસે પરાક્રમ છે તેને લક્ષ્મી મળે છે.

# બીજો પ્રકાર

## પ્રત્યયો

| પુરુષ | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| પહેલો | अम् | व | म | इ | वहि | महि |
| બીજો | स् | तम् | त | थाः | इथाम् | ध्वम् |
| ત્રીજો | त् | ताम् | अन् | त | इताम् | अन्त |

(૧) ધાતુને અન્તે अ લાગ્યા પછી આ પ્રત્યયો લાગે. अ થી શરૂ થતા પ્રત્યય પૂર્વે આ अ લોપાય. वादि-मादि પ્રત્યયો પૂર્વે अ નો आ થાય.

દા.ત. क्रुध् + अ + त् = अक्रुधत् । તે ગુસ્સે થયો.
क्रुध् + अ + अम् = क्रुध् + अम् = अक्रुधम् । મેં ગુસ્સો કર્યો.
कुध् + अ + व = क्रुध् + आ + व = अक्रुधाव । અમે બેએ ગુસ્સો કર્યો.

(૨) આ પ્રત્યયો લાગતા ધાતુના સ્વરની ગુણ કે વૃદ્ધિ ન થાય.

દા.ત. क्रुध् + अ + अम् = अक्रुधम् । મેં ગુસ્સો કર્યો.

(૩) આ પ્રત્યયો લાગતા હ્રસ્વ ऋ-કારાન્ત, દીર્ઘ ॠ-કારાન્ત અને दृश् ધાતુઓના સ્વરનો ગુણ થાય.

દા.ત. सृ + अ + त् = असरत् । તે સરક્યો.
जॄ + अ + त् = अजरत् । તે ઘરડો થયો.
दृश् + अ + त् = अदर्शत् । તેણે જોયું.

(૪) ધાતુના ઉપાન્ત્ય અનુનાસિકનો લોપ થાય.
દા.ત. भ्रंश् + अ + त् = अभ्रशत् । તે ભ્રષ્ટ થયો.

(૫) ધાતુઓના થતા આદેશો -

| ક્ર. | ધાતુ | આદેશ | રૂપ | અર્થ |
|---|---|---|---|---|
| ૧ | अस् (ચોથો ગણ) | अस्थ | आस्थत् | તેણે ફેંક્યું. |
| ૨ | ख्या | ख्य | अख्यत् | તે બોલ્યો. |
| ૩ | पत् | पप्त् | अपप्तत् | તે પડ્યો. |
| ૪ | वच् | वोच् | अवोचत् | તે બોલ્યો. |
| ૫ | शास् | शिष् | अशिषत् | તેણે રાજ્ય કર્યું. |
| ૬ | श्वि | श्व | अश्वत् | તે ગયો. |
| ૭ | ह्वे | ह्व | अह्वत्, अह्वत | તેણે બોલાવ્યો. |

(૬) આ પ્રકાર કેટલાક ધાતુઓ સિવાય પરસ્મૈપદનો જ છે.

(૭) लिप्, सिच् અને ह्वे ધાતુના આત્મનેપદી રૂપો બીજા અને ચોથા પ્રકાર પ્રમાણે થાય છે.

દા.ત. लिप् → अलिपत्, अलिपत, अलिप्त । તેણે લીંપ્યું.
(૨જો પ્ર.,P) (૨જો પ્ર.,A) (૪થો પ્ર., A)

(૮) शक् અને विद् ધાતુઓના આત્મનેપદી રૂપો ચોથા અને પાંચમા પ્રકાર પ્રમાણે થાય છે.

દા.ત. शक् → अशकत्, अशक्त, अशकिष्ट । તે સમર્થ થયો.
(૨જો પ્ર. P.)(૪થો પ્ર., A.) (૫મો પ્ર.,A.)

विद् → अविदत्, अवित्त, अवेदिष्ट । તેણે જાણ્યું.
(૨જો પ્ર. P.) (૪થો પ્ર., A.) (૫મો પ્ર., A.)

(૯) विष् ધાતુના આત્મનેપદી રૂપો સાતમા પ્રકાર પ્રમાણે થાય.

દા.ત. विष् → अविषत्, अविक्षत । તે ફેલાયો.
(૨જો પ્ર.,P.) (૭મો પ્ર., A.)

(૧૦) लुप् ધાતુના આત્મનેપદી રૂપો ચોથા પ્રકાર પ્રમાણે થાય.

ઉદા.ત. लुप् → अलुपत्, अलुप्त । તેણે ઝૂંટવી લીધું.

(૨જો પ્ર., P.) (૪થો પ્ર.,A.)

(૧૧) ૮૭ ધાતુઓ બીજો પ્રકાર અવશ્ય લે છે. તે આ પ્રમાણે છે -

સ્વરાન્ત-૪ → ख्या, ऋ, सृ, ह्वे

क्-કારાન્ત-૧ → शक्

च्-કારાન્ત-૪ → उच्, मुच्, वच्, सिच्

ट्-કારાન્ત-૧ → लुट्

त्-કારાન્ત-૧ → पत्

द्-કારન્ત-૭ → क्लिद्, क्ष्विद्, मद्, विद्, शद्, सद्, स्विद्

ध्-કારાન્ત-૭ → ऋध्, क्रुध्, क्षुध्, गृध्, रध्, शुध्, सिध्

प्-કારાન્ત-૯ → आप्, कुप्, गुप्, डिप्, युप्, रुप्, लिप्, लुप्, सृप्

भ्-કારાન્ત-૪ → क्षुभ्, तुभ्, नभ्, लुभ्

म्-કારાન્ત-૯ → क्लम्, क्षम्, गम्, तम्, दम्, भ्रम्, शम्, श्रम्, सम्

श्-કારાન્ત-૫ → कृश्, नश्, भृश्, भ्रंश्, वृश्

ष्-કારાન્ત-૧૪ → तुष्, तृष्, दुष्, विष्, पुष्, पिष्, प्लुष्, रिष्, रुष्, प्युष्, व्युष्, शिष्, शुष्, हृष्

स्-કારાન્ત-૧૭ → अस्, कुस्, घस्, जस्, तस्, दस्, पुस्, प्युस्, बुस्, बिस्, मस्, मुस्, यस्, वस्, विस्, वुस्, शास्

ह्-કારાન્ત-૪ → द्रुह्, मुह्, स्निह्, स्नुह्

કુલ ૮૭

ઉદા.ત. शक् → अशकत् ।

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | ख्या | ૨જો, P | કહેવું | अख्यत् |
| ૨ | ऋ | ૧લો, P, ૩જો, P | જવું | आरत् |
| ૩ | सृ | ૧લો, P | સરકવું | असरत् |
| ૪ | ह्वे | ૧લો, U | બોલાવવું | अह्वत्, अह्वत |
| ૫ | शक् | ૫મો, U | શક્તિમાન હોવું | अशकत्, अशक्त, अशकिष्ट |
| ૬ | उच् | ૪થો, P | એકઠું કરવું | औचत् |
| ૭ | मुच् | ૬ઠ્ઠો, U | છોડવું | अमुचत्, अमुक्त |
| ૮ | वच् | ૨જો, P | બોલવું | अवोचत् |
| ૯ | सिच् | ૬ઠ્ઠો, U | સીંચવું | असिचत्, असिचत, असिक्त |
| ૧૦ | लुट् | ૪થો, P | લૂંટવું | अलुटत् |
| ૧૧ | पत् | ૧લો, P | પડવું | अपप्तत् |
| ૧૨ | क्लिद् | ૪થો, P | ભીનું થવું | अक्लिदत् |
| ૧૩ | क्ष्विद् | ૪થો, P | ચીકણું થવું | अक्ष्विदत् |
| ૧૪ | मद् | ૪થો, P | મદ કરવો | अमदत् |
| ૧૫ | विद् | ૬ઠ્ઠો, U | મેળવવું | अविदत्, अवित्त |
| ૧૬ | शद् | ૧લો, P | કૃશ થવું | अशदत् |
| ૧૭ | सद् | ૧લો, P | બેસવું | असदत् |
| ૧૮ | स्विद् | ૪થો, P | પરસેવો છૂટવો | अस्विदत् |
| ૧૯ | ऋध् | ૪થો, P | સમૃદ્ધ થવું | आर्धत् |

| ક્ર. | धातु | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૨૦ | क्रुध् | ૪થો, P | ગુસ્સે થવું | अक्रुधत् |
| ૨૧ | क्षुध् | ૪થો, P | ભૂખ લાગવી | अक्षुधत् |
| ૨૨ | गृध् | ૪થો, P | આસક્ત થવું | अगृधत् |
| ૨૩ | रध् | ૪થો, P | રાંધવું | अरधत् |
| ૨૪ | शुध् | ૪થો, P | શુદ્ધ હોવું | अशुधत् |
| ૨૫ | सिध् | ૪થો, P | જવું | असिधत् |
| ૨૬ | आप् | ૫મો, P | વ્યાપ્ત થવું | आपत् |
| ૨૭ | कुप् | ૪થો, P | ગુસ્સે થવું | अकुपत् |
| ૨૮ | गुप् | ૪થો, P | ગભરાવું | अगुपत् |
| ૨૯ | डिप् | ૪થો, P | ફેંકવું | अडिपत् |
| ૩૦ | युप् | ૪થો, P | મોહ પામવો | अयुपत् |
| ૩૧ | रुप् | ૪થો, P | મોહ પામવો | अरुपत् |
| ૩૨ | लिप् | ૬ઠ્ઠો, U | લીંપવું | अलिपत्, अलिपत, अलिप्त |
| ૩૩ | लुप् | ૪થો, U | મોહ પામવો | अलुपत्, अलुप्त |
| ૩૪ | सृप् | ૧લો, P | જવું | असृपत् |
| ૩૫ | क्षुभ् | ૪થો, P<br>૧લો, U | ક્ષોભ પામવો<br>ક્ષોભ પામવો | अक्षुभत्<br>अक्षुभत्, अक्षोभिष्ट |
| ૩૬ | तुभ् | ૧લો, U<br>૪થો, P | મારવું<br>મારવું | अतुभत्, अतोभिष्ट<br>अतुभत् |
| ૩૭ | नभ् | ૪થો, P | મારવું | अनभत् |
| ૩૮ | लुभ् | ૪થો, P | લોભ કરવો | अलुभत् |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૩૯ | क्लम् | ૪થો, P | ગ્લાની થવી | अक्लमत् |
| ૪૦ | क्षम् | ૪થો, P | સહન કરવું | अक्षमत् |
| ૪૧ | गम् | ૧લો, P | જવું | अगमत् |
| ૪૨ | तम् | ૪થો, P | ઇચ્છવું | अतमत् |
| ૪૩ | दम् | ૪થો, P | દમન કરવું | अदमत् |
| ૪૪ | भ्रम् | ૪થો, P | ભમવું | अभ्रमत् |
| ૪૫ | शम् | ૪થો, P | શાંત થવું | अशमत् |
| ૪૬ | श्रम् | ૪થો, P | થાકવું | अश्रमत् |
| ૪૭ | सम् | ૪થો, P | વિકાર પામવો | असमत् |
| ૪૮ | कृश् | ૪થો, P | પાતળા થવું | अकृशत् |
| ૪૯ | नश् | ૪થો, P | નાશ પામવો | अनशत्, अनेशत् |
| ૫૦ | भृश् | ૪થો, P | નીચે પડવું | अभृशत् |
| ૫૧ | भ्रंश् | ૪થો, P | નીચે પડવું | अभ्रशत् |
| ૫૨ | वृश् | ૪થો, P | વરવું | अवृशत् |
| ૫૩ | तुष् | ૪થો, P | પ્રસન્ન થવું | अतुषत् |
| ૫૪ | तृष् | ૪થો, P | તરસ લાગવી | अतृषत् |
| ૫૫ | दुष् | ૪થો, P | દોષવાળા થવું | अदुषत् |
| ૫૬ | विष् | ૩જો, U | વ્યાપ્ત થવું | अविषत्, अविक्षत |
| ૫૭ | पुष् | ૪થો, P | પોષવું | अपुषत् |
| ૫૮ | पिष् | ૭મો, P | પીસવું | अपिषत् |
| ૫૯ | प्लुष् | ૪થો, P | બાળવું | अप्लुषत् |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૬૦ | रिष् | ૪થો, P | હણવું | अरिषत् |
| ૬૧ | रुष् | ૪થો, P | ગુસ્સે થવું | अरुषत् |
| ૬૨ | प्युष् | ૪થો, P | વિભાગ કરવો | अप्युषत् |
| ૬૩ | व्युष् | ૪થો, P | બાળવું | अव्युषत् |
| ૬૪ | शिष् | ૭મો, P | વિશેષ કરવું | अशिषत् |
| ૬૫ | शुष् | ૪થો, P | સુકાવું | अशुषत् |
| ૬૬ | हृष् | ૪થો, P | ખુશ થવું | अहृषत् |
| ૬૭ | अस् | ૪થો, P | ફેંકવું | आस्थत् |
| ૬૮ | कुस् | ૪થો, P | ભેટવું | अकुसत् |
| ૬૯ | घस् | ૧લો, P | ખાવું | अघसत् |
| ૭૦ | जस् | ૪થો, P | મૂકવું | अजसत् |
| ૭૧ | तस् | ૪થો, P | ક્ષીણ થવું | अतसत् |
| ૭૨ | दस् | ૪થો, P | ક્ષીણ થવું | अदसत् |
| ૭૩ | पुस् | ૪થો, P | વિભાગ કરવો | अपुसत् |
| ૭૪ | प्युस् | ૪થો, P | વિભાગ કરવો | अप्युसत् |
| ૭૫ | बुस् | ૪થો, P | ત્યાગ કરવો | अबुसत् |
| ૭૬ | बिस् | ૪થો, P | ફેંકવું | अबिसत् |
| ૭૭ | मस् | ૪થો, P | વિકાર પામવું | अमसत् |
| ૭૮ | मुस् | ૪થો, P | ખાંડવું | अमुसत् |
| ૭૯ | यस् | ૪થો, P | યત્ન કરવો | अयसत् |
| ૮૦ | वस् | ૪થો, P | થંભવું | अवसत् |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૮૧ | विस् | ૪થો, P | પ્રેરવું | अविसत् |
| ૮૨ | वुस् | ૪થો, P | તજવું | अवुसत् |
| ૮૩ | शास् | ૨જો, P | શાસન કરવું | अशिषत् |
| ૮૪ | द्रुह् | ૪થો, P | હણવાની ઇચ્છા કરવી | अद्रुहत् |
| ૮૫ | मुह् | ૪થો, P | મોહ પામવો | अमुहत् |
| ૮૬ | स्निह् | ૪થો, P | સ્નેહ રાખવો | अस्निहत् |
| ૮૭ | स्नुह् | ૪થો, P | ઝરવું | अस्नुहत् |

(૧૨) ૩૯ ધાતુઓ બીજો પ્રકાર વિકલ્પે લે છે. તે આ પ્રમાણે છે-

સ્વરાન્ત-૨ → श्वि, जॄ

च्-કારાન્ત-૮ → ग्रुच्, ग्लुच्, ग्लुञ्च्, म्रुच्, म्लुच्, रिच्, विच्, शुच्

ज्-કારાન્ત-૩ → निज्, युज्, विज्

ट्-કારાન્ત-૧ → स्फुट्

त्-કારાન્ત-૫ → चुत्, च्युत्, भ्रुत्, श्चुत्, श्च्युत्

द्-કારાન્ત-૮ → क्षुद्, छिद्, छृद्, तृद्, बुन्द्, भिद्, रुद्, स्कन्द्

ध्-કારાન્ત-૨ → बुध्, रुध्

प्-કારાન્ત-૨ → तृप्, दृप्

भ्-કારાન્ત-૧ → स्तम्भ्

श्-કારાન્ત-૧ → दृश्

ष्-કારાન્ત-૨ → श्लिष्, घुष्

ह्-કારાન્ત-૪ → उह्, तुह्, दुह्, बृह्

કુલ ૩૯

આમાં श्वि ધાતુ વિકલ્પે ત્રીજા અને પાંચમા પ્રકારનો પણ છે. બીજા ધાતુઓ સેટ્ હોય તો વિકલ્પપક્ષમાં પાંચમો પ્રકાર લે અને અનિટ્ હોય તો વિકલ્પપક્ષમાં ચોથો પ્રકાર લે. श्लिष् ધાતુનો અર્થ ‘ભેટવું’ એવો થાય ત્યારે તે સાતમો પ્રકાર લે.

દા.ત. श्वि → अश्वत्, अशिश्वियत्, अश्वयीत् । તે ગયો.

क्षुद् → अक्षुदत्, अक्षौत्सीत् । તેણે દળ્યું.

रुद् → अरुदत्, अरोदीत् । તે રડ્યો.

श्लिष् → अश्लिषत्, अश्लिक्षत् । તે ભેટ્યો.

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | श्वि | ૧લો, P | જવું | अश्वत्, अश्वयीत्, अशिश्वियत् |
| ૨ | जॄ | ૧લો, P | જીર્ણ થવું | अजरत्, अजारीत् |
| ૩ | ग्रुच् | ૧લો, P | ચોરી કરવી | अग्रुचत्, अग्रोचीत् |
| ૪ | ग्लुच् | ૧લો, P | ચોરી કરવી | अग्लुचत्, अग्लोचीत् |
| ૫ | ग्लुञ्च् | ૧લો, P | જવું | अग्लुचत्, अग्लुञ्चीत् |
| ૬ | म्रुच् | ૧લો, P | જવું | अम्रुचत्, अम्रोचीत् |
| ૭ | म्लुच् | ૧લો, P | જવું | अम्लुचत्, अम्लोचीत् |
| ૮ | रिच् | ૭મો, U | ખાલી કરવું | अरिचत्, अरैक्षीत्, अरिक्त |
| ૯ | विच् | ૭મો, U | જુદું કરવું | अविचत्, अवैक्षीत्, अविक्त |
| ૧૦ | शुच् | ૧લો, P | શોક કરવો | अशुचत्, अशोचीत् |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧૧ | निज् | ૩જો, U | શુદ્ધ કરવું | अनिजत्, अनैक्षीत्, अनिक्त |
| ૧૨ | युज् | ૭મો, U | જોડવું | अयुजत्, अयौक्षीत्, अयुक्त |
| ૧૩ | विज् | ૩જો, U | જુદું કરવું | अविजत्, अवैक्षीत्, अविक्त |
| ૧૪ | स्फुट् | ૧લો, P | ફૂટવું | अस्फुटत्, अस्फोटीत् |
| ૧૫ | चुत् | ૧લો, P | ઝરવું | अचुतत्, अचोतीत् |
| ૧૬ | च्युत् | ૧લો, P | ઝરવું | अच्युतत्, अच्योतीत् |
| ૧૭ | भ्रुत् | ૧લો, P | ઝરવું | अभ्रुतत्, अभ्रोतीत् |
| ૧૮ | श्चुत् | ૧લો, P | ઝરવું | अश्चुतत्, अश्चोतीत् |
| ૧૯ | श्च्युत् | ૧લો, P | ઝરવું | अश्च्युतत्, अश्च्योतीत् |
| ૨૦ | क्षुद् | ૭મો, U | ચૂરો કરવો | अक्षुदत्, अक्षौत्सीत्, अक्षुत्त |
| ૨૧ | छिद् | ૭મો, U | છેદવું | अच्छिदत्, अच्छैत्सीत्, अच्छित्त |
| ૨૨ | छृद् | ૭મો, U | શોભવું | अच्छृदत्, अच्छर्दीत्, अच्छर्दिष्ट |
| ૨૩ | तृद् | ૭મો, U | મારવું | अतृदत्, अतर्दीत्, अतर्दिष्ट |
| ૨૪ | बुन्द् | ૧લો, P | હિતાહિતનો વિચાર કરવો | अबुदत्, अबुन्दीत् |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૨૫ | भिद् | ૭મો, U | ભેદવું | अभिदत्, अभैत्सीत्, अभित्त |
| ૨૬ | रुद् | ૨જો, P | રડવું | अरुदत्, अरोदीत् |
| ૨૭ | स्कन्द् | ૧લો, P | કૂદવું | अस्कदत्, अस्कान्त्सीत् |
| ૨૮ | बुध् | ૧લો, U | જાણવું | अबुधत्, अबोधीत्, अबोधिष्ट |
| ૨૯ | रुध् | ૭મો, U | રોકવું | अरुधत्, अरौत्सीत्, अरुद्ध |
| ૩૦ | तृप् | ૪થો, P | તૃપ્ત થવું | अतृपत्, अतर्पीत्, अत्राप्सीत्, अताप्र्सीत् |
| ૩૧ | दृप् | ૪થો, P | ગર્વ કરવો | अदृपत्, अदर्पीत्, अद्राप्सीत्, अदाप्र्सीत् |
| ૩૨ | स्तम्भ् | ૯મો, P | અક્કડ થવું | अस्तभत्, अस्तम्भीत् |
| ૩૩ | दृश् | ૧લો, P | જોવું | अदर्शत्, अद्राक्षीत् |
| ૩૪ | श्लिष् | ૪થો, P | ભેટવું | अश्लिषत्, अश्लिक्षत् |
| ૩૫ | घुष् | ૧લો, P | અવાજ કરવો | अघुषत्, अघोषीत् |
| ૩૬ | उह् | ૧લો, P | ખાવું | औहत्, औहीत् |
| ૩૭ | तुह् | ૧લો, P | ખાવું | अतुहत्, अतौहीत् |
| ૩૮ | दुह् | ૧લો, P | ખાવું | अदुहत्, अदौहीत् |
| ૩૯ | बृह् | ૧લો, P | અવાજ કરવો, વધવું | अबृहत्, अबर्हीत् |

(૧૩) ૨૫ ધાતુઓ આત્મનેપદી છે, પણ બીજા પ્રકારમાં પરસ્મૈપદી બને છે. તે આ પ્રમાણે છે -

च्-કારાન્ત-૧ → रुच्

ट्-કારાન્ત-૩ → घुट्, रुट्, लुट्

ठ्-કારાન્ત-૧ → लुठ्

त्-કારાન્ત-૩ → द्युत्, वृत्, श्वित्

द्-કારાન્ત-૪ → क्ष्विद्, स्यन्द्, मिद्, स्विद्

ध्-કારાન્ત-૨ → वृध्, शृध्

प्-કારાન્ત-૧ → क्लृप्

भ्-કારાન્ત-૫ → क्षुभ्, तुभ्, नभ्, शुभ्, स्रम्भ्

श्-કારાન્ત-૨ → भ्रश्, भ्रंश्

स्-કારાન્ત-૩ → ध्वंस्, भ्रंस्, स्रंस्

કુલ ૨૫

દા.ત. वृत् → अवृतत्, अवर्तिष्ट । તે વર્ત્યો.

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૧ | रुच् | ૧લો, A | ગમવું | अरुचत्, अरोचिष्ट |
| ૨ | घुट् | ૧લો, A | ફેરફાર કરવો | अघुटत्, अघोटिष्ट |
| ૩ | रुट् | ૧લો, A | પીડા કરવી | अरुटत्, अरोटिष्ट |
| ૪ | लुट् | ૧લો, A | પીડા કરવી | अलुटत्, अलोटिष्ट |
| ૫ | लुठ् | ૧લો, A | પીડા કરવી | अलुठत्, अलोठिष्ट |
| ૬ | द्युत् | ૧લો, A | ચકળવું | अद्युतत्, अद्योतिष्ट |
| ૭ | वृत् | ૧લો, A | વર્તવું | अवृतत्, अवर्तिष्ट |
| ૮ | श्वित् | ૧લો, A | ધોળા થવું | अश्वितत्, अश्वेतिष्ट |

| ક્ર. | ધાતુ | ગણ, પદ | અર્થ | રૂપ |
|---|---|---|---|---|
| ૯ | क्ष्विद् | ૧લો, A | ચીકણા થવું | अक्ष्विदत्, अक्ष्वेदिष्ट |
| ૧૦ | स्यन्द् | ૧લો, A | ઝરવું | अस्यदत्, अस्यन्दिष्ट |
| ૧૧ | मिद् | ૧લો, A | ચીકણા થવું | अमिदत्, अमेदिष्ट |
| ૧૨ | स्विद् | ૧લો, A | ચીકણા થવું | अस्विदत्, अस्वेदिष्ट |
| ૧૩ | वृध् | ૧લો, A | વધવું | अवृधत्, अवर्धिष्ट |
| ૧૪ | शृध् | ૧લો, A | પાદવું | अशृधत्, अशर्धिष्ट |
| ૧૫ | क्लृप् | ૧લો, A | સમર્થ થવું | अक्लृपत्, अकल्पिष्ट, अक्लृप्त |
| ૧૬ | क्षुभ् | ૧લો, A | ખળભળવું | अक्षुभत्, अक्षोभिष्ट |
| ૧૭ | तुभ् | ૧લો, A | હિંસા કરવી | अतुभत्, अतोभिष्ट |
| ૧૮ | नभ् | ૧લો, A | હિંસા કરવી | अनभत्, अनभिष्ट |
| ૧૯ | शुभ् | ૧લો, A | શોભવું | अशुभत्, अशोभिष्ट |
| ૨૦ | स्रम्भ् | ૧લો, A | વિશ્વાસ કરવો | अस्रभत्, अस्रम्भिष्ट |
| ૨૧ | भ्रश् | ૧લો, A | નાશ પામવું | अभ्रशत्, अभ्रशिष्ट |
| ૨૨ | भ्रंश् | ૧લો, A | નાશ પામવું | अभ्रशत्, अभ्रंशिष्ट |
| ૨૩ | ध्वंस् | ૧લો, A | નાશ પામવું | अध्वसत्, अध्वंसिष्ट |
| ૨૪ | भ्रंस् | ૧લો, A | નાશ પામવું | अभ्रसत्, अभ्रंसिष्ट |
| ૨૫ | स्रंस् | ૧લો, A | નાશ પામવું | अस्रसत्, अस्रंसिष्ट |

## ત્રીજો પ્રકાર

(૧) ત્રીજા પ્રકારના પ્રત્યયો બીજા પ્રકારના પ્રત્યયોની સમાન જ છે. આ પ્રકાર ઉભયપદી છે.

(૨) (i) દશમા ગણના ધાતુઓ, (ii) અનેકસ્વરી ધાતુઓ, (iii) પ્રેરક ધાતુઓ અને (iv) कम्, श्रि, द्रु, स्रु ધાતુઓ અવશ્ય ત્રીજો પ્રકાર લે છે.

દા.ત. कम् + अ + त = अचकमत, अचीकमत । તેણે ઇચ્છ્યું.
(પાના નં. ૧૦૫ નો નિયમ (૩૧) લાગે. પછી નીચેનો નિયમ (૫) લાગે.)
श्रि + अ + त् = अशिश्रियत् । તેણે સેવા કરી.
द्रु + अ + त् = अदुद्रुवत् । તે ગયો.
स्रु + अ + त् = असुस्रुवत् । તે ગયો.

(૩) श्वि અને धे ધાતુઓ વિકલ્પે આ પ્રકાર લે છે. धे ની દ્વિરુક્તિ થયા પછી आ લોપાય.

દા.ત. श्वि + अ + त् = अशिश्वियत् ।
વિકલ્પે अश्वत्, अश्वयीत् । તે ગયો.
(૨જો પ્રકાર) (૫મો પ્રકાર)

धे + अ + त् = अदधत् ।
વિકલ્પે अधात्, अधासीत् । તે ધાવ્યો.
(૧લો પ્રકાર) (૬ઠ્ઠો પ્રકાર)

(૪) રૂપ બનાવવાની રીત -
(i) ત્રીજા ગણના દ્વિરુક્તિના નિયમો પ્રમાણે દ્વિરુક્તિ થાય.
(ii) ધાતુને अ લગાડ્યા પછી ત્રીજા પ્રકારના પ્રત્યયો લાગે.
(iii) ધાતુના અન્ત્ય इ, उ નો ક્રમશઃ इय्, उव् થાય.
દા.ત. श्रि → अशिश्रियत् । તેણે સેવા કરી.

(૫) (i) દશમા ગણના ધાતુઓ તથા પ્રેરક ધાતુઓના અંગમાંથી अय નો લોપ થાય.
દા.ત. भू → भावयति → भाव् ।
(ii) દીર્ઘ સ્વર હ્રસ્વ થાય. ए, ऐ નો इ થાય. ओ, औ નો उ થાય.
દા.ત. भाव् → भव् । चोरय → चोर् → चुर् ।
(iii) પછી ત્રીજા ગણના દ્વિરુક્તિના નિયમો પ્રમાણે દ્વિરુક્તિ થાય.

દા.ત. चुर् → चुचुर् ।

(iv) અંગને अ લગાડ્યા પછી ત્રીજા પ્રકારના પ્રત્યયો લાગે છે.

દા.ત. चुचुर् + अ + त्

(v) દ્વિરુક્ત સ્વરયુક્ત વ્યંજન પછીનો સ્વરયુક્ત વ્યંજન લઘુ હોય તો દ્વિરુક્તિમાં अ નો इ થાય. (લઘુ = પોતે હ્રસ્વ સ્વર હોય અને પછી સંયુક્ત વ્યંજન ન હોય તે. ગુરુ = પોતે દીર્ઘ સ્વર હોય અથવા પછીનો વ્યંજન સંયુક્ત હોય તો તેની પૂર્વેનો હ્રસ્વ સ્વર પણ ગુરુ બને.)

દા.ત. भव → बभव् → बिभव् ।

(vi) દ્વિરુક્ત સ્વરયુક્ત વ્યંજનની આગળ કે પાછળ ગુરુ સ્વર ન હોય અથવા દ્વિરુક્તિનો સ્વર ગુરુ ન હોય તો દ્વિરુક્તિનો સ્વર દીર્ઘ થાય.

દા.ત. भव → बिभव् → बीभव् → अबीभवत् । તેણે બનાવ્યું.

एज् → एज् + अ + त् = एज + त् = एजज + त् (જુઓ નીચેનો નિયમ (૬) )= एजिज + त् = ऐजिजत् । તેણે કંપાવ્યું.

स्पन्द् → पस्पन्द् → अपस्पन्दत् । તેણે ફેરવ્યું.

स्खल् → चस्खल् → अचिस्खलत् । તેણે ચલાવ્યું.

(૬) સ્વરાદિ ધાતુઓમાં સ્વર પછીના વ્યંજનની સ્વરસહિત દ્વિરુક્તિ થાય.

દા.ત. अट् + अ + त् = अट + त् = अटट + त् = आटट + त् = आटिट + त् = आटिटत् । તેણે ભમાવ્યું.

(૭) સ્વરાદિ ધાતુઓમાં સ્વર પછી સંયુક્ત વ્યંજન હોય અને તેનો પહેલો વ્યંજન न्, द्, ब्, र् હોય તો પહેલા વ્યંજનની દ્વિરુક્તિ ન થાય પણ બીજા વ્યંજનની સ્વરસહિત દ્વિરુક્તિ થાય.

દા.ત. उन्द् + अ + त् = उन्द + त् = उन्दद + त् = औन्दद + त् = औन्दिदत् । તેણે ભીનું કરાવ્યું.

उब्ज् + अ + त् = उब्ज + त् = उब्जज + त् = औब्जज + त् = औब्जिजत् । તેણે સરળ કર્યું.

अर्ह् + अ + त् = अर्ह + त् = अर्हह + त् = आर्जह + त् = आर्जिहत् । તેણે યોગ્ય કરાવ્યું.

(૮) હ્રસ્વ કે દીર્ઘ उ-કારાન્ત ધાતુઓમાં દ્વિરુક્ત સ્વરનો उ થાય, જો દ્વિરુક્ત

સ્વર પછી अ કે आ અન્તવાળા ઓષ્ઠ્ય, અંતઃસ્થ કે ज् વ્યંજન હોય તો દ્વિરુક્ત સ્વરનો इ થાય.

દા.ત. कु → कावय → काव् → कव् → चकव्

चकव् + अ + त् = चुकव् + अ + त् = अचूकवत् । તેણે અવાજ કરાવ્યો.

नू → नावय → नाव् → नव् → ननव्

ननव् + अ + त् = नुनव् + अ + त् = अनूनवत् । તેણે સ્તુતિ કરાવી.

भू → भावय → भाव् → भव् → बभव्

बभव् + अ + त् = बिभव् + अ + त् = अबीभवत् । તેણે બનાવ્યું.

लू → लावय → लाव् → लव् → ललव्

ललव् + अ + त् = लिलव् + अ + त् = अलीलवत् । તેણે કપાવ્યું.

जु → जावय → जाव् → जव् → जजव्

जजव् + अ + त् = जिजव् + अ + त् = अजीजवत् । તેણે મોકલ્યું.

(૯) श्रु, स्रु, द्रु, प्रु, प्लु અને च्यु ધાતુઓમાં દ્વિરુક્ત સ્વરનો વિકલ્પે इ કે उ થાય.

દા.ત. श्रु → श्रावय → श्राव् → श्रव् → शश्रव्

शश्रव् + अ + त् = अशुश्रवत्, अशिश्रवत् । તેણે સંભળાવ્યું.

द्रु + अ + त् = दुद्रु + अ + त् = अदुद्रुवत्, अदिद्रुवत् । તે ગયો.

(૧૦) દ્વિરુક્તિમાં अ નો इ થવાના અપવાદો-

(i) कथ्, वर्, शठ्, रच्, स्पृह्, सूच्, मृग्, ध्वन्, अर्थ्, पार्, गद्, वर्ण्, शप् ધાતુઓમાં દ્વિરુક્તિમાં अ નો इ થવો વગેરે ફેરફારો [નિયમ ૫ (ii), નિયમ ૫ (v), નિયમ ૫ (vi)] ન થાય.

દા.ત. कथ् → अचकथत् । તે બોલ્યો.
ध्वन् → अदध्वनत् । તેણે અવાજ કર્યો.
वर् → अववरत् । તે વર્યો.

(ii) स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तॄ, स्पृश् ધાતુઓમાં દ્વિરુક્ત अ નો इ ન થાય અને સ્વર દીર્ઘ પણ ન થાય.

દા.ત. स्मृ → असस्मरत् । તેણે યાદ કરાવ્યું.

दृ → अददरत् । તેણે ફાડ્યું.

म्रद् → अमम्रदत् । તેણે મર્દન કરાવ્યું.

(iii) गण् ધાતુમાં દ્વિરુક્તિમાં अ નો इ થવો વગેરે ફેરફારો વિકલ્પે થાય.

દા.ત. गण् + अ + त् = अजीगणत्, अजगणत् । તેણે ગણ્યું.

(iv) वेष्ट्, चेष्ट् ધાતુઓમાં દ્વિરુક્તિમાં इ નો વિકલ્પે अ થાય.

દા.ત. वेष्ट् + अ + त् = अववेष्टत्, अविवेष्टत् । તેણે વીંટાવ્યું.

(૧૧) भ्राज्, भाष्, भास्, दीप्, जीव्, मील्, पीड्, ह्वे, लुठ्, लुप्, कण्, चण्, रण्, बण्, भण्, श्रण्, हठ् અને लुट् ધાતુઓમાં ઉપાન્ત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

દા.ત. भ्राज् + अ + त् = अबिभ्रजत् , अबभ्राजत् । તેણે ચમકાવ્યું.
पीड् + अ + त् = अपीपिडत्, अपिपीडत् । તેણે પીડા કરી.

(૧૨) शास्, एज्, काश्, क्रीड्, क्षीब्, खाद्, खेल्, ढौक्, ताय्, दाश्, देव्, नाथ्, प्रोद्, बाध्, याच्, योध्, राध्, राज्, लाध्, लेप्, लोक्, लोच्, वेप्, वेल्, श्लाघ्, श्लोक्, सेक्, सेव्, हेष्, सार्, वास्, निवास् વગેરે ધાતુઓમાં ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ ન થાય.

દા.ત. लोक् + अ + त् = अलुलोकत् । તે ચમક્યો.

ताय् + अ + त् = अततायत् । તેણે રક્ષણ કરાવ્યું.

(૧૩) ह्वे, स्वप् ધાતુઓમાં સંપ્રસારણ થાય છે. પ્રેરક श्वि ધાતુમાં વિકલ્પે સંપ્રસારણ થાય છે.

દા.ત. ह्वे + अ + त् = हु + अ + त् = हाव् + अ + त् = अजुहावत्, अजूहवत् । તેણે બોલાવ્યો.

श्वि + अ + त् = अशिश्वयत्, अशूशवत् । (પ્રેરક) તેણે મોકલ્યો.

श्वि + अ + त् = अशिश्वियत् (સાદો) તે ગયો.

(૧૪) ધાતુનો ઉપાન્ત્ય હ્રસ્વ ऋ વિકલ્પે કાયમ રહે. ધાતુનો ઉપાન્ત્ય દીર્ઘ ॠ વિકલ્પે હ્રસ્વ થાય.

દા.ત. वृत् + अ + त् = अववर्तत्, अवीवृतत् । તેણે વર્તાવ્યો.

कृत् + अ + त् = अचिकीर्तत्, अचीकृतत् । તેણે કીર્તન કર્યું.

(૧૫) નીચેના ધાતુઓના નીચે પ્રમાણે આદેશ થઈને રૂપો થાય.

पा → अपीप्यत् । તેણે પીવડાવ્યું.

स्था → अतिष्ठिपत् । તેણે સ્થિર કર્યું.

घ्रा → अजिघ्रपत्, अजिघ्रिपत् । તેણે સુંઘાડ્યું.

द्युत् → अदुद्युतत् । તેણે ચમકાવ્યું.

स्फुर् → अपुस्फुरत् । તેણે ફરકાવ્યું.

अधि + इ (ભણવું) → अध्यायिपत्, अध्यजीगपत् ।તેણે ભણાવ્યું.

अधि + इ (યાદ રાખવું) → अध्यजीगमत् । તેણે યાદ રખાવ્યું.

ईर्ष्य् → ऐर्षिष्यत्, ऐर्ष्यियत् । તેણે ઈર્ષ્યા કરાવી.

ऊर्णु → और्णूनवत् । તેણે ઢંકાવ્યું.

चकास् → अचीचकासत्, अचचकासत् । તેણે ચમકાવ્યું.

# છટ્ઠો પ્રકાર

## પરસ્મૈપદના પ્રત્યયો

| પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલો | सिषम् | सिष्व | सिष्म |
| બીજો | सीः | सिष्टम् | सिष्ट |
| ત્રીજો | सीत् | सिष्टाम् | सिषुः |

(૧) આ પ્રકાર માત્ર પરસ્મૈપદી છે. આ પ્રકારમાં ગુણ, વૃદ્ધિ કે અન્ય કોઈ સ્વરાદિના ફેરફાર થતા નથી.

(૨) પહેલા, બીજા, ત્રીજા પ્રકારમાં નહીં આવેલા आ-કારાન્ત ધાતુઓ (સ્વાભાવિક રીતે आ-કારાન્ત ધાતુઓ કે નિયમથી आ-કારાન્ત થયેલા ધાતુઓ) અને यम् (उप અને उद् ઉપસર્ગ રહિત), रम् (वि, आ, परि ઉપસર્ગ સહિત), नम् ધાતુઓ આ પ્રકાર લે છે. (उप અને उद् ઉપસર્ગ સહિત यम् ધાતુ ચોથો પ્રકાર લે છે.)

દા.ત. ली + सिषम् = अलासिषम् । (પાના નં. ૧૦૩, નિયમ નં. ૨૦) હું ચોંટ્યો.

मि + सिषम् = अमासिषम् । (પાના નં. ૧૦૩, નિયમ નં. ૨૦) મેં ઉમેર્યું, મેં ફેંક્યું.

यम् + सिषम् = अयंसिषम् । મેં કાબુમાં રાખ્યો.

वि + रम् + सिषम् = व्यरंसिषम् । હું અટક્યો.

नम् + सिषम् = अनंसिषम् । હું નમ્યો.

(૩) घ्रा, धे, शो, सो, छो વિકલ્પે આ પ્રકાર લે છે. બીજા રૂપો પહેલા પ્રકાર પ્રમાણે થાય છે.

દા.ત. घ्रा → अघ्राम्, (૧લો પ્રકાર) अघ्रासिषम् । (૬ઠ્ઠો પ્રકાર) મેં સૂંઘ્યું.

शो → अशाम्, अशासिषम् । મેં પાતળું કર્યું.
(૧લો પ્રકાર) (૬ઠ્ઠો પ્રકાર)

(૪) दरिद्रा ધાતુ પાંચમો અને છઠ્ઠો પ્રકાર લે છે.

દા.ત. दरिद्रा → अदरिद्रीत्, अदरिद्रासीत् । તે દરિદ્ર થયો.
(૫મો પ્રકાર) (૬ઠ્ઠો પ્રકાર)

## સાતમો પ્રકાર

### પ્રત્યયો

| પુરુષ | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| પહેલો | सम् | साव | साम | सि | सावहि | सामहि |
| બીજો | सः | सतम् | सत | सथाः | साथाम् | सध्वम् |
| ત્રીજો | सत् | सताम् | सन् | सत | साताम् | सन्त |

(૧) दृश् ધાતુ સિવાયના અન્તે श्, ष्, स् અને ह् હોય અને ઉપાન્ત્યે इ, उ, ऋ, लृ હોય એવા અનિટ્ ધાતુઓ આ પ્રકાર લે છે. આ પ્રકારમાં ગુણ, વૃદ્ધિ કે અન્ય કોઈ સ્વરાદિના ફેરફાર થતા નથી.

દા.ત. श्लिष् + सत् = अश्लिक्षत् । તે ચોંટ્યો.
लिह् + सत् = अलिक्षत् । તેણે ચાટ્યું.

(૨) दृश् ધાતુ બીજો અને ચોથો પ્રકાર લે છે.

દા.ત. दृश् → अदर्शत्, अद्राक्षीत् । તેણે જોયું.
(બીજો પ્રકાર) (ચોથો પ્રકાર)

(૩) स्पृश्, मृश्, कृष् ધાતુઓ વિકલ્પે આ પ્રકાર લે છે. બીજા રૂપો ચોથા પ્રકાર પ્રમાણે થાય છે.

દા.ત. स्पृश् → अस्पृक्षत्, अस्प्राक्षीत्, अस्पार्क्षीत् । તે સ્પર્શ્યો.
(સાતમો પ્રકાર) (ચોથો પ્રકાર)

(૪) दिह्, दुह्, लिह्, गुह् ધાતુઓને આત્મનેપદના सावहि, सथाः, सध्वम् અને सत પ્રત્યયો લાગે ત્યારે પ્રત્યયના स-सा નો વિકલ્પે લોપ થાય.

દા.ત. दिह् + सावहि = अधिक्षावहि, अदिह्वहि । અમે બેએ લેપ કર્યો.

दिह् + सथाः = अधिक्षथाः, अदिग्धाः । તેં લેપ કર્યો.

गुह् + सध्वम् = अघुक्षध्वम्, अघूढ्वम् । તેણે છુપાવ્યું.

दुह् + सत = अधुक्षत, अदुग्ध । તેણે દોહ્યું.

## ચોથા અને પાંચમા પ્રકારના સામાન્ય નિયમો

(૧) ઉપરના પાંચે પ્રકારમાં નહીં આવેલા અનિટ્ ધાતુઓ ચોથો પ્રકાર લે છે અને સેટ્ ધાતુઓ પાંચમો પ્રકાર લે છે.

(૨) स्तु અને सु ધાતુઓ અનિટ્ હોવા છતાં પરસ્મૈપદમાં પાંચમો પ્રકાર લે છે. स्तु ધાતુ આત્મનેપદમાં ચોથો પ્રકાર લે. सु ધાતુ પરસ્મૈપદી જ છે.

દા.ત. स्तु → अस्तावीत्, अस्तोष्ट । તેણે સ્તુતિ કરી.
(૫મો પ્રકાર, P.) (૪થો પ્રકાર, A.)

सु → असावीत् । (૫મો પ્રકાર, P.) તે જન્મ્યો.

(૩) धू અને अञ्ज् ધાતુઓ વેટ્ હોવા છતાં પરસ્મૈપદમાં પાંચમો પ્રકાર જ લે. धू ધાતુ આત્મનેપદમાં ચોથો-પાંચમો પ્રકાર લે. अञ्ज् ધાતુ પરસ્મૈપદી જ છે.

દા.ત. धू → अधावीत्, अधविष्ट, अधोष्ट । તેણે હલાવ્યું.
(૫મો પ્રકાર, P.) (૫મો પ્રકાર, A.) (૪થો પ્રકાર, A.)

अञ्ज् → आञ्जीत् । (૫મો પ્રકાર, P.) તેણે આંજ્યું.

(૪) क्रम् ધાતુ સેટ્ હોવા છતાં આત્મનેપદમાં ચોથો પ્રકાર લે. क्रम् ધાતુ પરસ્મૈપદમાં પાંચમો પ્રકાર લે.

દા.ત. क्रम् → अक्रमीत्, अक्रंस्त । તે ચાલ્યો.
(૫મો પ્રકાર, P.) (૪થો પ્રકાર, A.)

(૫) વેટ્ ધાતુઓ, દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓ આત્મનેપદી હોય ત્યારે, સંયુક્ત પર હ્રસ્વ ऋ-કારાન્ત ધાતુઓ અને वृ ધાતુ ચોથો પ્રકાર અને પાંચમો પ્રકાર લે.

દા.ત. मृज् → अमार्जीत्, अमार्क्षीत् । તેણે સાફ કર્યું.
(૫મો પ્રકાર, P.) (૪થો પ્રકાર, P.)

स्तृ → अस्तारीत्, अस्तरिष्ट, अस्तरीष्ट, अस्तीर्ष्ट ।
(૫મો પ્રકાર, P.) (૫મો પ્ર., A.) (૪થો પ્ર., A.)
તેણે ઢાંક્યું.

स्मृ → अस्मारीत्, अस्मार्षीत् । તેણે યાદ કર્યું.
(૫મો પ્રકાર, P.) (૪થો પ્રકાર, P.)

वृ → अवारीत्, अवार्षीत्,
(૫મો પ્રકાર, P.) (૪થો પ્રકાર, P.)
अवरिष्ट, अवरीष्ट, अवृत । તે વર્યો.
(૫મો પ્રકાર, A.) (૪થો પ્રકાર, A.)

(૬) हन् ધાતુ પરસ્મૈપદી છે. आ + हन् ધાતુ આત્મનેપદી છે. हन् ધાતુ પરસ્મૈપદમાં પાંચમો પ્રકાર લે. ત્યારે हन् નો वध् આદેશ થાય. वध् આદેશ થાય ત્યારે ઉપાન્ત્ય સ્વર દીર્ઘ ન થાય. આત્મનેપદમાં हन् નો વિકલ્પે वध् આદેશ થાય. આત્મનેપદમાં वध् આદેશ થાય ત્યારે પાંચમો પ્રકાર લે અને वध् આદેશ ન થાય ત્યારે हन् ચોથો પ્રકાર લે. (वध् આદેશ સેટ્ છે, हन् ધાતુ અનિટ્ છે.)

દા.ત. हन् + ईत् = अवधीत् । (૫મો પ્રકાર, P.) તેણે હણ્યો.
आ + हन् + इष्ट = आ + वध् + इष्ट = आवधिष्ट । તેણે ઘા કર્યો.
(૫મો પ્રકાર, A.)
आ + हन् + स्त = आहत । (૪થો પ્રકાર, A.) તેણે ઘા કર્યો.

# ચોથો પ્રકાર

## પ્રત્યયો

| પુરુષ | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| પહેલો | सम् | स्व | स्म | सि | स्वहि | स्महि |
| બીજો | सीः | स्तम् | स्त | स्थाः | साथाम् | ध्वम् |
| ત્રીજો | सीत् | स्ताम् | सुः | स्त | साताम् | सत |

**પરસ્મૈપદના નિયમો-**

(૧) ધાતુના અન્ત્ય અને ઉપાન્ત્ય કોઈપણ સ્વરની વૃદ્ધિ થાય.

દા.ત. कृ → अकार्षीत् । તેણે કર્યું.

रञ्ज् → अराङ्क्षीत् । તેણે રંગ્યું.

नी → अनैषीत् । તે લઈ ગયો.

भिद् → अभैत्सीत् । તેણે ભેદ્યું.

(૨) ૨૪ વ્યંજનમાંનો વ્યંજન કે હ્રસ્વ સ્વર પછી स्त કે स्थ થી શરૂ થતા પ્રત્યયનો स् લોપાય. (આ નિયમ આત્મનેપદમાં પણ લાગે.)

દા.ત. भिद् + स्ताम् = अभैद् + ताम् = अभैत्ताम् । તે બેએ ભેદ્યું.

भिद् + स्त = अभिद् + त = अभित्त । તેણે ભેદ્યું.

भिद् + स्थाः = अभिद् + थाः = अभित्थाः । તેં ભેદ્યું.

हृ + स्त = अहृत । તેણે હર્યું.

दा + स्थाः = अदि + थाः = अदिथाः । તેં આપ્યું.

## આત્મનેપદના નિયમો-

(૧) ધાતુના અન્ત્ય હ્રસ્વ કે દીર્ઘ इ કે उ નો ગુણ થાય.

દા.ત. चि + स्त = अचेष्ट । તેણે ભેગું કર્યું.

क्री + स्त = अक्रेष्ट । તેણે ખરીદ્યું.

धू + स्त = अधोष्ट । તેણે હલાવ્યું.

सु + स्त = असोष्ट । તેણે સોમરસ કાઢ્યો.

(૨) અન્ત્ય હ્રસ્વ ऋ અને ઉપાન્ત્ય સ્વરનો ફેરફાર થતો નથી. અન્ત્ય દીર્ઘ ॠ નો इर् થાય છે, ઓષ્ઠ્ય કે व् પછી અન્ત્ય દીર્ઘ ॠ નો उर् થાય છે. इर्, उर् + વ્યંજન = ईर्, ऊर् + વ્યંજન.

દા.ત. भृ + स्त = अभृत । તેણે ભર્યું.

भिद् + स्त = अभित्त । તેણે ભેદ્યું.

स्तॄ + स्त = अस्तीर्ष्ट । તેણે ઢાંક્યું.

वॄ + स्त = अवूर्ष्ट । તે વર્યો.

(૩) दा, धा ધાતુઓ, दा-धा અંગવાળા ધાતુઓ અને स्था ધાતુમાં અન્ત્ય आ નો इ થાય. તે इ નો ગુણ ન થાય.

દા.ત. दा + साताम् = अदिषाताम् । તે બેએ આપ્યું.

धा + स्त = अधित । તેણે ધારણ કર્યું.

सम् + स्था + स्त = समस्थित । તે સ્થિર રહ્યો.

(૪) हन् ધાતુનો અનુનાસિક લોપાય. गम् અને उप + यम् ધાતુઓનો અનુનાસિક વિકલ્પે લોપાય. उद् + यम् ધાતુનો અનુનાસિક નિત્ય લોપાય.

દા.ત. आ + हन् + स्त = आहत । તેણે ઘા કર્યો.

सम् + गम् + स्त = समगत, असमगंस्त । તે ભેગો થયો.

उप + यम् + स्त = उपायत, उपायंस्त । તેણે લગ્ન કર્યાં.

उद् + आ + यम् + स्त = उदायत । તેણે ઉદ્યમ કર્યો.

(૫) दीप्, जन्, बुध्, पुर्, ताय्, प्याय् ધાતુઓને વિકલ્પે અને पद् ધાતુને નિત્ય स्त ની બદલે इ લાગે. इ લાગે ત્યારે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. बुध् + स्त = अबुध् + इ = अबोधि । તે બોધ પામ્યો.

बुध् + स्त = अबुध् + त = अबुद्ध । તે બોધ પામ્યો.

पद् + स्त = अपद् + इ = अपादि । તે ગયો.

अदीपि, अदीपिष्ट । તે પ્રકાશ્યો.

अजनि, अजनिष्ट । તે જન્મ્યો.

अपूरि, अपूरिष्ट । તેણે ભર્યું.

अतायि, अतायिष्ट । તે વધ્યો.

अप्यायि, अप्यायिष्ट । તે વધ્યો.

## પાંચમો પ્રકાર

### પ્રત્યયો

| પુરુષ | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|
| | એક-વચન | દ્વિવચન | બહુ-વચન | એક-વચન | દ્વિવચન | બહુ-વચન |
| પહેલો | इषम् | इष्व | इष्म | इषि | इष्वहि | इष्महि |
| બીજો | ईः | इष्टम् | इष्ट | इष्ठाः | इषाथाम् | इध्वम् |
| ત્રીજો | ईत् | इष्टाम् | इषुः | इष्ट | इषाताम् | इषत |

## પરસ્મૈપદના નિયમો-

(૧) ધાતુના અન્ત્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

દા.ત. लू + इषम् = अलाविषम् । મેં કાપ્યું.

(૨) ધાતુના ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. जागृ અને श्वि ધાતુઓમાં અન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

દા.ત. बुध् + ईत् = अबोधीत् । તે બોધ પામ્યો.
सिध् + ईत् = असेधीत् । તે તૈયાર થયો.
कृत् + ईत् = अकर्तीत् । તેણે કાપ્યું.
जागृ + ईत् = अजागरीत् । તે જાગ્યો.
श्वि + ईत् = अश्वयीत् । તે ગયો.

(૩) वद्, व्रज् અને र्, ल् અન્તવાળા ધાતુઓના ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે.

દા.ત. वद् + ईत् = अवादीत् । તે બોલ્યો.
व्रज् + ईत् = अव्राजीत् । તે ગયો.
चर् + ईत् = अचारीत् । તે ચાલ્યો.
चल् + ईत् = अचालीत् । તે ચાલ્યો.

(૪) र्, ल् સિવાયના વ્યંજન અંતે હોય તેવા વ્યંજનાદિ ધાતુઓના ઉપાન્ત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ થાય.

દા.ત. गद् + ईत् = अगादीत्, अगदीत् । તે બોલ્યો.

**અપવાદ** - ह्, म्, य् અન્તવાળા તથા क्षण्, वध्, जन्, श्वस्, कट्, हस्, चट्, चत्, चद्, पथ्, मथ्, ह्लस्, लग् આટલા ધાતુઓમાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ ન થાય.

દા.ત. ग्रह + ईत् = अग्रहीत् । તેણે ગ્રહણ કર્યું.
चम् + ईत् = अचमीत् । તેણે ખાધું.
वध् + ईत् = अवधीत् । તેણે હણ્યું.

(૫) ऊर्णु ધાતુમાં વિકલ્પે સ્વરનો ફેરફાર ન થાય. વિકલ્પપક્ષમાં અન્ત્ય સ્વરની ગુણ-વૃદ્ધિ થાય.

દા.ત. ऊर्णु + ईत् = और्णुवीत्, और्णावीत्, और्णवीत् । તેણે ઢાંક્યું.

(૬) दरिद्रा ધાતુના आ નો વિકલ્પે લોપ થાય. લોપ ન થાય ત્યારે તે છઠ્ઠો પ્રકાર લે.

દા.ત. दरिद्रा → अदरिद्रीत्, अदरिद्रासीत् । તે દરિદ્ર થયો.

**આત્મનેપદના નિયમો-**

(૧) અન્ત્ય કોઈ પણ સ્વરનો અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. लू + इष्ट = अलविष्ट । તેણે કાપ્યું.
मुद् + इष्ट = अमोदिष्ट । તે ખુશ થયો.

(૨) दीप्, जन्, पूर्, ताय्, प्याय् ધાતુઓને इष्ट ની બદલે વિકલ્પે इ લાગે. इ લાગે ત્યારે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. दीप् + इष्ट = अदीपि, अदीपिष्ट । તે પ્રકાશ્યો.

(૩) तन्, मन्, वन्, सन्, क्षण्, क्षिण्, ऋण्, घृण्, तृण् ધાતુઓનો અનુનાસિક इष्ठाः અને इष्ट પ્રત્યયો પૂર્વે વિકલ્પે લોપાય. જ્યારે અનુનાસિક લોપાય ત્યારે इष्ठाः પ્રત્યયનો थास् થાય અને इष्ट પ્રત્યયનો त થાય.

દા.ત. तन् + इष्ठाः = अतथाः, अतनिष्ठाः । તેં વિસ્તાર્યું.
मन् + इष्ट = अमत, अमनिष्ट । તેણે માન્યું.

(૪) ऊर्णु ધાતુમાં અન્ત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય.

દા.ત. ऊर्णु + इष्ट = और्णुविष्ट, और्णविष्ट । તેણે ઢાંક્યું.

## અદ્યતન કર્મણિ

(૧) બધા ધાતુઓના અદ્યતન કર્મણિ રૂપો ચોથા, પાંચમા અને સાતમા પ્રકારમાં થાય. સાતમા પ્રકારના ધાતુઓ માટે સાતમો પ્રકાર. બાકીના અનિટ્ ધાતુઓ માટે ચોથો પ્રકાર અને સેટ્ ધાતુઓ માટે પાંચમો પ્રકાર. આ બધામાં આત્મનેપદ રૂપ એ જ અદ્યતન કર્મણિ રૂપ છે.

(૨) ત્રીજો પુરુષ એકવચનમાં બધા ધાતુઓને इष्ट પ્રત્યયની બદલે इ પ્રત્યય લાગે. इ લાગે ત્યારે -

(i) અન્ત્ય કોઈ પણ સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. पठ् + इ = अपाठि । વંચાયું.

तुद् + इ = अतोदि । પીડા કરાઈ.

**અપવાદ** - कम्, चम्, आ + चम्, रम्, नम्, गम्, वम् ધાતુઓ સિવાયના म्-કારાન્ત ધાતુઓ અને बुध्, जन् ધાતુઓમાં ગુણ, વૃદ્ધિ ન થાય.

દા.ત. क्षम् + इ = अक्षमि । ક્ષમા કરાઈ.

जन् + इ = अजनि । જન્માયું.

कम् + इ = अकामि । ઇચ્છા કરાઈ.

(ii) आ-કારાન્ત અંગવાળા ધાતુઓમાં इ લાગતા य् ઉમેરાય.

દા.ત. पा + इ = अपायि । પીવાયું.

(iii) દશમા ગણના ધાતુઓમાં ગુણ-વૃદ્ધિ થાય પણ ગણની નિશાની ન લાગે.

દા.ત. चुर् + इ = अचोरि । ચોરી કરાઈ.

पीड् + इ = अपीडि । પીડા કરાઈ.

(iv) हन् ધાતુના સ્વરની વૃદ્ધિ થાય ત્યારે ह् નો घ् થાય.

દા.ત. हन् + इ = अघानि । હણાયું.

(૩) કેટલાક ધાતુઓના રૂપો-

गुप् + इ = अगोपि, अगोपायि । રક્ષણ કરાયું.
मृज् + इ = अमार्जि । સાફ કરાયું.
इ + इ = अगायि । જવાયું.
अधि + इ = अध्यायि, अध्यगायि । ભણાયું.

●●●

# ગણકાર્યરહિત કાળમાં કર્મણિ અને ભાવે

(૧) ગણકાર્યરહિત કાળોમાં કર્મણિ અને ભાવેના રૂપો કરવા ધાતુઓને તે જ કાળના આત્મનેપદના પ્રત્યય લગાડાય છે.

દા.ત. बुध् → बुबुधे । બોધ પમાયો. પરોક્ષ ભૂતકાળ.

बोधिता । બોધ પમાશે. શ્વસ્તન ભવિષ્યકાળ.

बोधिष्यते । બોધ પમાશે. સામાન્ય ભવિષ્યકાળ.

अबोधिष्यत । બોધ પમાયો હોત. ક્રિયાતિપત્ત્યર્થ.

बोधिषीष्ट । બોધ પમાય. આશીર્વાદાર્થ.

(૨) આ ઉપરાંત શ્વસ્તન ભવિષ્યકાળ, સામાન્ય ભવિષ્યકાળ, ક્રિયાતિપત્ત્યર્થ અને આશીર્વાદાર્થ માટે નીચે મુજબ વિશેષ નિયમ છે -

સ્વરાન્ત ધાતુઓ, ग्रह्, दृश् અને हन् ધાતુઓને પ્રત્યયો પૂર્વે વિકલ્પે इ (ञिट्) લાગે. इ (ञिट्) લાગે ત્યારે દશમા ગણની જેમ ગુણ-વૃદ્ધિ થાય. आ-કારાન્ત ધાતુઓને इ (ञिट्) લાગતા પૂર્વે य् ઉમેરાય. इ (ञिट्) લાગે ત્યારે हन् નો घन् આદેશ થાય છે. આશીર્વાદાર્થમાં इ (ञिट्) ન લાગે ત્યારે हन् નો वध् આદેશ થાય. वध् સેટ્ છે.

દા.ત.

| ધાતુ | શ્વસ્તન ભવિષ્યકાળ | સામાન્ય ભવિષ્યકાળ | ક્રિયાતિપત્ત્યર્થ | આશીર્વાદાર્થ |
|---|---|---|---|---|
| स्था | स्थायिता, स्थाता<br>સ્થિર રહેવાશે. | स्थायिष्यते, स्थास्यते<br>સ્થિર રહેવાશે. | अस्थायिष्यत, अस्थास्यत<br>સ્થિર રહેવાયું હોત. | स्थायिषीष्ट, स्थासीष्ट<br>સ્થિર રહેવાય. |
| ह्वे | ह्वायिता, ह्वाता<br>બોલાશે. | ह्वायिष्यते, ह्वास्यते<br>બોલાશે. | अह्वायिष्यत, अह्वास्यत<br>બોલાયું હોત. | ह्वायिषीष्ट, ह्वासीष्ट<br>બોલાય. |

દા.ત.

| ધાતુ | શ્વસ્તન ભવિષ્યકાળ | સામાન્ય ભવિષ્યકાળ | ક્રિયાતિપત્ત્યર્થ | આશીર્વાદાર્થ |
|---|---|---|---|---|
| ग्रह | ग्रहिता,ग्रहीता<br>ગ્રહણ કરાશે. | ग्राहिष्यते,<br>ग्रहीष्यते<br>ગ્રહણ કરાશે. | अग्राहिष्यत,<br>अग्रहीष्यत<br>ગ્રહણ કરાયું હોત. | ग्राहिषीष्ट,<br>ग्रहीषीष्ट<br>ગ્રહણ કરાય. |
| दृश् | दर्शिता, द्रष्टा<br>જોવાશે. | दर्शिष्यते,<br>द्रक्ष्यते<br>જોવાશે. | अदर्शिष्यत,<br>अद्रक्ष्यत<br>જોવાયું હોત. | दर्शिषीष्ट,<br>दृक्षीष्ट<br>જોવાય. |
| हन् | घानिता, हन्ता<br>હણાશે. | घानिष्यते,<br>हनिष्यते<br>હણાશે. | अघानिष्यत,<br>अहनिष्यत<br>હણાયું હોત. | घानिषीष्ट,<br>वधिषीष्ट<br>હણાય. |

● ● ●

\+ **कस्य खलु कार्यारम्भे प्रत्यूहा न भवन्ति ?**
એવી કઈ વ્યક્તિ છે કે જેને કાર્યના આરંભમાં વિઘ્નો ન આવતા હોય ?

\+ **अभ्यासः कर्मसु कौशलम् उत्पादयत्येव ।**
અભ્યાસ કાર્યોમાં કુશળતા જન્માવે જ છે.

\+ **सत्यपि दैवेऽनुकूले न निष्कर्मणो भद्रमस्ति ।**
ભાગ્ય અનુકૂળ હોય તો પણ નિષ્કર્મણ્યતા કલ્યાણ માટે થતી નથી.

\+ **अजीर्णभयात् किं भोजनं परित्यज्यते ?**
અજીર્ણના ડરથી શું ભોજન છોડી દેવામાં આવે છે ?

\+ **फलन्ति हि महात्मानः सेविताः कल्पवृक्षवत् ।**
જેમ સેવાયેલ કલ્પવૃક્ષ ફળ આપે છે તેમ સેવાયેલ મહાત્માઓ ફળ આપે છે.

# પ્રેરક

(૧) બીજા પાસે ક્રિયા કરાવવી કે બીજાને ક્રિયા કરવા માટે પ્રેરણા કરવી આવો અર્થ જણાવવા પ્રેરક પ્રયોગો વપરાય છે.

દા.ત. अहं चलामि । હું ચાલું છું.

પ્રેરક → अहं बालं चालयामि । હું બાળકને ચલાવું છું.

(૨) બધા ધાતુઓના પ્રેરક રૂપો થઈ શકે.

(૩) પ્રેરક રૂપો બનાવવા ધાતુઓને अय લગાડી દશમા ગણના નિયમો મુજબ ગુણ-વૃદ્ધિ કરી કાળના પ્રત્યયો લગાડવા. દશમા ગણના ધાતુઓનું મૂળ રૂપ એ જ પ્રેરક રૂપ છે. પ્રેરક રૂપો ઉભયપદી છે.

દા.ત. गण् + अय + ति = गणयति । गण् + अय + ते = गणयते । તે ગણાવે છે.

(૪) ધાતુના અન્ત્ય ए, ऐ, ओ, औ નો आ થાય.

દા.ત. धे + अय + ति = धापयति । તે ધવડાવે છે.

(૫) कम्, अम्, चम्, यम् ધાતુઓ સિવાયના अम् અન્તવાળા ધાતુઓ અને अक्, स्तक्, चक्, कख्, कग्, अग्, ह्रग्, लग्, रग्, सग्, स्तग्, क्षञ्ज्, रञ्ज्, घट्, वट्, भट्, नट्, गड्, लड्, हेड्, फण्, कण्, रण्, शण्, श्रण्, क्वथ्, क्रथ्, प्रथ्, व्यथ्, श्रथ्, कन्द्, क्लन्द्, छन्द्, मद्, स्खद्, म्रद्, चन्, जन्, ध्वन्, वन्, स्वन्, त्रप्, ज्वर्, त्वर्, दल्, वल्, ज्वल्, ह्वल्, ह्मल्, चल्, दक्ष्, कस्, प्रस्, स्मृ, दॄ, नॄ, जॄ, श्रा, ज्ञा વગેરે ધાતુઓમાં સ્વરની વૃદ્ધિ ન થાય.

દા.ત. गम् + अय + ति = गमयति । તે મોકલે છે.

जन् + अय + ति = जनयति । તે જન્મ આપે છે.

वल् + अय + ति = वलयति । તે ઢંકાવે છે.

जॄ + अय + ति = जरयति । તે ઘરડું કરે છે.

त्रप् + अय + ति = त्रपयति । તે શરમાવે છે.

**અપવાદ** - ઉપસર્ગ વિનાના वम्, नम्, वन्, ज्वल्, ह्वल्, ह्मल् ધાતુઓમાં સ્વરની વિકલ્પે વૃદ્ધિ થાય. ઉપસર્ગ હોય તો આ ધાતુઓમાં સ્વરની વૃદ્ધિ ન થાય.

*દા.ત. नम् + अय + ति = नमयति, नामयति ।* તે નમાવે છે.

उद् + नम् + अय + ति = उन्नमयति । તે ઊંચું કરાવે છે.

(૬) आ-કારાન્ત ધાતુઓ, ह्री, री, ब्ली અને ऋ ધાતુઓને अय લગાડતા પૂર્વે प् લાગે.

દા.ત. दो + अय + ति = दापयति । તે કપાવે છે.

ह्री + अय + ति = ह्रेपयति । તે શરમાવે છે.

री + अय + ति = रेपयति । તે મોકલે છે.

ऋ + अय + ति = अर्पयति । તે મોકલે છે.

**અપવાદ** - (i) पा (૧લો ગણ, પીવું), वे, व्ये, ह्वे, शो, छो, सो ધાતુઓમાં अय પૂર્વે प् ની બદલે य् લાગે.

દા.ત. ह्वे + अय + ति = ह्वाययति । તે બોલાવડાવે છે.

शो + अय + ति = शाययति । તે પાતળુ કરાવે છે.

(ii) पा (૨જો ગણ, રક્ષણ કરવું) ધાતુમાં अय ની પૂર્વે प् ની બદલે ल् લાગે.

દા.ત. पा + अय + ति = पालयति । તે રક્ષણ કરાવે છે.

(૭) मि, मी, दी, जि, क्री અને अधि + इ ધાતુના અન્ત્ય સ્વરનો आ થાય.

દા.ત. मि, मी → मापयति । તે ફેંકાવે છે, તે હણાવે છે.

जि → जापयति । તે જિતાડે છે.

क्री → क्रापयति । તે ખરીદાવે છે.

अधि + इ → अध्यापयति । તે ભણાવે છે.

(૮) क्षै, श्रा, श्रै ધાતુઓમાં आ હ્રસ્વ થાય.

દા.ત. क्षै → क्षपयति । તે ક્ષય કરે છે.

श्रै → श्रपयति । તે પકાવે છે.

(૯) હણવું, ખુશ કરવું, તીક્ષ્ણ કરવું અર્થમાં ज्ञा ધાતુનો આ હ્રસ્વ થાય.

દા.ત. ज्ञा → ज्ञपयति । તે હણે છે, તે ખુશ કરે છે, તે તીક્ષ્ણ કરે છે.

ज्ञापयति । તે જણાવે છે.

(૧૦) ઉપસર્ગ વિનાના ग्लै, स्ना ધાતુઓમાં આ વિકલ્પે હ્રસ્વ થાય. ઉપસર્ગ હોય ત્યારે આ ધાતુઓમાં આ હ્રસ્વ ન થાય.

દા.ત. ग्लै → ग्लापयति, ग्लपयति । તે ગ્લાન કરે છે.

स्ना → स्नापयति, स्नपयति । તે સ્નાન કરાવે છે.

प्र + ग्लै → प्रग्लापयति । તે ખૂબ ગ્લાન કરે છે.

उप + स्ना → उपस्नापयति । તે નજીકથી સ્નાન કરાવે છે.

(૧૧) जभ्, रध्, रभ्, लभ् ધાતુઓમાં ઉપાન્ત્યે અનુનાસિક ઉમેરાય.

દા.ત. जभ् → जम्भयति । તે બગાસુ ખવડાવે છે.

रध् → रन्धयति । તે રંધાવે છે.

(૧૨) गुप्, धुप्, पण्, पन्, विच्छ् ધાતુઓના પ્રેરક રૂપો બે પ્રકારે થાય.

(i) ધાતુને अय લગાડીને.

દા.ત. गुप् + अय + ति = गोपयति । તે રક્ષણ કરાવે છે.

(ii) ધાતુને आय् લગાડીને પછી अय લગાડીને.

દા.ત. गुप् + आय् + अय + ति = गोपाययति । તે રક્ષણ કરાવે છે.

(૧૩) रुह् ધાતુમાં ह् નો વિકલ્પે प् થાય.

દા.ત. रुह् → रोहयति, रोपयति । તે ચડાવે છે.

(૧૪) हन् ધાતુનો घात् આદેશ થાય.

દા.ત. हन् → घातयति । તે હણાવે છે.

(૧૫) धू, प्री ધાતુઓને अय પૂર્વે न् લાગે.

દા.ત. धू → धूनयति । તે હલાવડાવે છે.

प्री → प्रीणयति । તે ખુશ કરે છે.

(૧૬) अय પછી इ આવે તો अय ના અન્ત્ય अ નો લોપ થાય.

દા.ત. चुर् → चोरयिता । તે ચોરી કરાવશે.

(૧૭) दीधी, वेवी, दरिद्रा ધાતુઓનો અન્ત્ય સ્વર अय પૂર્વે લોપાય.

દા.ત. दीधी → दीधयति । તે ચમકાવે છે.

वेवी → वेवयति । તે ઉત્પન્ન કરાવે છે.

दरिद्रा → दरिद्रयति । તે દરિદ્ર કરે છે.

(૧૮) (i) ભૂતકૃદન્તના त અને तवत् પ્રત્યયો પૂર્વે

(ii) य् થી શરૂ થતા પ્રત્યયો પૂર્વે અને

(iii) સ્વરથી શરૂ થતા કૃદન્તના પ્રત્યયો પૂર્વે

अय નો લોપ થાય, પણ સ્વર વગેરેમાં થયેલ ફેરફાર કાયમ રહે.

દા.ત. विद् + अय + इ + त = वेद् + अय + इ + त = वेदित । જણાવાયું.

छिद् + अय + य (કર્મણિ) + ते = छेद् + य + ते = छेद्यते । છેદાવાય છે.

पा + अय + अन = पाल् + अय + अन = पालनम् । રક્ષણ કરાવવું.

## કેટલાક ધાતુઓના પ્રેરકમાં થતા આદેશો

| ક્ર. | ધાતુ | અર્થ | પ્રેરક રૂપ |
|---|---|---|---|
| ૧ | इ | જવું | गमयति |
| ૨ | अधि+इ | ભણવું | अध्यापयति |

| ક્ર. | ધાતુ | અર્થ | પ્રેરક રૂપ |
|---|---|---|---|
| ૩ | जागृ | જાગવું | जागरयति |
| ૪ | दुष् | દોષિત કરવું | दूषयति, दोषयति |
| ૫ | दूष् | પાપ કરવું | दूषयति |
| ૬ | धू | ધ્રુજવું | धूनयति |
| ૭ | प्री | ખુશ થવું | प्रीणयति |
| ૮ | भी | ડરવું | भाययति, भापयति, भीषयति |
| ૯ | मृज् | સાફ કરવું | मार्जयति |
| ૧૦ | चि | ભેગુ કરવું | चाययति, चापयति |
| ૧૧ | रुह् | ઊગવું | रोहयति, रोपयति |
| ૧૨ | वि+स्मि | આશ્ચર્ય પામવું | विस्मापयति |
| ૧૩ | स्फुर् | ધ્રુજવું, ચમકવું | स्फोरयति, स्फारयति |
| ૧૪ | हन् | હણવું | घातयति |
| ૧૫ | सिध् | તૈયાર કરવું | साधयति |
| ૧૬ | सिध् | પૂર્ણ કરવું | सेधयति |
| ૧૭ | क्नु | અવાજ કરવો | क्नोपयति |
| ૧૮ | क्ष्माय् | ધ્રુજવું | क्ष्मापयति |
| ૧૯ | गुह् | છુપાવવું | गूहयति |
| ૨૦ | अधि+इ | સ્મરણ કરવું | अधिगमयति |
| ૨૧ | प्रति+इ | પ્રતીતિ કરવી | प्रत्याययति |
| ૨૨ | ला | લાલન કરવું | लालयति |
| ૨૩ | ली | લય થવો | लीनयति, लापयति |

| ક્ર. | ધાતુ | અર્થ | પ્રેરક રૂપ |
|---|---|---|---|
| ૨૪ | वि+ली | વિલય થવો | विलापयति |
| ૨૫ | वी | જવું | वापयति, वाययति |
| ૨૬ | वे | કંપવું | वाययति |
| ૨૭ | वा | વીંઝવું | वापयति, वाजयति |
| ૨૮ | रञ्ज् | ખુશ થવું, શિકાર કરવો | रञ्जयति, रजयति |
| ૨૯ | भ्रस्ज् | ભુંજવું | भ्रज्जयति, भर्जयति |
| ૩૦ | शद् | નાશ પામવું | शातयति |
| ૩૧ | शद् | જવું | शादयति |
| ૩૨ | स्फाय् | સોજો આવવો | स्फावयति |

## પ્રેરક કર્મણિ

(૧) ગણકાર્યવિશિષ્ટ ચાર કાળમાં अय લોપાય.
દા.ત. बुध् → बोध्यते । તે બોધ કરાવાય છે.

(૨) બન્ને ભવિષ્યકાળ અને ક્રિયાતિપત્ત્યર્થમાં વિકલ્પે अय લોપાય.
દા.ત. बुध् → बोधिता, बोधयिता । બોધ કરાવાશે.
बोधिष्यते, बोधयिष्यते । બોધ કરાવાશે.
अबोधिष्यत, अबोधयिष्यत । બોધ કરાવાયો હોત.

(૩) પરોક્ષ ભૂતકાળમાં आम् યુક્ત પરોક્ષ કર્મણિ થાય.
દા.ત. बुध् → बोधयाञ्चक्रे । બોધ કરાવાયો.

(૪) અદ્યતન ભૂતકાળના પાંચમા પ્રકારમાં વિકલ્પે अय લોપાય.
દા.ત. बुध् → अबोधि, अबोधायि । બોધ કરાવાયો.

## પ્રેરક કૃદન્ત

દશમા ગણના ધાતુઓના કૃદન્તોના નિયમો પ્રમાણે પ્રેરકના કૃદન્તો થાય.

**વિશેષ** - ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરવાળા ઉપસર્ગવાળા ધાતુને સંબંધક ભૂત કૃદન્તમાં य પ્રત્યય લાગતા પહેલા अय નો અન્ત્ય अ લોપાય.

દા.ત. प्रणमय + य = प्रणमय्य । પ્રણામ કરાવીને.

## પ્રયોજ્યકર્તાને વિભક્તિવિધાન

(૧) સામાન્ય વાક્યનો કર્તા (ક્રિયા કરનાર) તે પ્રયોજ્યકર્તા છે. પ્રેરક વાક્યનો કર્તા (ક્રિયામાં પ્રેરણા કરનાર) તે પ્રયોજકકર્તા છે. પ્રેરક વાક્યમાં પ્રયોજકકર્તાને પહેલી વિભિક્તિ લાગે અને પ્રયોજ્યકર્તાને સામાન્ય રીતે ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. विरागी संसारं त्यजति । વૈરાગી સંસાર ત્યજે છે.

गुरुः विरागिणा संसारं त्याजयति । ગુરુ વૈરાગીને સંસાર છોડાવે છે.

પ્રયોજકકર્તા → गुरुः, પ્રયોજ્યકર્તા → विरागी ।

(૨) **અપવાદ** - નીચેના પ્રેરક પ્રયોગોમાં પ્રયોજ્યકર્તાને બીજી વિભક્તિ લાગે.

(i) ગત્યર્થક ધાતુના યોગમાં →

દા.ત. मुनिः ग्रामं गच्छति । મુનિ ગામમાં જાય છે.

श्रावकः मुनिं ग्रामं गमयति । શ્રાવક મુનિને ગામમાં મોકલે છે.

(ii) બોધાર્થક ધાતુના યોગમાં →

દા.ત. शिष्यः शास्त्रं बोधति । શિષ્ય શાસ્ત્રને ભણે છે.

गुरुः शिष्यं शास्त्रं बोधयति । ગુરુ શિષ્યને શાસ્ત્ર ભણાવે છે.

(iii) આહારાર્થક ધાતુના યોગમાં →

દા.ત. बालोऽन्नं भुङ्क्ते । બાળક અન્ન ખાય છે.

माता बालमन्नं भोजयति । માતા બાળકને અન્ન ખવડાવે છે.

(iv) શબ્દકર્મક ધાતુના યોગમાં →

દા.ત. क्षुल्लकः व्याकरणं पठति । નાનો સાધુ વ્યાકરણનો પાઠ કરે છે.
गुरुः क्षुल्लकं व्याकरणं पाठयति । ગુરુ નાના સાધુ પાસે વ્યાકરણનો પાઠ કરાવે છે.

(v) અકર્મક ધાતુના યોગમાં →
દા.ત. बालः शेते । બાળક સૂવે છે.
माता बालं शाययति । માતા બાળકને સુવડાવે છે.

## (૩) અપવાદમાં અપવાદ -

(i) नी, वह्, खाद्, क्रन्द्, शब्दाय આટલા ધાતુઓના યોગમાં પ્રયોજ્યકર્તાને ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. किङ्करः भारं वहति । નોકર ભાર વહન કરે છે.
धनिकः किङ्करेण भारं वाहयति । ધનવાન નોકર પાસે ભાર વહન કરાવે છે.

(ii) दृश् ધાતુના પ્રયોજ્યકર્તાને બીજી વિભક્તિ લાગે.
દા.ત. बालः जिनं पश्यति । બાળક ભગવાનને જુવે છે.
जननी बालं जिनं दर्शयति । માતા બાળકને ભગવાન દેખાડે છે.

(iii) हृ, कृ ધાતુઓના પ્રયોજ્યકર્તાને બીજી કે ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. चौरो धनं हरति । ચોર ધનને હરે છે.
नायकः चौरं चौरेण वा धनं हारयति । નાયક ચોર પાસે ધન હરાવે છે.
श्रावकः सामायिकं करोति । શ્રાવક સામાયિક કરે છે.
गुरुः श्रावकं श्रावकेण वा सामायिकं कारयति ।
ગુરુ શ્રાવકને સામાયિક કરાવે છે.

(iv) સકર્મક ધાતુના કર્મની વિવક્ષા ન કરી હોય ત્યારે પ્રયોજ્યકર્તાને બીજી કે ત્રીજી વિભક્તિ લાગે.
દા.ત. रमेशः करोति । રમેશ કરે છે.
दिनेशः रमेशं रमेशेन वा कारयति । દિનેશ રમેશને કરાવે છે.

● ● ●

# સંખ્યાવાચક શબ્દો

(૧) કેટલાક સંખ્યાવાચક શબ્દો -

| સંખ્યા | સંખ્યાવાચક શબ્દ | અર્થ |
|---|---|---|
| ૧ | एक | એક |
| ૨ | द्वि | બે |
| ૩ | त्रि | ત્રણ |
| ૪ | चतुर् | ચાર |
| ૫ | पञ्चन् | પાંચ |
| ૬ | षष् | છ |
| ૭ | सप्तन् | સાત |
| ૮ | अष्टन् | આઠ |
| ૯ | नवन् | નવ |
| ૧૦ | दशन् | દશ |
| ૧૧ | एकादशन् | અગિયાર |
| ૧૨ | द्वादशन् | બાર |
| ૧૩ | त्रयोदशन् | તેર |
| ૧૪ | चतुर्दशन् | ચૌદ |
| ૧૫ | पञ्चदशन् | પંદર |
| ૧૬ | षोडशन् | સોળ |
| ૧૭ | सप्तदशन् | સત્તર |
| ૧૮ | अष्टादशन् | અઢાર |
| ૧૯ | नवदशन्, एकोनविंशति | ઓગણીસ |

| સંખ્યા | સંખ્યાવાચક શબ્દ | અર્થ |
|---|---|---|
| ૨૦ | विंशति | વીસ |
| ૩૦ | त्रिंशत् | ત્રીસ |
| ૪૦ | चत्वारिंशत् | ચાલીસ |
| ૫૦ | पञ्चाशत् | પચાસ |
| ૬૦ | षष्टि | સાઠ |
| ૭૦ | सप्तति | સિત્તેર |
| ૮૦ | अशीति | એંસી |
| ૯૦ | नवति | નેવું |
| ૧૦૦ | शत | સો |
| ૧,૦૦૦ | सहस्र | હજાર |
| ૧,૦૦,૦૦૦ | लक्ष | લાખ |
| ૧,૦૦,૦૦,૦૦૦ | कोटि | કરોડ |

(૨) एक થી नवदशन् સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણ બને અને તેમને વચન-વિભક્તિ વિશેષ્ય પ્રમાણે લાગે. एक થી चतुर् શબ્દમાં લિંગ પણ વિશેષ્ય પ્રમાણે લાગે.

દા.ત. पञ्चभिः स्त्रीभिः । પાંચ સ્ત્રીઓ વડે.

षण्णां कमलानाम् । છ કમળોનું.

चत्वारः घटाः । ચાર ઘડા.

तिस्रः स्त्रियः । ત્રણ સ્ત્રીઓ.

चत्वारि कुलानि । ચાર કુળો.

(૩) पञ्चन् થી नवदशन् સુધીના સંખ્યાવાચક શબ્દોના રૂપો ત્રણેય લિંગમાં એક સરખા થાય છે.

દા.ત. सप्त घटाः । સાત ઘડા. सप्त स्त्रियः । સાત સ્ત્રીઓ.

सप्त कुलानि । સાત કુળો.

(૪) एकोनविंशति વગેરે સંખ્યાવાચક શબ્દો યા તો વિશેષણ બને યા તો સ્વયં વિશેષ્ય બને. જ્યારે તે વિશેષ્ય બને ત્યારે જે વસ્તુની એ સંખ્યા હોય, તે વસ્તુને છઠ્ઠી વિભક્તિ બહુવચન લાગે.

દા.ત. विंशतिः घटाः । વીસ ઘડા.
અથવા घटानां विंशतिः । ઘડાઓની એક વીસી.

(૫) विंशति થી પછીના બધાય સંખ્યાવાચક શબ્દો સ્ત્રીલિંગ છે. शत, सहस्र, लक्ष વગેરે સંખ્યાવાચક શબ્દો નપુંસકલિંગ છે. આ શબ્દોના રૂપો એકવચનમાં થાય. જ્યારે વીસ વગેરેના બે-ત્રણ વગેરે જોડકા હોય ત્યારે આ શબ્દોના રૂપો દ્વિવચન કે બહુવચનમાં પણ થાય.

દા.ત. ब्राह्मणानां विंशतिः । બ્રાહ્મણોની એક વીસી.
ब्राह्मणानां द्वे विंशती । બ્રાહ્મણોની બે વીસી.
ब्राह्मणानां तिस्रः विंशतयः । બ્રાહ્મણોની ત્રણ વીસી.

(૬) (i) विंशति, षष्टि, सप्तति, अशीति, नवति, कोटि ના રૂપો मति પ્રમાણે થાય છે.

દા.ત. विंशतिः, विंशतिं, विंशत्या ।

(ii) त्रिंशत्, चत्वारिंशत्, पञ्चाशत् ના રૂપો सरित् સ્ત્રીલિંગ પ્રમાણે થાય છે.

દા.ત. त्रिंशत्, त्रिंशतौ, त्रिंशतः ।

(iii) शत, सहस्र, लक्ष વગેરેના રૂપો वन પ્રમાણે થાય છે.

દા.ત. शतम्, सहस्रम्, लक्षम् ।

(૭) एक, द्वि વગેરે સંખ્યાવાચક શબ્દો विंशति વગેરે સંખ્યાવાચક શબ્દોની આગળ લખવાથી ૨૧, ૨૨, ૨૩ વગેરે સંખ્યાના સંખ્યાવાચક શબ્દો બને છે.

દા.ત. एकविंशतिः । ૨૧. એકવીસ. एकत्रिंशत् । ૩૧. એકત્રીસ.

(૮) (i) विंशति અને त्रिंशत् શબ્દોની પૂર્વે द्वि નો द्वा, त्रि નો त्रयस् અને अष्टन् નો अष्टा આદેશ થાય છે.

દા.ત. द्वाविंशतिः । બાવીસ. त्रयोविंशतिः । ત્રેવીસ.
अष्टाविंशतिः । અટ્ઠયાવીસ.

(ii) चत्वारिंशत्, पञ्चाशत्, षष्टि, सप्तति, नवति શબ્દોની પૂર્વે ઉપરના આદેશો વિકલ્પે થાય છે.

દા.ત. द्वाचत्वारिंशत्, द्विचत्वारिंशत् । બેતાલીસ.

त्रयश्चत्वारिंशत्, त्रिचत्वारिंशत् । તેતાલીસ.

अष्टचत्वारिंशत्, अष्टाचत्वारिंशत् । અડતાલીસ.

(iii) अशीति, शत, सहस्र, लक्ष વગેરે શબ્દો પૂર્વે ઉપરના આદેશો ન થાય.

દા.ત. द्व्यशीतिः । બ્યાસી. त्र्यशीतिः । ત્ર્યાસી.

द्विशतम् । બસો. त्रिशतम् । ત્રણ સો.

(૯) एक (એક)ના રૂપો - (બહુવચનમાં एक નો અર્થ 'કેટલાક' એવો થાય છે)

| વિભક્તિ | પુંલિંગ | | સ્ત્રીલિંગ | | નપુંસકલિંગ | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન | બહુવચન | એકવચન | બહુવચન | એકવચન | બહુવચન |
| પહેલી | एकः | एके | एका | एकाः | एकम् | एकानि |
| બીજી | एकम् | एकान् | एकाम् | एकाः | एकम् | एकानि |
| ત્રીજી | एकेन | एकैः | एकया | एकाभिः | एकेन | एकैः |
| ચોથી | एकस्मै | एकेभ्यः | एकस्यै | एकाभ्यः | एकस्मै | एकेभ्यः |
| પાંચમી | एकस्मात् | एकेभ्यः | एकस्याः | एकाभ्यः | एकस्मात् | एकेभ्यः |
| છઠ્ઠી | एकस्य | एकेषाम् | एकस्याः | एकासाम् | एकस्य | एकेषाम् |
| સાતમી | एकस्मिन् | एकेषु | एकस्याम् | एकासु | एकस्मिन् | एकेषु |
| સંબોધન | एक ! | एके ! | एके ! | एकाः ! | एक | एकानि |

(૧૦) द्वि (બે) ના રૂપો - (માત્ર દ્વિવચનમાં જ થાય)

| વિભક્તિ | પુંલિંગ | સ્ત્રીલિંગ | નપુસંકલિંગ |
|---|---|---|---|
| પહેલી | द्वौ | द्वे | द्वे |
| બીજી | द्वौ | द्वे | द्वे |
| ત્રીજી | द्वाभ्याम् | द्वाभ्याम् | द्वाभ्याम् |
| ચોથી | द्वाभ्याम् | द्वाभ्याम् | द्वाभ्याम् |
| પાંચમી | द्वाभ्याम् | द्वाभ्याम् | द्वाभ्याम् |
| છઠ્ઠી | द्वयोः | द्वयोः | द्वयोः |
| સાતમી | द्वयोः | द्वयोः | द्वयोः |
| સંબોધન | द्वौ ! | द्वे ! | द्वे ! |

(૧૧)त्रि (ત્રણ)ના રૂપો- (માત્ર બહુવચનમાં જ થાય)

| વિભક્તિ | પુંલિંગ | સ્ત્રીલિંગ (तिसृ) | નપુંસકલિંગ |
|---|---|---|---|
| પહેલી | त्रयः | तिस्रः | त्रीणि |
| બીજી | त्रीन् | तिस्रः | त्रीणि |
| ત્રીજી | त्रिभिः | तिसृभिः | त्रिभिः |
| ચોથી | त्रिभ्यः | तिसृभ्यः | त्रिभ्यः |
| પાંચમી | त्रिभ्यः | तिसृभ्यः | त्रिभ्यः |
| છઠ્ઠી | त्रयाणाम् | तिसृणाम् | त्रयाणाम् |
| સાતમી | त्रिषु | तिसृषु | त्रिषु |
| સંબોધન | त्रयः ! | तिस्रः ! | त्रीणि ! |

(૧૨) चतुर् (ચાર)ના રૂપો - (માત્ર બહુવચનમાં જ થાય)

| વિભક્તિ | પુંલિંગ | સ્ત્રીલિંગ (चतसृ) | નપુસંકલિંગ |
|---|---|---|---|
| પહેલી | चत्वारः | चतस्रः | चत्वारि |
| બીજી | चतुरः | चतस्रः | चत्वारि |
| ત્રીજી | चतुर्भिः | चतसृभिः | चतुर्भिः |
| ચોથી | चतुर्भ्यः | चतसृभ्यः | चतुर्भ्यः |
| પાંચમી | चतुर्भ्यः | चतसृभ्यः | चतुर्भ्यः |
| છઠ્ઠી | चतुर्णाम् | चतसृणाम् | चतुर्णाम् |
| સાતમી | चतुर्षु | चतसृषु | चतुर्षु |
| સંબોધન | चत्वारः ! | चतस्रः ! | चत्वारि ! |

(૧૩) पञ्चन् (પાંચ), षष् (છ), अष्टन् (આઠ), दशन् (દસ) ના રૂપો -

| વિભક્તિ | पञ्चन् | षष् | अष्टन् | दशन् |
|---|---|---|---|---|
| પહેલી | पञ्च | षट् | अष्ट, अष्टौ | दश |
| બીજી | पञ्च | षट् | अष्ट, अष्टौ | दश |
| ત્રીજી | पञ्चभिः | षड्भिः | अष्टभिः, अष्टाभिः | दशभिः |
| ચોથી | पञ्चभ्यः | षड्भ्यः | अष्टभ्यः, अष्टाभ्यः | दशभ्यः |
| પાંચમી | पञ्चभ्यः | षड्भ्यः | अष्टभ्यः, अष्टाभ्यः | दशभ्यः |
| છઠ્ઠી | पञ्चानाम् | षण्णाम् | अष्टानाम् | दशानाम् |
| સાતમી | पञ्चसु | षट्सु | अष्टसु, अष्टासु | दशसु |
| સંબોધન | पञ्च ! | षट् ! | अष्ट ! | दश ! |

(૧૪) सप्तन् (સાત) અને नवन् (નવ) ના રૂપો पञ्चन् પ્રમાણે થાય.

(૧૫) एकादशन् થી नवदशन् સુધીના શબ્દોના રૂપો दशन् પ્રમાણે થાય.

# સંખ્યાપૂરક શબ્દો

(૧) એક, બે વગેરે સંખ્યાવાચક શબ્દો છે. પહેલો, બીજો વગેરે સંખ્યાપૂરક શબ્દો છે.

(૨) एक થી षष् સુધીના સંખ્યાવાચક શબ્દોના સંખ્યાપૂરક શબ્દો નીચે પ્રમાણે છે.

| સંખ્યાવાચક શબ્દ | સંખ્યાપૂરક શબ્દ | અર્થ |
|---|---|---|
| एक | प्रथम, अग्रिम, आदिम | પહેલો |
| द्वि | द्वितीय | બીજો |
| त्रि | तृतीय | ત્રીજો |
| चतुर् | चतुर्थ, तुर्य, तुरीय | ચોથો |
| पञ्चन् | पञ्चम | પાંચમો |
| षष् | षष्ठ | છઠ્ઠો |

(૩) सप्तन् થી दशन् સુધીના સંખ્યાવાચક શબ્દોમાં न् નો લોપ કરી म લગાડવાથી સંખ્યાપૂરક શબ્દો બને છે.

દા.ત. सप्तन् → सप्तमः । સાતમો.

(૪) एकादशन् થી नवदशन् સુધીના સંખ્યાવાચક શબ્દોમાં न् નો લોપ કરવાથી સંખ્યાપૂરક શબ્દો બને છે.

દા.ત. एकादशन् → एकादशः । અગિયારમો.

(૫) विंशति થી પછીના સંખ્યાવાચક શબ્દોના સંખ્યાપૂરક શબ્દો બે રીતે થાય છે -

(i) સંખ્યાવાચક શબ્દો પછી तम લગાડવાથી સંખ્યાપૂરક શબ્દો બને છે.
દા.ત. विंशतितमः । વીસમો. एकविंशतितमः । એકવીસમો.
त्रिंशत्तमः । ત્રીસમો. एकत्रिंशत्तमः । એકત્રીસમો.

(ii) બીજી રીતે विंशति ના ति નો લોપ કરવાથી અને બીજા સંખ્યાવાચક

શબ્દોના અન્ત્ય વ્યંજનનો લોપ કરવાથી સંખ્યાપૂરક શબ્દો બને છે. અન્ત્ય સ્વરવાળા સામાસિક સંખ્યાવાચક શબ્દોમાં અન્ત્ય સ્વરનો अ થાય છે. અન્ત્ય સ્વરવાળા એકલા (સમાસરહિત) સંખ્યાવાચક શબ્દોમાં અન્ત્ય સ્વરનો अ ન થાય. તેમના સંખ્યાપૂરક શબ્દો પહેલી રીત પ્રમાણે જ થાય.

દા.ત. विंशः । વીસમો. एकविंशः । એકવીસમો.

त्रिंशः । ત્રીસમો. एकत्रिंशः । એકત્રીસમો.

षष्टितमः । સાઠમો. शततमः । સોમો.

एकषष्टः, एकषष्टितमः । એકસઠમો.

(૬) સંખ્યાપૂરક શબ્દો વિશેષણ બને છે. તેથી તેમના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે થાય છે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય છે.

દા.ત. प्रथमः प्रथमौ प्रथमाः ।

प्रथमं प्रथमे प्रथमानि ।

(૭) (i) प्रथम, अग्रिम, आदिम, द्वितीय, तृतीय, तुर्य, तुरीय – આ સંખ્યાવાચક શબ્દોના સ્ત્રીલિંગમાં રૂપો અંતે आ લગાડી माला પ્રમાણે થાય છે.

દા.ત. प्रथमा प्रथमे प्रथमाः ।

(ii) चतुर्थ વગેરે સંખ્યાવાચક શબ્દોના સ્ત્રીલિંગમાં રૂપો અંતે ई લગાડી नदी પ્રમાણે થાય છે.

દા.ત. चतुर्थी चतुर्थ्यौ चतुर्थ्यः ।

(૮) प्रथम શબ્દના પુલિંગમાં પહેલી વિભક્તિના બહુવચનના રૂપો → प्रथमे, प्रथमाः ।

(૯) द्वितीय અને तृतीय શબ્દોના ત્રણે લિંગમાં ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી વિભક્તિઓના એકવચનના રૂપો વિકલ્પે सर्व (સર્વનામ) ના ત્રણે લિંગમાં ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી વિભક્તિઓના એકવચનના રૂપો પ્રમાણે થાય.

દા.ત.

| વિભક્તિ | પુંલિંગ-નપુંસકલિંગ એકવચન | સ્ત્રીલિંગ એકવચન |
|---|---|---|
| ચોથી | द्वितीयाय, द्वितीयस्मै | द्वितीयायै, द्वितीयस्यै |
| પાંચમી | द्वितीयात्, द्वितीयस्मात् | द्वितीयायाः, द्वितीयस्याः |
| છઠ્ઠી | द्वितीयस्य | द्वितीयायाः, द्वितीयस्याः |
| સાતમી | द्वितीये, द्वितीयस्मिन् | द्वितीयायाम्, द्वितीयस्याम् |

●●●

+ **स खलु महान् यः स्वकार्येष्विव परकार्येष्वप्युत्सहते ।**
પોતાના કાર્યોની જેમ જે બીજાના કાર્યોમાં પણ ઉત્સાહ દાખવે છે તે સાચે જ મહાન છે.

+ **प्रज्ञयातिशयानो न गुरुमवज्ञायेत ।**
બુદ્ધિમાં તેજ હોવા છતાં પણ ગુરુનો તિરસ્કાર ન કરવો.

+ **स्वयमगुणं वस्तु न खलु पक्षपाताद् गुणवद् भवति ।**
સ્વયં નિર્ગુણ વસ્તુ પક્ષપાતથી ગુણવાન બની જતી નથી.

+ **अशुभस्य कालहरणमेव प्रतिकारः ।**
અશુભનું નિવારણ સમય પસાર કરી દેવાથી થઈ જાય છે.

+ **अहिदष्टा स्वाङ्गुलिरपि छिद्यते ।**
સર્પથી દંશાયેલી પોતાની આંગળી પણ કાપી નાખવી પડે છે.

+ **अलं तेनाऽमृतेन यत्राऽस्ति विषसंसर्गः ।**
જેમાં વિષનું મિશ્રણ છે એવા અમૃતનું શું પ્રયોજન ?

+ **कः कालं जेतुमीश्वरः ?**
કાળને જીતવા કોણ સમર્થ છે ?

# 'વાર' અર્થ અને 'એટલું' અર્થ

(૧) વાર અર્થ = એક વાર, બે વાર, બહુ વાર.

(૨) સંસ્કૃતભાષામાં વાર અર્થ જણાવવા માટે સંખ્યાવાચક શબ્દો પછી कृत्वस् પ્રત્યય લગાડાય છે. ત્યારે શબ્દના અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે. આ શબ્દો ક્રિયાવિશેષણ અવ્યય બને છે.

દા.ત. पञ्चकृत्वः । પાંચ વાર.

(૩) एक, द्वि, त्रि, चतुर् આ સંખ્યાવાચક શબ્દો પરથી વાર અર્થ જણાવનાર ક્રિયાવિશેષણ અવ્યય બનાવવા कृत्वस् પ્રત્યય ન લગાડાય, પણ નીચે પ્રમાણે આદેશ થાય.

દા.ત. एक → सकृत् । એક વાર. द्वि → द्विः । બે વાર.

त्रि → त्रिः । ત્રણ વાર. चतुर् → चतुः । ચાર વાર.

(૪) यद्, तद्, एतद् શબ્દોને वत् પ્રત્યય લગાડવાથી અને इदम्, किम् શબ્દોને यत् પ્રત્યય લગાડવાથી 'એટલું' એવા અર્થવાળા શબ્દો બને છે. ત્યારે यद् નો या, तद् નો ता, एतद् નો एता, इदम् નો इ અને किम् નો कि આદેશ થાય છે.

દા.ત. यद् + वत् = यावत् । જેટલું.

तद् + वत् = तावत् । તેટલું.

एतद् + वत् = एतावत् । એટલું.

इदम् + यत् = इयत् । એટલું.

किम् + यत् = कियत् । કેટલું.

(૫) આ यावत् વગેરે શબ્દો વિશેષણ બને છે. તેથી ત્રણે લિંગમાં તેમના રૂપો થાય છે. તેમના રૂપો પુંલિંગમાં भगवत् ની જેમ, સ્ત્રીલિંગમાં ई લગાડી नदी ની જેમ અને નપુંસકલિંગમાં जगत् ની જેમ થાય છે.

દા.ત. यावत् - પુંલિંગ → यावान् यावन्तौ यावन्तः ।

સ્ત્રીલિંગ → यावती यावत्यौ यावत्यः ।

નપુંસકલિંગ → यावत् यावती यावन्ति ।

(૬) यावत् વગેરે શબ્દોને कृत्वस् પ્રત્યય લગાડવાથી જેટલીવાર, તેટલીવાર વગેરે અર્થવાળા ક્રિયાવિશેષણ અવ્યયો બને છે.

દા.ત. यद् → यावत्कृत्वः । જેટલીવાર.

तद् → तावत्कृत्वः । તેટલીવાર.

एतद् → एतावत्कृत्वः । એટલીવાર.

इदम् → इयत्कृत्वः । એટલીવાર.

किम् → कियत्कृत्वः । કેટલીવાર.

●●●

+ **धर्माय नित्यमजाग्रताम् आत्मवञ्चनं भवति ।**
ધર્મ કરવા માટે સદા જાગ્રત ન રહેનાર પોતાના જ આત્મા સાથે છેતરપીંડી કરે છે.

+ **धर्मफलमनुभवतोऽपि अधर्मानुष्ठानमनात्मज्ञस्य ।**
ધર્મના ફળને અનુભવવા છતાં અધર્મના માર્ગ પર ચાલવું એ પોતાના આત્માને ન જાણનારની ચેષ્ટા છે.

+ **सर्वत्र संशयानेषु नास्ति कार्यसिद्धिः ।**
બધે જ શંકા કરનારને કાર્યસિદ્ધિ થતી નથી.

+ **आत्मशक्तिमविज्ञायोत्साहः शिरसा पर्वतभेदनमिव ।**
પોતાની શક્તિને જાણ્યા વિનાનો ઉત્સાહ મસ્તકથી પર્વત તોડવા જેવો (દુઃખદાયી) છે.

+ **अङ्गुल्या पिहिते कर्णे शब्दाद्वैतं हि जृम्भते ।**
આંગળીથી કાનને ઢાંકવા પર એકલો અવાજ સંભળાય છે.

# અધિકતાદર્શક અને શ્રેષ્ઠતાદર્શક પ્રત્યયો

(૧) (i) અધિકતા = બે વસ્તુમાંથી એક વસ્તુમાં બીજી વસ્તુ કરતા અધિકપણું હોવું તે અધિકતા. તે બતાવવા માટે અધિકતાદર્શક પ્રત્યય વપરાય છે.

(ii) શ્રેષ્ઠતા = એક જ પ્રકારની ઘણી વસ્તુઓમાંથી એક વસ્તુ બાકીની બધી વસ્તુઓ કરતા ચઢિયાતી હોવી તે શ્રેષ્ઠતા. તે બતાવવા માટે શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય વપરાય છે.

(૨) અધિકતાદર્શક પ્રત્યય = ईयस्, तर

શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય = इष्ठ, तम

(૩) ईयस् - इष्ठ પ્રત્યય લાગતા પહેલા શબ્દના અન્ત્ય સ્વરનો અથવા અન્ત્ય વ્યંજન સહિત ઉપાન્ત્ય સ્વરનો લોપ થાય છે.

દા.ત. लघु + ईयस् = लघ् + ईयस् = लघीयस् । બેમાંથી વધુ નાનો.

लघु + इष्ठ = लघ् + इष्ठ = लघिष्ठ । સૌથી નાનો.

महत् + ईयस् = मह् + ईयस् = महीयस् । બેમાંથી વધુ મોટો.

महत् + इष्ठ = मह् + इष्ठ = महिष्ठ । સૌથી મોટો.

(૪) ईयस्-इष्ठ પ્રત્યયો ગુણવાચક વિશેષણને જ લાગે, કૃદન્તોને અને ધાતુસાધિત શબ્દોને ન લાગે. तर-तम પ્રત્યયો બધાય શબ્દોને લાગે.

દા.ત. पृथु → प्रथीयस् । બેમાંથી વધુ પહોળો. प्रथिष्ठ । સૌથી પહોળો.
पृथुतर । બેમાંથી વધુ પહોળો. पृथुतम । સૌથી પહોળો.

वृद्ध → वृद्धतर । બેમાંથી વધુ ઘરડો. वृद्धतम । સૌથી ઘરડો.

दायक → दायकतर । બેમાંથી સારો દાન આપનારો.

दायकतम । સૌથી સારો દાન આપનારો.

(૫) पृथु, मृदु, भृश, कृश, दृढ, परिवृढ શબ્દોને ईयस्-इष्ठ લાગતા ऋ નો र् થાય.

દા.ત. पृथु → प्रथीयस् । બેમાંથી વધુ પહોળો. प्रथिष्ठ । સૌથી પહોળો.

मृदु → म्रदीयस् । બેમાંથી વધુ કોમળ. म्रदिष्ठ । સૌથી કોમળ.

(૬) ईयस्-इष्ठ લાગતા स्थूल, दूर, ह्रस्व, क्षिप्र, क्षुद्र શબ્દોના અન્ત્ય સ્વર સહિત ઉપાન્ત્ય વ્યંજનનો લોપ થાય, युवन् ના वन् નો લોપ થાય અને આ બધા શબ્દોમાં પૂર્વના સ્વરનો ગુણ થાય.

દા.ત. स्थूल + ईयस् = स्थू + ईयस् = स्थवीयस् । બેમાંથી વધુ જાડો.

स्थूल + इष्ठ = स्थू + इष्ठ = स्थविष्ठ । સૌથી જાડો.

युवन् + ईयस् = यु + ईयस् = यवीयस् । બેમાંથી વધુ યુવાન.

युवन् + इष्ठ = यु + इष्ठ = यविष्ठ । સૌથી યુવાન.

(૭) ईयस्-इष्ठ લાગતા પૂર્વે સ્વામિત્વદર્શક પ્રત્યયો मत्, वत्, इन्, विन् વગેરે લોપાય.

દા.ત. बलवत् + ईयस् = बलीयस् । બેમાંથી વધુ બળવાન.

बलवत् + इष्ठ = बलिष्ठ । સૌથી બળવાન.

(૮) કેટલાક અનિયમિત અધિકતાદર્શક - શ્રેષ્ઠતાદર્શક વિશેષણો -

| ક્ર. | મૂળશબ્દ | અર્થ | અધિકતાદર્શક વિશેષણ | શ્રેષ્ઠતાદર્શક વિશેષણ |
|---|---|---|---|---|
| ૧ | प्रशस्य | વખાણવા લાયક | ज्यायस्<br>श्रेयस् | ज्येष्ठ<br>श्रेष्ठ |
| ૨ | वृद्ध | ઘરડું | ज्यायस्<br>वर्षीयस् | ज्येष्ठ<br>वर्षिष्ठ |
| ૩ | अन्तिक | પાસેનું | नेदीयस् | नेदिष्ठ |
| ૪ | बाढ | દૃઢ, સારું | साधीयस् | साधिष्ठ |
| ૫ | प्रिय | વ્હાલું | प्रेयस् | प्रेष्ठ |
| ૬ | स्थिर | નિશ્ચલ | स्थेयस् | स्थेष्ठ |
| ૭ | स्फिर | જાડું | स्फेयस् | स्फेष्ठ |

| ક્ર. | મૂળશબ્દ | અર્થ | અધિકતાદર્શક વિશેષણ | શ્રેષ્ઠતાદર્શક વિશેષણ |
|---|---|---|---|---|
| ૮ | गुरु | ભારે | गरीयस् | गरिष्ठ |
| ૯ | उरु | પહોળું | वरीयस् | वरिष्ठ |
| ૧૦ | बहुल | બહુ | बंहीयस् | बंहिष्ठ |
| ૧૧ | दीर्घ | લાંબુ | द्राघीयस् | द्राघिष्ठ |
| ૧૨ | बहु | ઘણું | भूयस् | भूयिष्ठ |
| ૧૩ | युवन् | યુવાન | यवीयस्<br>कनीयस् | यविष्ठ<br>कनिष्ठ |
| ૧૪ | अल्प | નાનું | कनीयस्<br>अल्पीयस् | कनिष्ठ<br>अल्पिष्ठ |

(૯) (i) ईयस् અન્તવાળા શબ્દોના પુંલિંગ - નપુંસકલિંગના રૂપો श्रेयस् શબ્દ પ્રમાણે થાય અને સ્ત્રીલિંગના રૂપો ई લગાડી नदी શબ્દ પ્રમાણે થાય.

(ii) इष्ठ અન્તવાળા શબ્દોના પુંલિંગના રૂપો जिन પ્રમાણે, સ્ત્રીલિંગના રૂપો आ લગાડી माला પ્રમાણે અને નપુંસકલિંગના રૂપો वन પ્રમાણે થાય.

(૧૦) तर, तम પ્રત્યયો વિશેષણને, નામને, અવ્યયને અને ક્રિયાપદને લાગે છે. ક્રિયાપદને લાગે ત્યારે तर નું तराम् અને तम નું तमाम् થાય છે. અવ્યયને લાગે ત્યારે तर, तम નું વિકલ્પે तराम्, तमाम् થાય છે.

દા.ત. વિશેષણ → लघु → लघुतर । બેમાંથી વધુ નાનો.
लघुतम । સૌથી નાનો.

નામ → पाचक → पाचकतर । બેમાંથી સારો રાંધનારો.
पाचकतम । સૌથી સારો રાંધનારો.

અવ્યય → उच्चैः → उच्चैस्तर । બેમાંથી વધુ ઊંચો.
उच्चैस्तम । સૌથી ઊંચો.
उच्चैस्तराम् । બેમાંથી વધુ ઊંચો.

उच्चैस्तमाम् । સૌથી ઊંચો.

ક્રિયાપદ → पचति → पचतितराम् । બેમાંથી સારુ રાંધે છે.

पचतितमाम् । સૌથી સારુ રાંધે છે.

(૧૧) तर-तम અન્તવાળા શબ્દોના પુંલિંગમાં રૂપો जिन ની જેમ, સ્ત્રીલિંગમાં आ લગાડીને माला ની જેમ અને નપુંસકલિંગમાં રૂપો वन ની જેમ થાય છે.

●●●

+ **तत् सौजन्यं वाग्मिता च यत्र नास्ति परोद्वेगः ।**
એ જ સૌજન્ય અને વચનપટુતા છે કે જ્યાં બીજાને ઉદ્વેગ નથી.

+ **कलहजननमप्रीत्युत्पादनं च दुर्जनानां धर्मः, न सज्जनानाम् ।**
ઝઘડો કરવો અને અપ્રીતિ ઉત્પન્ન કરવી, એ દુર્જનોનો સ્વભાવ છે, સજ્જનોનો નહીં.

+ **अप्रियकर्त्तुः न प्रियकरणाद् अन्यद् मारणमस्ति ।**
અપ્રિય કરનારનું, પ્રિય કરવાને છોડીને બીજું કોઈ મારણ નથી.

+ **न खलु अन्यपरमाणूनामल्पत्वेन मेरुः महान्, अपि स्वगुणैरेव ।**
બીજા પરમાણુઓની લઘુતાના કારણે મેરુ મહાન નથી પણ પોતાના ગુણોથી જ મહાન છે.

+ **याञ्चा ह्यमोघा महताममोघं च ऋषेर्वचः ।**
મહાપુરુષોની યાચના નિષ્ફળ જતી નથી અને ઋષિનું વચન નિષ્ફળ જતું નથી.

+ **महात्मानः प्रकृत्यापि शपथच्छेदकातराः ।**
મહાપુરુષો સ્વભાવથી પણ પ્રતિજ્ઞાને તોડવામાં કાયર હોય છે.

+ **विवेको हि स्मरार्त्तानां कियच्चिरम् ?**
કામથી પીડાયેલાઓને વિવેક કયાં સુધી હોય ?

# સ્વામિત્વદર્શક પ્રત્યયો

(૧) સ્વામિત્વ = માલિકપણું. તે બતાવવા શબ્દને સ્વામિત્વદર્શક પ્રત્યયો લાગે છે.

(૨) સ્વામિત્વદર્શક પ્રત્યય = मत् । સ્વામિત્વ અર્થમાં શબ્દને मत् પ્રત્યય લાગે છે.

દા.ત. धी → धीमत् । બુદ્ધિવાળો.

(૩) જો શબ્દને અન્તે કે ઉપાન્ત્યે अ, आ કે म् હોય તો સ્વામિત્વ અર્થમાં मत् ની બદલે वत् પ્રત્યય લાગે.

દા.ત. धनवत् । ધનવાન્. विद्यावत् । વિદ્યાવાળો. यशस्वत् । યશવાળો.
भास्वत् । સૂર્ય. किम्वत् । કિંવાળો. लक्ष्मीवत् । લક્ષ્મીવાળો.

કેટલાક અપવાદભૂત રૂપો છે -

દા.ત. यवमत् । યવવાળો. भूमिमत् । ભૂમિવાળો.

(૪) શબ્દને અન્તે ૨૦ વ્યંજનમાંનો વ્યંજન હોય તો સ્વામિત્વ અર્થમાં मत् ની બદલે वत् પ્રત્યય લાગે.

દા.ત. तडित्वत् । વાદળ.

(૫) अ-કારાન્ત શબ્દોને સ્વામિત્વ અર્થમાં इन् પ્રત્યય પણ લાગે. ત્યારે શબ્દનો અન્ત્ય अ લોપાય.

દા.ત. धन + इन् = धनिन् । ધનવાન્.
दण्ड + इन् = दण्डिन् । દંડવાળો.

(૬) माया, मेधा અને अस् અન્તવાળા શબ્દોને સ્વામિત્વ અર્થમાં विन् પ્રત્યય પણ લાગે.

દા.ત. मायाविन् । માયાવી. मेधाविन् । બુદ્ધિશાળી. तपस्विन् । તપસ્વી.

●●●

\+ **न लङ्घन्ते पूज्यपूजां विवेकिनः ।**
વિવેકી મનુષ્યો પૂજ્યની પૂજાને ઓળંગતા નથી.

## 'ના જેવું' એવો અર્થ બતાવવા માટેના પ્રત્યયો

(૧) આ અર્થમાં तद् વગેરે સર્વનામોને दृश्, दृश અને दृक्ष પ્રત્યયો લાગે. ત્યારે સર્વનામના અન્ત્ય અક્ષરનો आ થાય, इदम् નો ई આદેશ થાય અને किम् નો की આદેશ થાય.

દા.ત. तद् → तादृश्, तादृश, तादृक्ष । તેવું.

त्वद् → त्वादृश्, त्वादृश, त्वादृक्ष । તારા જેવું.

युष्मद् → युष्मादृश्, युष्मादृश, युष्मादृक्ष । તમારા જેવું.

मद् → मादृश्, मादृश, मादृक्ष । મારા જેવું.

अस्मद् → अस्मादृश्, अस्मादृश, अस्मादृक्ष । અમારા જેવું.

इदम् → ईदृश्, ईदृश, ईदृक्ष । આવું.

किम् → कीदृश्, कीदृश, कीदृक्ष । કેવું.

●●●

+ **स खलु महान्, य आर्तोऽपि दुर्वचनं न ब्रूयात् ।**
તે ખરેખર મહાન છે કે જે પીડિત છતાં દુર્વચન નથી બોલતો.

+ **रवेरविषयं किं न प्रकाशयति दीपः ?**
સૂર્યના વિષય ન બનતા પદાર્થોને શું દીપક પ્રકાશિત નથી કરતો ?

+ **अल्पमपि वातायनविवरं बहूनुपलम्भयति ।**
પવન-પ્રકાશના પ્રવેશ માટે બનાવેલ નાનું પણ બાકોરું ઘણા પદાર્થોને દેખાડી શકે છે.

+ **नोत्कण्ठा विलम्बं सहते क्वचित् ।**
ઉત્કંઠા ક્યાંય વિલંબને સહન કરતી નથી.

+ **विदेशो विदुषां हि कः ?**
વિદ્વાનોને કયો દેશ વિદેશ છે ? અર્થાત્ કોઈ દેશ વિદેશ નથી.

# च्वि પ્રત્યય (અભૂતતદ્ભાવ)

(૧) જે પહેલા તેવું નહોતું તે તેવું કે તેના જેવું થયું એવો અર્થ જણાવવા માટે શબ્દને च्वि પ્રત્યય લાગે છે. આમાં શબ્દને ई લાગે. પછી શબ્દ જો કર્મ-રૂપ હોય તો कृ ધાતુના અને કર્તારૂપ હોય તો भू ધાતુના અને ક્યારેક अस् ધાતુના રૂપો લાગે.

દા.ત. न गङ्गा = अगङ्गा ।

अगङ्गा गङ्गा इव भवति इति गङ्गीभवति ।

જે ગંગા નથી તે ગંગા જેવી થાય છે.

न स्वम् = अस्वम् ।

अस्वं स्वं करोति इति स्वीकरोति ।

જે પોતાનું નથી તેને પોતાનું કરે છે.

(૨) ई લાગતા થતા ફેરફારો -

(i) અવ્યય સિવાયના अ-કારાન્ત અને आ-કારાન્ત શબ્દોના અન્ત્ય अ-आ નો લોપ થાય. (તેના સ્થાને ई લાગે.)

દા.ત. धन → धनीभवति । જે ધન નથી તે ધન જેવું થાય છે.

गङ्गा → गङ्गीभवति । જે ગંગા નથી તે ગંગા જેવી થાય છે.

(ii) શબ્દનો અન્ત્ય સ્વર इ કે उ હોય તો તે દીર્ઘ થાય. પછી ई ન લાગે.

દા.ત. शुचि → शुचीभवति । જે પવિત્ર નથી તે પવિત્ર થાય છે.

पटू → पटूभवति । જે હોંશિયાર નથી તે હોંશિયાર થાય છે.

(iii) શબ્દનો અન્ત્ય સ્વર હ્રસ્વ ऋ હોય તો તેનો री થાય. પછી ई ન લાગે.

દા.ત. मातृ → मात्रीकरोति । જે માતા નથી તેને માતા કરે છે.

(iv) न्-કારાન્ત શબ્દો તથા मनस्, अरुष्, चक्षुष्, चेतस्, रहस्, रजस् શબ્દોના અન્ત્ય વ્યંજનનો લોપ થાય.

દા.ત. राजन् → राजीभवति । જે રાજા નથી તે રાજા થાય છે.

चेतस् → चेतीभवति । જે મન નથી તે મન જેવું થાય છે.

● ● ●

# ઇચ્છાદર્શક ( सनन्त )

(૧) ઇચ્છાદર્શક રૂપનો અર્થ ક્રિયા કરવાની ઇચ્છા કે ક્રિયા કરવાની તૈયારી એવો થાય છે.

દા.ત. जिगमिषति । તે જવાની ઇચ્છા કરે છે, અથવા તે જવાની તૈયારીમાં છે. मुमूर्षति । તે મરવાની અણી પર છે.

(૨) ધાતુને स् પ્રત્યય લાગે.

દા.ત. गम् + स् ।

(૩) ત્રીજા ગણની જેમ દ્વિરુક્તિ થાય.

દા.ત. गम् + स् = गगम् + स् = जगम् + स् ।

(૪) દ્વિરુક્તિમાં अ નો इ થાય.

દા.ત. गम् + स् = जिगम् + स् ।

(૫) स् પ્રત્યય પૂર્વે સેટ્ ધાતુઓને इ લાગે અને અનિટ્ ધાતુઓને इ ન લાગે.

દા.ત. पत् + स् = पिपत् + इ + स् = पिपतिस् ।

मन् + स् = मिमन् + स् = मिमंस् ।

(૬) इ લાગે એટલે સામાન્યથી અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. इ + स् પ્રત્યય વિકારક છે.

દા.ત. वृत् → विवर्तिषति । તે વર્તવા ઇચ્છે છે.

એકલો स् પ્રત્યય અવિકારક છે.

नी → निनीषति । તે લઈ જવા ઇચ્છે છે.

(૭) ગણકાર્યવિશિષ્ટ ચાર કાળોમાં स् માં अ ઉમેરાય.

દા.ત. गम् + स् = जिगमिस् + अ = जिगमिस ।

(૮) સન્ધિના નિયમો પ્રમાણે स् નો ष् થાય. ત્યારે ધાતુના स् નો ष् ન થાય.

દા.ત. गम् + स् = जिगमिष ।

सू + स् = सुसूष ।

(૯) ગણકાર્યવિશિષ્ટ ચાર કાળમાં ધાતુના રૂપો છઠ્ઠા ગણ પ્રમાણે થાય.

દા.ત. गम् + ति = जिगमिषति । તે જવા ઈચ્છે છે.

(૧૦) આત્મનેપદી ધાતુઓના રૂપો આત્મનેપદમાં થાય.

દા.ત. मन् + स् + ते = मिमंसते । તે વિચારવા ઈચ્છે છે.

(૧૧) ग्रह्, गुह्, હ્રસ્વ ऋ-કારાન્ત અને હ્રસ્વ-દીર્ઘ उ-કારાન્ત ધાતુઓને इ લાગતી નથી.

દા.ત. ग्रह् → जिघृक्षति । તે ગ્રહણ કરવા ઈચ્છે છે.

कृ → चिकीर्षति । તે કરવા ઈચ્છે છે.

भू → बुभूषति । તે બનવા ઈચ્છે છે.

(૧૨) दृ (આત્મનેપદ, આદર કરવો), धृ (આત્મનેપદ, ધારણ કરવું), कृ, गृ-આ છઠ્ઠા ગણના ધાતુઓ અને स्मि, पू (૧લો ગણ, આત્મનેપદ), अञ्ज्, प्रच्छ्, ऋ અને अश् ધાતુઓને इ લાગે છે.

દા.ત. दृ → दिदरिषते । તે આદર કરવા ઈચ્છે છે.

धृ → दिधरिषते । તે ધારણ કરવા ઈચ્છે છે.

स्मि → सिस्मयिषते । તે હસવા ઈચ્છે છે.

पू → पिपविषते । તે પવિત્ર કરવા ઈચ્છે છે.

अञ्ज् → अञ्जिजिषति । તે આંજવા ઈચ્છે છે.

प्रच्छ् → पिपृच्छिषति । તે પૂછવા ઈચ્છે છે.

ऋ → अरिरिषति । તે જવા ઈચ્છે છે.

(૧૩) દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓ, इव् અન્તવાળા ધાતુઓ, दरिद्रा, श्रि, ऊर्णु, यु, भृ, वृ, स्वृ, ऋध्, दम्भ्, भ्रस्ज्, ज्ञप्, तन्, पत्, कृत्, चृत्, छृद्, तृद् અને

नृत् ધાતુઓને વિકલ્પે इ લાગે.

દા.ત. दिव् → दुद्यूषति, दिदेविषति । તે જુગાર રમવા ઇચ્છે છે.

श्रि → शिश्रीषति, शिश्रयिषति । તે સેવા કરવા ઇચ્છે છે.

દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓને વિકલ્પે દીર્ઘ ई લાગે.

દા.ત. जॄ → जिजरीषति, जिजरिषति, जिजीर्षति । તે ઘરડો થવાની તૈયારીમાં છે.

(૧૪) क्रम्, गम्, स्वृ ધાતુઓને પરસ્મૈપદમાં इ લાગે, પણ આત્મનેપદમાં इ ન લાગે.

દા.ત. गम् → जिगमिषति । તે જવા ઇચ્છે છે. संजिगंसते । તે ભેગો થવા ઇચ્છે છે.

क्रम् → चिक्रमिषति, चिक्रंसते । તે ચાલવા ઇચ્છે છે.

स्वृ → सिस्वरिषति, सुसूर्षति । તે અવાજ કરવા ઇચ્છે છે.

(૧૫) क्लृप्, वृत्, वृध्, शृध्, स्यन्द् ધાતુઓને પરસ્મૈપદમાં इ ન લાગે.

દા.ત. क्लृप् → चिक्लृप्सति । તે સમર્થ થવા ઇચ્છે છે.

वृत् → विवृत्सति, विवर्त्तिषते । તે વર્તવા ઇચ્છે છે.

(૧૬) क्लृप् અને स्यन्द् ધાતુઓને આત્મનેપદમાં વિકલ્પે इ લાગે.

દા.ત. क्लृप् → चिकल्पिषते, चिक्लृप्सते । તે સમર્થ થવા ઇચ્છે છે.

स्यन्द् → सिस्यन्दिषते, सिस्यन्त्सते । તે ઝરવાની તૈયારીમાં છે.

(૧૭) અન્તે કે ઉપાન્ત્યે इ, उ, ऋ હોય એવા ધાતુઓને स् પૂર્વે इ ન લાગે ત્યારે ગુણ ન થાય.

દા.ત. भू → बुभूषति । તે બનવા ઇચ્છે છે.

नी → निनीषति । તે લઈ જવા ઇચ્છે છે.

(૧૮) रुद्, विद्, मुष् ધાતુઓના સ્વરનો ગુણ થતો નથી.

દા.ત. विद् → विविदिषति । તે જાણવા ઇચ્છે છે.

मुष् → मुमुषिषति । તે ચોરવા ઇચ્છે છે.

(૧૯) य्, व् સિવાયના વ્યંજન અંતે હોય તેવા વ્યંજનાદિ ધાતુઓના ઉપાન્ત્ય इ, उ નો इ + स् લાગતા વિકલ્પે ગુણ થાય.

દા.ત. द्युत् → दिद्युतिषते, दिद्योतिषते । તે પ્રકાશવા ઇચ્છે છે.

क्लिद् → चिक्लिदिषति, चिक्लेदिषति, चिक्लित्सति । તે ભીનો થવા ઇચ્છે છે.

मुद् → मुमुदिषते, मुमोदिषते । તે ખુશ થવા ઇચ્છે છે.

(૨૦) स् પૂર્વે इ ન આવે ત્યારે અન્ત્ય સ્વરવાળા ધાતુઓનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય.

દા.ત. जि → जिगीषति । તે જીતવા ઇચ્છે છે.

(૨૧) स् પૂર્વે इ ન લાગે ત્યારે अधि + इ ના આદેશ થયેલા अधि + गम् ધાતુનો અને हन् ધાતુનો ઉપાન્ત્ય अ દીર્ઘ થાય છે.

દા.ત. अधि + इ → अधिजिगांसते । તે ભણવા ઇચ્છે છે.

हन् → जिघांसति । તે હણવા ઇચ્છે છે.

(૨૨) इ ધાતુનો गम् આદેશ થાય છે.

દા.ત. अधि + इ → अधिजिगांसते । તે ભણવા ઇચ્છે છે.

(૨૩) ग्रह्, स्वप्, प्रच्छ् ધાતુઓમાં સંપ્રસારણ થાય છે.

દા.ત. स्वप् → सुषुप्सति । તે સૂવા ઇચ્છે છે.

प्रच्छ् → पिपृच्छिषति । તે પૂછવા ઇચ્છે છે.

(૨૪) द्युत् ધાતુમાં द्विरुक्तिમાં उ નો इ થાય.

દા.ત. द्युत् → दिद्युतिषते, दिद्योतिषते । તે પ્રકાશવા ઇચ્છે છે.

(૨૫) मि, मी, मा, दा, धा ધાતુઓ, दा-धा અંગવાળા ધાતુઓ અને रभ्, लभ्,

शक्, पत्, पद् ધાતુઓમાં

(i) સ્વરનો इ થાય.

(ii) દ્વિરુક્તિ ન થાય.

(iii) સ્વરાન્ત ધાતુને स् પૂર્વે त् લાગે.

દા.ત. दा → दित्सति । તે આપવા ઈચ્છે છે.

रभ् → रिप्सति । તે શરૂ કરવા ઈચ્છે છે.

(૨૬) દ્વિરુક્તિના સ્વર પછી जि ના ज् નો ग् થાય છે, हि અને हन् ના ह् નો घ् થાય છે અને चि ના च् નો क् વિકલ્પે થાય છે.

દા.ત. जि → जिगीषति । તે જીતવા ઈચ્છે છે.

हि → जिघीषति । તે મોકલવા ઈચ્છે છે.

चि → चिचीषति, चिकीषति । તે ભેગું કરવા ઈચ્છે છે.

(૨૭) ધાતુના અન્ત્ય હ્રસ્વ ऋ - દીર્ઘ ॠ નો ईर् થાય. ધાતુના અંતે ઓષ્ઠ્ય વ્યંજન કે व् પછી હ્રસ્વ ऋ - દીર્ઘ ॠ નો ऊर् થાય.

દા.ત. कृ → चिकीर्षति । તે કરવા ઈચ્છે છે.
मृ → मुमूर्षति । તે મરવાની તૈયારીમાં છે.
तॄ → तितीर्षति । તે તરવા ઈચ્છે છે.
गॄ → जिगीर्षति । તે બોલવા ઈચ્છે છે.

(૨૮) પ્રેરક અને ૧૦મા ગણના અંગ પરથી સામાન્ય નિયમો પ્રમાણે ઈચ્છાદર્શક રૂપો થાય.

દા.ત. चुर् → चुचोरयिषति । તે ચોરવા ઈચ્છે છે.
बुध् → बुबोधयिषति । તે બોધ કરાવવા ઈચ્છે છે.

**નોટ** - અદ્યતન ભૂતકાળના ત્રીજા પ્રકારનો ૮મો અને ૯મો નિયમ લાગે.

દા.ત. भू → बिभावयिषति । તે બનાવવા ઈચ્છે છે.

(૨૯) ज्ञा, श्रु, स्मृ, दृश् ધાતુના રૂપો આત્મનેપદમાં થાય.

દા.ત. ज्ञा → जिज्ञासते । તે જાણવા ઇચ્છે છે.

(૩૦) ઇચ્છાદર્શક અંગને उ લગાડવાથી ઇચ્છાદર્શક નામ બને છે. આ ક્રિયાવાચક નામો કર્મ તરીકે બીજી વિભક્તિનું નામ લે.

દા.ત. कटं चिकीर्षुः । ચટાઈ કરવાની ઇચ્છાવાળો.

(૩૧) ઇચ્છાદર્શક અંગને आ લગાડવાથી ભાવવાચક નામ બને છે.

દા.ત. चिकीर्षा । કરવાની ઇચ્છા.

(૩૨) तन् અને पत् ધાતુઓ स् પૂર્વે વિકલ્પે સેટ્ છે.

દા.ત. तन् → तितांसति, तितंसति, तितनिषति । તે વિસ્તારવા ઇચ્છે છે.

पत् → पित्सति, पिपतिषति । તે પડવાની તૈયારીમાં છે.

(૩૩) કેટલાક અનિયમિત રૂપો -

(i) आप् → ईप्सति । તે પામવા ઇચ્છે છે.

(ii) ज्ञप् → ज्ञीप्सति, जिज्ञपयिषति । તે મારવા ઇચ્છે છે.

(iii) दम्भ् → धिप्सति, धीप्सति, दिदम्भिषति । તે કપટ કરવા ઇચ્છે છે.

(iv) तन् → तितांसति, तितंसति, तितनिषति । તે વિસ્તારવા ઇચ્છે છે.

(v) पत् → पित्सति, पिपतिषति । તે પડવાની તૈયારીમાં છે.

(vi) पू → पिपविषते । તે પવિત્ર કરવા ઇચ્છે છે.

(vii) यु → यियविषति । તે મિશ્ર કરવા ઇચ્છે છે.

(viii) ऋ → अरिरिषति । તે જવા ઇચ્છે છે.

(ix) प्रति + इ → प्रतीयिषति । તે વિશ્વાસ કરવા ઇચ્છે છે.

(૩૪) गम् ધાતુના ઇચ્છાદર્શકના દસ કાળના ત્રીજો પુરુષ એકવચનના રૂપો -

गम् → (૧) जिगमिषति । તે જવા ઇચ્છે છે. વર્તમાનકાળ.

(૨) अजिगमिषत् । તેણે જવાની ઇચ્છા કરી. હ્યસ્તન ભૂતકાળ.

(૩) जिगमिषतु । તે જવા ઇચ્છે. આજ્ઞાર્થ.

(૪) जिगमिषेत् । તેણે જવાની ઇચ્છા કરવી જોઈએ. વિધ્યર્થ.

(૫) जिगमिषिता । તે જવાની ઇચ્છા કરશે. શ્વસ્તન ભવિષ્યકાળ.

(૬) जिगमिषिष्यति । તે જવાની ઇચ્છા કરશે. સામાન્ય ભવિષ્યકાળ.

(૭) अजिगमिषिष्यत् । તેણે જવાની ઇચ્છા કરી હોત. ક્રિયાતિપત્ત્યર્થ.

(૮) जिगमिषिष्यात् । તે જવા ઇચ્છે. આશીર્વાદાર્થ.

(૯) जिगमिषाञ्चकार । તેણે જવાની ઇચ્છા કરી. પરોક્ષ ભૂતકાળ.

(૧૦) अजिगमिषिषीत् । તેણે જવાની ઇચ્છા કરી. અદ્યતન ભૂતકાળ.

(૩૫) કેટલાક મૂળધાતુઓ ઇચ્છાદર્શક ધાતુ જેવા લાગે છે. તેમનો અર્થ મૂળ ધાતુ પ્રમાણે કરવો. તેમનું ઇચ્છાદર્શક રૂપ કરતી વખતે દ્વિરુક્તિ ન કરવી પણ स् લગાડવો.

દા.ત. जुगुप्स् → जुगुप्सति । તે ઘૃણા કરે છે.

जुगुप्सिषति । તે ઘૃણા કરવા ઇચ્છે છે.

● ● ●

+ **उत्सेकः हस्तगतमपि कार्यं विनाशयति ।**
અભિમાન હાથમાં આવેલ કાર્યને પણ નષ્ટ કરી નાંખે છે.

+ **प्रमादवान् भवत्यवश्यं विद्विषां वशः ।**
પ્રમાદી વ્યક્તિ ખરેખર દુશ્મનને વશ થઈ જાય છે.

+ **क्षणिकचित्तः किमपि न साधयति ।**
અસ્થિર મનવાળો કંઈ પણ સિદ્ધ કરી શકતો નથી.

+ **दोषभयात् कार्यानारम्भः कापुरुषाणाम् ।**
કાયર લોકો ભૂલના ડરથી કાર્ય શરૂ જ કરતાં નથી.

# ધાતુસાધિત શબ્દો (કૃદન્તો)

## (૧) પરોક્ષભૂત કર્તરિ કૃદન્ત - પ્રત્યય-वस्, आन

(i) પરોક્ષભૂતકાળના ત્રીજો પુરુષ બહુવચનના રૂપમાં પરસ્મૈપદમાં उस् ના સ્થાને वस् લગાડવાથી અને આત્મનેપદમાં इरे ના સ્થાને आन લગાડવાથી પરોક્ષભૂત કર્તરિ કૃદન્ત થાય છે.

દા.ત. नम् → नेमुः → नेमिवस् । નમેલું.
अश् → आनशिरे → आनशानः । વ્યાપેલું.

(ii) एत्व પામનારા ધાતુઓ અને आ-કારાન્ત ધાતુઓને वस् પૂર્વે इ લાગે.

દા.ત. पच् → पेचिवस् । રાંધેલું. दा - ददिवस् । આપેલું.

(iii) गम्, हन्, विद्, विश्, दृश् ધાતુઓમાં वस् પૂર્વે વિકલ્પે इ લાગે.
દા.ત. गम् → जग्मुः → जग्मिवस्, जगन्वस् । ગયેલું.

(iv) वस् લાગતા बन्ध्, अञ्ज् વગેરે ધાતુઓનો અનુનાસિક લોપાય.

દા.ત. बन्ध् → बबध्वस् । બાંધેલું. अञ्ज् → आजिवस् । આંજેલું.

(v) હ્રસ્વ કે દીર્ઘ ऋ-કારાન્ત ધાતુઓમાં ગુણ ન થાય. દીર્ઘ ॠ-કારાન્ત ધાતુઓમાં ॠ નો इर्, उर् થાય. इर्, उर् + વ્યંજન = ईर्, ऊर् + વ્યંજન.

દા.ત. कृ → चकृवस् । કરેલું. तॄ → तितीर्वस् । તરેલું.

(vi) वस् અન્તવાળા કૃદન્તો માટે બીજો પુરુષ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે પરોક્ષભૂતકાળનું ત્રીજો પુરુષ બહુવચનનું રૂપ અંગ તરીકે લેવું. આ જ અંગને ई લગાડી સ્ત્રીલિંગમાં नदी પ્રમાણે રૂપો થાય. નપુંસકલિંગમાં પહેલી, બીજી, અને સંબોધન વિભક્તિના દ્વિવચનમાં ઉપરના અંગને જ ई લગાડી રૂપો થાય.

દા.ત. जग्मिवस् → પુંલિંગમાં → जग्मुषा, जग्मुषे, जग्मुषः, जग्मुषः,
जग्मुषि । (ત્રીજી થી સાતમી વિભક્તિ એકવચન)

સ્ત્રીલિંગમાં → जग्मुषी, जग्मुष्यौ, जग्मुष्यः । (પહેલી વિભક્તિ)

નપુંસકલિંગમાં → जग्मिवत् जग्मुषी जग्मिवांसि ।
(પહેલી, બીજી, સંબોધન વિભક્તિ)

(vii) आन અન્તવાળા કૃદન્તોના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે, સ્ત્રીલિંગમાં आ લગાડી माला પ્રમાણે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય છે.

## (૨) પરોક્ષભૂત કર્મણિ કૃદન્ત - પ્રત્યય-आन

(i) ધાતુઓના પરોક્ષભૂતકાળના ત્રીજો પુરુષ બહુવચનના રૂપમાં उस् કે इरे ના સ્થાને आन લગાડવાથી પરોક્ષભૂત કર્મણિ કૃદન્ત થાય છે.

દા.ત. पच् → पेचान । રંધાયેલું.

(ii) પરોક્ષભૂત કર્મણિ કૃદન્તના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે, સ્ત્રીલિંગમાં आ લગાડી माला પ્રમાણે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય છે.

## (૩) સામાન્યભવિષ્ય કર્તરિ કૃદન્ત - પ્રત્યય-स्यत्, स्यमान

(i) ધાતુઓના સામાન્યભવિષ્યકાળના ત્રીજો પુરુષ એકવચનના રૂપમાં પરસ્મૈપદમાં ति ના સ્થાને त् લગાડવાથી અને આત્મનેપદમાં ते ના સ્થાને मान લગાડવાથી સામાન્યભવિષ્ય કર્તરિ કૃદન્ત થાય છે.

દા.ત. कृ → करिष्यति → करिष्यत् । ભવિષ્યમાં કરનાર.

करिष्यते → करिष्यमाण । ભવિષ્યમાં કરનાર.

(ii) स्यत् અન્તવાળા કૃદન્તોના રૂપો પુંલિંગમાં गच्छत् પ્રમાણે થાય છે. અને નપુસંકલિંગમાં विशत् પ્રમાણે થાય છે. સ્ત્રીલિંગમાં स्यत् ના સ્થાને स्यती કે स्यन्ती થાય. તેના રૂપો नदी પ્રમાણે થાય.

દા.ત. करिष्यत् - પુંલિંગમાં → करिष्यन् करिष्यन्तौ करिष्यन्तः ।
(પહેલી વિભક્તિ)

સ્ત્રીલિંગમાં → करिष्यती करिष्यत्यौ करिष्यत्यः । (પહેલી વિભક્તિ)

करिष्यन्ती करिष्यन्त्यौ करिष्यन्त्यः । (પહેલી વિભક્તિ)

નપુંસકલિંગમાં → करिष्यत् करिष्यती-करिष्यन्ती करिष्यन्ति ।
(પહેલી, બીજી, સંબોધન વિભક્તિ)

(iii) स्यमान અન્તવાળા કૃદન્તોના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે, સ્ત્રીલિંગમાં आ લગાડી माला પ્રમાણે અને નપુસંકલિંગમાં वन પ્રમાણે થાય છે.

## (૪) સામાન્યભવિષ્ય કર્મણિ કૃદન્ત - પ્રત્યય-स्यमान

(i) ધાતુઓના સામાન્યભવિષ્યકાળના ત્રીજો પુરુષ એકવચનના રૂપમાં ति, ते ના સ્થાને मान લગાડવાથી સામાન્યભવિષ્ય કર્મણિ કૃદન્ત થાય છે.

દા.ત. कृ → करिष्यमाण । ભવિષ્યમાં કરાનાર.

(ii) સામાન્યભવિષ્ય કર્મણિ કૃદન્તના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે, સ્ત્રીલિંગમાં आ લગાડી माला પ્રમાણે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય છે.

## (૫) વિધ્યર્થ કર્મણિ કૃદન્ત - પ્રત્યય - य, तव्य, अनीय

(i) વિધ્યર્થ કૃદન્ત કર્મણિ પ્રયોગમાં અને ભાવે પ્રયોગમાં વપરાય છે.

દા.ત. કર્મણિ-मया घटः कर्तव्यः । મારા વડે ઘડો કરાવો જોઈએ.

ભાવે-मया स्थातव्यम् । મારે ઊભા રહેવું જોઈએ.

(ii) વિધ્યર્થ કૃદન્ત કર્મનું વિશેષણ બને છે. તેથી તેને લિંગ-વચન-વિભક્તિ કર્મ પ્રમાણે લાગે. તેના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે, સ્ત્રીલિંગમાં आ લગાડી माला પ્રમાણે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય છે. કર્તાને ત્રીજી કે છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. मया ग्रामः गन्तव्यः । मम ग्रामः ग्रन्तव्यः । મારે ગામ જવું જોઈએ.

(iii) तव्य અને अनीय પ્રત્યયો પૂર્વે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. रि → रेतव्य, रयणीय । જવા યોગ્ય.

तृप् → तर्पितव्य, तर्पणीय । ખુશ કરવા યોગ્ય.

(iv) तव्य લાગતા પૂર્વે સેટ્ ધાતુઓને इ લાગે.

દા.ત. वृज् → वर्जितव्य । વર્જવા યોગ્ય.

(v) દસમા ગણના ધાતુઓને तव्य પૂર્વે ગુણ-વૃદ્ધિ પૂર્વક अय લાગ્યા પછી इ લાગે. દસમા ગણના ધાતુઓને अनीय પૂર્વે ગુણ-વૃદ્ધિ થાય પણ अय ન લાગે.

દા.ત. घुष् → घोषयितव्य, घोषणीय । ઘોષણા કરવા યોગ્ય.

(vi) (૧) य લાગતા અન્ત્ય અને ઉપાન્ત્ય इ અને उ નો ગુણ થાય અને અન્ત્ય ओ નો अव् થાય.

દા.ત. नी → नेय । લઈ જવા યોગ્ય.

कु + य = को + य = कव्य । અવાજ કરવા યોગ્ય.

(૨) य લાગતા અન્ત્ય आ નો ए થાય.

દા.ત. दा → देय । આપવા યોગ્ય.

(૩) य લાગતા હ્રસ્વ-દીર્ઘ ऋ-કારાન્ત ધાતુઓના હ્રસ્વ-દીર્ઘ ऋની વૃદ્ધિ થાય.

દા.ત. कृ → कार्य । કરવા યોગ્ય. जृ → जार्य । ઘરડું થવા યોગ્ય.

(૪) इ, स्तु, वृ (ઉભયપદી), दृ, जुष् અને ऋ ઉપાન્ત્યે હોય એવા ધાતુઓના સ્વરનો य પૂર્વે ફેરફાર થતો નથી. હ્રસ્વ સ્વર પછી य પૂર્વે त् મુકાય છે. આ નિયમના ઘણા અપવાદો છે. તે ઘણા હોવાથી અહીં બતાવ્યા નથી.

દા.ત. स्तु → स्तुत्य । સ્તુતિ કરવા યોગ્ય.

(૫) य લાગતા ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય, અન્ત્ય च् નો क् થાય અને ज् નો ग् થાય.

દા.ત. पच् - पाक्य । રાંધવા યોગ્ય.

## (૬) કર્તાવાચક પ્રત્યયો- तृ, अक

(i) ધાતુઓને तृ અને अक લગાડીને તે ધાતુથી સૂચિત ક્રિયા કરનારના નામો બને છે.

દા.ત. कृ → कर्तृ, कारक । કરનાર.

(ii) तृ પૂર્વે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય. तृ પૂર્વે સેટ્ ધાતુને इ લાગે.

દા.ત. नी – नेतृ । લઈ જનાર.

बुध् → बोद्धृ । બોધ પામનાર.

रक्ष् → रक्षितृ । રક્ષણ કરનાર.

(iii) अक પૂર્વે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય. अक લાગતા कम्, यम्, रम्, नम्, गम्, वम्, आ + चम् સિવાયના म्-કારાન્ત ધાતુઓ અને जन्, बध् ધાતુઓના ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ ન થાય. अक લાગતા वि + श्रम् ધાતુના ઉપાન્ત્ય अની વિકલ્પે વૃદ્ધિ થાય.

દા.ત. नी + अक = नै + अक = नायक । લઈ જનાર.

पच् + अक = पाचक । રાંધનાર.

बुध् + अक = बोधक । બોધ પમાડનાર.

शम् + अक = शमक । શાંત કરનાર

आ + चम् + अक = आचामक । પીનાર.

जन् + अक = जनक । જન્મ આપનાર.

कम् + अक = कामक । ઇચ્છનાર.

बध् + अक = बधक । બાંધનાર.

प्र + णम् + अक = प्रणामक । પ્રણામ કરનાર.

वि + श्रम् + अक = विश्रमक, विश्रामक । વિશ્રામ કરનાર.

(iv) आ-કારાન્ત ધાતુઓને अक પૂર્વે य લાગે.

દા.ત. स्था → स्थायक । સ્થિર રહેનાર. दा → दायक । આપનાર.

(v) વૃદ્ધિ કરનાર ધાતુસાધિત પ્રત્યયો પૂર્વે हन् ધાતુના न् નો त् થાય.

દા.ત. हन् → घातक । હણનાર.

(vi) ૧૦મા ગણના ધાતુઓ અને પ્રેરક ધાતુઓને अय ન લાગે.
દા.ત. बध् → बाधयति → बाधक । બાંધનાર.

(vii) तृ-પ્રત્યયાન્ત કૃદન્તોના સ્ત્રીલિંગમાં રૂપો ई લગાડી नदी પ્રમાણે થાય.

દા.ત. नी → नेतृ + ई = नेत्री । લઈ જનારી.
नेत्री, नेत्र्यौ, नेत्र्यः ।

(viii) तृ-પ્રત્યયાન્ત કૃદન્તોના પુંલિંગમાં પહેલા પાંચ રૂપો આ પ્રમાણે થાય -

દા.ત. कर्ता, कर्तारौ, कर्तारः, कर्तारम्, कर्तारौ ।

બાકીના રૂપો पितृ પ્રમાણે થાય.

(ix) तृ-પ્રત્યયાન્ત કૃદન્તોના નપુંસકલિંગમાં પહેલી, બીજી, સંબોધન વિભક્તિના રૂપો આ પ્રમાણે થાય -
દા.ત. कर्तृ, कर्तृणी, कर्तॄणि ।
બાકીના રૂપો पितृ પ્રમાણે થાય.

(x) अक-પ્રત્યયાન્ત કૃદન્તોના સ્ત્રીલિંગમાં રૂપો अक ના સ્થાને इका લગાડીને અને કેટલાક સ્થાને अका લગાડીને माला પ્રમાણે થાય.
દા.ત. नी → नायक → नायिका । લઈ જનારી.
नायिका, नायिके, नायिकाः ।

(xi) अक-પ્રત્યયાન્ત કૃદન્તોના રૂપો પુંલિંગમાં जिन પ્રમાણે અને નપુંસકલિંગમાં वन પ્રમાણે થાય.

(xii) तृ-પ્રત્યયાન્ત નામો અને अक - પ્રત્યયાન્ત નામો કર્તાના વિશેષણ બને છે. તેમને લિંગ-વચન-વિભક્તિ કર્તા પ્રમાણે લાગે. કર્મને છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. जनानां नेता । લોકોને લઈ જનાર.

देवस्य पूजकः । દેવને પૂજનાર.

## (૭) ભાવવાચક પ્રત્યયો - अ, अन, ति

(i) ધાતુઓને अ, अन, અને ति પ્રત્યયો લગાડવાથી ભાવવાચક નામો થાય છે.

(ii) ति પ્રત્યય અવિકારક છે. ભૂતકૃદન્તના પ્રત્યય પૂર્વે ધાતુઓમાં જે ફેરફારો થાય છે તે જ ફેરફારો ઘણું કરીને ति પ્રત્યય પૂર્વે થાય છે.

દા.ત. वच् → उक्तिः । કહેવું. मुच् → मुक्तिः । છૂટવું.

गम् → गतिः । જવું. कथ् → कथितिः । કહેવું.

(iii) अ પ્રત્યય વિકારક છે. अ પ્રત્યય પૂર્વે કેટલાક ધાતુઓમાં ગુણ થાય છે અને કેટલાક ધાતુઓમાં વૃદ્ધિ થાય છે.

દા.ત. भू → भावः । થવું. जि → जयः । જય.

हन् → घातः । હણવું. बुध् → बोधः । બોધ.

(iv) अ પ્રત્યય પૂર્વે च् નો क् અને ज् નો ग् થાય.

દા.ત. पच् - पाकः । રાંધવું. युज् → योगः । જોડવું.

(v) अन પ્રત્યય વિકારક છે. अन પ્રત્યય પૂર્વે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. भू + अन = भवनम् । થવું. हन् + अन = हननम् । હણવું.

बुध् + अन = बोधनम् । બોધ પમાડવો.

(vi) ति અન્તવાળા નામો સ્ત્રીલિંગ છે. તેમના રૂપો मति પ્રમાણે થાય. अ અન્તવાળા નામો પુંલિંગ છે. તેમના રૂપો जिन પ્રમાણે થાય. अन અન્તવાળા નામો નપુંસકલિંગ છે. તેમના રૂપો वन પ્રમાણે થાય.

## (૮) સ્વભાવ અર્થમાં ધાતુને इन्, वर, र પ્રત્યયો લાગે.

દા.ત. अनुसरति इत्येवं शीलः = अनुसारी । (अनुसारिन्) અનુસરવાના

સ્વભાવવાળો.

स्थण्डिलं शेते = स्थण्डिलशायी । (स्थण्डिलशायिन्) સ્થંડિલમાં સૂવાના સ્વભાવવાળો.

ईष्टे इत्येवं शीलः = ईश्वरः । શાસન કરવાના સ્વભાવવાળો.

जित्वरः । જીતવાના સ્વભાવવાળો.

नश्वरः । નાશ પામવાના સ્વભાવવાળો.

स्थावरः । સ્થિર રહેવાના સ્વભાવવાળો.

हिनस्ति इत्येवं शीलः = हिंस्रः । હિંસા કરવાના સ્વભાવવાળો.

शुभ्रः । શોભવાના સ્વભાવવાળો.

नम्रः । નમવાના સ્વભાવવાળો.

दीप्रः । પ્રકાશવાના સ્વભાવવાળો.

इन्-પ્રત્યયાન્ત નામોના રૂપો પુંલિંગમાં शशिन् ની જેમ થાય, સ્ત્રીલિંગમાં ई લગાડી नदी ની જેમ થાય અને નપુંસકલિંગમાં दण्डिन् ની જેમ થાય. वर-પ્રત્યયાન્ત અને र-પ્રત્યયાન્ત નામોના રૂપો પુંલિંગમાં जिन ની જેમ થાય, સ્ત્રીલિંગમાં आ લગાડી माला ની જેમ થાય અને નપુંસકલિંગમાં वन ની જેમ થાય.

●●●

\+ **सर्वान् गुणान् निहन्त्यनुचितज्ञः ।**
ઉચિતને નહીં જાણનારો સર્વ ગુણોને ખતમ કરી નાંખે છે.

\+ **स महान् यो विपत्सु धैर्यमवलम्बते ।**
જે વિપત્તિઓમાં ધીરજ રાખે છે તે મહાન છે.

\+ **महात्मभ्यं प्रदत्तं हि कोटिकोटिगुणं भवेत् ।**
મહાત્માઓને આપેલું કરોડો-કરોડોગણું થાય.

# નામના અનિયમિત રૂપો

પ્રત્યયો વ્યંજનાન્ત નામોના પ્રત્યયો પ્રમાણે જાણવા. (જુઓ પાના નં. ૫૪)

(૧) गोपा (ગોવાળ), विश्वपा (વિશ્વનું રક્ષણ કરનાર), धूम्रपा (ધૂમ્રપાન કરનાર), शङ्खध्मा (શંખ ફૂંકનાર), सोमपा (સોમરસ પીનાર), बलदा (બળ આપનાર) વગેરે आ-કારાન્ત પુંલિંગ નામોમાં બીજી વિભક્તિ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે आ લોપાય.

દા.ત.

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | गोपाः | गोपौ | गोपाः |
| બીજી | गोपाम् | गोपौ | गोपः |
| ત્રીજી | गोपा | गोपाभ्याम् | गोपाभिः |
| ચોથી | गोपे | गोपाभ्याम् | गोपाभ्यः |
| પાંચમી | गोपः | गोपाभ्याम् | गोपाभ्यः |
| છઠ્ઠી | गोपः | गोपोः | गोपाम् |
| સાતમી | गोपि | गोपोः | गोपासु |
| સંબોધન | गोपाः | गोपौ | गोपाः |

(૨) पति (પતિ) નામના ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી વિભક્તિ એકવચનમાં રૂપો નીચે પ્રમાણે થાય છે -

| વિભક્તિ | એકવચન |
|---|---|
| ત્રીજી | पत्या |
| ચોથી | पत्ये |
| પાંચમી | पत्युः |

| વિભક્તિ | એકવચન |
|---|---|
| છઠ્ઠી | पत्युः |
| સાતમી | पत्यौ |

બાકીના રૂપો हरि પ્રમાણે થાય.

(૩) सखि (મિત્ર)ના પહેલા છ રૂપો નીચે પ્રમાણે થાય છે -

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | सखा | सखायौ | सखायः |
| બીજી | सखायम् | सखायौ | सखीन् |

બાકીના રૂપો पति પ્રમાણે થાય.

(૪) (i) श्री (લક્ષ્મી), धी (બુદ્ધિ), भू (ભૂમિ)અને એવા બીજા નામો જે ધાતુઓમાંથી પ્રત્યય લાગ્યા વિના થયેલા છે તેમજ स्त्री (સ્ત્રી) અને भ्रू (ભ્રમર)માં સ્વરાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય इ, ई નો इय् થાય અને અન્ત્ય उ, ऊ નો उव् થાય.

(ii) स्त्री નામને नदी ના પ્રત્યયો લાગે. स्त्री નામના બીજી વિભક્તિ એકવચનના રૂપો = स्त्रीम्, स्त्रियम्, બીજી વિભક્તિ બહુવચનના રૂપો = स्त्रीः, स्त्रियः, સંબોધન એકવચનનું રૂપ = स्त्रि.

स्त्री નામના રૂપો નીચે મુજબ છે -

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | स्त्री | स्त्रियौ | स्त्रियः |
| બીજી | स्त्रियम्, स्त्रीम् | स्त्रियौ | स्त्रियः, स्त्रीः |
| ત્રીજી | स्त्रिया | स्त्रीभ्याम् | स्त्रीभिः |
| ચોથી | स्त्रियै | स्त्रीभ्याम् | स्त्रीभ्यः |

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પાંચમી | स्त्रियाः | स्त्रीभ्याम् | स्त्रीभ्यः |
| છઠ્ઠી | स्त्रियाः | स्त्रियोः | स्त्रीणाम् |
| સાતમી | स्त्रियाम् | स्त्रियोः | स्त्रीषु |
| સંબોધન | स्त्रि | स्त्रियौ | स्त्रियः |

(iii) श्री, धी, भ्रू નામો અને આવા બીજા સ્ત્રીલિંગ નામોને ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી વિભક્તિ એકવચન અને છઠ્ઠી વિભક્તિ બહુવચનમાં વિકલ્પે नदी ના પ્રત્યયો લાગે, એટલે કે વિકલ્પે અનુક્રમે ऐ, आस्, आस्, आम् અને नाम् પ્રત્યયો લાગે.

श्री નામના રૂપો -

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | श्रीः | श्रियौ | श्रियः |
| બીજી | श्रियम् | श्रियौ | श्रियः |
| ત્રીજી | श्रिया | श्रीभ्याम् | श्रीभिः |
| ચોથી | श्रिये, श्रियै | श्रीभ्याम् | श्रीभ्यः |
| પાંચમી | श्रियः, श्रियाः | श्रीभ्याम् | श्रीभ्यः |
| છઠ્ઠી | श्रियः, श्रियाः | श्रियोः | श्रियाम्, श्रीणाम् |
| સાતમી | श्रियि, श्रियाम् | श्रियोः | श्रीषु |
| સંબોધન | श्रीः | श्रियौ | श्रियः |

भ्रू નામના રૂપો -

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | भ्रूः | भ्रुवौ | भ्रुवः |

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| બીજી | भ्रुवम् | भ्रुवौ | भ्रुवः |
| ત્રીજી | भ्रुवा | भ्रूभ्याम् | भ्रूभिः |
| ચોથી | भ्रुवे, भ्रुवै | भ्रूभ्याम् | भ्रूभ्यः |
| પાંચમી | भ्रुवः, भ्रुवाः | भ्रूभ्याम् | भ्रूभ्यः |
| છઠ્ઠી | भ्रुवः, भ्रुवाः | भ्रुवोः | भ्रुवाम्, भ्रूणाम् |
| સાતમી | भ्रुवि, भ्रुवाम् | भ्रुवोः | भ्रूषु |
| સંબોધન | भ्रूः | भ्रुवौ | भ्रुवः |

(૫) अवी (અટકાવવાળી સ્ત્રી), लक्ष्मी (લક્ષ્મી), तरी (હોડી), तन्त्री (વીણા), धी (બુદ્ધિ), ह्री (લજ્જા), श्री (લક્ષ્મી) વગેરે દીર્ઘ ई-કારાન્ત સ્ત્રીલિંગ નામોના પહેલી વિભક્તિ એકવચનમાં स् ન લોપાય.

દા.ત. अवीः, धीः ।

બાકીના રૂપો नदी પ્રમાણે થાય.

(૬) (A) (i) પહેલી વિભક્તિ સિવાયની વિભક્તિઓથી જેનો વિગ્રહ થઈ શકે એવા સમાસ થયેલા,

(ii) પૂર્વપદમાં નામ કે ઉપસર્ગવાળા,

(iii) ઉત્તરપદમાં ધાતુરૂપ નામવાળા,

(iv) અસંયુક્ત પર इ, ई, उ, ऊ કારાન્ત

-આ નામોના અન્ત્ય इ, ई નો સ્વરાદિ પ્રત્યયો પૂર્વે य् થાય અને અન્ત્ય उ, ऊ નો સ્વરાદિ પ્રત્યયો પૂર્વે व् થાય.

દા.ત. ग्रामं नयति इति ग्रामणीः । ગામનો નાયક.
ग्रामणी + औ = ग्रामण्यौ । ગામના બે નાયકો.
पुनर्भू + औ = पुनर्भ्वौ । ફરીથી પરણેલી બે સ્ત્રીઓ.

(B) ग्रामणी અને ની અન્તે હોય એવા અન્ય નામોને સાતમી વિભક્તિ એકવચનમાં आम् પ્રત્યય લાગે.

દા.ત. ग्रामणी + आम् = ग्रामण्याम् । ગામના નાયકમાં.

(C) ग्रामणी અને सेनानी (સેનાપતિ) જેવા નામો જેનો મૂળ અર્થ પુરુષથી થતો ધંધો એવો થાય છે તેવા નામોના રૂપો સ્ત્રીલિંગ નામોના વિશેષણ તરીકે વપરાયા હોય ત્યારે પણ પુંલિંગ જેવા થાય છે.

(D) સ્વરાદિ પ્રત્યયો પૂર્વે જે નામોના અન્ત્ય ई નો य् અને ऊ નો व् થતો હોય તેવા નામોના સ્ત્રીલિંગ રૂપો ત્રીજી વિભક્તિ એકવચનથી આગળ नदी કે वधू જેવા થાય. આ નામોમાં પહેલી વિભક્તિ એકવચનમાં स् ન લોપાય.

(E) प्रधी નું નપુંસકલિંગમાં प्रधि (હ્રસ્વ) થઈ वारि પ્રમાણે રૂપો થાય.

દા.ત. प्रधि, प्रधिनी, प्रधीनि ।

ત્રીજી વિભક્તિ એકવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો લાગતા વિકલ્પે પુંલિંગ જેવા રૂપો થાય.

દા.ત. प्रधिना – प्रध्या ।

ग्रामणी ના રૂપો -

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | ग्रामणीः | ग्रामण्यौ | ग्रामण्यः |
| બીજી | ग्रामण्यम् | ग्रामण्यौ | ग्रामण्यः |
| ત્રીજી | ग्रामण्या | ग्रामणीभ्याम् | ग्रामणीभिः |
| ચોથી | ग्रामण्ये | ग्रामणीभ्याम् | ग्रामणीभ्यः |
| પાંચમી | ग्रामण्यः | ग्रामणीभ्याम् | ग्रामणीभ्यः |
| છઠ્ઠી | ग्रामण्यः | ग्रामण्योः | ग्रामण्याम् |
| સાતમી | ग्रामण्याम् | ग्रामण्योः | ग्रामणीषु |
| સંબોધન | ग्रामणीः | ग्रामण्यौ | ग्रामण्यः |

પ્રધી (ઉત્કૃષ્ટ વિચારનાર)ના રૂપો -

| વિભક્તિ | પુંલિંગ | | | સ્ત્રીલિંગ | | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| પહેલી | प्रधीः | प्रध्यौ | प्रध्यः | प्रधीः | प्रध्यौ | प्रध्यः |
| બીજી | प्रध्यम् | प्रध्यौ | प्रध्यः | प्रध्यम् | प्रध्यौ | प्रध्यः |
| ત્રીજી | प्रध्या | प्रधीभ्याम् | प्रधीभिः | प्रध्या | प्रधीभ्याम् | प्रधीभिः |
| ચોથી | प्रध्ये | प्रधीभ्याम् | प्रधीभ्यः | प्रध्यै | प्रधीभ्याम् | प्रधीभ्यः |
| પાંચમી | प्रध्यः | प्रधीभ्याम् | प्रधीभ्यः | प्रध्याः | प्रधीभ्याम् | प्रधीभ्यः |
| છઠ્ઠી | प्रध्यः | प्रध्योः | प्रध्याम् | प्रध्याः | प्रध्योः | प्रधीनाम् |
| સાતમી | प्रध्यि | प्रध्योः | प्रधीषु | प्रध्याम् | प्रध्योः | प्रधीषु |
| સંબોધન | प्रधीः | प्रध्यौ | प्रध्यः | प्रधि | प्रध्यौ | प्रध्यः |

નપુંસકલિંગ

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | प्रधि | प्रधिनी | प्रधीनि |
| બીજી | प्रधि | प्रधिनी | प्रधीनि |
| ત્રીજી | प्रध्या-प्रधिना | प्रधिभ्याम् | प्रधिभिः |
| ચોથી | प्रध्ये-प्रधिने | प्रधिभ्याम् | प्रधिभ्यः |
| પાંચમી | प्रध्यः-प्रधिनः | प्रधिभ्याम् | प्रधिभ्यः |
| છઠ્ઠી | प्रध्यः-प्रधिनः | प्रध्योः-प्रधिनोः | प्रध्याम्-प्रधीनाम् |
| સાતમી | प्रध्यि-प्रधिनि | प्रध्योः-प्रधिनोः | प्रधिषु |
| સંબોધન | प्रधे-प्रधि | प्रधिनी | प्रधीनि |

**અપવાદ** - सुधी (બુદ્ધિશાળી) અને બીજા भू અન્તે હોય એવા નામોમાં સ્વરાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય ई નો इय् અને ऊ નો उव् થાય છે.

દા.ત. सुधीः, सुधियौ, सुधियः ।
स्वयम्भूः, स्वयम्भुवौ, स्वयम्भुवः । (स्वयम्भू = બ્રહ્મા)

આ નામો અને બીજા નામો જેના અન્ત્ય ई, ऊ નો इय्, उव् થાય તેમના સ્ત્રીલિંગ રૂપો श्री પ્રમાણે થાય.

सुधी નું નપુંસકલિંગમાં सुधि (હ્રસ્વ) થઈ वारि પ્રમાણે રૂપો થાય.

દા.ત. सुधि, सुधिनी, सुधीनि ।

ત્રીજી વિભક્તિ એકવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો લાગતાં વિકલ્પે પુંલિંગ જેવા રૂપો થાય.

દા.ત. सुधिना–सुधिया ।

**અપવાદમાં અપવાદ** - वर्षाभू (દેડકો)અને पुनर्भू માં સ્વરાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય ऊ નો व् થાય.

દા.ત. वर्षाभूः, वर्षाभ्वौ, वर्षाभ्वः ।

सुधी ના રૂપો-

| વિભક્તિ | પુંલિંગ | | | સ્ત્રીલિંગ | | |
|---|---|---|---|---|---|---|
| | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
| પહેલી | सुधीः | सुधियौ | सुधियः | सुधीः | सुधियौ | सुधियः |
| બીજી | सुधियम् | सुधियौ | सुधियः | सुधियम् | सुधियौ | सुधियः |
| ત્રીજી | सुधिया | सुधीभ्याम् | सुधीभिः | सुधिया | सुधीभ्याम् | सुधीभिः |
| ચોથી | सुधिये | सुधीभ्याम् | सुधीभ्यः | सुधिये, सुधियै | सुधीभ्याम् | सुधीभ्यः |
| પાંચમી | सुधियः | सुधीभ्याम् | सुधीभ्यः | सुधियः सुधियाः | सुधीभ्याम् | सुधीभ्यः |

| વિભક્તિ | પુંલિંગ | | | સ્ત્રીલિંગ | | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| છટ્ઠી | सुधियः | सुधियोः | सुधियाम् | सुधियः, सुधियाः | सुधियोः | सुधियाम्, सुधीनाम् |
| સાતમી | सुधियि | सुधियोः | सुधीषु | सुधियि, सुधियाम् | सुधियोः | सुधीषु |
| સંબોધન | सुधीः | सुधियौ | सुधियः | सुधीः | सुधियौ | सुधियः |

**નપુંસકલિંગ**

| વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પહેલી | सुधि | सुधिनी | सुधीनि |
| બીજી | सुधि | सुधिनी | सुधीनि |
| ત્રીજી | सुधिया, सुधिना | सुधिभ्याम् | सुधिभिः |
| ચોથી | सुधिये, सुधिने | सुधिभ्याम् | सुधिभ्यः |
| પાંચમી | सुधियः, सुधिनः | सुधिभ्याम् | सुधिभ्यः |
| છટ્ઠી | सुधियः, सुधिनः | सुधियोः, सुधिनोः | सुधियाम्, सुधीनाम् |
| સાતમી | सुधियि, सुधिनि | सुधियोः, सुधिनोः | सुधिषु |
| સંબોધન | सुधे, सुधि | सुधिनी | सुधीनि |

(૭) गो (બળદ) અને द्यो (સ્વર્ગ)નામોમાં

(i) પહેલા પાંચ રૂપોમાં અન્ત્ય ओ નો औ થાય.

દા.ત. गौः, गावौ, गावः ।

(ii) બીજી વિભક્તિ એકવચનમાં गाम् અને द्याम् રૂપો થાય.

(iii) બીજી વિભક્તિ બહુવચનમાં गाः અને द्याः રૂપો થાય.

(iv) પાંચમી, છઠ્ઠી વિભક્તિ એકવચનમાં गोः અને द्योः થાય.

ओ-કારાન્ત બધા નામોના રૂપો આ પ્રમાણે થાય.

(૮) नौ (નાવડી) અને ग्लौ (ચંદ્ર) નામોમાં કંઈ વિશેષતા નથી.

(૯) रै (ધન) નામનું વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે रा થાય.

દા.ત. राः, राभ्याम्, रासु, रायौ, रायः ।

(૧૦) अस्थि (હાડકુ), दधि (દહિં), सक्थि (સાથળ) અને अक्षि (આંખ) ના પહેલી-બીજી વિભક્તિમાં રૂપો वारि પ્રમાણે થાય અને ત્રીજી વિભક્તિ એકવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે अस्थन्, दधन्, सक्थन्, अक्षन् આદેશ કરી अन् અન્તવાળા નામ (राजन्) પ્રમાણે રૂપો થાય.

દા.ત. अस्थि, अस्थिनी, अस्थीनि । પહેલી-બીજી વિભક્તિ

अस्थ्ना, अस्थिभ्याम्, अस्थिभिः । ત્રીજી વિભક્તિ

(૧૧) વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે लिह् (ચાટનાર) નામના ह् નો ट् કે ड् થાય.

દા.ત. लिट्, लिड्, लिहौ, लिहः, लिड्भ्याम् ।

સાતમી વિભક્તિ બહુવચનના રૂપો → लिट्सु, लिट्त्सु ।

(૧૨) વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે दुह् (દોહનાર) નામના द् નો ध् થાય અને ह् નો क् કે ग् થાય.

દા.ત. धुक्-धुग्, दुहौ, दुहः, धुग्भ्याम्, धुक्षु ।

(૧૩) अनडुह् (બળદ) નામના પહેલા પાંચ રૂપો આ પ્રમાણે છે -

अनड्वान्, अनड्वाहौ, अनड्वाहः, अनड्वाहम्, अनड्वाहौ ।

સંબોધન એકવચનનું રૂપ = अनड्वन् ।

વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે अनडुह् ના ह् નો द् થાય.

દા.ત. अनडुद्भ्याम् । अनडुहोः ।

(૧૪) दिव् (સ્વર્ગ)નું પહેલી વિભક્તિ એકવચનનું રૂપ = द्यौः ।

વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે दिव् નું द्यु થાય.

દા.ત. द्युभ्याम् । दिवोः ।

(૧૫) अर्यमन् (સૂર્ય), पूषन् (સૂર્ય) અને हन् અન્તવાળા [वृत्रहन् (ઇન્દ્ર) વગેરે] નામોમાં પહેલી વિભક્તિ એકવચનમાં ઉપાન્ત્ય अ લંબાય.

દા.ત. अर्यमा, पूषा, वृत्रहा ।

वृत्रहन् માં ઉપાન્ત્ય अ ન લોપાય ત્યારે न् નો ण् થાય અને ઉપાન્ત્ય अ લોપાય ત્યારે ह् નો घ् થાય.

દા.ત. वृत्रहा, वृत्रहणौ, वृत्रहणः ।

वृत्रघ्ना, वृत्रघ्ने, वृत्रघ्नः ।

બીજી વિભક્તિ બહુવચનથી રૂપો राजन् પ્રમાણે.

(૧૬) श्वन् (કૂતરો), युवन् (યુવાન) અને मघवन् (ઇન્દ્ર)માં બીજી વિભક્તિ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે व નો उ થાય. બાકીના રૂપો राजन् પ્રમાણે.

દા.ત. शुनः, यूनः, मघोनः ।

(૧૭) पथिन् (માર્ગ)ના પહેલા પાંચ રૂપો આ પ્રમાણે થાય -

पन्थाः, पन्थानौ, पन्थानः, पन्थानम्, पन्थानौ ।

બીજી વિભક્તિ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે इन् લોપાય. બાકીના રૂપો इन् અન્તવાળા નામો પ્રમાણે થાય. સંબોધન એકવચનનું રૂપ = पन्थाः ।

દા.ત. पथा, पथिभ्याम्, पथिभिः ।

मथिन् ના રૂપો पथिन् પ્રમાણે થાય.

(૧૮) ऋभुक्षिन् (ઇન્દ્ર)ના રૂપો पथिन् પ્રમાણે થાય, પણ પહેલા પાંચ રૂપોમાં

અનુનાસિક न ઉમેરાય.

દા.ત. ऋभुक्षाः, ऋभुक्षाणौ, ऋभुक्षाणः, ऋभुक्षाणम्, ऋभुक्षाणौ, ऋभुक्षः ।

(૧૯) परिव्राज् (યતિ), विश् (વેપારી), देवेज् (દેવને પૂજનાર), निश् (રાત્રી), विश्वसृज् (વિશ્વનું સર્જન કરનાર), राज् (રાજા) વગેરેમાં વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય વ્યંજનનો ट् કે ड् થાય.

દા.ત. परिव्राट्, परिव्राड्, परिव्राड्भ्याम् ।

(૨૦) स्रज् (માળા), दिश् (દિશા), दृश् (દૃષ્ટિ) અને दृश् અન્તવાળા નામોના અન્ત્ય વ્યંજનનો વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે क् કે ग् થાય.

દા.ત. स्रक्, स्रग्, स्रग्भ्याम्, स्रक्षु ।

(૨૧) (i) प्राच् (પૂર્વ દેશ-કાળ), प्रत्यच् (પશ્ચિમ દેશ-કાળ) उदच् (ઉત્તર દેશ-કાળ), अवाच् (દક્ષિણ દેશ-કાળ), सम्यच् (સારું) અને तिर्यच् (તીરછું) નામોના પુંલિંગના પાંચ રૂપોમાં ઉપાન્ત્યે અનુનાસિક ઉમેરાય. પહેલી વિભક્તિ એકવચનના રૂપો = प्राङ्, प्रत्यङ्, उदङ्, अवाङ्, सम्यङ्, तिर्यङ् ।

દા.ત. प्राङ्, प्राञ्चौ, प्राञ्चः, प्राञ्चम्, प्राञ्चौ, प्राचः ।

(ii) પુંલિંગમાં બીજી વિભક્તિ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે અને નપુંસકલિંગમાં પહેલી-બીજી વિભક્તિ દ્વિવચનના ई પૂર્વે प्रत्यच् નું प्रतीच्, उदच् નું उदीच्, सम्यच् નું समीच्, तिर्यच् નું तिरश्च् આદેશ થાય છે.

દા.ત. प्रतीचः, उदीचः, समीचः, तिरश्चः ।

(iii) આ નામોના સ્ત્રીલિંગમાં રૂપો ई લગાડી नदी પ્રમાણે થાય. ત્યારે ઉપર પ્રમાણે આદેશ થાય.

દા.ત. प्राची (પૂર્વ દિશા), प्रतीची (પશ્ચિમ દિશા), उदीची (ઉત્તર દિશા), अवाची (દક્ષિણ દિશા), समीची (સારી), तिरश्ची (તીરછી) ।

(૨૨) पुंस् (પુરુષ)ના પહેલા પાંચ રૂપો આ પ્રમાણે થાય -

पुमान्, पुमांसौ, पुमांसः, पुमांसम्, पुमांसौ ।

વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય स् લોપાય.

દા.ત. पुम्भ्याम् ।

સંબોધન એકવચનનું રૂપ = पुमन् ।

(૨૩) (i) गिर् (વાણી), पुर् (નગરી), धुर् (ધૂરા) વગેરે र्-કારાન્ત નામો અને आशिस् (આશીર્વાદ) + ૦ કે વ્યંજનાદિ પ્રત્યય = નામનો ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય.

દા.ત. गीः, गिरौ, गिरः, गीर्भ्याम्, गीर्षु ।

(ii) સામાન્ય નિયમો પ્રમાણે आशिस् ના स् નો ष् થાય.

દા.ત. आशीः, आशिषौ, आशिषः ।

(iii) સાતમી વિભક્તિ બહુવચનમાં आशिस् ને નીચેનો નિયમ લાગે -

अ કે आ સિવાયના સ્વર અને स् વચ્ચે અનુનાસિક, વિસર્ગ કે श्, ष्, स् હોય તો પણ स् નો ष् થાય.

દા.ત. आशिस् + सु = आशीःषु, आशीष्षु ।

(૨૪) अप् (પાણી)ના રૂપો બહુવચનમાં જ થાય. પહેલી વિભક્તિ બહુવચનનું રૂપ = आपः । भादि પ્રત્યયો પૂર્વે प् નો द् થાય.

દા.ત. अद्भिः ।

(૨૫) પહેલી-બીજી વિભક્તિના એકવચનના પ્રત્યયો પૂર્વે अहन् (દિવસ)ના न् નો र् થાય. બીજા વ્યંજનથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે न् નો વિસર્ગ થાય.

દા.ત. अहः, अह्नी-अहनी, अहानि । પહેલી-બીજી વિભક્તિ

अह्ना, अहोभ्याम्, अहोभिः । ત્રીજી વિભક્તિ

अहर्भाति । દિવસ શોભે છે. અહીં अहर् એ પહેલી વિભક્તિ એકવચનનું રૂપ છે.

(૨૬) पूर्व (પૂર્વ દેશ-કાળ), पर (પછી રહેલું), अवर (છેલ્લું), दक्षिण

(દક્ષિણ દેશ), उत्तर (પછીનું), अधर (નીચેનું) અને स्व (પોતે) આ શબ્દો જ્યારે સ્થળનો, કાળનો કે પુરુષનો સંબંધ બતાવે અને अन्तर શબ્દ જ્યારે અંદરનું કે નીચલુ એવા અર્થમાં વપરાય ત્યારે આ શબ્દોના રૂપો ત્રણે લિંગમાં સર્વનામ પ્રમાણે થાય. પુંલિંગમાં પહેલી અને સંબોધન વિભક્તિ બહુવચનમાં તથા પુંલિંગ અને નપુંસકલિંગ પાંચમી-સાતમી વિભક્તિ એકવચનમાં વિકલ્પે સર્વનામ પ્રમાણે રૂપો થાય.

દા.ત. पूर्वे-पूर्वाः । पूर्वात्-पूर्वस्मात् । पूर्वे-पूर्वस्मिन् ।

(૨૭) अन्य (બીજો), अन्यतर (બેમાંથી એક), कतर (બેમાંથી કોણ એક), कतम (ઘણામાંથી કોણ એક), यतर (બેમાંથી જે એક), यतम (ઘણામાંથી જે એક), ततर (બેમાંથી તે એક), ततम (ઘણામાંથી તે એક), एकतर (બેમાંથી એક), एकतम (ઘણામાંથી એક) અને इतर (બીજો) - આ નામો સર્વનામ છે. તેમના રૂપો सर्व પ્રમાણે થાય. નપુંસકલિંગમાં પહેલી-બીજી વિભક્તિ એકવચનમાં त् કે द् લાગે.

દા.ત. अन्यस्मै, अन्यस्मात् ।

अन्यतरत्, अन्यतरद् ।

(૨૮) चरम (છેલ્લો), अल्प (અલ્પ), अर्ध (અડધું) અને कतिपय (કેટલુંક) - આ નામોનું પુંલિંગમાં પહેલી વિભક્તિ બહુવચનમાં રૂપ વિકલ્પે સર્વનામ જેવું થાય.

દા.ત. चरमे, चरमाः । अल्पे, अल्पाः ।

(૨૯) नेम (અડધું) એ સર્વનામ છે. પહેલી વિભક્તિ બહુવચનમાં તેનું રૂપ વિકલ્પે जिन જેવું થાય છે.

દા.ત. नेमे-नेमाः ।

(૩૦) पपी (સૂર્ય), ययी (માર્ગ) અને દીર્ઘ ई-કારાન્ત પુંલિંગ નામોને બીજી વિભક્તિ એકવચન અને બહુવચનમાં અનુક્રમે म् અને न् લાગે.

દા.ત. पपीम्, पपीन् ।

સાતમી વિભક્તિ એકવચનનું રૂપ = पथ्यि ।

બાકીના રૂપો प्रधी પ્રમાણે થાય.

(૩૧) પહેલા પાંચ પ્રત્યયો પૂર્વે क्रोष्टु (શિયાળ) નામનો क्रोष्टृ આદેશ થાય. ત્રીજી વિભક્તિ એકવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે क्रोष्टु નો વિકલ્પે क्रोष्टृ આદેશ થાય. क्रोष्टु ના રૂપો भानु પ્રમાણે થાય. क्रोष्टृ ના રૂપો कर्तृ પ્રમાણે થાય.

દા.ત. क्रोष्टा, क्रोष्टारौ, क्रोष्टारः । પહેલી વિભક્તિ.

क्रोष्टारम्, क्रोष्टारौ, क्रोष्टून् । બીજી વિભક્તિ

क्रोष्ट्रा-क्रोष्टुना, क्रोष्टुभ्याम्, क्रोष्टुभिः । ત્રીજી વિભક્તિ.

(૩૨) जरा (ઘડપણ), निर्जर (દેવ) નામો + સ્વરાદિ પ્રત્યયો = વિકલ્પે जरा નું जरस् અને निर्जर નું निर्जरस् થાય. जरा ના રૂપો शाला પ્રમાણે થાય. निर्जर ના રૂપો जिन પ્રમાણે થાય.

દા.ત. जरा, जरे-जरसौ, जराः-जरसः ।

(૩૩) अर्वन् (ઘોડો) નામના રૂપો वत् અન્તવાળા નામો પ્રમાણે થાય છે.

દા.ત. अर्वन्तौ, अर्वन्तः ।

પહેલી વિભક્તિ એકવચનનું રૂપ = अर्वा ।

સંબોધન વિભક્તિ એકવચનનું રૂપ = अर्वन् ।

अनर्वन् (ઘોડો નહીં પણ બીજું)ના રૂપો आत्मन् પ્રમાણે થાય.

(૩૪) उशनस् (દૈત્યોના ગુરુ) નામના રૂપો चन्द्रमस् પ્રમાણે થાય છે.

દા.ત. उशनसौ, उशनसः ।

પહેલી વિભક્તિ એકવચનનું રૂપ = उशना ।

સંબોધન વિભક્તિ એકવચનનું રૂપ = उशनन, उशन, उशनः ।

(૩૫) બીજી વિભક્તિ બહુવચનથી આગળ સ્વરાદિ પ્રત્યયો પૂર્વે वाह् અન્તવાળા નામોના वाह् નો ऊह् થાય. આ ऊ પૂર્વેના अ કે आ સાથે

મળતા औ થાય.

દા.ત. विश्ववाह् (વિશ્વને વહન કરનાર) → विश्वौहः । બીજી વિભક્તિ બહુવચન.

વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે અન્ત્ય ह् નો ट् કે ड् થાય.

દા.ત. विश्ववाट् - विश्ववाड्, विश्ववाड्भ्याम् ।

(૩૬) વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે तुरासाह् (ઇન્દ્ર) નામમાં स् નો ष् થાય.

દા.ત. तुराषाट् - तुराषाड् ।

(૩૭) નીચેના શબ્દોનો પહેલા પાંચ પ્રત્યયો સિવાયના સ્વરાદિ પ્રત્યયો પૂર્વે વિકલ્પે નીચે પ્રમાણે આદેશ થાય છે -

| ક્ર. | નામ | અર્થ | આદેશ | આદેશના રૂપો કોના જેવા ? |
|---|---|---|---|---|
| ૧ | दन्त (पुं.) | દાંત | दत् | मरुत् |
| ૨ | पृतना (स्त्री.) | સેના | पृत् | सरित् |
| ૩ | पाद (पुं.) | પગ | पद् | विद् |
| ૪ | असृज् (नपुं.) | લોહી | असन् | नामन् |
| ૫ | आस्य (नपुं.) | મોઢું | आसन् | नामन् |
| ૬ | उदक (नपुं.) | પાણી | उदन् | नामन् |
| ૭ | दोस् (पुं.,नपुं.) | હાથ | दोषन् | राजन्, नामन् |
| ૮ | शकृत् (नपुं.) | છાણ | शकन् | नामन् |
| ૯ | निशा (स्त्री.) | રાત્રી | निश् | विश् |
| ૧૦ | मास (पुं.) | મહિનો | मास् | चन्द्रमस् |
| ૧૧ | मांस (नपुं.) | માંસ | मान्स् | पयस् |
| ૧૨ | नासिका (स्त्री.) | નાક | नस् | मनस् |

| ક્ર. | નામ | અર્થ | આદેશ | આદેશના રૂપો કોના જેવા ? |
|---|---|---|---|---|
| ૧૩ | हृदय (નપું.) | હૃદય | हृद् | विद् |
| ૧૪ | सानु (પું.,નપું.) | શિખર | स्नु | गुरु,मधु |

(૨૮) વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે मास् અને मान्स् નો स् લોપાય, सु પ્રત્યય પૂર્વે मास् નો स् ન લોપાય.

દા.ત. मास् → माभ्याम्, माःसु -मास्सु ।

मान्स् → मान्भ्याम्, मान्सु ।

(૨૯) उभ (બે)ના રૂપો દ્વિવચનમાં જ થાય. उभय (બન્ને)ના રૂપો દ્વિવચનમાં ન થાય.

(૩૦) कति (કેટલા)ના રૂપો બહુવચનમાં જ થાય. પહેલી-બીજી-સંબોધન વિભક્તિનું રૂપ = कति । બાકીના રૂપો मति પ્રમાણે થાય.

(૩૧) दीर्घाहन् (લાંબો દિવસ)ના પહેલા પાંચ રૂપો वृत्रहन् પ્રમાણે થાય. બીજી વિભક્તિ બહુવચનનું રૂપ = दीर्घाह्नः । બાકીના રૂપો अहन् પ્રમાણે થાય.

●●●

+ **तपोलेशोऽपि नाऽफलः ।**
થોડો પણ તપ નિષ્ફળ જતો નથી.

+ **किं स्यान्नाऽर्हदनुग्रहात् ।**
અરિહંત પરમાત્માની કૃપાથી શું ન થાય ? અર્થાત્ બધું જ થાય.

+ **सामान्यपुण्यैर्न ह्यर्हन् देवः साक्षान्निरीक्ष्यते ।**
સામાન્ય પુણ્યવાળાઓને અરિહંત પરમાત્માનું સાક્ષાત્ દર્શન થતું નથી.

+ **फल्गु बाह्यं हि मण्डनम् ।**
બહારનો શણગાર નકામો છે.

# સમાસ

(૧) બે કે બેથી વધુ પદોને જોડીને એક પદ બનાવવું તે સમાસ કહેવાય છે.

(૨) સમાસથી શબ્દોની કરકસર થાય છે અને લખવામાં અને બોલવામાં સરળતા તથા સુંદરતા આવે છે.

(૩) સામાન્ય રીતે છેલ્લા પદ સિવાયના દરેક પદની વિભક્તિ લોપાય છે.

(૪) (i) સમાસમાં વપરાયેલ છેલ્લા નામ સિવાયના નામો જો સ્વરાન્ત નામ હોય તો સમાસમાં મૂળશબ્દ કાયમ રહે છે.

દા.ત. हरिश्च गोविन्दश्च = हरिगोविन्दौ । હરિ અને ગોવિંદ.

(ii) સમાસમાં વપરાયેલ છેલ્લા નામ સિવાયના નામો જો વ્યંજનાન્ત નામ હોય તો भ्याम् પ્રત્યય લાગતા જે રૂપ થતું હોય તેનું અંગ સમાસમાં લેવાય છે.

દા.ત. विद्वज्जनः । વિદ્વાન્ માણસ.

**અપવાદ** - (i) કર્મધારય અને બહુવ્રીહિ સમાસોનું પહેલું પદ જો महत् હોય તો સમાસમાં તેનું महा થાય છે.

દા.ત. महापुरुषः । મોટો માણસ.

महाबाहुर्नलः । મોટા હાથવાળો નળ.

(ii) કર્મધારય અને બહુવ્રીહિ સમાસોનું પહેલું પદ જો સર્વનામ હોય તો સમાસમાં મૂળ શબ્દ આવે છે.

દા.ત. तस्य पुस्तकम् = तत्पुस्तकम् । તેનું પુસ્તક.

अस्माकं पुस्तकम् = अस्मत्पुस्तकम् । અમારું પુસ્તક.

(iii) સમાસના પૂર્વપદ તરીકે अस्मद्-युष्मद्નું એકવચનનું રૂપ હોય તો સમાસમાં તેનું અનુક્રમે मत्-त्वत् થાય છે.

દા.ત. मम पुस्तकम् = मत्पुस्तकम् । મારું પુસ્તક.

तव पुस्तकम् = त्वत्पुस्तकम् । તારું પુસ્તક.

(૫) સમાસના અર્થ પ્રમાણે દરેક પદોને વિભક્તિ લગાડી છૂટા પાડવા અથવા અર્થાનુસારે જરૂર પ્રમાણે વધારે શબ્દો ઉમેરીને પણ છૂટા પાડવા તે સમાસનો વિગ્રહ કહેવાય છે.

દા.ત. राजपुरुषः = राज्ञः पुरुषः । રાજાનો પુરુષ.

रामलक्ष्मणौ = रामश्च लक्ष्मणश्च । રામ અને લક્ષ્મણ.

(૬) સમાસના મુખ્ય ચાર પ્રકાર છે : (i) દ્વન્દ્વ સમાસ, (ii) તત્પુરુષ સમાસ, (iii) બહુવ્રીહિ સમાસ, (iv) અવ્યયીભાવ સમાસ.

## (i) દ્વન્દ્વ સમાસ

જ્યારે બે કે બેથી વધુ પદો च થી જોડાયેલા હોય ત્યારે च નો લોપ કરી તે પદોને જોડી દેવા તે દ્વન્દ્વ સમાસ છે. તેના ત્રણ પ્રકાર છે -

(૧) ઈતરેતર દ્વન્દ્વ સમાસ (૨) સમાહાર દ્વન્દ્વ સમાસ (૩) એકશેષ દ્વન્દ્વ સમાસ.

## (૧) ઈતરેતર દ્વન્દ્વ સમાસ

(૧) આ સમાસમાં આવતા દરેક પદનું મહત્ત્વ સરખું હોય છે.

(૨) જો સમાસ બે નામનો હોય અને બન્ને નામો એકવચનમાં હોય તો સમાસ દ્વિવચનમાં થાય. સમાસમાં બે નામો હોવા છતાં જો તેઓ દ્વિવચન કે બહુવચનમાં હોય તો સમાસ બહુવચનમાં થાય. જો સમાસ બેથી વધુ નામોનો હોય તો સમાસ બહુવચનમાં થાય.

દા.ત. रामश्च लक्ष्मणश्च = रामलक्ष्मणौ । રામ અને લક્ષ્મણ.

जनकश्च पुत्रौ च = जनकपुत्राः । પિતા અને બે પુત્રો.

नदी च नदश्च पल्वलञ्च = नदीनदपल्वलानि । નદી, સમુદ્ર અને ખાબોચિયું

(૩) સમાસના છેલ્લા નામની જાતિ તે આખા સમાસની જાતિ જાણવી.

દા.ત. कुक्कुटमयूर्यौ, मयूरीकुक्कुटौ । કુકડો અને મોરલી.

**અપવાદ** - अश्वश्च वडवा च = अश्ववडवौ । ઘોડો અને ઘોડી.

अहश्च रात्रिश्च = अहोरात्रः । દિવસ અને રાત.

(૪) સમાસને અંતે વિદ્યા કે જન્મનો સંબંધ બતાવનાર ऋ-કારાન્ત શબ્દ કે पुत्र શબ્દ હોય અને એની અનંતર પૂર્વે ऋ-કારાન્ત શબ્દ હોય તો પૂર્વેના શબ્દના ऋ નો आ થાય.

દા.ત. माता च पिता च = मातापितरौ । માતા અને પિતા.

होता च पोता च = होतापोतारौ । હોમ કરનાર અને યજ્ઞ કરનાર.

होतापोतारौ च नेष्टा च = होतापोतानेष्टारः । હોમ કરનાર, યજ્ઞ કરનાર અને યજ્ઞ કરનાર.

होता च पोता च नेष्टा च = होतृपोतानेष्टारः । હોમ કરનાર, યજ્ઞ કરનાર અને યજ્ઞ કરનાર.

पित्रा च पुत्रश्च = पितापुत्रौ । પિતા અને પુત્ર

(૫) વાયુ સિવાયના વેદમાંના સાહચર્ય સંબંધ ધરાવનારા દેવોના નામોના દ્વન્દ્વ સમાસમાં ઉપાન્ત્ય પદમાં અન્ત્ય સ્વરનો आ થાય. अग्नि પછી सोम કે वरुण આવે તો अग्नि નો इ દીર્ઘ થાય.

દા.ત. सूर्यश्च चन्द्रमाश्च = सूर्याचन्द्रमसौ । સૂર્ય અને ચન્દ્ર.

सोमश्च वरुणश्च = सोमावरुणौ । ચન્દ્ર અને વરુણ.

इन्द्रश्च सोमश्च = इन्द्रासोमौ । ઇન્દ્ર અને ચન્દ્ર.

अग्निश्च मरुच्च = अग्नामरुतौ । અગ્નિ અને વાયુ.

अग्निश्च वायुश्च अग्निवायू । અગ્નિ અને વાયુ.

अग्निश्च सोमश्च = अग्नीषोमौ । અગ્નિ અને ચન્દ્ર.

अग्निश्च वरुणश्च = अग्नीवरुणौ । અગ્નિ અને વરુણ.

(૬) જુદા જુદા નામોના ગુણો બતાવતા કે એક જ નામના જુદા જુદા વર્ગ બતાવતા બે કે વધારે વિશેષણોનો પણ ઇતરેતર દ્વન્દ્વ સમાસ થાય.

દા.ત. उपकृतापकृतौ । ઉપકાર કરાયેલ અને અપકાર કરાયેલ.

मित्रशत्रू । મિત્ર અને શત્રુ.

वृद्धतरुणौ । વૃદ્ધ અને યુવાન.

भीष्मार्जुनौ । ભીમ અને અર્જુન.

उत्तमाधममध्यमाः । ઉત્તમ, અધમ અને મધ્યમ.

## (૨) સમાહાર દ્વન્દ્વ સમાસ

(૧) સમુદાયની વિવક્ષાથી બનતો દ્વન્દ્વ સમાસ તે સમાહાર દ્વન્દ્વ સમાસ. તેમાં દરેક જુદી જુદી વસ્તુ પ્રધાન નથી પણ બધાનો સમૂહ પ્રધાન છે. તે નપુંસકલિંગ એકવચનમાં જ બને છે.

દા.ત. आहारनिद्राभयं सर्वेषां प्राणिनां स्वाभाविकम् । આહાર, નિદ્રા અને ભય બધા જીવોને સ્વાભાવિક છે.

यज्ञतपोदानेन नरः पापात् विमुच्यते । યજ્ઞ, તપ અને દાનથી મનુષ્ય પાપથી મુકાય છે.

(૨) વિગ્રહવાક્યમાં સમાસમાં આવેલા પદોની સંખ્યા પ્રમાણે અને સમાસના છેલ્લા પદના લિંગ પ્રમાણે एतद् સર્વનામનું છઠ્ઠી વિભક્તિનું રૂપ समाहारः શબ્દ સાથે જોડાય છે.

દા.ત. आहारनिद्राभयम् = आहारश्च निद्रा च भयञ्च एतेषां समाहारः । આહાર, નિદ્રા અને ભય નો સમૂહ.

(૩) દ્વન્દ્વ સમાસના પદો નીચે પ્રમાણે હોય તો તેમનો સમાહાર દ્વન્દ્વ સમાસ જ થાય.

(i) પ્રાણીના શરીરના અંગોના નામો →

દા.ત. हस्तौ च पादौ च एतेषां समाहारः = हस्तपादम् । બે હાથ અને બે પગનો સમૂહ.

(ii) બહુવચનમાં સૈન્યના અંગોના નામો →

દા.ત. रथिकाश्च अश्वारोहाश्च एतेषां समाहारः = रथिकाश्वारोहम् । રથિકો અને ઘોડેસવારોનો સમૂહ.

रथिकश्च अश्वारोहश्च = रथिकाश्वारोहौ । રથિક અને ઘોડેસવાર.

(iii) વાજીંત્રના સાધનોના નામો →

દા.ત. वेणुश्च मृदङ्गञ्च एतयोः समाहारः = वेणुमृदङ्गम् । વીણા અને મૃદંગનો સમૂહ.

(iv) ગુણ સિવાયના જડપદાર્થોના જાતિવાચક નામો →

દા.ત. धानाश्च शष्कुल्यश्च एतासां समाहारः = धानाशष्कुलि । ધાણા અને જલેબીઓનો સમૂહ.

शब्दश्च स्पर्शश्च = शब्दस्पर्शौ । શબ્દ અને સ્પર્શ.

(v) જુદા જુદા લિંગના નદીના, નગરના કે દેશના નામો →

દા.ત. गङ्गा च शोणश्च एतयोः समाहारः = गङ्गाशोणम् । ગંગાનદી અને શોણનદીનો સમૂહ.

मथुरा च पाटलिपुत्रञ्च एतयोः समाहारः = मथुरापाटलिपुत्रम् । મથુરા અને પાટલીપુત્રનો સમૂહ.

अयोध्या च मथुरा च = अयोध्यामथुरे । અયોધ્યા અને મથુરા.

गङ्गा च यमुना च = गङ्गायमुने । ગંગા અને યમુના.

कुरुश्च कुरुक्षेत्रञ्च एतयोः समाहारः = कुरुकुरुक्षेत्रम् । કુરુ અને કુરુક્ષેત્રનો સમૂહ.

(vi) બહુવચનમાં ક્ષુદ્ર જંતુઓના નામો →

દા.ત. यूकाश्च लिक्षाश्च एतासां समाहारः = यूकालिक्षम् । જૂઓ અને લીખોનો સમૂહ.

यूका च लिक्षा च = यूकालिक्षे । જૂ અને લીખ.

(vii) નિત્ય વૈરી પ્રાણીઓના નામો →

દા.ત. सर्पश्च नकुलश्च एतयोः समाहारः = सर्पनकुलम् । સાપ અને નોળિયાનો સમૂહ.

(૪) ફળ, વનસ્પતિ, મૃગ, પક્ષી, ધાન્ય, ઘાસ અને વ્યંજનના નામો તથા पूर्व-अपर, उत्तर-अधर, अश्व-वडवा આ જોડકાઓનો વિકલ્પે સમાહાર દ્વન્દ્વ સમાસ થાય.

દા.ત. आम्रजम्बु । આંબા અને જાંબૂનો સમૂહ.
आम्रजम्बूनि । આંબો અને જાંબૂ.
आम्रनीम्बम् । આંબા અને લીંબડાનો સમૂહ.
आम्रनीम्बौ । આંબો અને લીંબડો.
रुरुकृष्णसारम् । રુરુ(હરણ) અને કૃષ્ણસાર (હરણ)નો સમૂહ.
रुरुकृष्णसाराः । રુરુઓ(હરણો) અને કૃષ્ણસારો (હરણો).
हंसचक्रवाकम् । હંસો અને ચક્રવાકોનો સમૂહ.
हंसचक्रवाकाः । હંસો અને ચક્રવાકો.
व्रीहियवम् । ચોખા અને જવનો સમૂહ.
व्रीहियवाः । ચોખા અને જવ.
कुशकाशम् । કુશ(ઘાસ) અને કાશ (ઘાસ)નો સમૂહ.
कुशकाशाः । કુશ (ઘાસ) અને કાશ (ઘાસ).
दधिघृतम् । દહીં અને ઘીનો સમૂહ.
दधिघृते । દહીં અને ઘી.
पूर्वापरम् । પૂર્વ અને પશ્ચિમનો સમૂહ.
पूर्वापरे । પૂર્વ અને પશ્ચિમ.
अधरोत्तरम् । નીચેના અને ઉપરનાનો સમૂહ.
अधरोत्तरे । નીચેનું અને ઉપરનું.
अश्ववडवम् । ઘોડા અને ઘોડીનો સમૂહ.
अश्ववडवौ । ઘોડો અને ઘોડી.

(૫) ફળ, વનસ્પતિ વગેરેના નામો બહુવચનમાં હોય તો જ સમાહાર દ્વન્દ્વ સમાસ થાય.

દા.ત. बदराणि च आमलकानि च = बदरामलकम् । બોરો અને આમળાઓનો સમૂહ.

बदरं च आमलकं च = बदरामलके । બોર અને આમળો.

प्लक्षाश्च न्यग्रोधाश्च = प्लक्षन्यग्रोधम् । પીંપળા અને વડોનો સમૂહ.

प्लक्षश्च न्यग्रोधश्च = प्लक्षन्यग्रोधौ । પીંપળો અને વડ.

(૬) પરસ્પર વિરોધી ગુણવાચક શબ્દોનો વિકલ્પે સમાહાર દ્વન્દ્વ સમાસ થાય.

દા.ત. सुखं च दुःखं च = सुखदुःखम् । સુખ અને દુઃખનો સમૂહ.
सुखदुःखे । સુખ અને દુઃખ.

(૭) સમાહાર દ્વન્દ્વને અન્તે च् વર્ગનો વ્યંજન કે द्, ष्, ह् હોય તો તેમાં अ ઉમેરાય.

દા.ત. वाक् च त्वक् च = वाक्त्वचम् । વાણી અને ચામડીનો સમૂહ.
सम्पच्च विपच्च = सम्पद्विपदम् । સંપત્તિ અને વિપત્તિનો સમૂહ.
वाक् च त्विट् च = वाक्त्विषम् । વાણી અને કાંતિનો સમૂહ.
छत्रं च उपानच्च = छत्रोपानहम् । છત્ર અને જોડાનો સમૂહ.

(૮) સમાહાર દ્વન્દ્વ, દ્વિગુ તત્પુરુષ અને અવ્યયીભાવ-આ સમાસોને અન્તે દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર થાય, ए–ऐ નો इ થાય અને ओ–औ નો उ થાય.

દા.ત. धानाश्च शष्कुल्यश्च एतासां समाहारः = धानाशष्कुलि ।

ધાણા અને જલેબીઓનો સમૂહ.

द्वयोः गवोः समाहारः = द्विगु । બે ગાયોનો સમૂહ.

गङ्गायाः समीपम् = उपगङ्गम् । ગંગાની નજીક.

## (૩) એકશેષ દ્વન્દ્વ સમાસ

(૧) એક જ શબ્દ બે કે તેથી વધુ વાર આવે અથવા એક જ વર્ગના એક સ્ત્રીલિંગ અને એક પુંલિંગ એમ બે શબ્દો સાથે આવે ત્યારે ઈતરેતર દ્વન્દ્વ

સમાસ બનાવીને પછી તેમાંનું એક જ પદ રાખીને બાકીના પદોનો લોપ કરાય તે એકશેષ દ્વન્દ્વ સમાસ. બાકી રહેલું પદ પોતાનું લિંગ કાયમ રાખે. મૂળના પદોની સંખ્યા પ્રમાણે તેને વચન લાગે.

દા.ત. रामश्च रामश्च = रामरामौ → रामौ । બે રામ.

घटश्च घटश्च घटश्च = घटघटघटा: → घटा: । ઘણા ઘડા.

(૨) એક જ વર્ગના સ્ત્રીલિંગ-પુંલિંગ શબ્દો હોય તો પુંલિંગ શબ્દ કાયમ રહે. સમાસમાં નપુંસકલિંગ શબ્દ હોય તો તે કાયમ રહે.

દા.ત. माता च पिता च = मातापितरौ → पितरौ । માતા અને પિતા.

ब्राह्मणी च ब्राह्मणश्च = ब्राह्मणीब्राह्मणौ → ब्राह्मणौ । બ્રાહ્મણી અને બ્રાહ્મણ.

भ्राता च स्वसा च = स्वसृभ्रातरौ → भ्रातरौ । બહેન અને ભાઈ.

तटश्च तटी च तटञ्च = तटतटीतटानि → तटानि । ઘણા કિનારા.

## દ્વન્દ્વસમાસમાં પદોનો ક્રમ

(૧) इ-કારાન્ત, उ-કારાન્ત શબ્દો પહેલા મુકાય.

દા.ત. शकुनिभीमौ । શકુનિ અને ભીમ. गुरुशिष्यौ । ગુરુ અને શિષ્ય.

(૨) સ્વરાદિ શબ્દો પહેલા મુકાય.

દા.ત. अश्वबलीवर्दा: । ઘોડા અને બળદો.

(૩) ઘણા સ્વરાદિ શબ્દો હોય તો अ-કારાન્ત શબ્દ પહેલા મુકાય.

દા.ત. इन्द्राग्नी । ઇન્દ્ર અને અગ્નિ.

(૪) અલ્પ સ્વરવાળા અને હ્રસ્વ સ્વરવાળા શબ્દો પહેલા મુકાય.

દા.ત. शुकपरिक्षितौ । શુક અને પરિક્ષિત.

(૫) પ્રાણીઓ, વસ્તુઓ, વર્ણો, આશ્રમો, વેદોના નામોમાં જેનું મહત્ત્વ વધુ હોય તે પહેલા મુકાય. ભાઈઓ, ઋતુઓ, નક્ષત્રો, કાર્ય બતાવનારા શબ્દો, વર્ણક્રમ-જન્મક્રમ-અધિકારક્રમ નક્કી હોય તેવા શબ્દો ક્રમ

પ્રમાણે મુકાય છે.

દા.ત. आचार्योपाध्यायाः । આચાર્યો અને ઉપાધ્યાયો.

युधिष्ठिरभीमार्जुनाः । યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન.

सुवर्णरजते । સોનું અને ચાંદી.

ब्राह्मणक्षत्रियविट्शूद्राः । બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.

ब्रह्मचर्यगार्हस्थ्ये । બ્રહ્મચર્યઆશ્રમ અને ગૃહસ્થાશ્રમ.

ऋक्सामयजूंषि । ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ.

हेमन्तशिशिरवसन्ताः । હેમંતઋતુ, શિશિરઋતુ અને વસંતઋતુ.

अश्विनीभरणीकृत्तिकाः । અશ્વિની, ભરણી અને કૃત્તિકા.

वैराग्यदीक्षे । વૈરાગ્ય અને દીક્ષા.

## અનિયમિત દ્વન્દ્વ સમાસો

(૧) द्यौश्च पृथिवी च = द्यावापृथिव्यौ । સ્વર્ગ અને પૃથ્વી.

(૨) द्यौश्च भूमी च = द्यावाभूमी । સ્વર્ગ અને પૃથ્વી.

(૩) द्यौश्च क्षमा च = द्यावाक्षमे । સ્વર્ગ અને પૃથ્વી.

(૪) जाया च पतिश्च = जायापती, जम्पती, दम्पती । પતિ અને પત્ની.

(૫) अक्षिणी च भ्रुवौ च = अक्षिभ्रुवम् । આંખ અને ભ્રમરનો સમૂહ.

(૬) ऊरू च अष्ठीवन्तौ च = उर्वष्ठीवम् । બે સાથળ અને બે ઢીંચણ.

(૭) दाराश्च गावश्च = दारगवम् । પત્નીઓ અને ગાયોનો સમૂહ.

(૮) स्त्री च पुमांश्च = स्त्रीपुंसौ । સ્ત્રી અને પુરુષ.

(૯) अश्वश्च वडवा च = अश्ववडवौ । ઘોડો અને ઘોડી.

(૧૦) अहश्च रात्रिश्च = अहोरात्रः । દિવસ અને રાત.

(૧૧) अहनि च निशायाम् च = अहर्निशम्, अहोनिशम् । દિવસે અને રાતે.

(૧૨) अहनि च दिवा च = अहर्दिवम् । દિવસે અને રાત્રે.

(૧૩) रात्रौ च दिवा च = रात्रिन्दिवम् । રાત્રે અને દિવસે.

(૧૪) नक्तं च दिवा च = नक्तन्दिवम् । રાત્રે અને દિવસે.

(૧૫) उच्चैश्च नीचैश्च = उच्चावच्चम् । ઊંચું અને નીચું.

(૧૬) निश्चितञ्च प्रचितञ्च = निश्चप्रचम् । નિશ્ચિત અને વીણેલું.

## (ii) તત્પુરુષ સમાસ

તત્પુરુષ સમાસમાં બે પદો હોય છે. પહેલા પદને પૂર્વપદ કહેવાય છે અને બીજા પદને ઉત્તરપદ કહેવાય છે. તત્પુરુષ સમાસમાં ઉત્તરપદની મુખ્યતા હોય છે. પૂર્વપદ ઉત્તરપદના અર્થમાં વધારો કરે છે, અથવા તેનો અર્થ ચોક્કસ કરે છે.

राज्ञः पुरुषः = राजपुरुषः । રાજાનો પુરુષ.

અહીં राज એ પૂર્વપદ છે અને पुरुष એ ઉત્તરપદ છે. राज એ पुरुषનો અર્થ ચોક્કસ કરે છે.

તત્પુરુષ સમાસના સાત પ્રકાર છે -

(૧) વિભક્તિ તત્પુરુષ સમાસ (૨) નञ् તત્પુરુષ સમાસ

(૩) કર્મધારય તત્પુરુષ સમાસ (૪) દ્વિગુ તત્પુરુષ સમાસ

(૫) પ્રાદિ તત્પુરુષ સમાસ (૬) ગતિ તત્પુરુષ સમાસ

(૭) ઉપપદ તત્પુરુષ સમાસ

## (૧) વિભક્તિ તત્પુરુષ સમાસ

આ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદની વચ્ચે પહેલી અને સંબોધન વિભક્તિઓ સિવાયની છ વિભક્તિઓનો સંબંધ હોય છે. તેથી તેના દ્વિતીયા વિભક્તિ તત્પુરુષ વગેરે છ ભેદો છે -

## (i) દ્વિતીયા વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) બીજી વિભક્તિવાળા નામનો श्रित, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त, आपन्न વગેરે તથા તેવા અર્થવાળા બીજા નામોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. धर्मं श्रितः = धर्मश्रितः । ધર્મનો આશ્રય કરેલો.

संसारं अतीतः = संसारातीतः । સંસારને ઓળંગી ગયેલો.

नरकं पतितः = नरकपतितः । નરકમાં પડેલો.

निर्वाणं गतः = निर्वाणगतः । નિર્વાણને પામેલો

सुखं प्राप्तः = सुखप्राप्तः । સુખને પામેલો.

दुःखं आपन्नः = दुःखापन्नः । દુઃખને પામેલો.

(૨) પૂર્વપદ કાળવાચી નામ હોય અને ઉત્તરપદ તે સમય સુધીના કાર્ય કે સ્થિતિ બતાવનાર શબ્દ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. संवत्सरं वासः = संवत्सरवासः । એક વરસ સુધી રહેવું.
मुहूर्तं सुखम् = मुहूर्तसुखम् । એક મુહૂર્ત સુધી સુખ.

## (ii) તૃતીયા વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) ત્રીજી વિભક્તિવાળા નામનો पूर्व, सदृश, सम, ऊन કે તે અર્થવાળા શબ્દો તથા कलह, निपुण, मिश्र, श्लक्ष्ण શબ્દોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. मासेन पूर्वः = मासपूर्वः । એક મહિના પહેલાનો.

मात्रा सदृशः = मातृसदृशः । માતાની સમાન.

भ्रात्रा तुल्यः = भ्रातृतुल्यः । ભાઈની સમાન.

भगिन्या समः = भगिनीसमः । બહેનની સમાન.

एकेन ऊनः = ऐकोनः । એક ઓછો.

वाचा कलहः = वाक्कलहः । વાણી વડે ઝઘડો.

वाचा निपुणः = वाग्निपुणः । બોલવામાં હોંશિયાર.

शर्करया मिश्रः = शर्करामिश्रः । સાકરથી મિશ્ર.

धारया श्लक्ष्णः = धाराश्लक्ष्णः । ધારથી કોમળ.

(૨) પૂર્વપદ સાધન હોય અને ઉત્તરપદ તેનાથી થયેલ પરિણામ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. शङ्कुलया खण्डः = शङ्कुलाखण्डः । છરીથી ટુકડો.

(૩) પૂર્વપદ કર્તા કે સાધન હોય અને ઉત્તરપદ ધાતુસાધિત રૂપ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. हरिणा त्रातः = हरित्रातः । હરિથી રક્ષાયેલ.

नखैः भिन्नम् = नखभिन्नम् । નખોથી ભેદાયેલ.

(૪) ઉત્તરપદ કોઈ ખાવાની વસ્તુનું નામ હોય અને પૂર્વપદ તેની સાથે મિશ્ર કરેલ બીજી કોઈ ખાવાની વસ્તુનું નામ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. दध्ना ओदनः = दध्योदनः । દહીં સાથે મિશ્ર કરેલ ભાત.

गुडेन धानाः = गुडधानाः । ગોળ સાથે મિશ્ર કરેલ ધાણા.

## (iii) ચતુર્થી વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) ચોથી વિભક્તિવાળા નામનો बलि, हित, सुख, रक्षित નામોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. भूतेभ्यो बलिः = भूतबलिः । ભૂતો માટેનો બલિ.

गोभ्यो हितम् = गोहितम् । ગાય માટે હિતકારી.

गवे सुखम् = गोसुखम् । ગાય માટે સુખ.

गवे रक्षितम् = गोरक्षितम् । ગાય માટે રાખેલું.

(૨) પૂર્વપદ પરિણામ (બનેલી વસ્તુ) હોય અને ઉત્તરપદ પરિણામી (જેમાંથી તે વસ્તુ બની છે તે) હોય તો આ સમાસ થાય છે.

દા.ત. कुण्डलाय हिरण्यम् = कुण्डलहिरण्यम् । કુંડલ માટેનું સોનું.

यूपाय दारु = यूपदारु । ખીલા માટેનું લાકડું.

(૩) ચોથી વિભક્તિવાળા નામોનો अर्थ (માટે) શબ્દની સાથે આ સમાસ થાય છે. ત્યારે સમાસ વિશેષણ બને. તેને વિશેષ્ય પ્રમાણે લિંગ અને વચન લાગે. તેના વિગ્રહમાં વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે अर्थ ની બદલે इदम् નું રૂપ મુકાય છે.

દા.ત. द्विजाय अयम् = द्विजार्थः (इक्षुः) । બ્રાહ્મણ માટેની શેરડી.

द्विजाय इयम् = द्विजार्था (दक्षिणा) । બ્રાહ્મણ માટેની દક્ષિણા.

द्विजाय इदम् = द्विजार्थम् (जलम्) । બ્રાહ્મણ માટેનું પાણી.

## (iv) પંચમી વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) પાંચમી વિભક્તિવાળા નામનો भय, भीति, भीत, भी વગેરે ભયવાચક શબ્દો, अपेत, अपोढ, भिन्न, मुक्त, पतित, अपत्रस्त વગેરે શબ્દો અને તેવા અર્થવાળા શબ્દોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. चौरात् भयम् = चौरभयम् । ચોરથી ભય.

सुखात् अपेतः = सुखापेतः । સુખથી દૂર થયેલ.

स्वर्गात् पतितः = स्वर्गपतितः । સ્વર્ગથી પડેલ.

स्थानात् भ्रष्टः = स्थानभ्रष्टः । સ્થાનથી ભ્રષ્ટ થયેલ.

## (v) ષષ્ઠી વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) છઠ્ઠી વિભક્તિવાળા નામનો અન્ય નામની સાથે આ સમાસ થાય છે.

દા.ત. राज्ञः पुरुषः = राजपुरुषः । રાજાનો પુરુષ.

भोजनस्य वेला = भोजनवेला । ભોજનનો સમય.

**અપવાદ** - तृ અને अक પ્રત્યયાન્ત ધાતુસાધિત શબ્દોની સાથે આ સમાસ ન થાય.

દા.ત. घटस्य कर्ता । ઘડાને બનાવનારો.

अपां स्रष्टा । પાણીને સર્જનાર.

ओदनस्य पाचकः । ભાતને રાંધનાર.

અહીં घटकर्ता, अप्स्त्रष्टा, ओदनपाचकः વગેરે સમાસો ન થાય.

**અપવાદમાં અપવાદ** - याजक, पूजक, परिचारक, परिवेषक, स्नापक, अध्यापक, होतृ, भर्तृ વગેરે શબ્દોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. देवस्य पूजकः = देवपूजकः । દેવને પૂજનાર.

भुवः भर्ता = भूभर्ता । પૃથ્વીનો માલિક-રાજા.

(૨) કૃદન્તના કર્મને છઠ્ઠી વિભક્તિ અને કર્તાને ત્રીજી વિભક્તિ લાગી હોય તો છઠ્ઠી વિભક્તિવાળા નામનો કૃદન્ત સાથે આ સમાસ ન થાય.

દા.ત. आश्चर्यं गवां दोहः अगोपेन । અહીં गोदोहः સમાસ ન થાય.

આશ્ચર્ય છે, જે ગોવાળ નથી તેના વડે ગાયોને દોહવાનું થાય છે.

(૩) નિર્ધારણ ષષ્ઠી વિભક્તિવાળા શબ્દનો આ સમાસ ન થાય. સંખ્યાપૂરક નામની સાથે આ સમાસ ન થાય. ભાગ બતાવતા द्वितीय, तृतीय, चतुर्थ, तुर्य, तुरीय સાથે સમાસ થાય. ગુણના પેટાભેદરૂપ કોઈપણ લૌકિક ગુણવાચી શબ્દ સાથે આ સમાસ ન થાય.

દા.ત. नृणां द्विजः श्रेष्ठः । મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે.

पुरुषाणां उत्तमः । પુરુષોમાં ઉત્તમ.

सताम् षष्ठः । સજ્જનોમાં છઠ્ઠો.

पटस्य शुक्लता । કપડાની સફેદાઈ.

આ બધામાં સમાસ ન થાય.

मोदकस्य द्वितीयम् = मोदकद्वितीयम् । લાડવાનો બીજો ભાગ.

(૪) છઠ્ઠી વિભક્તિવાળા અવયવીવાચક શબ્દોનો पूर्व, अपर, उत्तर, अधर, अर्ध, मध्य, साय વગેરે અવયવવાચક શબ્દોની સાથે આ સમાસ થાય છે. સમાસમાં અવયવવાચક શબ્દ પહેલા મુકાય.

દા.ત. पूर्वं कायस्य = पूर्वकायः । કાયાનો આગલો ભાગ.

पिप्पल्याः अर्धम् = अर्धपिप्पली । પીપરનો અડધો ભાગ.

चरमं रात्रेः = चरमरात्रः । રાત્રીનો છેલ્લો ભાગ.

मध्यं अह्नः = मध्याह्नः । દિવસનો મધ્ય ભાગ.

(૫) બનાવ સૂચવતાં છઠ્ઠી વિભક્તિવાળા શબ્દનો કાળવાચક શબ્દ સાથે આ સમાસ થાય. સમાસમાં કાળવાચક શબ્દ પહેલા મુકાય.

દા.ત. संवत्सरः मृतस्य = संवत्सरमृतः । જેને મર્યાને એક વર્ષ થયું છે તે.

मासः जातायाः = मासजाता । જેને જન્મ્યાને એક માસ થયો છે તે.

## (vi) સપ્તમી વિભક્તિ તત્પુરુષ સમાસ

(૧) સાતમી વિભક્તિવાળા નામનો धूर्त, प्रवीण, निपुण, पण्डित, पटु, कुशल, सिद्ध, शुष्क, पक्व, बन्ध વગેરે શબ્દોની સાથે આ સમાસ થાય છે.

દા.ત. सभायाम् पण्डितः = सभापण्डितः । સભામાં પંડિત.

कलायाम् प्रवीणः = कलाप्रवीणः । કળામાં હોંશિયાર.

(૨) સાતમી વિભક્તિવાળા કાર્યના સમય કે સ્થાન બતાવનાર શબ્દનો કાર્ય બતાવનાર શબ્દની સાથે આ સમાસ થાય છે.

દા.ત. काले प्राप्तः = कालप्राप्तः । કાળે મળેલ.

आसने स्थितः = आसनस्थितः । આસન પર રહેલ.

(૩) ઘણામાંથી એકને બીજા બધા કરતા ચઢિયાતો બતાવવો હોય ત્યારે આ સમાસ થાય.

દા.ત. पुरुषेषु उत्तमः = पुरुषोत्तमः । પુરુષોમાં ઉત્તમ.

પણ पुरुषाणां उत्तमः = पुरुषोत्तमः । ન થાય.

## અનિયમિત વિભક્તિ તત્પુરુષ સમાસો

(૧) अन्यस्य कारकः = अन्यत्कारकः । બીજાને કરનાર.

(૨) उदकस्य कुम्भः = उदककुम्भः, उदकुम्भः । પાણીનો ઘડો.

(૩) उदकस्य धिः = उदधिः । પાણીનો ભંડાર-સમુદ્ર.

(૪) गवाम् अक्षि इव = गवाक्षः । ગાયની આંખ જેવું - ગવાક્ષ.

(૫) गवां शाला = गोशाला, गोशालम् । ગાયોની શાળા.

(૬) दिनस्य अर्धम् = अर्धदिनम्, दिनार्धम् । દિવસનો અડધો ભાગ.

(૭) देशस्य मध्यम् = मध्यदेशः, देशमध्यम् । દેશનો મધ્ય ભાગ.

(૮) पुरुषस्य आयुः = पुरुषायुषम् । પુરુષનું આયુષ્ય.

(૯) बृहतां पतिः = बृहस्पतिः । બૃહસ્પતિ.

(૧૦) मण्डूकानां सरः = मण्डूकसरसम् । દેડકાઓનું સરોવર.

(૧૧) वनस्य पतिः = वनस्पतिः । વનસ્પતિ.

(૧૨) विश्वस्य मित्रम् = विश्वामित्रः । વિશ્વામિત્ર ઋષિ.

(૧૩) हृदयस्य रोगः = हृदयरोगः, हृद्रोगः । હૃદયરોગ.

(૧૪) हृदयस्य शोकः = हृदयशोकः, हृच्छोकः । હૃદયનો શોક.

(૧૫) ईश्वरे अधि = ईश्वराधीनः । ઈશ્વરને આધીન.

(૧૬) राज्ञि अधि = राजाधीनः । રાજાને આધીન.

## (૨) नञ् तत्पुरुष समास

(૧) પૂર્વપદમાં न હોય અને ઉત્તરપદમાં કોઈપણ શબ્દ હોય તો આ સમાસ થાય છે. વ્યંજનાદિ શબ્દો પૂર્વે न નો अ થાય અને સ્વરાદિ શબ્દો પૂર્વે न નો अन् થાય.

દા.ત. न ब्राह्मणः = अब्राह्मणः । બ્રાહ્મણ નહીં.
न अश्वः = अनश्वः । ઘોડો નહીં.
न कृत्वा = अकृत्वा । નહીં કરીને.
न मृषा = अमृषा । ખોટું નહીં.
न उच्चैः = अनुच्चैः । ઊંચે નહીં.

(૨) न અભાવ, ભેદ, અલ્પતા, અયોગ્યતા અને વિરોધ આ પાંચ અર્થોમાં વપરાય છે.

દા.ત. न संदेहः = असंदेहः । સંદેહનો અભાવ.

न पटः = अपटः । પટ નહીં પણ બીજું કંઈક.

न उदरं यस्याः सा = अनुदरा । નાની કમરવાળી. (नञ् બહુવ્રીહિ)

न कालः = अकालः । અયોગ્ય કાળ.

न नीतिः = अनीतिः । નીતિનો વિરોધ.

## અનિયમિત नञ् તત્પુરુષ સમાસો

(૧) न पन्थाः = अपन्थाः, अपथम् । રસ્તાનો અભાવ.

(૨) न पुमान् न स्त्री = नपुंसकः । પુરુષ નહીં અને સ્ત્રી નહીં.

(૩) न मित्रम् = अमित्रः । મિત્ર નહીં.

## (૩) કર્મધારય તત્પુરુષ સમાસ

વિશેષણવાચી નામનો વિશેષ્યવાચી નામની સાથે પહેલી વિભક્તિનો સંબંધ હોય તો તેમનો કર્મધારય તત્પુરુષ સમાસ થાય છે.

દા.ત. उत्तमः जनः = उत्तमजनः । ઉત્તમ જન.

चन्द्र इव उज्ज्वलः = चन्द्रोज्ज्वलः । ચન્દ્ર જેવો ઉજ્જવળ.

કર્મધારય તત્પુરુષ સમાસના આઠ પ્રકાર છે -

(i) વિશેષણ પૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(ii) વિશેષણ ઉત્તરપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(iii) વિશેષણ ઉભયપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(iv) ઉપમાન પૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(v) ઉપમાન ઉત્તરપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(vi) સુપૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(vii) કુપૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(viii) મધ્યમપદલોપી કર્મધારય તત્પુરુષ સમાસ

## (i) વિશેષણ પૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં વિશેષણ હોય અને ઉત્તરપદમાં વિશેષ્ય હોય તો આ સમાસ થાય છે. વિગ્રહવાક્યમાં વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે अदस्, तद् કે इदम् સર્વનામના રૂપો વપરાય છે. અથવા એમને એમ પણ વિગ્રહ થાય છે.

દા.ત. नीलं च तत् उत्पलं च = नीलोत्पलम् । નીલું કમળ.

कृष्णश्चासौ सारङ्गश्च = कृष्णसारङ्गः । કાળો સારંગ (હરણ)

पूजिता च सा मूर्त्तिश्च = पूजितमूर्त्तिः । પૂજાયેલી મૂર્તિ.

## (ii) વિશેષણ ઉત્તરપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(૧) પૂર્વપદમાં વિશેષ્ય હોય અને ઉત્તરપદમાં વિશેષણ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. वीरश्चासौ जिनश्च = वीरजिनः । વીર જિન.

नृपश्चासौ वृन्दारकश्च = नृपवृन्दारकः । શ્રેષ્ઠ રાજા.

(૨) मतल्लिका, मचर्चिका, प्रकाण्डम्, उद्धः, तल्लजः આ પાંચ શબ્દો શ્રેષ્ઠ અર્થમાં ઉત્તરપદમાં આવે અને પોતાના લિંગમાં જ રહે.

દા.ત. ब्राह्मणमतल्लिका । શ્રેષ્ઠ બ્રાહ્મણ. गोमचर्चिका । શ્રેષ્ઠ ગાય.

धर्मप्रकाण्डम् । શ્રેષ્ઠ ધર્મ. गवोद्धः । શ્રેષ્ઠ ગાય.

गोतल्लजः । શ્રેષ્ઠ ગાય.

## (iii) વિશેષણ ઉભયપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(૧) સમાસના બન્ને પદો વિશેષણ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. शीतं च उष्णं च = शीतोष्णम् । ઠંડું અને ગરમ.

रक्तश्च पीतश्च = रक्तपीतः । લાલ અને પીળું.

(૨) એક જ વ્યક્તિએ કરેલા બે કાર્યો બતાવનારા કૃદન્તોનો આ સમાસ થાય.

સમાસમાં પહેલા થયેલા કાર્યને બતાવનાર કૃદન્ત પહેલા મુકાય અને પછી થયેલ કાર્યને બતાવનાર કૃદન્ત પછી મુકાય.

દા.ત. आदौ स्नातः पश्चात् अनुलिप्तः = स्नातानुलिप्तः । પહેલા સ્નાન કરાયેલ અને પછી વિલેપન કરાયેલ.

आदौ भक्षितः पश्चात् वमितः = भक्षितवमितः । પહેલા ખવાયેલ અને પછી વમન કરાયેલ.

(૩) પૂર્વપદ ભૂતકૃદન્ત હોય અને ઉત્તરપદ તેનો નિષેધ બતાવનાર अ કે अन् થી શરૂ થતું ભૂતકૃદન્ત હોય તો આ સમાસ થાય.

દા.ત. कृतं च अकृतं च = कृताकृतम् । કરાયું અને ન કરાયું.

### (iv) ઉપમાન પૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

ઉપમાન = જેની ઉપમા અપાય તે. દા.ત. ચન્દ્ર.

ઉપમેય = જેને ઉપમા અપાય તે. દા.ત. મુખ.

ઉપમા = સરખાપણું. દા.ત. સૌમ્યતા, ગોળાઈ વગેરે.

પૂર્વપદમાં ઉપમાનવાચક નામ હોય અને ઉત્તરપદમાં સાધારણ-ધર્મદર્શક નામ હોય તો આ સમાસ થાય છે. વિગ્રહવાક્યમાં ઉપમાદર્શક ચિહ્ન તરીકે इव મુકાય છે.

દા.ત. घनः इव श्यामः = घनश्यामः । વાદળ જેવો શ્યામ.

विद्युत् इव चपलः = विद्युच्चपलः । વિજળી જેવો ચપળ.

सिंहस्य नादः इव नादः = सिंहनादः । સિંહના નાદ જેવો નાદ.

### (v) ઉપમાન ઉત્તરપદ કર્મધારય તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં ઉપમેયવાચક નામ હોય અને ઉત્તારપદમાં ઉપમાનવાચક નામ હોય તો આ સમાસ થાય છે. આ સમાસનો વિગ્રહ બે રીતે થાય - (૧) ઉપમાનવાચક નામ પછી इव મૂકવાથી. (૨) ઉપમાનવાચક નામની પૂર્વે एव મૂકવાથી. ત્યારે તેને અવધારણ પૂર્વપદ

કર્મધારય સમાસ કહેવાય છે. તેમાં ઉપમેયવાચક નામનું મહત્ત્વ વધુ ગણાય છે.

દા.ત. पुरुषः व्याघ्रः इव, पुरुषः एव व्याघ्रः = पुरुषव्याघ्रः ।
(પુરુષ વાઘ જેવો છે) (પુરુષ રૂપી વાઘ)

## (vi) સુપૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં 'સારુ' અર્થ બતાવનાર सु શબ્દ હોય અને ઉત્તરપદમાં રૂપાખ્યાન પામતું કોઈપણ નામ હોય તો આ સમાસ થાય. વિગ્રહ-વાક્યમાં વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે शोभन, साधु, सुष्ठु કે सम्यग् શબ્દો વપરાય છે.

દા.ત. शोभनः धर्मः = सुधर्मः । સારો ધર્મ.

साधु वचनम् = सुवचनम् । સારું વચન.

सुष्ठु भाषितम् = सुभाषितम् । સારી રીતે બોલાયેલું.

सम्यग् पठितम् = सुपठितम् । સારી રીતે ભણાયેલું.

## (vii) કુપૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસ

(૧) પૂર્વપદમાં 'ખરાબ' અર્થ બતાવનાર कु શબ્દ હોય અને ઉત્તરપદમાં રૂપાખ્યાન પામતું કોઈપણ નામ હોય તો આ સમાસ થાય. સ્વરાદિ નામ પૂર્વે कु નું कत् થાય. વિગ્રહવાક્યમાં વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે कुत्सित શબ્દ વપરાય છે.

દા.ત. कुत्सितः पुरुषः = कुपुरुषः । ખરાબ પુરુષ.

कुत्सितः मार्गः = कुमार्गः । ખરાબ રસ્તો.

कुत्सितं अन्नम् = कदन्नम् । ખરાબ અન્ન.

(૨) ઉત્તરપદથી બતાવાતા વસ્તુ કે પ્રાણીને એકદમ હલકુ ગણીને ઉતારી પાડવા હોય ત્યારે कु નું किम् થાય છે અને કોઈ ઠેકાણે का થાય છે.

દા.ત. कुत्सितः पुरुषः = किंपुरुषः, कापुरुषः । હલકો પુરુષ.

किंराजा । હલકો રાજા. किंसखा । હલકો મિત્ર.

## અનિયમિત કુપૂર્વપદ કર્મધારય તત્પુરુષ સમાસો

(૧) कुत्सितः रथः = कद्रथः । ખરાબ રથ.

(૨) कुत्सितं तृणम् = कत्तृणम् । ખરાબ ઘાસ.

(૩) कुत्सितं जलम् = कज्जलम् । ખરાબ પાણી.

(૪) कुत्सितः पन्थाः = कुपथः, कापथम् । ખરાબ રસ્તો.

(૫) ईषत् पुरुषः = कापुरुषः । બાયલો.

(૬) ईषत् उष्णम् = कोष्णम्, कवोष्णम्, कदुष्णम् । જરા ગરમ.

## (viii) મધ્યમપદલોપી કર્મધારય તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં કોઈ સમાસ હોય અને ઉત્તરપદમાં કોઈ નામ હોય તો આ સમાસ થાય. ત્યારે પૂર્વપદના સમાસના છેલ્લા પદનો લોપ થાય. આને शाकपार्थिवादि કર્મધારય તત્પુરુષ સમાસ પણ કહેવાય છે.

દા.ત. शाकः प्रियः यस्य सः = शाकप्रियः । (બહુવ્રીહિ સમાસ)

शाकप्रियश्चासौ पार्थिवश्च = शाकपार्थिवः । જેને શાક પ્રિય છે તે રાજા.

छायाप्रधानश्चासौ तरुश्च = छायातरुः । જેની છાયા પ્રધાન છે તે ઝાડ.

विषमिश्रं च तदन्नं च = विषान्नम् । વિષથી મિશ્ર એવું અન્ન.

सोमाख्यश्चासौ वासरश्च = सोमवासरः । સોમ નામનો દિવસ.

## અનિયમિત કર્મધારય તત્પુરુષ સમાસો

આ સમાસોમાં 'मयूरव्यंसक' સમાસ પહેલો હોવાથી આ સમાસોને मयूरव्यंसकादि કર્મધારય તત્પુરુષ સમાસ પણ કહેવાય છે.

(૧) व्यंसकश्चासौ मयूरश्च = मयूरव्यंसकः । ઠગારો મોર.

(૨) अधमः राजा = राजाधमः । અધમ રાજા.

(૩) विशिष्टं तेजः = तेजोविशेषः । વિશિષ્ટ પ્રકારનું તેજ.

(૪) विशिष्टः अतिथिः = अतिथिविशेषः । વિશિષ્ટ પ્રકારના અતિથિ.

(૫) विशिष्टा सत्क्रिया = सत्क्रियाविशेषः । વિશિષ્ટ પ્રકારનો સત્કાર.

(૬) अन्यः राजा = राजान्तरम् । બીજો રાજા.

(૭) अन्यः ग्रामः = ग्रामान्तरम् । બીજું ગામ.

(૮) अन्या शाला = शालान्तरम् । બીજી નિશાળ.

(૯) अन्यत् वनम् = वनान्तरम् । બીજું વન.

(૧૦) हतकः दुर्योधनः = दुर्योधनहतकः । હણનારો દુર્યોધન.

(૧૧) अपसदः नरः = नरापसदः । નીચ માણસ.

(૧૨) वृन्दारकः नृपः = नृपवृन्दारकः । શ્રેષ્ઠ રાજા.

(૧૩) कुञ्जरः तापसः = तापसकुञ्जरः । શ્રેષ્ઠ તાપસ.

(૧૪) नागः पुरुषः = पुरुषनागः । શ્રેષ્ઠ પુરુષ.

(૧૫) कृतकः पुत्रः = पुत्रकृतकः । કૃત્રિમ પુત્ર.

(૧૬) चित् एव = चिन्मात्रम् । માત્ર જ્ઞાન.

(૧૭) नास्ति कुतो भयम् अस्य सः = अकुतोभयः । જેને ક્યાંયથી ભય ન હોય તે.

(૧૮) नास्ति किञ्चन अस्य सः = अकिञ्चनः । જેની પાસે કંઈ ન હોય તે.

(૧૯) अश्नीत पिबत इत्येवं सततं यत्राभिधीयते सा = अश्नीतपिबता । જેમાં સતત 'ખાઓ, પીઓ' એમ કહેવાય તે.

(૨૦) अहं अहं इति यत्राभिधीयते सा = अहमहमिका । 'હું, હું' એમ જેમાં કહેવાય તે.

(૨૧) अहं पूर्वः अहं पूर्वः इति यत्राभिधीयते सा = अहम्पूर्विका । 'હું પહેલો, હું પહેલો' એમ જેમાં કહેવાય તે.

(૨૨) कां दिशं गच्छामीति मन्यते सः = कान्दिशीकः । 'કઈ દિશામાં જાઉં ?' એમ વિચારે તે.

## (૪) દ્વિગુ તત્પુરુષ સમાસ

(૧) પૂર્વપદમાં एक સિવાયનું સંખ્યાવાચક વિશેષણ હોય અને આખો સમાસ સમૂહ બતાવતો હોય તો દ્વિગુ તત્પુરુષ સમાસ થાય. તે નપુંસકલિંગ એકવચનમાં થાય. વિગ્રહવાક્યમાં समाहार શબ્દ મુકાય.

દા.ત. पञ्चानां पात्राणां समाहारः = पञ्चपात्रम् । પાંચ પાત્રાનો સમૂહ.

*त्रयाणां भुवनानां समाहारः = त्रिभुवनम् । ત્રણ ભુવનનો સમૂહ.*

(૨) ઉત્તરપદને અન્તે अ હોય તો अ નો ई થઈ સમાસ સ્ત્રીલિંગમાં આવે.

દા.ત. त्रयाणां लोकानां समाहारः = त्रिलोकी । ત્રણ લોકનો સમૂહ.

**અપવાદ** - पात्र અને भुवन ઉત્તરપદમાં હોય તો अ નો ई ન થાય.

(૩) ઉત્તરપદને અન્તે आ હોય કે ઉત્તરપદમાં अक्ष, अङ्ग હોય તો અન્ત્ય आ, अ નો વિકલ્પે ई થાય.

દા.ત. पञ्चानां खट्वानां समाहारः = पञ्चखट्वी, पञ्चखट्वम् । પાંચ ખાટલાનો સમૂહ.

पञ्चानां अङ्गानां समाहारः = पञ्चाङ्गम्, पञ्चाङ्गी । પાંચ અંગોનો સમૂહ.

(૪) અન્ત્ય દીર્ઘ સ્વર હ્રસ્વ થાય, ए-ऐ નો इ થાય અને ओ-औ નો उ થાય.

દા.ત. सप्तानां पृथ्वीनां समाहारः = सप्तपृथ्वि । સાત પૃથ્વીઓનો સમૂહ.

द्वयोः गवोः समाहारः = द्विगु । બે ગાયોનો સમૂહ.

(૫) પૂર્વપદ કોઈ દિશાવાચક કે સંખ્યાવાચક નામ હોય અને આખો સમાસ કોઈ વિશેષ નામ થતું હોય તો દ્વિગુ સમાસ ન થાય, પણ કર્મધારય સમાસ જ થાય.

દા.ત. सप्त च ते ऋषयश्च = सप्तर्षयः । સપ્તર્ષિ તારા.

पञ्च च ते जनाश्च = पञ्चजनाः । પાંચ પાંડવ.

उत्तरश्चासौ ध्रुवश्च = उत्तरध्रुवः । ઉત્તરધ્રુવ.

## (૫) પ્રાદિ તત્પુરુષ સમાસ

પૂર્વપદ કોઈ ઉપસર્ગ હોય અને ઉત્તરપદ કોઈ નામ હોય તો પ્રાદિ તત્પુરુષ સમાસ થાય. ઉપસર્ગોમાં પહેલો प्र હોવાથી આને પ્રાદિ તત્પુરુષ સમાસ કહેવાય છે.

દા.ત. प्रगतः आचार्यः = प्राचार्यः । આગળ વધેલા આચાર્ય.

આ સમાસના બે પ્રકાર છે - (i) પ્રાદિ કર્મધારય તત્પુરુષ સમાસ અને

(ii) પ્રાદિ વિભક્તિ તત્પુરુષ સમાસ.

### (i) પ્રાદિ કર્મધારય તત્પુરુષ સમાસ

પૂર્વપદ ઉપસર્ગ હોય અને ઉત્તરપદ પહેલી વિભક્તિવાળું નામ કે વિશેષણ હોય ત્યારે આ સમાસ થાય.

(૧) ઉત્તરપદ કોઈ નામ હોય તો પૂર્વપદ તરીકે આવેલ ઉપસર્ગને गत, क्रान्त વગેરે ભૂતકૃદન્તો લગાડી ઉત્તરપદનું વિશેષણ બનાવીને પહેલી વિભક્તિમાં મૂકીને વિગ્રહ કરાય છે.

દા.ત. प्रगतः आचार्यः = प्राचार्यः । આગળ વધેલા આચાર્ય.

विभिन्नः देशः = विदेशः । જુદો દેશ.

प्रकृष्टः वातः = प्रवातः । જોરદાર પવન.

(૨) ઉત્તરપદ વિશેષણ હોય તો પૂર્વપદના ઉપસર્ગને અવ્યય માનીને વિગ્રહ-વાક્ય બને છે.

દા.ત. प्रकर्षेण चण्डः = प्रचण्डः । ખૂબ ચંડ (ગરમ).

अतितराम् कृशः = अतिकृशः । ખૂબ પાતળો.

अतिशयेन दूरः = अतिदूरः । ખૂબ દૂર.

## (ii) પ્રાદિ વિભક્તિ તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં કોઈ ઉપસર્ગ હોય અને ઉત્તરપદ પહેલી સિવાયની (બીજી, ત્રીજી વગેરે) વિભક્તિઓવાળું નામ હોય તો આ સમાસ થાય. વિગ્રહવાક્યમાં પૂર્વપદના ઉપસર્ગને ભૂતકૃદન્તો લગાડી બનાવેલું વિશેષણ આખા સમાસના લિંગ અને વચન પ્રમાણે પહેલી વિભક્તિમાં મુકાય છે.

(૧) પૂર્વપદમાં अति, अधि, प्र, उप વગેરે ઉપસર્ગો હોય તો ઉત્તરપદને વિગ્રહવાક્યમાં પ્રાયઃ બીજી વિભક્તિ લાગે.

દા.ત. अतिमालः = अतिक्रान्तः मालाम् । માળાને ઓળંગી ગયેલ.

अधिरथाः = अध्यारूढाः रथम् । રથ પર આરૂઢ થયેલ.

प्राध्वः = प्रगतः अध्वानम् । માર્ગે ગયેલ.

अतिरात्रम् = अतिक्रान्तं रात्रिम् । રાત્રીને ઓળંગી ગયેલ.

उपान्त्यः = उपगतः अन्त्यम् । અન્ત્યની નજીક.

(૨) પૂર્વપદમાં अव, सम्, अनु વગેરે ઉપસર્ગો હોય તો ઉત્તરપદને વિગ્રહવાક્યમાં પ્રાયઃ ત્રીજી વિભક્તિ લાગે.

દા.ત. अवकोकिलः = अवकृष्टः कोकिलया ।

કોયલ વડે અવાજ કરાયેલ.

समर्थः = सन्नद्धः अर्थेन । અર્થથી યુક્ત.

अन्वर्थम् = अनुगतं अर्थेन । અર્થથી યુક્ત.

(૩) પૂર્વપદમાં परि, उत्, अलम् વગેરે હોય તો ઉત્તરપદને વિગ્રહવાક્યમાં પ્રાયઃ ચોથી વિભક્તિ લાગે.

દા.ત. पर्यध्ययनः = परिग्लानः अध्ययनाय । ભણવા માટે થાકેલ.

उत्सङ्ग्रामः = उद्युक्तः सङ्ग्रामाय । સંગ્રામ માટે તૈયાર.

अलं कुमार्यै = अलङ्कुमारिः । કુમારી માટે સમર્થ.

(૪) પૂર્વપદમાં वि, निस्, निर्, उत्, अप વગેરે ઉપસર્ગો હોય તો ઉત્તરપદને વિગ્રહવાક્યમાં પ્રાયઃ પાંચમી વિભક્તિ લાગે.

દા.ત. निर्मर्यादः = निष्क्रान्तः मर्यादायाः । મર્યાદા વિનાનો.

उन्मार्गः = उद्गतः मार्गात् । ઉન્માર્ગ.

विलक्षणः = विगतः लक्षणात् । લક્ષણ વિનાનો.

निर्लङ्कः = निर्गतः लङ्कायाः । લંકામાંથી નીકળી ગયેલ.

अपार्थः = अपगतः अर्थात् । અર્થ રહિત.

(૫) પૂર્વપદમાં अधस्, यथा વગેરે હોય તો ઉત્તરપદને વિગ્રહવાક્યમાં પ્રાયઃ છઠ્ઠી વિભક્તિ લાગે.

દા.ત. अधोजानुः = अधः जानुनः । ઢીંચણની નીચે.

यथार्थः = योग्यः अर्थस्य । અર્થને યોગ્ય. (અર્થ પ્રમાણે).

## કેટલાક ઉપયોગી પ્રાદિ તત્પુરુષ સમાસો

(૧) प्रारम्भः अह्नः, प्रारब्धं अहः = प्राह्णः । દિવસની શરૂઆત, શરૂ થયેલ દિવસ.

(૨) रथेन विरहितः = विरथः । રથ વિનાનો.

(૩) कूलं अनुगतः = अनुकूलः । અનુકૂળ.

(૪) रूपं अनुगतः = अनुरूपः । યોગ્ય.

(૫) अर्थं अनुगतः = अन्वर्थः । અર્થને અનુસાર.

(૬) पक्षात् विभिन्नः = विपक्षः । વિપક્ષ.

(૭) निर्गतः वनात् = निर्वनः । વનમાંથી નીકળી ગયેલ.

(૮) ईषद् रक्तः = आरक्तः । કંઈક લાલ.

(૯) ईषत् पाण्डुः = आपाण्डुः । કંઈક સફેદ.

(૧૦) अत्यन्तं तेजस्वी = अतितेजस्वी । ખૂબ તેજવાળો.

(૧૧) अत्यन्तं मानी = अतिमानी । ખૂબ માનવાળો.

(૧૨) अतीव निपुणम् = सुनिपुणम् । ખૂબ જ હોંશિયાર.

(૧૩) निश्चितं श्रेयः = निःश्रेयसम् । નિશ્ચિત કલ્યાણ.

## (૬) ગતિ તત્પુરુષ સમાસ

(૧) પૂર્વપદ ઉપસર્ગ કે અવ્યય કે च्वि પ્રત્યયાન્ત અવ્યય હોય અને ઉત્તરપદ અવ્યયી ભૂતકૃદન્ત હોય કે ધાતુસાધિત શબ્દ હોય તો ગતિ તત્પુરુષ સમાસ થાય છે.

દા.ત. उरी कृत्वा = उरीकृत्य । સ્વીકારીને.

उररी कृत्वा = उररीकृत्य । સ્વીકારીને.

प्रादुः भूत्वा = प्रादुर्भूय । પ્રગટ થઈને.

प्र + दत्त्वा = प्रदाय । આપીને.

अलम् कृत्वा = अलङ्कृत्य । શણગારીને.

तिरो भूत्वा = तिरोभूय । અદશ્ય થઈને.

सत् कृत्वा = सत्कृत्य । સત્કાર કરીને.

अस्तम् गत्वा = अस्तङ्गत्य । અસ્ત થઈને.

सत् कारः = सत्कारः । સત્કાર.

पुरः कारः = पुरस्कारः । આગળ કરવું.

अस्तम् अयः = अस्तमयः । અસ્ત થવું.

अलम् कृतिः = अलङ्कृतिः । શણગારવું.

अशुचि शुचि कृतम् = शुचीकृतम् । પવિત્ર કર્યું.

अपवित्रं पवित्रं भूतम् = पवित्रीभूतम् । પવિત્ર થયું.

अपवित्रं पवित्रं करोति = पवित्रीकरोति । પવિત્ર કરે છે.

## (૭) ઉપપદ તત્પુરુષ સમાસ

પૂર્વપદમાં નામ, અવ્યય કે ઉપસર્ગ હોય અને ઉત્તરપદમાં ધાતુસાધિત (કૃદન્ત) નામ હોય તો ઉપપદ તત્પુરુષ સમાસ થાય. તે નામ કે વિશેષણ બને. વિગ્રહવાક્યમાં ઉત્તરપદમાં આવેલા ધાતુસાધિત નામના ધાતુનું ક્રિયાપદનું રૂપ વપરાય છે.

દા.ત. गृहे तिष्ठति = गृहस्थः । ઘરમાં રહે તે - ગૃહસ્થ.

सुखेन लभ्यते = सुलभः । સુખેથી મેળવાય તે.

### ઉત્તરપદમાં આવેલ ધાતુઓમાં થતા ફેરફારો -

(૧) કેટલાક ધાતુઓમાં કંઈ પણ ફેરફાર થતો નથી.

દા.ત. जलम् मुञ्चति = जलमुच् । વાદળ.

ग्रामम् नयति = ग्रामणीः । ગામનો મુખી.

स्वयम् भवति = स्वयम्भूः । બ્રહ્મા.

(૨) इ, उ, ऋ અન્તવાળા ધાતુઓમાં त् ઉમેરાય છે.

દા.ત. विश्वम् जयति = विश्वजित् । વિશ્વને જીતનાર.

पुण्यम् करोति = पुण्यकृत् । પુણ્ય કરનાર.

(૩) કેટલાક ધાતુઓના અન્ત્ય સ્વરનો ગુણ કરીને अ ઉમેરાય છે.

દા.ત. पुरः सरति = पुरःसरः । આગળ ચાલનાર

गुहायाम् शेते = गुहाशयः । ગુફામાં સૂનાર.

अर्थम् करोति = अर्थकरः । અર્થ કરનાર.

(૪) ધાતુને અન્તે आ, ए, ऐ, ओ કે औ હોય તો તેનો अ થાય.

દા.ત. धनं ददाति = धनदः । ધન આપનાર - કુબેર.

मन्त्रं गायति = मन्त्रगः । મંત્ર ગાનાર.

કેટલાક ધાતુઓમાં અન્ત્ય आ કાયમ રહે છે.

દા.ત. वसु दधाति = वसुधा । ધન ધારણ કરનાર - પૃથ્વી.

विश्वं पाति = विश्वपा । વિશ્વનું રક્ષણ કરનાર.

शङ्खं धमति = शङ्खध्मा । શંખ ફૂંકનાર.

(૫) પ્રેરકના अय પહેલાના અંગને ક્યારેક अ, ક્યારેક अन અને ક્યારેક इन् લાગે.

દા.ત. कुम्भम् करोति = कम्भकारः । ઘડો બનાવનાર - કુંભાર.

विश्वं वहति = विश्ववाहः । વિશ્વને વહન કરનાર.

अग्निं दहति = अग्निदाहः । અગ્નિને બાળનાર.

वंशं भूषयति = वंशभूषणः । વંશને શણગારનાર.

मधु पिबति = मधुपायी । મધ પીનાર.

उपकरोति = उपकारी । ઉપકાર કરનાર.

(૬) કેટલાક વ્યંજનાન્ત ધાતુઓમાં અન્તે अ ઉમેરાય છે.

દા.ત. पूजाम् अर्हति = पूजार्हः । પૂજાને યોગ્ય.

शिरसि रोहति = शिरोरुहः । માથા પર ઊગનાર - વાળ.

(૭) भज् નો भाज्, जन् નો ज, गम् નો ग, हन् નો ह-घ्न-हन् થાય.

દા.ત. सुखम् भजति = सुखभाज् । સુખને ભજનાર - સુખી.

पङ्के जायते = पङ्कजम् । કાદવમાં ઉત્પન્ન થનાર - કમળ.

न गच्छति = नगः । નહીં ચાલનાર - પર્વત.

शत्रुम् हन्ति = शत्रुहः, शत्रुघ्नः । શત્રુને હણનાર.

वृत्रम् हन्ति = वृत्रहन् । વૃત્ર(દૈત્ય)ને હણનાર.

(૮) પૂર્વપદ सु, दुस् કે दुर् હોય અને વિગ્રહવાક્યમાં ઉત્તરપદમાં કર્મણિરૂપ વપરાયેલ હોય તો સ્વરાન્ત ધાતુમાં ગુણ કરીને अ ઉમેરાય અને વ્યંજનાન્ત ધાતુમાં એમને એમ अ ઉમેરાય.

દા.ત. सुखेन तीर्यते = सुतरः । સુખેથી તરાય તે.

दुःखेन लभ्यते = दुर्लभः । દુ:ખેથી મેળવાય તે.

दुःखेन जीयते = दुर्जयः । દુ:ખેથી જિતાય તે.

## કેટલાક અનિયમિત ઉપપદ તત્પુરુષ સમાસો

(૧) ललाटं तपति = ललाटन्तपः । સૂર્ય.

(૨) उदरं बिभर्ति = उदरम्भरिः । એકલપેટો.

(૩) रात्रौ चरति = रात्रिञ्चरः । રાક્ષસ, ચોર.

(૪) परं तापयति = परन्तपः । શત્રુને તાપ પમાડનાર.

(૫) पण्डितं आत्मानं मन्यते = पण्डितम्मन्यः । પોતાને પંડિત માનનાર.

(૬) कूलं कषति = कूलङ्कषा । તોફાની નદી.

(૭) प्रियं वदति = प्रियंवदा । પ્રિય બોલનારી.

(૮) न सूर्यं पश्यन्ति = असूर्यम्पश्याः । રાજાની રાણીઓ.

## તત્પુરુષ સમાસના ઉત્તરપદમાં થતા ફેરફારો

(૧) सखि નું सख અને राजन् નું राज થાય.

દા.ત. कृष्णस्य सखा = कृष्णसखः । કૃષ્ણનો મિત્ર.

महांश्चासौ राजा च = महाराजः । મોટો રાજા.

(૨) અવ્યય, વિભાગદર્શક पूर्व, अपर, सायम् જેવા શબ્દો અને सर्व શબ્દ પછી अहन् નો अह्न થાય છે. તે સિવાયના કોઈપણ શબ્દ પછી अहन् નું अह થાય છે. सङ्ख्यात શબ્દ પછી अहन् નું अह्न અને अह બન્ને થાય. આ બધા સમાસો પુંલિંગમાં થાય. पुण्य પછી अहन् આવે તો સમાસ નપુંસકલિંગમાં થાય.

દા.ત. अतिक्रान्तं अहः = अत्यह्नः । પસાર થયેલ દિવસ.

पूर्वम् अह्नः = पूर्वाह्णः । દિવસનો પૂર્વ ભાગ.

सायम् अह्नः = सायाह्नः । દિવસનો સાંજનો ભાગ.

सर्वं अहः = सर्वाह्नः । સંપૂર્ણ દિવસ.

सङ्ख्यातम् अहः = सङ्ख्याताहः, सङ्ख्याताह्नः । સંખ્યાતો દિવસ.

द्वयोः अह्नोः समाहारः = द्व्यहः । બે દિવસોનો સમૂહ.

पुण्यम् च तद् अहश्च = पुण्याहम् । પવિત્ર દિવસ.

उत्तमम् च तद् अहश्च = उत्तमाहः । ઉત્તમ દિવસ.

(૩) અવ્યય, વિભાગદર્શક, સંખ્યાવાચક, सर्व, सङ्ख्यात, पुण्य શબ્દો પછી रात्रि નું रात्र થાય. ત્યારે સમાસ પુંલિંગમાં થાય. પૂર્વપદમાં સંખ્યાવાચક શબ્દ આવે તો સમાસ નપુંસકલિંગમાં થાય.

દા.ત. रात्रिम् अतिक्रान्तः = अतिरात्रः । રાતને ઓળંગી ગયેલ.

पूर्वम् रात्रेः = पूर्वरात्रः । રાતનો પૂર્વભાગ.

मध्यम् रात्रेः = मध्यरात्रः । રાતનો મધ્યભાગ.

चरमम् रात्रेः = चरमरात्रः । રાતનો છેલ્લો ભાગ.

अर्धम् रात्रेः = अर्धरात्रः । રાતનો અડધો ભાગ.

सर्वा चासौ रात्रिश्च = सर्वरात्रः । સંપૂર્ણ રાત.

सङ्ख्याता चासौ रात्रिश्च = सङ्ख्यातरात्रः । સંખ્યાતી રાત.

पुण्या चासौ रात्रिश्च = पुण्यरात्रः । પવિત્ર રાત.

द्वयोः रात्र्योः समाहारः = द्विरात्रम् । બે રાતનો સમૂહ.

(૪) गो નું गव થાય છે.

દા.ત. उत्तमा चासौ गौश्च = उत्तमगवः । ઉત્તમ ગાય.

(૫) અવ્યય કે સંખ્યાવાચક વિશેષણ પછી अङ्गुलि નું अङ्गुल થાય.

દા.ત. निर्गतम् अङ्गुलिभ्यः = निरङ्गुलम् । આંગળીમાંથી નીકળી ગયેલ.

द्वयोः अङ्गुल्योः समाहारः = द्व्यङ्गुलम् । બે આંગળીઓનો સમૂહ.

(૬) સંખ્યાવાચક વિશેષણ કે अर्ध પછી खारी નું खारि કે खार થાય.

દા.ત. द्वयोः खार्योः समाहारः = द्विखारि, द्विखारम् । બે ખારીઓનો સમૂહ.

अर्धा चासौ खारी च = अर्धखारि, अर्धखारम् । અડધી ખારી.

(૭) પૂર્વપદ એકવચન કે દ્વિવચનમાં હોય અને ઉત્તરપદમાં छाया શબ્દ હોય તો छाया નું વિકલ્પે छाय થાય. પૂર્વપદ બહુવચનમાં હોય અને ઉત્તરપદમાં छाया શબ્દ હોય તો छाया નું નિત્ય छाय થાય. छाय આદેશ થાય ત્યારે સમાસ નપુંસકલિંગમાં થાય.

દા.ત. वृक्षस्य वृक्षयोर्वा छाया = वृक्षच्छायम्, वृक्षच्छाया । એક કે બે વૃક્ષની છાયા.

वृक्षाणाम् छाया = वृक्षच्छायम् । ઘણા વૃક્ષોની છાયા.

(૮) કોઈપણ સમાસના ઉત્તરપદમાં ऋच्, पुर्, अप्, धुर् (ગાડાની ધુંસરી સિવાયના અર્થમાં) શબ્દો હોય તો તેમાં अ ઉમેરાય.

દા.ત. अर्धा ऋक् = अर्धर्चम्, अर्धर्चः । અડધી ઋચા.

विष्णोः पूः = विष्णुपुरम् । વિષ્ણુનું નગર.

विमलाः आपः यस्मिन् तत् = विमलापम् (सरः) (બહુવ્રીહિ) નિર્મળ પાણીવાળું સરોવર.

राज्यस्य धूः = राज्यधुरा । રાજ્યની ધુરા.

(૯) કોઈપણ સમાસનો ઉત્તરપદ पथिन् હોય તો તેનો पथ થાય.

દા.ત. शिवस्य पन्थाः = शिवपथः । મોક્ષમાર્ગ.

(૧૦) પૂર્વપદ सु, अति (ઉત્તમ), किम् (ખરાબ) કે अ હોય તો ઉપરના બધા ફેરફારો થતા નથી.

દા.ત. सुराजा । સારો રાજા.

किंसखा । હલકો મિત્ર.

असखा । મિત્ર નહીં.

सुपन्थाः । સારો રસ્તો.

अतिपन्थाः । ઉત્તમ રસ્તો.

अतिराजा । ઉત્તમ રાજા.

કેટલાક ઠેકાણે ફેરફાર થાય પણ છે.

દા.ત. न पन्थाः = अपथम्, अपन्थाः । માર્ગ નહીં.

अतिक्रान्तः गाम् = अतिगवः । ગાયને ઓળંગી ગયેલ.

(૧૧) ઉપર કહેલા અપવાદો સિવાય ઉત્તરપદનું લિંગ તે આખા સમાસનું લિંગ બને છે.

દા.ત. राज्ञः माता = राजमाता । રાજાની માતા.

घनः इव श्यामः = घनश्यामः । વાદળ જેવો શ્યામ.

घोरम् च तद् वनम् च = घोरवनम् । ભયંકર વન.

**અપવાદ** - ગતિતત્પુરુષ સમાસ, પ્રાદિ વિભક્તિ તત્પુરુષ સમાસ, प्राप्त-आपन्न વગેરે શબ્દો પૂર્વપદમાં હોય તેવા સમાસો વિશેષ્યના લિંગ પ્રમાણે લિંગ લે છે.

દા.ત. स्वीकृतः घटः । સ્વીકારેલો ઘડો.

स्वीकृता बोधिः । સ્વીકારેલું સમ્યક્ત્વ.

स्वीकृतम् जलम् । સ્વીકારેલું પાણી.

अधिरथाः नराः । રથ પર આરૂઢ થયેલા મનુષ્યો.

पर्यध्ययना नारी । ભણવા માટે થાકેલ નારી.

प्राप्तजीविकः पुरुषः । આજીવિકા પામેલ પુરુષ.

## સમાસના પૂર્વપદમાં થતા ફેરફારો

(૧) સમાસના પૂર્વપદમાં न्-કારાન્ત નામ હોય તો તેનો न् લોપાય.

દા.ત. राज्ञः पुरुषः = राजपुरुषः । રાજાનો પુરુષ.

(૨) કર્મધારય અને બહુવ્રીહિ સમાસમાં महत् નું महा થાય.

દા.ત. महांश्चासौ उदयश्च = महोदयः । મોટો ઉદય. (મોક્ષ)

महान् आनन्दः यत्र सः = महानन्दः ।
જ્યાં મોટો આનંદ છે તે. (મોક્ષ)

## (iii) બહુવ્રીહિ સમાસ

(૧) આ સમાસમાં સામાન્યથી બે પદો હોય છે અને આખો સમાસ અન્ય પદનું વિશેષણ બને છે. તેથી આ સમાસ અન્યપદપ્રધાન છે. વિગ્રહવાક્યમાં વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે यद् સર્વનામનું પહેલી અને સંબોધન વિભક્તિઓ સિવાયની છએ વિભક્તિઓનું રૂપ વપરાય છે. यद् નું કયુ રૂપ ક્યાં વાપરવું એ સમાસના અર્થ પરથી નક્કી થાય છે.

દા.ત. प्राप्तम् उदकं यं सः = प्राप्तोदकः ग्रामः ।
પામ્યું છે પાણી જેને તે ગામ.

ऊढः रथः येन सः = ऊढरथः अश्वः ।
વહન કરાયો છે રથ જેના વડે તે ઘોડો.

उपहृतः पशुः यस्मै सः = उपहृतपशुः रुद्रः ।
ઉપહાર કરાયું છે પશુ જેના માટે તે રુદ્ર.

निर्गतः अरिः यस्मात् सः = निर्गतारिः देशः ।
નીકળી ગયો છે દુશ્મન જેમાંથી તે દેશ.

बहु धनं यस्य सः = बहुधनः नरः ।
ઘણું છે ધન જેની પાસે તે મનુષ્ય.

उप्तं बीजं यस्यां सा = उप्तबीजा भूमिः ।
વવાયું છે બીજ જેમાં તે ભૂમિ.

(૨) સમાસ એક જ હોય પણ જો વિશેષ્ય બદલાઈ જાઈ તો વિગ્રહવાક્યમાં

यद् ની વિભક્તિ પણ બદલાઈ જાય.

દા.ત. ऊढरथः नरः → ऊढः रथः यस्य सः ।
વહન કરાયો છે રથ જેનો તે મનુષ્ય.

उप्तबीजा नारी → उप्तं बीजं यया सा ।
વવાયું છે બીજ જેના વડે તે નારી.

(૩) વિશેષ્યના લિંગ અને વચન પ્રમાણે બહુવ્રીહિ સમાસ લિંગ અને વચન લે.

દા.ત. उप्तबीजः नरः । વવાયું છે બીજ જેના વડે તે મનુષ્ય.

उप्तबीजा नारी । વવાયું છે બીજ જેના વડે તે સ્ત્રી.

उप्तबीजं क्षेत्रम् । વવાયું છે બીજ જ્યાં તે ખેતર.

(૪) બહુવ્રીહિ સમાસના આઠ પ્રકાર છે -

(૧) સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ
(૨) વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ
(૩) ઉપમાન બહુવ્રીહિ સમાસ
(૪) नञ् બહુવ્રીહિ સમાસ
(૫) પ્રાદિ બહુવ્રીહિ સમાસ
(૬) સહ બહુવ્રીહિ સમાસ
(૭) સંખ્યા બહુવ્રીહિ સમાસ
(૮) દિગ્ બહુવ્રીહિ સમાસ

## (૧) સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસના બન્ને પદો સમાન વિભક્તિ (પહેલી વિભક્તિ)માં હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. महान्तौ बाहू यस्य सः = महाबाहुः नलः ।
મોટા છે બે હાથ જેના તે નળ.

बह्व्यः नद्यः यस्मिन् सः = बहुनदीको देशः ।
ઘણી છે નદીઓ જેમાં તે દેશ.

## (૨) વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસના બન્ને પદોની વિભક્તિઓ ભિન્ન ભિન્ન

હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. चक्रं पाणौ यस्य सः = चक्रपाणिः कृष्णः ।
ચક્ર છે હાથમાં જેના તે કૃષ્ણ.

## (૩) ઉપમાન બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ ઉપમાનદર્શક નામ હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. चन्द्रस्य कान्तेः इव कान्तिः यस्य सः = चन्द्रकान्तिः ।
ચન્દ્રની કાંતિ જેવી કાંતિ છે જેની તે.

चन्द्रस्य इव कान्तिः यस्य सः = चन्द्रकान्तिः ।
ચન્દ્ર જેવી કાંતિ છે જેની તે.

## (૪) नञ् બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ अ કે अन् હોય ત્યારે આ સમાસ થાય છે. વિગ્રહવાક્યમાં પૂર્વપદની બદલે नास्ति ક્રિયાપદ કે વિશેષ્ય (ઉત્તરપદ)ના લિંગ-વચન પ્રમાણે अविद्यमान શબ્દના રૂપો વપરાય છે.

દા.ત. नास्ति पुत्रः यस्य सः = अपुत्रः । જેનો પુત્ર નથી તે.
अविद्यमानः पुत्रः यस्य सः = अपुत्रः । જેનો પુત્ર નથી તે.

## (૫) પ્રાદિ બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ કોઈ ઉપસર્ગ હોય ત્યારે આ સમાસ થાય છે. વિગ્રહવાક્યમાં પૂર્વપદ તરીકે આવેલ ઉપસર્ગને गत, कान्त વગેરે ભૂતકૃદન્તનો લગાડી ઉત્તરપદનું વિશેષણ બનાવીને પહેલી વિભક્તિમાં મૂકાય છે.

દા.ત. निर्गतः परिग्रहः येभ्यस्ते = निष्परिग्रहाः ।

નીકળી ગયો છે પરિગ્રહ જેમનામાંથી તેઓ.

उद्गता कन्धरा यस्य सः = उत्कन्धरः । ઊંચી છે ડોક જેની તે.

## (૬) સહ બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ स કે सह હોય ત્યારે આ સમાસ થાય છે. વિગ્રહવાક્યમાં सह, सहित વગેરે 'સાથે' અર્થવાળા શબ્દો વપરાય છે.

દા.ત. पुत्रेण सह वर्तते यः सः = सपुत्रः देवदत्तः । પુત્ર સહિત દેવદત્ત.

पुत्रेण सह वर्तते यः सः = सहपुत्रः देवदत्तः । પુત્ર સહિત દેવદત્ત.

सीतया सहितः = ससीतः । સીતા સહિત.

## (૭) સંખ્યા બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસનું પૂર્વપદ ઉપસર્ગ, आसन्न, अधिक, अदूर કે સંખ્યાવાચક નામ હોય અને ઉત્તરપદ સંખ્યાવાચક નામ હોય ત્યારે આ સમાસ થાય છે. આ સમાસ બહુવચનમાં જ થાય છે.

(૧) ઉત્તરપદને અન્તે સ્વરનો અને ઉપાન્ત્ય સ્વર સહિત અન્ત્ય વ્યંજનનો લોપ થાય અને अ ઉમેરાય છે.

દા.ત. दशानां समीपे सन्ति ये ते = उपदशाः । દસની આસપાસ.

द्वौ वा त्रयो वा = द्वित्राः । બે કે ત્રણ.

द्वे वा त्रीणि वा = द्वित्राणि । બે કે ત્રણ.

द्विः आवृत्ताः दश = द्विदशाः । બે વાર દસ = વીસ.

पञ्च वा षड् वा = पञ्चषाः । પાંચ કે છ.

त्रिंशतः अदूराः = अदूरत्रिंशाः । ત્રીસની આસપાસ.

चत्वारिंशतः अधिकाः = अधिकचत्वारिंशाः । ચાલીસથી વધારે.

(૨) ઉત્તરપદ विंशति હોય તો ति નો લોપ થાય.

દા.ત. विंशतेः आसन्नाः = आसन्नविंशाः । વીસની નજીક.

(૩) उप, नञ्, सु, वि કે त्रि પછી चतुर् આવે તો अ ઉમેરાય.

દા.ત. चतुर्णां समीपे सन्ति ये ते = उपचतुराः । ચારની આસપાસ.

त्रयो वा चत्वारो वा = त्रिचतुराः । ત્રણ કે ચાર.

## (૮) દિગ્ બહુવ્રીહિ સમાસ

બહુવ્રીહિ સમાસના પૂર્વપદ-ઉત્તરપદ તરીકે બે મુખ્ય દિશાઓના નામો હોય અને સમાસ વડે એ બે દિશાઓની વચ્ચેની દિશા બતાવવાની હોય ત્યારે આ સમાસ થાય છે.

દા.ત. दक्षिणस्याः पूर्वस्याश्च दिशोः अन्तरालम् = दक्षिणपूर्वा । દક્ષિણ અને પૂર્વની વચ્ચેની દિશા, અગ્નિખૂણો.

## બહુવ્રીહિ સમાસ માટેના કેટલાક નિયમો

(૧) (i) કર્મધારય કે બહુવ્રીહિ સમાસના પૂર્વપદ તરીકે સ્ત્રીલિંગ વિશેષણ હોય તો સમાસમાં તેનો મૂળ શબ્દ મુકાય, સ્ત્રીલિંગ શબ્દ નહીં.

દા.ત. रूपवती भार्या = रूपवद्भार्या । રૂપાળી પત્ની.

रूपवती भार्या यस्य सः = रूपवद्भार्यः ।
રૂપાળી છે પત્ની જેની તે.

(ii) બહુવ્રીહિ સમાસના પૂર્વપદ તરીકે રીવાજને લીધે ઉપયોગમાં આવેલું સ્ત્રીલિંગ નામ, સ્ત્રીલિંગનું સંખ્યાપૂરક વિશેષણ કે કોઈ જાતિ બતાવનારો સ્ત્રીલિંગ શબ્દ હોય તો સમાસમાં તે સ્ત્રીલિંગ શબ્દ જ મુકાય મૂળ શબ્દ નહીં.

દા.ત. दत्ता भार्या यस्य सः = दत्ताभार्यः ।
દત્ત ગોત્રવાળી છે પત્ની જેની તે.

पञ्चमी भार्या यस्य सः = पञ्चमीभार्यः । પાંચમી છે પત્ની જેની તે.

शूद्रा भार्या यस्य सः = शूद्राभार्यः । શૂદ્ર જાતિની છે પત્ની જેની તે.

કર્મધારયમાં તો સ્ત્રીલિંગ શબ્દનો મૂળશબ્દ જ મુકાય -

દા.ત. दत्ता चासौ भार्या च = दत्तभार्या । દત્ત ગોત્રવાળી પત્ની.

पञ्चमी चासौ भार्या च = पञ्चमभार्या । પાંચમી પત્ની.

शूद्रा चासौ भार्या च = शूद्रभार्या । શૂદ્રજાતિની પત્ની.

(૨) બહુવ્રીહિ સમાસનું એક પદ વિશેષણ કે કર્મણિ ભૂતકૃદન્ત હોય તો એ પૂર્વપદ તરીકે જ મુકાય. गुडप्रियः વગેરે કેટલાક સમાસો અપવાદરૂપ છે.

દા.ત. महान्तौ बाहू यस्य सः = महाबाहुः । મોટા છે હાથ જેના તે.

क्षीणानि कर्माणि यस्य सः = क्षीणकर्मा । નાશ પામ્યા છે કર્મો જેના તે.

(૩) બહુવ્રીહિ સમાસના ઉત્તરપદમાં થતા ફેરફારો -

(i) जाया નું जानि થાય.

દા.ત. उमा जाया यस्य सः = उमाजानिः । ઉમા છે પત્ની જેની તે.

(ii) धनुस् નું धन्वन् થાય.

દા.ત. पुष्पं धनुः यस्य सः = पुष्पधन्वा । પુષ્પ છે ધનુષ્ય જેનું તે.

(iii) गो નું गु થાય.

દા.ત. चित्राः गावः यस्य सः = चित्रगुः । વિચિત્ર છે ગાયો જેની તે.

(iv) नाभि નું नाभ થાય.

દા.ત. पद्मं नाभौ यस्य सः = पद्मनाभः । કમળ છે નાભિમાં જેની તે.

(v) अक्षि નું अक्ष થાય.

દા.ત. जलजे इव अक्षिणी यस्य सः = जलजाक्षः ।
કમળ જેવી છે આંખો જેની તે.

(iv) सक्थि નું सक्थ થાય.

દા.ત. दीर्घे सक्थिनी यस्य सः = दीर्घसक्थः । લાંબા છે સાથળ જેના તે.

(vii) उत्, पूति, सु અને सुरभि પછી गन्ध નું गन्धि થાય.

દા.ત. शोभनः गन्धः यस्य तत् = सुगन्धि पुष्पम् ।
સારી છે ગંધ જેની તે ફૂલ.

(viii) ઉપમાન બહુવ્રીહિના ઉત્તરપદમાં गन्ध નું गन्धि થાય.

દા.ત. मधुनः गन्धः इव गन्धः यस्य सः = मधुगन्धिः ।
મધની ગંધ જેવી ગંધ છે જેની તે.

(ix) પૂર્વપદ એક જ શબ્દ હોય તો ઉત્તરપદમાં धर्म નું धर्मन् થાય.

દા.ત. समानः धर्मः यस्य सः = समानधर्मा । સમાન છે ધર્મ જેનો તે.

(x) ઉપસર્ગ પછી नासिकाનું नस થાય.

દા.ત. उन्नता नासिका यस्य सः = उन्नसः । ઊંચું છે નાક જેનું તે.

(xi) द्वि અને त्रि પછી मूर्धन् નું मूर्ध થાય.

દા.ત. द्वौ मूर्धानौ यस्य सः = द्विमूर्धः । બે છે માથા જેના તે.

त्रयो मूर्धानो यस्य सः = त्रिमूर्धः । ત્રણ છે માથા જેના તે.

(xii) सु, दुस्, दुर् અને अ પછી प्रजा નું प्रजस् અને मेधा નું मेधस् થાય. अल्प પછી પણ मेधा નું मेधस् થાય.

દા.ત. शोभना प्रजा यस्य सः = सुप्रजाः । સારી છે પ્રજા જેની તે.

એ જ રીતે दुष्प्रजाः । દુષ્ટ પ્રજાવાળો.

अप्रजाः । પ્રજા વિનાનો.

सुमेधाः । સારી બુદ્ધિવાળો.

दुर्मेधाः । દુષ્ટ બુદ્ધિવાળો.

अमेधाः । બુદ્ધિ વિનાનો.

अल्पमेधाः । અલ્પ બુદ્ધિવાળો.

(xiii) બહુવ્રીહિ સમાસ 'લાકડું' અર્થવાળા શબ્દનું વિશેષણ હોય અને ઉત્તરપદ अङ्गुलि હોય તો अङ्गुलि નું अङ्गुल થાય.

દા.ત. पञ्च अङ्गुलयः प्रमाणं यस्य तत् = पञ्चाङ्गुलम् दारु ।
પાંચ આંગળ પ્રમાણવાળું લાકડું.

पञ्च अङ्गुलयः यस्य सः = पञ्चाङ्गुलिः हस्तः ।
પાંચ આંગળીઓવાળો હાથ. અહીં સમાસ લાકડાનું વિશેષણ ન હોવાથી अङ्गुलि નું अङ्गुल ન થયું.

(xiv) सु અને સંખ્યાવાચક વિશેષણ પછી पाद નું पाद् થાય, સ્ત્રીલિંગમાં पदी પણ થાય.

દા.ત. शौभनौ पादौ यस्य सः = सुपाद् । સારા છે પગ જેના તે.

द्वौ पादौ यस्याः सा = द्विपदी, द्विपाद् । બે છે પગ જેના તે (સ્ત્રી).

(xv) शक्तिનું વિકલ્પે शक्त થાય.

દા.ત. नास्ति शक्तिः यस्य सः = अशक्तः, अशक्तिः ।
જેની પાસે શક્તિ નથી તે.

(xvi) हलि નું વિકલ્પે हल થાય.

દા.ત. नास्ति हलिः यस्य सः = अहलः, अहलिः ।
જેની પાસે હળ નથી તે.

(xvii) उधस् નું उधन् થાય.

દા.ત. कुण्डानि इव उधांसि यस्य सः = कुण्डोध्नी गौः ।
કુંડ જેવા છે આંચળ જેના તે ગાય.

(xviii) स, सह, अ કે अन् સિવાયના કોઈપણ શબ્દ પછી अङ्ग, गात्र, उदर, स्तन, कण्ठ, ओष्ठ, मुख, नासिका, नख, कर्ण, शृङ्ग, केश વગેરે શબ્દો આવે અને આખો સમાસ સ્ત્રીલિંગનું વિશેષણ હોય તો અન્ત્ય अ નો आ કે ई થાય.

દા.ત. कोमलानि अङ्गानि यस्याः सा = कोमलाङ्गा, कोमलाङ्गी ।
કોમળ છે અંગો જેના તે.

कृशं उदरं यस्याः सा = कृशोदरा, कृशोदरी ।

પાતળું છે પેટ જેનું તે.

चन्द्र इव मुखं यस्याः सा = चन्द्रमुखा, चन्द्रमुखी । ચન્દ્ર જેવું છે મુખ જેનું તે.

(xix) પ્રાણીની આંખના અર્થમાં વપરાતો अक्षि શબ્દ ઉત્તરપદમાં હોય અને સમાસ સ્ત્રીલિંગનું વિશેષણ હોય તો अक्षिનું अक्षी થાય.

દા.ત. कोमले अक्षिणी यस्याः सा = कोमलाक्षी ।
કોમળ છે આંખ જેની તે.

(xx) स (સમાન અર્થવાળો), एक અને वीर પછી पति શબ્દ હોય અને સમાસ સ્ત્રીલિંગનું વિશેષણ હોય તો पति નું पत्नी થાય.

દા.ત. समानः पतिः यस्याः सा = सपत्नी । સમાન છે પતિ જેનો તે.

(xxi) ઉત્તરપદ आ-કારાન્ત સ્ત્રીલિંગ નામ હોય અને સમાસ પુલિંગ કે નપુંસકલિંગનું વિશેષણ હોય તો आ નો अ થાય છે. क લાગે ત્યારે आ નો अ વિકલ્પે થાય છે.

દા.ત. सीता भार्या यस्य सः = सीताभार्यः, सीताभार्याकः, सीताभार्यकः ।
સીતા છે પત્ની જેની તે.

(૪) બહુવ્રીહિ સમાસને અન્તે क લગાડવાના નિયમો-

(i) ઉત્તરપદ તરીકે ऋ-કારાન્ત શબ્દો હોય તો સમાસને અન્તે અવશ્ય क લાગે.

દા.ત. ईश्वरः कर्ता यस्य तद् = ईश्वरकर्तृकम् जगत् ।
ઈશ્વર છે કર્તા જેનો તે જગત.

(ii) ઉત્તરપદ તરીકે ई-કારાન્ત અને ऊ-કારાન્ત સ્ત્રીલિંગ શબ્દો હોય કે જેમના ई, ऊનો સ્વરાદિ પ્રત્યયો પૂર્વે य्, व् થાય તો સમાસને અન્તે અવશ્ય क લાગે.

દા.ત. बह्व्यः नद्यः यस्मिन् सः = बहुनदीकः देशः ।
ઘણી છે નદીઓ જેમાં તે દેશ.

सह वध्वा वर्तते यः सः = सवधूकः नरः । વહુ સહિતનો મનુષ્ય.

(iii) ઉત્તરપદ તરીકે स्त्री શબ્દ હોય તો સમાસને અન્તે અવશ્ય क લાગે.

દા.ત. सह स्त्रिया वर्तते यः सः = सस्त्रीकः नरः । સ્ત્રી સહિતનો મનુષ્ય.

(iv) સમાસ સ્ત્રીલિંગનું વિશેષણ હોય અને ઉત્તરપદમાં इन् અન્તવાળું નામ હોય તો સમાસને અન્તે અવશ્ય क લાગે, ત્યારે इन् નો न् લોપાય.

દા.ત. बहवो दण्डिनो यस्यां सा = बहुदण्डिका नगरी ।
ઘણા છે દંડવાળા જેમાં તે નગરી.

(v) ઉત્તરપદ તરીકે उरस्, दधि, पुंस्, पयस्, नौ અને लक्ष्मी શબ્દો એકવચનમાં હોય તો સમાસને અન્તે અવશ્ય क લાગે.

દા.ત. व्यूढम् उरः यस्य सः = व्यूढोरस्कः ।
વહન કરાયેલ છે છાતી જેની તે.

एकः पुमान् यस्मिन् सः = एकपुंस्कः । એક છે પુરુષ જેમાં તે.

नास्ति नौः यस्मिन् सः = अनौकः । જેમાં નાવડી નથી તે.

(vi) अन् પછી अर्थ આવે તો क લાગે.

દા.ત. नास्ति अर्थो यस्मिन् तत् = अनर्थकम् वचः ।
જેમાં અર્થ નથી તે વચન.

(vii) ઉપરના ત્રીજા નિયમાનુસાર બનેલા સમાસો તેમજ સહ બહુવ્રીહિ, સંખ્યા બહુવ્રીહિ અને દિગ્ બહુવ્રીહિ સિવાયના દરેક બહુવ્રીહિ સમાસને અન્તે વિકલ્પે क લાગે. श्री, भ्रू વગેરે અન્તવાળા સહબહુવ્રીહિમાં પણ વિકલ્પે क લાગે.

દા.ત. नास्ति श्रीः यस्य सः = अश्रीः, अश्रीकः नरः ।
જેની શોભા નથી તે મનુષ્ય.

अपगतः अर्थः यस्मात् तत् = अपार्थम्, अपार्थकम् वचनम् ।
નીકળી ગયો છે અર્થ જેમાંથી તે વચન.
बहु धनं यस्मिन् सः = बहुधनः, बहुधनकः देशः ।

ઘણું છે ધન જેમાં તે દેશ.

श्रिया सह वर्तते यः स = सश्रीः, सश्रीकः नरः ।
શોભા સહિતનો મનુષ્ય.

(૫) પૂર્વપદ હેત્વર્થકૃદન્ત હોય અને ઉત્તરપદ काम (ઇચ્છાવાચક) શબ્દ હોય તો બહુવ્રીહિ સમાસ થાય. ત્યારે અનુસ્વાર લોપાય.

દા.ત. गन्तुं कामः यस्य सः = गन्तुकामः । જવાની છે ઇચ્છા જેને તે.

## કેટલાક અનિયમિત બહુવ્રીહિ સમાસો

(૧) शोभनं प्रातः यस्य सः = सुप्रातः । જેની સવાર સારી છે તે.

(૨) शोभनं श्वः यस्य सः = सुश्वः । જેની આવતીકાલ સારી છે તે.

(૩) शोभनं दिवा यस्य सः = सुदिवः । જેનો દિવસ સારો છે તે.

(૪) कण्ठे कालः यस्य सः = कण्ठेकालः । જેના કંઠમાં કાળ છે તે - શંકર.

## (iv) અવ્યયીભાવ સમાસ

(૧) પૂર્વપદ ઉપસર્ગ કે અવ્યય હોય અને ઉત્તરપદ નામ હોય ત્યારે અવ્યયીભાવ સમાસ થાય છે. આખો સમાસ નપુંસકલિંગ પહેલી વિભક્તિ એકવચન જેવો થઈ અવ્યય તરીકે વપરાય છે.

દા.ત. दिने दिने = प्रतिदिनम् । દરરોજ.

हरौ इति = अधिहरि । હરિને વિષે.

(૨) સમાસને અન્તે अ હોય અને ત્રીજી, પાંચમી કે સાતમી વિભક્તિના અર્થનો સમાસ થતો હોય તો સમાસ વિકલ્પે ત્રીજી, પાંચમી કે સાતમી વિભક્તિ એકવચનનું રૂપ લે.

દા.ત. ग्रामात् बहिः = बहिर्ग्रामात्, बहिर्ग्रामम् । ગામથી બહાર.

उपकुम्भं उपकुम्भेन वा कृतम् ।
કુંભની બાજુમાં જે છે તેનાથી કરાયું.

उपकुम्भं उपकुम्भे वा निधेहि ।

કુંભની બાજુમાં જે છે તેની ઉપર મૂક.

(૩) અન્ત્ય દીર્ઘ સ્વર હ્રસ્વ થાય.

દા.ત. गङ्गायाः समीपम् = उपगङ्गम् । ગંગાની નજીક.

अधिस्त्रि । સ્ત્રીને વિષે. उपवधु । વહુની પાસે.

(૪) અન્ત્ય न् લોપાય, પણ ઉત્તરપદ નપુંસકલિંગ હોય ત્યારે વિકલ્પે न् લોપાય.

દા.ત. आत्मनि इति = अध्यात्मम् । આત્મામાં.

चर्मणः समीपम् = उपचमम्, उपचर्म । ચામડાની નજીક.

(૫) ઉત્તરપદ તરીકે આવેલા शरद्, मनस्, दिव्, दिश् વગેરેમાં अ ઉમેરાય છે.

દા.ત. उपशरदम् । શરદ ઋતુની નજીક.

सुमनसम् । સારું મન.

प्रतिदिवम् । દરેક દેવલોકમાં

उपदिशम् । દિશાની નજીક.

(૬) ઉત્તરપદ તરીકે આવેલ नदी અને गिरि નું વિકલ્પે नद અને गिर થાય.

દા.ત. उपनदम्, उपनदि । નદીની નજીક.

(૭) पर, प्रति, सम् અને अनु પછી अक्षि નું अक्ष થાય. पर પછી अक्षि આવે ત્યારે पर નું परस् થાય.

દા.ત. अक्ष्णोः परम् = परोक्षम् । આંખથી દૂર.

अक्ष्णोः समीपम् = प्रत्यक्षम्, अन्वक्षम् । આંખની નજીક.

(૮) કેટલાક અવ્યયીભાવ સમાસો-

(i) સાતમી વિભક્તિના અર્થમાં → आत्मनि = अध्यात्मम् । આત્મામાં.

(ii) સમીપ અર્થમાં → गङ्गायाः समीपम् = उपगङ्गम् । ગંગાની પાસે.

(iii) પાછળ અર્થમાં → विष्णोः पश्चात् = अनुविष्णु । વિષ્ણુની પાછળ.

(iv) નહીં ઓળંગવાના અર્થમાં → शक्तिम् अनतिक्रम्य = यथाशक्ति । શક્તિ પ્રમાણે.

(v) દરેક અર્થમાં → दिने दिने = प्रतिदिनम् । દરરોજ.

(vi) યોગ્યતા અર્થમાં → रूपस्य योग्यम् = अनुरूपम् । રૂપને યોગ્ય.

(vii) કાંઠે અર્થમાં → गङ्गाम् अन्वायतम् = अनुगङ्गम् । ગંગાને કાંઠે કાંઠે.

(viii) સંપૂર્ણ અર્થમાં → तृणमपि अपरित्यज्य = सतृणम् । ઘાસ પણ છોડ્યા વિના.

(ix) મર્યાદા, અભિવિધિ અર્થમાં → जलधेः आ = आजलधि । સમુદ્ર સુધી, સમુદ્રથી માંડીને. यावत् जीवनं तावत् = यावज्जीवम्, जीवनपर्यन्तम् । જીવન સુધી.

(x) તરફ અર્થમાં → अग्निम् अभि = अभ्यग्नि । અગ્નિ તરફ.
अग्निम् प्रति = प्रत्यग्नि । અગ્નિ તરફ.

(xi) બહાર અર્થમાં → ग्रामात् बहिः = बहिर्ग्रामम् । ગામની બહાર.

(xii) અંદર અર્થમાં → ग्रामस्य अन्तः = अन्तर्ग्रामम् । ગામની અંદર.

(xiii) પ્રમાણે અર્થમાં → यावान् अवकाशः = यावदवकाशम् । જગ્યા અને સમય પ્રમાણે.

(xiv) અભાવ અર્થમાં → मक्षिकाणाम् अभावः = निर्मक्षिकम् । માખી વિનાનું.

(xv) અનુક્રમ અર્થમાં → ज्येष्ठस्य अनुक्रमेण = अनुज्येष्ठम् । વડિલના ક્રમથી.

(xvi) સમૃદ્ધિ અર્થમાં → मद्राणां समृद्धिः = सुमद्रम् । મદ્ર દેશની સમૃદ્ધિ.

(xvii) ખરાબ સ્થિતિના અર્થમાં → विगता ऋद्धिः = व्यृद्धिः ।
यवनानां व्यृद्धिः = दुर्यवनम् । યવનોની પડતી.

(xviii) સમાપ્તિ અર્થમાં → हिमस्य अत्ययः = अतिहिमम् । ઠંડીની સમાપ્તિ.

(xix) અતિશય અર્થમાં → अतिशयेन यौवनम् = अतियौवनम् । ઘણી યુવાની.

(xx) અકાળ અર્થમાં → निद्रा सम्प्रति न युज्यते = अतिनिद्रम् । હાલ નિદ્રા લેવાનો સમય નથી.

(xxi) અલ્પ અર્થમાં → शाकस्य लेशः = शाकप्रति । થોડી શાકભાજી.

(xxii) સમાન અર્થમાં → साधोः सदृशः = ससाधु । સાધુની સમાન.

(xxiii) એક સાથેના અર્થમાં → लेखनेन युगपत् = सलेखनम् । લખવા સાથે.

(xxiv) કિનારેના અર્થમાં → गङ्गायाः पारे = पारेगङ्गम् । ગંગાને કિનારે.

(xxv) મધ્ય અર્થમાં → गङ्गायाः मध्ये = मध्येगङ्गम् । ગંગાની મધ્યમાં.

(૯) બધા અવ્યયીભાવ સમાસોના વિગ્રહવાક્યમાં 'यथा स्यात् तथा' ઉમેરવાનો રિવાજ છે.

દા.ત. विष्णोः पश्चात् यथा स्यात् तथा = अनुविष्णु । વિષ્ણુની પાછળ.

(૧૦) કેટલાક બહુવ્રીહિ સમાસોને નપુંસકલિંગ પહેલી વિભક્તિ એકવચનનું રૂપ આપી ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાય છે. તે અવ્યયીભાવ-સમાસ નથી કહેવાતા. (ક્રિયાનું વિશેષણ બને તે ક્રિયાવિશેષણ.)

દા.ત. सह कम्पेन यथा स्यात् तथा = सकम्पम् । કંપન સહિત.

निर्गता दया यस्मात् कर्मणः यथा स्यात् तथा = निर्दयम् । દયા રહિત.

(૧૧) પકડી શકાય એવી એક જ પ્રકારની વસ્તુઓ બતાવનારા બે શબ્દો સાતમી વિભક્તિમાં આવ્યા હોય અથવા શસ્ત્ર બતાવનારા બે શબ્દો ત્રીજી વિભક્તિમાં આવ્યા હોય અને 'આ પ્રમાણે સામસામે યુદ્ધ થયું' એવો અર્થ બતાવવો હોય તો તે બે મૂળ શબ્દોનો અવ્યયીભાવ સમાસ થાય છે. ત્યારે પૂર્વપદનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય, ઉત્તરપદના અન્ત્ય સ્વરનો લોપ કરી इ ઉમેરાય. ઉત્તરપદને અન્તે उ હોય તો તેનો ગુણ કરી इ ઉમેરાય.

દા.ત. केशेषु च केशेषु च गृहीत्वा इदं युद्धं प्रवृत्तम् = केशाकेशि । સામસામે વાળ ખેંચીને યુદ્ધ થયું.

दण्डैश्च दण्डैश्च प्रहृत्य इदं युद्धं प्रवृत्तम् = दण्डादण्डि ।
સામસામે દાંડાઓથી મારીને યુદ્ધ થયું.

बाहुभिश्च बाहुभिश्च प्रहृत्य इदं युद्धं प्रवृत्तम् = बाहुबाहवि ।
સામસામે હાથથી મારીને યુદ્ધ થયું.

मुष्टिभिश्च मुष्टिभिश्च प्रहृत्य इदं युद्धं प्रवृत्तम् = मुष्टामुष्टि ।
સામસામે મુઠ્ઠિઓથી મારીને યુદ્ધ થયું.

બન્ને શબ્દો ભિન્ન ભિન્ન હોય તો આ સમાસ ન થાય.

દા.ત. दण्डामुसलि ન થાય.

## પ્રકીર્ણ સમાસો

ઉપર કહેલા ચાર સમાસો ઉપરાંત પણ કેટલાક સમાસના પ્રયોગો આવે છે. તે નીચે પ્રમાણે છે -

(૧) અલુક્ સમાસ (૨) નિત્ય સમાસ (૩) પૃષોદરાદિ સમાસ (૪) સુપ્સુપ્ સમાસ.

## (૧) અલુક્ સમાસ

પદોની વિભક્તિઓનો લોપ થયા વિના જ જે સમાસ થાય તે અલુક્ સમાસ છે.

દા.ત. **(i) દ્વિતીયા વિભક્તિ અલુક્ સમાસ-**

(૧) पारं गतः = पारङ्गतः । પાર પામેલ.

**(ii) તૃતીયા વિભક્તિ અલુક્ સમાસ-**

(૧) अञ्जसा कृतम् = अञ्जसाकृतम् । ઝડપથી કરેલ.

(૨) ओजसा कृतम् = ओजसाकृतम् । પ્રભાવથી કરેલ.

(૩) सहसा कृतम् = सहसाकृतम् । અચાનક કરેલ.

(૪) जनुषा अन्धः = जनुषान्धः । જન્મથી અંધ.

(૫) आत्मना पञ्चमः = आत्मनापञ्चमः । પોતે અને બીજા ચાર.

**(iii) ચતુર્થી વિભક્તિ અલુક્ સમાસ -**

(૧) परस्मै पदम् = परस्मैपदम् । બીજા માટેનું પદ.

(૨) आत्मने पदम् = आत्मनेपदम् । પોતાની માટેનું પદ.

**(iv) પંચમી વિભક્તિ અલુક્ સમાસ-**

(૧) दूरात् आगतः = दूरादागतः । દૂરથી આવેલ.

(૨) चक्रात् मुक्तः = चक्रान्मुक्तः । ચક્રમાંથી છૂટેલ.

**(v) ષષ્ઠી વિભક્તિ અલુક્ સમાસ-**

(૧) देवानाम् प्रियः = देवानाम्प्रियः । મૂર્ખ.

(૨) दिवः पतिः = दिवस्पतिः । સૂર્ય.

(૩) वाचः पतिः = वाचस्पतिः । સુરગુરુ.

(૪) दिवः दासः = दिवोदासः । દિવસનો દાસ.

(૫) पश्यतो हरः = पश्यतोहरः । દેખતા ચોરી કરનાર - સોની.

**(vi) સપ્તમી વિભક્તિ અલુક્ સમાસ-**

(૧) गेहे शूरः = गेहेशूरः । ઘરમાં શૂર.

(૨) गेहे नर्दी = गेहेनर्दी । ઘરમાં બોલનાર.

(૩) पात्रे कुशलः = पात्रेकुशलः । ખાવામાં હોંશિયાર.

(૪) कर्णे जपः = कर्णेजपः । ચાડી ખાનાર.

(૫) युधि स्थिरः = युधिष्ठिरः । યુદ્ધમાં સ્થિર, યુધિષ્ઠિર.

(૬) खे चरति = खेचरः । આકાશમાં ચાલનાર, પક્ષી, વિદ્યાધર.

(૭) सरसि जायते = सरसिजम् । કમળ.

## (૨) નિત્ય સમાસ

જે સમાસનો વિગ્રહ ન થાય તે નિત્યસમાસ છે. જો વિગ્રહ કરીએ તો સમાસનો અર્થ બદલાઈ જાય.

દા.ત. खट्वारूढः । નીચ.

खट्वाम् आरूढः । આવો વિગ્રહ કરીએ તો તેનો અર્થ 'ખાટલા પર બેઠેલો' એવો થાય, મૂળ અર્થ બદલાઈ જાય.

## (૩) પૃષોદરાદિ સમાસ

કોઈપણ સમાસમાં નિપાતથી કોઈ જાતનો ફેરફાર થયો હોય તો તે પૃષોદરાદિ સમાસ કહેવાય છે. આ સમાસોમાં પહેલો સમાસ 'પૃષોદર' હોવાથી એમને પૃષોદરાદિ સમાસો કહેવાય છે.

દા.ત. (૧) पृषतः उदरम् यस्य तत् = पृषोदरम् । પવન.
અહીં નિપાતથી त् નો લોપ થયો.

(૨) मनसः ईषिणः = मनीषिणः । વિદ્વાન્.
(૩) वारीणाम् वाहकः = बलाहकः । વાદળ.
(૪) जीवनस्य मूतः = जीमूतः । વાદળ.
(૫) पिशितम् आचामति = पिशाचः । રાક્ષસ.
(૬) शबानाम् शयनम् = श्मशानम् । શ્મશાન.
(૭) मह्याम् रौति = मयूरः । મોર.

## (૪) સુપ્સુપ્ સમાસ (કેવલ સમાસ)

ઉપર બતાવેલા કોઈ પણ સમાસમાં જેનો સમાવેશ ન થાય તેવા સમાસને સુપ્સુપ્ સમાસ કહેવાય છે. આને કેવલ સમાસ પણ કહેવાય છે. આમાં પૂર્વપદ ક્રિયાવિશેષણ, અવ્યય કે અવ્યયીભાવ સમાસ હોય અને ઉત્તરપદ વિશેષણ હોય.

દા.ત. पूर्वम् भूतः = भूतपूर्वः । પહેલા થયેલું.
न पूर्वम् दृष्टः = अदृष्टपूर्वः । પહેલા નહીં જોયેલું.
पूर्वम् कृतम् = कृतपूर्वम् । પહેલા કરેલું.
अद्य वा श्वः वा = अद्यश्वः । આજે કે કાલે.

●●●

# તદ્ધિત પ્રકરણ

નામને પ્રત્યય લાગવાથી બનતું નામ તે તદ્ધિત.

તદ્ધિતના ઘણા પ્રત્યયો છે. જે મહત્ત્વના છે તે અહીં બતાવ્યા છે. તદ્ધિતના પ્રત્યયો લાગતા આદ્ય સ્વરની વૃદ્ધિ થાય અને અન્ત્ય સ્વરનો લોપ થાય. ક્યારેક આદ્યસ્વરની વૃદ્ધિ અને અન્ત્ય સ્વરનો લોપ ન થાય.

(૧) 'તેનાથી રંગાયેલુ' એ અર્થમાં નામને अ પ્રત્યય લાગે.

દા.ત. हरिद्रया रक्तम् = हारिद्रं वस्त्रम् । હળદરથી રંગાયેલ વસ્ત્ર.

(૨) 'તેમનો સમુદાય' એ અર્થમાં નામને अ, अक, ता પ્રત્યયો લાગે.

દા.ત. भिक्षाणां समूहः = भैक्षम् । ભિક્ષાઓનો સમૂહ.
राज्ञां समूहः = राजकम् । રાજાઓનો સમૂહ.
ग्रामाणां समूहः = ग्रामता । ગામોનો સમૂહ.
जनानां समूहः = जनता । લોકોનો સમૂહ.

(૩) 'દેવતા' અર્થમાં નામને अ પ્રત્યય લાગે.

દા.ત. विष्णुः देवता अस्य = वैष्णवः । જેના દેવતા વિષ્ણુ છે તે - વૈષ્ણવ.

(૪) 'તેના વડે કરાયું' અર્થમાં નામને अ પ્રત્યય લાગે.

દા.ત. मक्षिकाभिः कृतम् = माक्षिकं मधु । મધમાખીઓએ કરેલું મધ.

(૫) નીચેના અર્થોમાં નામને इक પ્રત્યય લાગે.

(i) તેનાથી સંસ્કૃત. દા.ત. दध्ना संस्कृतम् = दाधिकं ओदनम् । દહિંથી સંસ્કાર કરાયેલ ભાત.

(ii) તેનાથી તરવું. દા.ત. नावा तरति = नाविकः । નાવડીથી તરનાર.

(iii) તેનાથી જવું. દા.ત. हस्तिना चरति = हास्तिकः । હાથી ઉપર બેસીને જનાર.

(iv) તે આચરવું. દા.ત. धर्मम् आचरति = धार्मिकः । ધર્મ આચરનાર.

(v) આજીવિકા. દા.ત. वेतनेन जीवति = वैतनिकः । પગારથી જીવનાર.

(vi) હણવું. દા.ત. पक्षिणं हन्ति = पाक्षिकः । પક્ષીને હણનાર.

(vii) શસ્ત્ર. દા.ત. असिः प्रहरणमस्य = आसिकः । જેનું શસ્ત્ર તલવાર છે તે.

(ix) કાળની મર્યાદા. દા.ત. अष्टौ अहानि यत्र स = अष्टाह्निक उत्सवः । આઠ દિવસનો ઉત્સવ.

(x) માન. દા.ત. द्रोणः मानम् अस्य = द्रौणिकः । જેનું પ્રમાણ એક દ્રોણ છે તે.

(૬) 'જાણવું, ભણવું' અર્થમાં નામને अ, इक પ્રત્યયો લાગે.

દા.ત. मुहूर्तं वेत्ति अधीते वा = मौहूर्तः । મુહૂર્તને જાણનાર કે ભણનાર.
न्यायं वेत्ति अधीते वा = नैयायिकः । ન્યાયને જાણનાર કે ભણનાર.

(૭) સ્વાર્થ (નામના પોતાના અર્થ)માં નામને अ, इक પ્રત્યયો લાગે.

દા.ત. प्रज्ञ एव = प्राज्ञः । બુદ્ધિમાન્. विनय एव = वैनयिकः । વિનય.

(૮) 'તેનું આ' અર્થમાં નામને ईय, अ પ્રત્યયો લાગે.

દા.ત. तव इदम् = त्वदीयम् । તારું.

दशरथस्य अयम् = दाशरथः रामः । દશરથના પુત્ર રામ.

(૯) 'તેનાથી કહેવાયેલું' અર્થમાં નામને ईय, अ પ્રત્યયો લાગે.

દા.ત. पाणिनिना प्रोक्तम् = पाणिनीयं व्याकरणम् । પાણિનિએ કહેલ વ્યાકરણ.

भद्रबाहुणा प्रोक्तः = भाद्रबाहवः ग्रन्थः । ભદ્રબાહુસ્વામીએ કહેલ ગ્રંથ.

(૧૦) પ્રમાણ, મૂલ્ય, લાભ, દેય વગેરે અર્થમાં સંખ્યાવાચી નામને क પ્રત્યય લાગે.

દા.ત. शतं श्लोकानि प्रमाणमस्य = शतकं स्तोत्रम् ।

સો શ્લોક પ્રમાણવાળું સ્તોત્ર.

शतं मूल्यम् अस्य = शतकम् । સોના મૂલ્યવાળું.

शतस्य लाभः अत्र = शतकम् । જેમાં સોનો લાભ હોય તે.

शतं देयम् अत्र = शतकम् । જેમાં સો આપવાના હોય તે.

(૧૧) 'મુખ્ય' અર્થમાં નામને क પ્રત્યય લાગે.

દા.ત. देवदत्तः मुख्यः अत्र = देवदत्तकः सङ्घः । જેમાં દેવદત્ત મુખ્ય છે તે સંઘ.

(૧૨) 'હેતુ' અર્થમાં નામને क પ્રત્યય લાગે.

દા.ત. शीतं हेतुः अस्य = शीतकः ज्वरः । ઠંડીથી આવેલ તાવ.

(૧૩) નિંદા, અલ્પ, લઘુ, અનુકંપા વગેરે અર્થમાં નામને क પ્રત્યય લાગે.

દા.ત. दुष्टः अश्वः = अश्वकः । ખરાબ ઘોડો.
लघुः बालः = बालकः । નાનો બાળ.
अनुकम्प्यः वत्सः = वत्सकः । દયાપાત્ર વાછરડું.

(૧૪) સહિત, સાધુ (સારુ), યોગ્ય અર્થમાં નામને य પ્રત્યય લાગે.

દા.ત. न्यायादनपेतः = न्याय्यः । ન્યાય સહિત.
पथि साधु = पाथेयः । રસ્તામાં સારું-ભાથું.
दण्डमर्हति = दण्ड्यः । દંડને યોગ્ય.

યોગ્ય અર્થમાં નામને इक પ્રત્યય પણ લાગે.

દા.ત. विषं अर्हति = वैषिकः । વિષને યોગ્ય.

(૧૫) 'અપત્ય' (સંતાન) અર્થમાં अ પ્રત્યય લાગે.

દા.ત. उपगोः अपत्यम् = औपगवः ।
ઉપગુ(જેની નજીકમાં ગાયો છે તે)નું સંતાન.

(૧૬) 'અપત્ય' અર્થમાં अ-કારાન્ત નામને इ પ્રત્યય લાગે.

દા.ત. दक्षस्य अपत्यम् = दाक्षिः । દક્ષનું સંતાન.

(૧૭) 'અપત્ય' અર્થમાં आ-કારાન્ત, इ-કારાન્ત, ई-કારાન્ત, ऊ-કારાન્ત નામોને एय પ્રત્યય લાગે.

દા.ત. वामायाः अपत्यम् = वामेयः । વામાદેવીનો પુત્ર

नाभेः अपत्यम् = नाभेयः । નાભિરાજાનો પુત્ર.

सुपर्ण्याः अपत्यम् = सौपर्णेयः । સુપર્ણિનો પુત્ર.

कमण्डल्वाः अपत्यम् = कामण्डलेयः । કમંડલૂનો પુત્ર.

(૧૮) 'વિકાર' અર્થમાં નામને अ અને मय પ્રત્યયો લાગે.

દા.ત. अश्मनः विकारः = आश्मनः । પથ્થરનો વિકાર.

भस्मनः विकारः = भस्ममयः । રાખનો વિકાર.

(૧૯) 'ભવ, જાત' અર્થમાં સામાન્યથી નામોને અને નક્ષત્રવાચી નામોને अ પ્રત્યય લાગે.

દા.ત. पुष्ये भवः = पौषः । પુષ્યમાં થયેલ.

मथुरायां भवः = माथुरः । મથુરામાં થયેલ.

(૨૦) 'ભવ, જાત' અર્થમાં કાળવાચી શબ્દોને અને અન્ય શબ્દોને इक પ્રત્યય લાગે.

દા.ત. अध्यात्मनि भवः = आध्यात्मिकः । અધ્યાત્મમાં થયેલ.

वर्षे भवः = वार्षिकः । વર્ષે થયેલ.

(૨૧) કેટલાક કાળવાચી શબ્દોને 'ભવ, જાત' અર્થમાં तन પ્રત્યય લાગે.

દા.ત. चिरम् भवः = चिरन्तनः । લાંબા કાળ પૂર્વે થયેલ.

अद्य भवः = अद्यतनः । આજે થયેલ.

(૨૨) वर्ग અન્તવાળા શબ્દોને ભવ, જાત અર્થમાં ईय પ્રત્યય લાગે.

દા.ત. कवर्गे भवः = कवर्गीयः । કવર્ગમાં થયેલ.

(૨૩) શરીરના અંગવાચક શબ્દોને 'ભવ, જાત' અર્થમાં य પ્રત્યય લાગે.

દા.ત. कण्ठे भवः = कण्ठ्यः । કંઠમાં થયેલ.

(૨૪) 'ત્યાંથી આવેલુ' (વિદ્યા/યોનિ સંબંધમાં) અર્થમાં નામને अक પ્રત્યય લાગે. ક્યાંક अक નો अ લોપાય.

દા.ત. पितुरागतम् = पैतृकम् ऋणम् । પિતા તરફથી આવેલું ઋણ.

(૨૫) 'વય' અર્થમાં નામને अ પ્રત્યય લાગે.

દા.ત. द्वौ वर्षौ वयः अस्य = द्विवर्षः बालः । બે વર્ષની ઉંમરનો બાળક.

(૨૬) 'પ્રમાણ' અર્થમાં નામને मात्र પ્રત્યય લાગે.

દા.ત. रेखा प्रमाणमस्य = रेखामात्रम् । જેનું પ્રમાણ રેખા છે તે.

(૨૭) 'પ્રસિદ્ધ' અર્થમાં નામને चञ्चु, चण પ્રત્યય લાગે.

દા.ત. विद्यया वित्तः = विद्याचञ्चुः, विद्याचणः । વિદ્યાથી પ્રસિદ્ધ.

(૨૮) 'સંજાત' અર્થમાં નામને इत પ્રત્યય લાગે.

દા.ત. तारकाणि सञ्जातानि अस्य = तारकितम् नभः । તારાવાળું આકાશ.

(૨૯) 'સમાન પ્રકારનો' અર્થમાં નામને जातीय પ્રત્યય લાગે.

દા.ત. पटुना समानः = पटुजातीयः । હોંશિયાર જેવો.

(૩૦) સંખ્યાવાચક નામને 'પ્રકાર' અર્થમાં धा અને विध પ્રત્યયો લાગે.

દા.ત. अष्टधा, अष्टविधः । આઠ પ્રકારનો.

(૩૧) સર્વનામને 'પ્રકાર' અર્થમાં था અને विध પ્રત્યયો લાગે.

દા.ત. सर्वेण प्रकारेण = सर्वथा, सर्वविधः ।

(૩૨) 'विप्सा' (વારંવાર) અને 'अति' (ઘણું) અર્થમાં નામને शस् પ્રત્યય લાગે.

દા.ત. बहुशः । ઘણી વાર.

कोटीशः । કરોડો વાર.

(૩૩) 'પ્રચુર, પ્રધાન' અર્થમાં નામને मय પ્રત્યય લાગે.

દા.ત. शाकः प्रचुरः प्रधानः वा अस्मिन् = शाकमयं भोजनम् ।
જેમાં શાક ઘણું કે મુખ્ય છે તે ભોજન.

(૩૪) 'નિંદા' અર્થમાં નામને पाश પ્રત્યય લાગે.

દા.ત. निन्द्यः छान्दसः = छान्दसपाशः । નિંદા કરવા યોગ્ય એવો છંદ ભણનાર.

(૩૫) 'કંઈક ન્યૂનતા' અર્થમાં નામને कल्प, देश्य, देशीय પ્રત્યયો લાગે.

દા.ત. ईषद् असमाप्तः पटुः = पटुकल्पः । કંઈક ન્યૂન હોંશિયાર.

ईषद् असमाप्तः आचार्यः = आचार्यदेशीयः । કંઈક ન્યૂન આચાર્ય.

ईषद् असमाप्तः विद्वान् = विद्वद्देश्यः । કંઈક ન્યૂન વિદ્વાન્.

(૩૬) 'પ્રશંસા' અર્થમાં ક્રિયાપદને रूप પ્રત્યય લાગે.

દા.ત. सुष्ठु पचति = पचतिरूपम् । સારી રીતે રાંધે છે.

(૩૭) 'સ્વામિત્વ' અર્થમાં નામને अ, र, इक, इन्, आलु પ્રત્યય લાગે.

દા.ત. जटा अस्ति अस्य = जटः । જટાવાળો.

मधु अस्ति अस्मिन् = मधुरः । મધવાળો - મધુર.

माया अस्ति अस्मिन् = मायिकः । માયાવાળો

बर्हाणि सन्ति एषाम् = बर्हिणः । પીછાવાળો.

दया अस्ति अस्य = दयालुः । દયાવાળો.

आलु પ્રત્યય ક્યારેક અન્ય અર્થમાં પણ આવે. દા.ત. शीतं न सहते = शीतालुः । ઠંડી સહન નહીં કરનાર.

(૩૮) 'સાતમી વિભક્તિ'ના અર્થમાં નામને त्र પ્રત્યય લાગે.

દા.ત. अस्मिन् = अत्र । અહીં. सर्वस्मिन् = सर्वत्र । બધે.

(૩૯) 'સાતમી વિભક્તિ'ના અર્થમાં કાળ અર્થમાં નામને दा પ્રત્યય લાગે.

દા.ત. कस्मिन् काले = कदा । ક્યારે.

(૪૦) 'પાંચમી વિભક્તિ'ના અર્થમાં નામને तस् પ્રત્યય લાગે.

દા.ત. देवात् = देवतः । દેવ થકી.

(૪૧) 'ક્રિયાસંબંધી સમાનતા કે સદૃશતા બતાવવાના' અર્થમાં નામને वत् પ્રત્યય લાગે.

દા.ત. चैत्रस्य इव = चैत्रवत् । ચૈત્રની જેમ.

(૪૨) 'સંપૂર્ણ પરિવર્તન થવું' કે 'એકમેક થવું' અર્થમાં નામને सात् પ્રત્યય લાગે.

દા.ત. कृत्स्नं शस्त्रं अग्निः सम्पद्यते = अग्निसात् भवति । બધું શસ્ત્ર અગ્નિ થાય છે.

सर्वे गुणा आत्मसात् भवन्ति । બધા ગુણો આત્મા સાથે એકમેક થાય છે.

(૪૩) 'માત્ર, ફક્ત' અર્થમાં નામને मात्र પ્રત્યય લાગે.

દા.ત. पुरुष एव = पुरुषमात्रः । ફક્ત પુરુષ.

(૪૪) 'ભાવ' અર્થમાં अ-કારાન્ત નામને य લાગે. य લાગતા નામના પહેલા સ્વરની વૃદ્ધિ થાય. य-પ્રત્યયાન્ત નામ નપુંસકલિંગ છે. તેના રૂપો वन ની જેમ થાય.

દા.ત. चतुरस्य भावः = चातुर्यम् । ચતુરાઈ.

(૪૫) 'ભાવ' અર્થમાં નામને त्व, ता પ્રત્યયો લાગે. त्व-પ્રત્યયાન્ત નામ નપુંસકલિંગ છે. તેના રૂપો वन ની જેમ થાય. ता-પ્રત્યયાન્ત નામ સ્ત્રીલિંગ છે. તેના રૂપો माला ની જેમ થાય.

દા.ત. मूर्खस्य भावः = मूर्खत्वम् । મૂર્ખપણું.

सरलस्य भावः = सरलता । સરળતા.

●●●

# નામધાતુ

નામને પ્રત્યય લાગવાથી બનતો ધાતુ તે નામધાતુ.

(૧) 'તુલ્ય આચરણ' અર્થમાં નામને य પ્રત્યય લાગી નામધાતુ બને છે. તેને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. ત્યારે નામને અંતે अ નો आ, आ અને इ નો ई, उ નો ऊ, ऋ નો री, ओ નો अव्, औ નો आव् થાય છે અને न् નો લોપ થાય છે.

દા.ત. जिन इव आचरति = जिनायते । તે જિન જેવું આચરણ કરે છે.
शाला इव आचरति = शालीयते । તે શાળા જેવું આચરણ કરે છે.
चिन्तामणिरिव आचरति = चिन्तामणीयते । તે ચિંતામણી જેવું આચરણ કરે છે.
धेनुरिव आचरति = धेनूयते । તે ગાય જેવું આચરણ કરે છે.
पिता इव आचरति = पित्रीयते । તે પિતા જેવું આચરણ કરે છે.
गौः इव आचरति = गव्यते । તે ગાય જેવું આચરણ કરે છે.
नौः इव आचरति = नाव्यते । તે નાવડી જેવું આચરણ કરે છે.
युवा इव आचरति = युवायते । તે યુવાન જેવું આચરણ કરે છે.

(૨) 'ઇચ્છવું', 'જેવું માનવું' અર્થમાં નામને य પ્રત્યય લાગી નામધાતુ બને છે. તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે. ત્યારે નામને અંતે ઉપર નિયમ (૧) માં કહ્યા મુજબ ફેરફાર થાય છે, પણ अ નો ई થાય છે.

દા.ત. मूर्ति जिनमिव मन्यते = मूर्तिं जिनीयति । તે મૂર્તિને જિન જેવી માને છે.

गृहं शालामिव मन्यते = गृहं शालीयति । તે ઘરને શાળા જેવું માને છે.

महिषीं धेनुमिव मन्यते = महिषीं धेनूयति । તે ભેંસને ગાય જેવી માને છે.

काचं चिन्तामणिमिव मन्यते = काचं चिन्तामणीयति । તે કાંચને ચિન્તામણિ જેવો માને છે.

बन्धुं पितरमिव मन्यते = बन्धुं पित्रीयति । તે ભાઈને પિતા જેવા માને છે.

गावमिच्छति = गव्यति । તે ગાયને ઇચ્છે છે.

नावमिच्छति = नाव्यति । તે નાવડીને ઇચ્છે છે.

युवानमिच्छति = युवीयति । તે યુવાનને ઇચ્છે છે.

(૩) 'તુલ્ય આચરણ' અર્થમાં ક્યારેક य પ્રત્યય લાગ્યા વિના નામ જ નામધાતુ બને છે. તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે. ત્યારે નામના અંત્ય સ્વરનો ગુણ થાય અને શબ્દ પછી ધાતુના ઉપાંત્ય સ્વરનો ગુણ થાય. अ-કારાન્ત અને आ-કારાન્ત સિવાયના નામોને પરસ્મૈપદના પ્રત્યયો પૂર્વે अ લાગે.

દા.ત. जलमिव आचरति = जलति । તે પાણી જેવું આચરણ કરે છે.

शाला इव आचरति = शालाति । તે શાળા જેવું આચરણ કરે છે.

मुनिरिव आचरति = मुनयति । તે મુનિ જેવું આચરણ કરે છે.

धेनुरिव आचरति = धेनवति । તે ગાય જેવું આચરણ કરે છે.

पिता इव आचरति = पितरति । તે પિતા જેવું આચરણ કરે છે.

पापद्विड् इव आचरति = पापद्वेषति । તે પાપનો દ્વેષ કરનારા જેવું આચરણ કરે છે.

गौः इव आचरति = गवति । તે ગાય જેવું આચરણ કરે છે.

नौः इव आचरति = नावति । તે નાવડી જેવું આચરણ કરે છે.

युवा इव आचरति = युवनति । તે યુવાન જેવું આચરણ કરે છે.

(૪) નામને કોઈ પણ ધાતુના અર્થમાં य પ્રત્યય લાગી નામધાતુ બને છે. તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે.

દા.ત. पुष्पं चिनोति = पुष्पयति । તે પુષ્પને ચૂંટે છે.

पुष्पं जिघ्रति = पुष्पयति । તે પુષ્પને સૂંઘે છે.
पुष्पं ददाति = पुष्पयति । તે પુષ્પ આપે છે.
पुष्पं छिनत्ति = पुष्पयति । તે પુષ્પને છેદે છે.
पुष्पं ग्रथ्नाति = पुष्पयति । તે પુષ્પને ગૂંથે છે.

●●●

\+ **न्यासवत्प्रतिपन्नस्य नास्ति नाशो महात्मसु ।**
મહાપુરુષોએ સ્વીકારેલી વાતનો થાપણની જેમ નાશ થતો નથી.

\+ **न जातु वन्द्यते प्राप्तकेवलोऽपि ह्यदीक्षितः ।**
કેવળજ્ઞાન થયા પછી પણ જ્યાંસુધી દીક્ષા ન લે ત્યાં સુધી તેમને વંદન કરાતું નથી.

\+ **दिने दिने कल्पतरुर्ददानो न हि हीयते ।**
રોજ આપવા છતાં કલ્પવૃક્ષનું કંઈ ઘટતું નથી.

\+ **रथाः सरथ्या अपि हि निष्फलाः सारथिं विना ।**
ઘોડા સહિતના રથો પણ સારથી વિના નકામા છે.

\+ **केसरी केनचिद् दत्तं किमश्नाति कदाचित् ?**
સિંહ શું ક્યારેય કોઈએ આપેલું ખાય છે ?

\+ **याञ्चामेकान्तभक्तानां स्वामिनः खण्डयन्ति न ।**
એકાન્તે ભક્તિ કરનારાઓની યાચનાનો માલિકો ભંગ કરતાં નથી.

\+ **परार्थाय महतां हि प्रवृत्तयः ।**
મહાપુરુષોની પ્રવૃત્તિઓ પરોપકાર માટે હોય છે.

\+ **परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा ।**
પરમાત્મસ્વરૂપમાં લીન મનુષ્યને પુદ્‌ગલસંબંધી વાત નિરસ લાગે છે.

\+ **समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ।**
જેનું મન સમસ્વભાવી છે તે મહામુનિવર ખરેખર મધ્યસ્થ છે.

# યઙન્ત અને યઙ્લુબન્ત

## યઙન્ત

(૧) દસમા ગણ સિવાયના નવ ગણના વ્યંજનાદિ એકસ્વરી ધાતુઓને અને अट्, अश्, ऋ, ऊर्णु ધાતુઓને 'વારંવાર' અને 'ઘણું' એવા અર્થમાં यङ् પ્રત્યય લાગી આત્મનેપદના પ્રત્યયો લાગે. (અહીં માત્ર य પ્રત્યય જ લાગે. ङ् એ અનુબંધ છે, એ ધાતુને લાગતો નથી પણ એટલું સૂચવે છે કે य લાગ્યા પછી આત્મનેપદના પ્રત્યયો લગાડવા.)

દા.ત. भ्रम् → बम्भ्रम्यते । તે વારંવાર કે ઘણું ભમે છે.

अट् → अटाट्यते । તે વારંવાર કે ઘણું ભટકે છે.

(૨) ધાતુને કર્મણિ પ્રયોગના બધા નિયમો લાગે.

દા.ત. दा → दीय । नी → नीय । स्मृ → स्मर्य । पृ → पूर्य ।

(૩) घ्रा, ध्मा ધાતુઓના आ નો ई થાય.

દા.ત. घ्रा → घ्रीय । ध्मा → ध्मीय ।

(૪) ધાતુને અન્તે હ્રસ્વ ऋ નો री થાય.

દા.ત. कृ → क्रीय ।

(૫) સંપ્રસારણ થાય. शास् નું शिष् થાય. प्याय् નું पी થાય.

દા.ત. प्रच्छ् → पृच्छ्य । शास् → शिष्य । प्याय् → पीय ।

(૬) ઉપાન્ત્ય इ, उ, ऋ, लृ વાળા र्-કારાન્ત, ल्-કારાન્ત ધાતુઓનો સ્વર દીર્ઘ થાય.

(૭) ત્રીજા ગણના દ્વિરુક્તિના નિયમો પ્રમાણે દ્વિરુક્તિ થાય. સ્વરાદિ ધાતુમાં સ્વર પછીના વ્યંજનની સ્વરસહિત દ્વિરુક્તિ થાય. દ્વિરુક્તિમાં इ, उ નો ગુણ થાય અને अ નો आ થાય.

દા.ત. भृशं अभीक्ष्णं वा भवति = बोभूयते । તે ઘણું કે વારંવાર થાય છે.

भृशं अभीक्ष्णं वा पचति = पापच्यते । તે ઘણું કે વારંવાર રાંધે છે.

भृशं अभीक्ष्णं वा अटति = अट् + य + ते = अट्य + ते = अटट्य + ते = अटाट्यते । તે ઘણું કે વારંવાર ભટકે છે.

भृशं अभीक्ष्णं वा इयर्ति = ऋ + य + ते = अर् + य + ते = अर्य + ते = अरर्य + ते = अरार्यते । તે ઘણું કે વારંવાર જાય છે.

भृशं अभीक्ष्णं वा विचति = व्यच् + य + ते = विच् + य + ते = विविच् + य + ते = वेविच्यते । તે ઘણું કે વારંવાર ઠગે છે.

(૮) अम्, अन् અન્તવાળા ધાતુઓમાં અને जप्, जभ्, दह्, दश्, भञ्ज्, पश् ધાતુઓમાં દ્વિરુક્તિમાં अ પછી न् લાગે છે. ત્યારે अ નો आ ન થાય.

દા.ત. यम् + य + ते = यंयम्यते । તે ઘણું કે વારંવાર કાબૂમાં રાખે છે.

जन् + य + ते = जञ्जन्यते । તે ઘણું કે વારંવાર જન્મે છે.

जप् + य + ते = जञ्जप्यते । તે ઘણો કે વારંવાર જાપ કરે છે.

(૯) चर्, फल्, ધાતુઓમાં દ્વિરુક્તિમાં अ પછી न् લાગે. ત્યારે अ નો आ ન થાય. ત્યારે ધાતુના अ નો उ થાય. चर् ધાતુમાં તે उ દીર્ઘ થાય.

દા.ત. चर् + य + ते = चञ्चूर्यते । તે ઘણું કે વારંવાર ચાલે છે.

फल् + य + ते = पम्फुल्यते । તે ઘણું કે વારંવાર ફળ આપે છે.

(૧૦) वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंस्, कस्, पत्, पद्, स्कन्द् ધાતુઓમાં દ્વિરુક્તિ પછી नी લાગે. ત્યારે अ નો आ ન થાય.

દા.ત. वञ्च् + य + ते = वनीवच्यते । તે ઘણું કે વારંવાર ઠગે છે.

पत् + य + ते = पनीपत्यते । તે ઘણું કે વારંવાર પડે છે.

(૧૧) ઉપાન્ત્ય ऋ, ऌ વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી री લાગે. ત્યારે अ નો आ ન થાય. ઉપાન્ત્ય ऋ, ऌ મૂળધાતુનો હોય અથવા સંપ્રસારણથી થયેલ હોય. ઉપાન્ત્ય ऌ વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી ली પણ લાગે.

દા.ત. ग्रह + य + ते = गृह् + य + ते = जरीगृह्यते । તે ઘણું કે વારંવાર ગ્રહણ કરે છે.

वृत् + य + ते = वरीवृत्यते । તે ઘણું કે વારંવાર વર્તે છે.

क्लृप् + य + ते = चरीक्लृप्यते, चलीक्लृप्यते । તે ઘણો કે વારંવાર સમર્થ થાય છે.

(૧૨) खन्, सन्, जन् ધાતુઓનું વિકલ્પે અનુક્રમે खा, सा, जा થાય. આ આદેશો ન થાય ત્યારે દ્વિરુક્તિમાં अ નો आ ન થાય.

દા.ત. खन् + य + ते = चङ्खन्यते, चाखायते । તે ઘણું કે વારંવાર ખોદે છે.

सन् + य + ते = सन्सन्यते, सासायते । તે ઘણી કે વારંવાર સેવા-ભક્તિ કરે છે.

जन् + य + ते = जञ्जन्यते, जाजायते । તે ઘણું કે વારંવાર જન્મે છે.

(૧૩) યઙન્ત ધાતુઓના રૂપો ચોથા ગણના આત્મનેપદ પ્રમાણે થાય છે. ગણકાર્યરહિત કાળોમાં, કર્મણિના ૧૦ કાળના રૂપોમાં અને કૃદન્તમાં વ્યંજનાન્ત ધાતુઓ પછી य લોપાય અને સ્વરાન્ત ધાતુઓ પછી य નો अ લોપાય. યઙન્ત ધાતુઓ સેટ છે.

દા.ત. पच् → पापच्यते । વર્તમાનકાળ.

તે ઘણું કે વારંવાર રાંધે છે.

अपापच्यत । હ્યસ્તન ભૂતકાળ.

તેણે ઘણું કે વારંવાર રાંધ્યું.

पापच्यताम् । આજ્ઞાર્થ.

તે ઘણું કે વારંવાર રાંધે.

पापच्येत । વિધ્યર્થ.

તેણે ઘણું કે વારંવાર રાંધવું જોઈએ.

पापचिता । શ્વસ્તન ભવિષ્યકાળ.

તે ઘણું કે વારંવાર રાંધશે.

पापचिष्यते । સામાન્ય ભવિષ્યકાળ.

તે ઘણું કે વારંવાર રાંધશે.

अपापचिष्यत । ક્રિયાતિપત્ત્યર્થ.

તેણે ઘણું કે વારંવાર રાંધ્યું હોત.

पापचिषीष्ट । આશીર્વાદાર્થ.

તે ઘણું કે વારંવાર રાંધે.

पापचाञ्चक्रे । પરોક્ષ ભૂતકાળ.

તેણે ઘણું કે વારંવાર રાંધ્યું હતું.

अपापचिष्ट । અદ્યતન ભૂતકાળ.

તેણે ઘણું કે વારંવાર રાંધ્યું.

पापचित्वा । સંબંધક ભૂતકૃદન્ત.

ઘણું કે વારંવાર રાંધીને.

(૧૪) गृ (૯મો ગણ, પરસ્મૈપદ), शुभ् (૧લો ગણ, આત્મનેપદ), रुच् (૧લો ગણ, આત્મનેપદ) ધાતુઓને यङ् ન લાગે.

દા.ત. भृशं गृणाति । તે ખૂબ બોલે છે.

भृशं शोभते । તે ખૂબ શોભે છે.

भृशं रोचते । તે ખૂબ ગમે છે.

(૧૫) 'જવું' અર્થવાળા ધાતુઓને 'વાંકી રીતે ચાલવું' અર્થમાં પણ यङ् પ્રત્યય લાગે છે.

દા.ત. कुटिलं गच्छति = गम् + य + ते = जङ्गम्यते ।

તે વાંકી રીતે જાય છે.

(૧૬) गृ (૬ઠ્ઠો ગણ, પરસ્મૈપદ), लुप् (૬ઠ્ઠો ગણ, ઉભયપદ), सद्, चर्, जप्, जभ्, दश्, दह् (૧લો ગણ, પરસ્મૈપદ) આ ધાતુઓને 'ખરાબ રીતે' અર્થમાં પણ यङ् પ્રત્યય લાગે છે.

દા.ત. निन्दितं यथा स्यात् तथा लुम्पति = लोलुप्यते । તે ખરાબ રીતે લૂટે છે.

## યઙ્લુબન્ત

(૧) યઙન્ત અંગમાંથી यङ् પ્રત્યયનો લોપ થવાથી યઙ્લુબન્ત થાય છે. તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે. તેના રૂપો ત્રીજા ગણના પરસ્મૈપદ પ્રમાણે થાય. યઙન્ત મુજબ દ્વિરુક્તિ વગેરે થાય.

દા.ત. भ्रम् → बम्भ्रमीति । તે વારંવાર કે ઘણું ભમે છે.

(૨) ઉપાન્ત્ય ऋ વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી र्, रि અને री લાગે.

દા.ત. वृत् → वर्वृतीति, वरिवृतीति, वरीवृतीति ।
તે વારંવાર કે ઘણું વર્તે છે.

(૩) ઉપાન્ત્ય लृ વાળા ધાતુઓમાં દ્વિરુક્તિ પછી ल्, लि અને ली લાગે.

દા.ત. क्लृप् → चल्क्लृपीति, चलिक्लृपीति, चलीक्लृपीति ।

(૪) ગણકાર્યવિશિષ્ટ કાળમાં વ્યંજનાદિ વિકારક પ્રત્યયો પૂર્વે વિકલ્પે ई લાગે. ई લાગે ત્યારે અન્ત્ય સ્વરનો ગુણ થાય અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ ન થાય. ई ન લાગે ત્યારે અન્ત્ય સ્વરનો અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય.

દા.ત. बोभवीति । તે વારંવાર કે ઘણો થાય છે.

बोबुधीति । તે વારંવાર કે ઘણો બોધ પામે છે.

बोभोमि । હું વારંવાર કે ઘણો થાઉં છું.

बोबोध्मि । હું વારંવાર કે ઘણો બોધ પામું છું.

(૫) અવિકારક પ્રત્યયો પૂર્વે અન્ત્ય દીર્ઘ ॠ નો ईर्, ऊर् થાય અને आ નો ई થાય.

દા.ત. तॄ + वस् = तीर् + वस् = तितीर्वः ।

पा + वस् = पी + वस् = पिपीवः ।

(૬) અવિકારક પ્રત્યયો પૂર્વે दा, दे, दो, धा, धे નો आ લોપાય.
દા.ત. दा + वस् = दादा + वस् = दाद्वः ।

(૭) યઙ્લુબન્તના ૧૦ કાળના રૂપો -
भू → बोभोति, बोभवीति । વર્તમાનકાળ.
તે વારંવાર કે ઘણો થાય છે.
अबोभोत्, अबोभवीत् । હ્યસ્તન ભૂતકાળ.
તે વારંવાર કે ઘણો થયો.
बोभोतु, बोभवीतु । આજ્ઞાર્થ.
તે વારંવાર કે ઘણો થાય.
बोभूयात् । વિધ્યર્થ.
તેણે વારંવાર કે ઘણું થવું જોઈએ.
बोभविता । શ્વસ્તન ભવિષ્યકાળ.
તે વારંવાર કે ઘણો થશે.
बोभविष्यति । સામાન્ય ભવિષ્યકાળ.
તે વારંવાર કે ઘણો થશે.
अबोभविष्यत् । ક્રિયાતિપત્ત્યર્થ.
તે વારંવાર કે ઘણો થયો હોત.
बोभूयात् । આશીર્વાદાર્થ.
તે વારંવાર કે ઘણો થાય.
बोभवाञ्चकार । પરોક્ષ ભૂતકાળ.
તે વારંવાર કે ઘણો થયો હતો.
अबोभावीत् । અદ્યતન ભૂતકાળ.
તે વારંવાર કે ઘણો થયો.

●●●

## સંસ્કૃત નિયમાવલી સંપૂર્ણ

આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ નિરૂપણ થયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું.

●●●

## સુકૃતની કમાણી કરના

## પુણ્યશાળી

પદાર્થપ્રકાશ ભાગ-૧૯ના પ્રકાશનનો સંપૂર્ણ લા

**પરમ પૂજ્ય પ્રવર્તિનીશ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજની** પ્રેરણાથી

**હેમ-પ્રભા-દિવ્ય આરાધના ભવન,**

**ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ** તરફથી

જ્ઞાનનિધિમાંથી લેવાયેલ છે.

અમે તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

MULTY GRAPHICS
(022) 23873222 23884222